

અધ્યાપક ધર્માનન્દ કોસંબી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# આપવીતી

અધ્યાપક ધર્માનન્દ કોસંબી
લિખિત આત્મચરિત્ર

મરાઠી ઉપરથી અનુવાદક
વેણીલાલ છગનલાલ બૂચ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

Serving JinShasan
001091
gyanmandir@kobatirth.org

આવૃત્તિ બીજી : પ્રત ૧,૦૦૦

સવા રૂપિયો

નવેમ્બર, ૧૯૪૦

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

# પરિચય

બૌદ્ધધર્મ વિષે મારા મનમાં જો જિજ્ઞાસા અને આદર ન હોત તો ધર્માનન્દજી સાથે મારો પરિચય ન જ થયો હોત.

મારા મિત્ર નાગેશ વાસુદેવ ગુણાજીને એક દિવસ હું મળવા ગયેલો. ઈ. સ. ૧૯૦૮ની વાત હશે. તેમણે મને કહ્યું, 'મારા એક બાળસ્નેહી બૌદ્ધધર્મી થઈને આવ્યા છે. તેમણે બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવા ખાતર સિક્કિમ, બ્રહ્મદેશ અને સિલોન સુધી પ્રવાસ કર્યો છે અને અનેક કષ્ટ વેઠયાં છે.' બૌદ્ધધર્મી પ્રાણી કેવો હોતો હશે એ જોવાની ઇચ્છા તીવ્ર થઈ અને મેં એમની મુલાકાત લીધી. તેમની થોડીક વાતો સાંભળ્યા પછી મેં તેમને એક ધૃષ્ટતાભર્યો સવાલ પૂછયો, 'ગૌતમ બુદ્ધના ઉપદેશને કે પંથને ધર્મનું નામ આપી શકાય ખરું? મને તો તે એક શુદ્ધ નીતિનો પંથ જ લાગે છે.' આ સવાલને પરિણામે સુંદર ચર્ચા ચાલી અને તે જ બેઠકમાં તેમની પાસેથી પાલિ ભાષાની બે ત્રણ ગાથાઓ હું શીખી ગયો. મેં જોઈ લીધું કે અંગ્રેજ લોકોના પરિશ્રમ ઉપર ગુજારો ચલાવનાર આ કોઈ વાંદો (Parasite) નથી; આ ભાઈએ મૂળ ઝરણા આગળ પહોંચીને જ પોતાની તરસ છિપાવી છે. એક જ મુલાકાતમાં મેં જોઈ લીધું કે, ધર્માનંદજીમાં શુદ્ધ ધાર્મિકતા છે અને છતાં ધાર્મિકતાનો ડોળ નથી; વિદ્વત્તા છે, પણ પાંડિત્યની બૂ નથી.

સાંજે અમે બેલગામની ઘોડદોડ પર ફરવા ગયા. સૂર્યાસ્તનો વખત હતો. ધર્માનંદજીએ કહ્યું, 'મને જરાક માફ કરો, હું પેલા વાયુમાપક મિનારા પાસે જઈ આવું.' તેઓ ગયા અને લાંબા વખત સુધી ધ્યાનમાં બેઠા. પાછા આવીને તેમણે વાતો આગળ ચલાવી. મેં તે પહેલાં બે ચાર યોગીઓને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધ્યાનમાં બેસતા જોયા હતા, પણ ધર્માનન્દજીમાં જે સાદાઈ જણાઈ તે તેમનામાં ન હતી.

તે દિવસથી હું તેમને ઓળખતો થયો. તે વખતે તેઓ અમેરિકા પણ ગયા ન હતા. બંગભંગની હિલચાલ પછી કલકત્તામાં જે રાષ્ટ્રીય કૉલેજ સ્થપાઈ હતી તેમાં તેમણે થોડા દિવસ કામ કર્યું હતું એટલું જ.

ત્યાર પછી 'बुद्ध, धर्म आणि संघ' અને 'बुद्धलीलासारसंग्रह' એ બે તેમની ચોપડીઓ બહાર પડી અને 'जातककथासंग्रह' એ ચોપડી તૈયાર થઈ. પ્રસિદ્ધ થયેલી ચોપડીઓ દ્વારા તેમને મહારાષ્ટ્ર ઓળખતું થયું, પણ તેમની વિદ્વત્તાનો ઉપયોગ તો પ્રથમ અમેરિકાએ જ કર્યો.

ધર્માનંદજીનું આ આત્મનિવેદન અથવા પ્રવાસવર્ણન અનેક રીતે મનોરંજક અને બોધપ્રદ છે. અંગ્રેજી કેળવણી શરૂ થઈ ત્યાર પછી આપહિંમતથી અને સ્વાશ્રયી વૃત્તિથી વિદ્વાન થયેલાઓના દાખલાઓ આપણી નજરે બહુ નથી પડતા. આજકાલના જમાનામાં ગામડાંનો એક રખડેલ છોકરો હાઈસ્કૂલ કે કૉલેજની ઘરેડમાં પસાર થયા વગર અસાધારણ વિદ્વાન થઈ શકે છે, એ આપણા માન્યામાં પણ આવતું નથી. ધર્માનંદજીની 'આપવીતી' વાંચીને કેટલાયે દુર્દૈવી પણ ઉત્સાહી તરુણોને બોધ મળશે, નવું આશ્વાસન મળશે. ધર્માનંદજીએ પોતાની કહાણી અત્યંત સાદી ભાષામાં જેવી ને તેવી જ આપેલી છે. તેમની 'આપવીતી'માં મીઠુંમરચું કશું નથી. પોતાની વાત છટાદાર કરવા માટે તેમણે કશી કળા વાપરી નથી. પણ એમાં જ એમની 'આપવીતી'ની ખાસ કળા અને મહત્તા આવી જાય છે. વાચકો ઉપર અસર પાડવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરતાં સત્ય જાળવવા તરફ જ તેમનું ધ્યાન વધારે છે. આત્મગૌરવ સાધવા કરતાં આત્મપરિચય કરાવવાને જ તેઓ વધારે ઇંતેજાર દેખાય છે.

તેમનું મરાઠી પુસ્તક વાંચી એક ભાઈએ મારી આગળ ટીકા કરી, 'આ આખા નિવેદનમાં પોતે કેટલું ભણ્યા, શું શું ભણ્યા, તેમની વિદ્વતા કેમ વધતી ગઈ, ઇ૦ વિષે કયાંય પણ ઉલ્લેખ છે ખરો ?' મેં કહ્યું, 'તે તો નથી જ, પણ તે ઉપરાંત તેમને અમેરિકા જઈને કામ કરવા માટે હાર્વર્ડ યુનિવર્સિટી તરફથી બીજી વાર આમંત્રણ આવ્યું હતું, ત્યાંના વિદ્વાનોએ તેમની ભારે કદર કરી, વગેરે વાતો પણ તેમના નિવેદનમાં નથી. અમેરિકામાં લાંબો કાળ રહી ધન અને કીર્તિની કમાણી કરવા કરતાં સ્વદેશમાં જ રહી કામ કરવાનું તેમણે પસંદ કર્યું અને ફર્ગ્યુસન કૉલેજમાં પોણોસો રૂપિયા પર રહી રાજવાડે અને બાપટ જેવા પાલિનિષ્ણાત અધ્યાપકો તૈયાર કરવામાં જ પોતાની વિદ્વત્તાનું અધિક સાર્થક્ય માન્યું, એ વાત પણ તેમના નિવેદનમાં નથી.'

તેમણે પોતાના નાનપણના વિચારો અને સિદ્ધાંતો આ ચોપડીમાં ટાંકયા છે, પણ આજના વિચારો અને અભિપ્રાયો બિલકુલ દર્શાવ્યા જ નથી. સમાજશાસ્ત્રના તેઓ અઠંગ અભ્યાસી છે. બૌદ્ધધર્મના તેઓ ઉત્સાહી મિશનરી છે. સનાતન ધર્મમાં ઊછરેલા હોઈ તેના દોષો પ્રત્યે તેઓ પ્રસંગ-વશાત ખૂબ આકરા થઈ શકે છે. રાજદ્વારી ક્ષેત્રમાં પડયા નથી; છતાં ચુસ્ત અસહકારી જેવું વર્તન રાખવાને તેઓ બહુ તતપર છે. રાષ્ટ્રનું સ્વમાન જાળવવા ખાતર તેઓ ગમે કષ્ટ વેઠવા તૈયાર છે. એ બધી વસ્તુઓ તેમણે સમાજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ મૂકી નથી. તેમના મનમાં ઊંડે ઊંડે એક ભારે અસંતોષ રહ્યાં કરે છે કે, બૌદ્ધ ભિક્ષુનું જીવન છોડી દઈ તેમણે ફરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો તેથી તેમને બૌદ્ધધર્મના મિશનરીનું ધગશભર્યું કામ છોડી પાલિના અધ્યાપકનું ઠંડું કામ કરવામાં જ સંતોષ માનવો પડે છે. હિંદુધર્મમાં સાધુ પાછો ગૃહસ્થાશ્રમમાં આવે તો પતિત ગણાય છે, બૌદ્ધધર્મમાં તેવી માન્યતા નથી. બૌદ્ધ સાધુઓ તેમના ધર્મ પ્રમાણે પ્રવ્રજ્યામાંથી ગૃહસ્થાશ્રમમાં પરિવર્તન કરી શકે છે.

આ 'આપવીતી' લખવામાં પોતાના પ્રવાસનું વર્ણન જ મુખ્યત્વે આપવાનો તેમનો હેતુ હોવાથી તેમણે પોતાની કુલ-પરંપરાની ઝાઝી વિગત આપી નથી. પુરુષાર્થ પ્રગટ કરનાર દરેક વ્યક્તિની કુલપરંપરા કઈ જાતની હોય છે એ જાણવાથી બહુ લાભ હોય છે. ધર્માનંદજીએ તે લાભ આપણને આપ્યો નથી. પોતાના પૂર્વજોની કીર્તિ ગાવી એને સમર્થ રામદાસે માણસનું એક દૂષણ ગણેલું હોવાથી તેમણે મૌન ધારણ કર્યું હશે.

આપબળે જેણે પોતાની ઉન્નતિ સાધી છે, નાનપણથી જ એકાકી અને અસહાય રહેવાની જેને ટેવ પડી છે, તેના સ્વભાવમાં એક જાતની ઉગ્રતા આવી જાય છે. તેની વાતોમાં નિઃસ્પૃહતા અને કંઈક આગ્રહ પણ દેખાઈ આવે છે. નાનપણથી જ પ્રતિકૂળ પરિસ્થિતિ અને વિરોધ સામે લડવાથી જરા જરા વાતમાં 'પેંતરો' કરી ઊભા રહેવાની વૃત્તિ જાગૃત થાય છે. એ બધું સૂક્ષ્મ રૂપે આ 'આપવીતી'માં આપણે જોઈ શકીશું. અને છતાં કોણ કહી શકે કે એ વસ્તુ વગર પણ જીવન અલૂણું ન થઈ પડે?

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અનુવાદકનું નિવેદન

શ્રી. ધર્માનન્દજીના મરાઠી આત્મચરિત્ર 'નિવેદન'નું ગુજરાતી ભાષાંતર કરવાનું જ્યારે મને સૂચવવામાં આવ્યું ત્યારે મને ખાતરી નહોતી કે એ કાર્ય મારાથી બની શકે. મુંબઈ છોડ્યા પછી મરાઠી ભાષાનો ચાલુ પરિચય ન રહ્યો હોવાથી આ કામ માથે લેવા મારા મનને આનાકાની હતી. પણ પુસ્તક વાંચ્યા પછી ભાષા ધાર્યા કરતાં સહેલી જણાઈ અને શ્રી. ધર્માનન્દજી જેવા એકનિષ્ઠ બુદ્ધાનુયાયીએ પોતાના ધ્યેયને ખાતર ઉઠાવેલ અસાધારણ પરિશ્રમો અને વીતકોનું તેમણે સ્વહસ્તે લખેલું આ આત્મવૃત્ત જેમ જેમ હું વાંચતો ગયો તેમ તેમ હું તેમાં તલ્લીન થયો અને ભાષાંતરનું કાર્ય મારે માટે એક અપૂર્વ આનંદનો વ્યવસાય થઈ ગયું. વળી છાપવા આપતાં પહેલાં એક તજ્જ્ઞ મિત્રે તેં આખું ધ્યાનપૂર્વક તપાસી આપ્યું છે.

આ ભાષાંતર વાંચનારી આલમમાંથી શ્રી. ધર્માનંદજીના અપૂર્વ વિરાગ, બુદ્ધભક્તિ, પાલિનિષ્ઠા, દેશપ્રેમ તથા તેમની નિરભિમાન વૃત્તિનું અનુકરણ કરનાર એક પણ વ્યક્તિ નીકળશે તો હું મારો શ્રમ સફળ થયો માનીશ.

બીજી આવૃત્તિ છાપવા આપતાં પહેલાં આખુંયે ભાષાંતર શ્રી. ધર્માનંદજી પાસે વાંચી જવામાં આવ્યું છે અને શરત-ચૂકથી રહી ગયેલી ભૂલો સુધારવામાં આવી છે. પંદર વર્ષ પછી પ્રસિદ્ધ થતી આ બીજી આવૃત્તિમાં ઉપસંહારનાં પાનાંઓમાં આ લાંબા ગાળા દરમ્યાનની તેમની પ્રવૃત્તિની ટૂંકી હકીકતનાં બે પાનાં ઉમેરવામાં આવ્યાં છે. ઉપરાંત શ્રી. ધર્માનંદજીએ સિલોનમાં રચેલું અને આજે પણ સિલોનમાં પ્રેમપૂર્વક ગવાતું 'વૈશાખ મહિમા'નું કાવ્ય પરિશિષ્ટ તરીકે ઉમેરવામાં આવ્યું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અનુક્રમણિકા


પરિચય — કાકા કાલેલકર . . . ૩
અનુવાદકનું નિવેદન . . . ૭
૧. બાળપણની વાતો . . . ૩
૨. જુવાની . . . ૭
૩. પરિસ્થિતિ . . . ૧૪
૪. દેશત્યાગ . . . ૧૯
૫. રોજનીશી અને ટાંચણો . . . ૨૮
૬. પૂનાની રહેણાક . . . ૩૭
૭. પૂનાથી ગ્વાલિયર . . . ૪૯
૮. કાશીયાત્રા . . . ૫૯
૯. કાશીવાસ . . . ૬૫
૧૦. નેપાળનો પ્રવાસ . . . ૯૧
૧૧. નેપાળથી સિલોન સુધી . . . ૧૧૪
૧૨. વિદ્યોદય વિદ્યાલય . . . ૧૪૪
૧૩. મદ્રાસ અને બ્રહ્મદેશ . . . ૧૬૪
૧૪. બૌદ્ધક્ષેત્રોની યાત્રા . . . ૧૭૮
૧૫. વળી બ્રહ્મદેશ . . . ૨૨૮
૧૬. પરાવર્તન . . . ૨૪૧
૧૭. શ્રીમંત મહારાજા ગાયકવાડનો આશ્રય . . . ૨૬૬
૧૮. અમેરિકાની સફર . . . ૨૭૭
ઉપસંહાર . . . ૩૦૨
પરિશિષ્ટ . . . ૩૦૭


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# આપવીતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
जि. गांधीनगर, पिन-382009.

# ૧

# બાળપણની વાતો

મારો જન્મ ગોવાના સાસષ્ટ પ્રાંતમાં આવેલ સાખવળ ગામે તા. ૯મી ઑકટોબર ૧૮૭૬ને દિવસે મળસકે ૪ વાગ્યાને સુમારે થયો. મારી માતું નામ આનંદીબાઈ અને બાપનું દામોદર. અમે સાત ભાંડુઓ, બે ભાઈઓ અને પાંચ બહેનો; તેમાં હું સૌથી નાનો હતો. મારા જન્મ પછી મારી માની માંદગીને લીધે માને બદલે દાઈના દૂધ ઉપર હું ઊછર્યો એમ કહેવાય છે. ૭ મહિનાનો થયો તેવામાં એકાએક ડાબો પગ સૂજી આવ્યો અને તેમાં પરુ ભરાવા માંડયું. કણસૂલના રોઝી મિસ્કીત નામના વૈદે ઘૂંટણ ઉપરના ભાગમાં નસ્તર મૂકી તેમાંથી પરુ કાઢી નાંખી પગ સાજો તો કર્યો પણ તે કાયમને માટે નબળો થઈ ગયો.

મારા પિતામહ રામચંદ્ર કોસંબે જ્યારે સાખવળ આવ્યા ત્યારે ગામ તદ્દન વેરાન જેવું હતું. પણ મારી બાલ્યાવસ્થામાં જ ગામમાં ખૂબ સુધારો થયો હતો. આમ છતાં બે ચાર દિવસે સાંજે ૭ વાગ્યા પછી વાઘની બરાડ અવારનવાર સંભળાય જ.

અમારી પડોશમાં સુબ્રાય કામતની એક નાનીશી દુકાન હતી; અને દક્ષિણ તરફ ભિકૂ શેણવી સંઝગીરીનું ઘર હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમને દીકરો નહોતો. તેમની બે વિધવા દીકરીઓ અને એક વિધવા પૌત્રી તેમના ઘરમાં રહેતાં. આ ઉપરાંત નારાયણ શેણુવી સંઝગીરી અમારા પડોશી હતા. (હાલ તેમના પુત્ર આ ઘરમાં રહે છે ને તેમણે ઘરની મરામત પણ ઠીક કરી છે.) આ ત્રણ બ્રાહ્મણનાં ઘર ઉપરાંત સાત આઠ હિંદુ શૂદ્રોનાં અને પાંચ છ ખ્રિસ્તી શૂદ્રોનાં ખોરડાં અમારી આસપાસમાં હતાં. ખ્રિસ્તી છોકરાંઓ પાસે હું બહુ નહોતો જતો. તેમની જોડે ભળવાની મોટેરાંઓએ જ મનાઈ કરી હશે એમ લાગે છે. પણ હિંદુ શૂદ્રોનાં છોકરાંઓ સાથે રમવાની સખત મનાઈ નહિ કરી હોય, કારણ તેમની સોબતમાં હું ઘણી વાર ફરતો એવું મને યાદ છે.

ગામનાં બધાં છોકરાં કરતાં હું નબળો છું એમ મારા સોબતીઓ માનતા. આઠ નવ વર્ષનો થયો ત્યાં સુધી મને બરોબર જમતાં પણ નહોતું આવડતું. મારા સોબતીઓમાંથી કોઈ મને મારે તોપણ હું ઘેર રાવ લાવતો નહિ—બલ્કે મને ઘેર રાવ લાવતાં આવડતું નહોતું એમ કહેવું વધુ વાજબી ગણાશે. પિતાને મોઢે તેમના કેટલાક મિત્રો મારે વિષે એમ કહેતા કે, આ છોકરો તમારા ઉપર ચોખ્ખો ભારરૂપ છે એમ લાગે છે.

પિતાનો મત આ મિત્રોના જેવો જ નહોતો એમ માનું છું. કોઈ સાધારણ બાપને પૂરેપૂરી નિરાશા ઉપજે એવો મંદ તો હું હતો જ, છતાં પિતાને ભારે આશા હતી કે હું હોશિયાર નીવડીશ. એક ગામઠી જોશીએ તેમને ભવિષ્ય કહેલું કે હું વિદ્વાન તો થઈશ, ફક્ત ધનવાન નહિ થાઉં. અને આ ભવિષ્ય-કથન ઉપર તેમને સંપૂર્ણ આસ્થા હતી. ઓછામાં ઓછું હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગામનો કુળકર્ણી* (escrivao da communidade) તો થઈશ જ થઈશ એમ એમને લાગતું.

મારી કેળવણી વિષે તેમને ભારે હોંશ હતી. પણ કેળવણી કેમ આપવી એની તેમને ખબર નહોતી. પહેલાં તો હું ઘરમાં જ પાટી ઉપર ધૂળ નાખી તે ઉપર કક્કો ઘૂંટતાં શીખ્યો. તે પછી મને થોડાક મહિના મડગાંવ મોકલ્યો. ત્યાં બીજી કે ત્રીજી ચોપડી ભણ્યો હોઈશ. પછી મને ચિખલી મારી બહેનને ઘેર મોકલ્યો. ત્યાં ભિકંભટજી કરીને એક માસ્તર હતા. તેમની નિશાળે હું પાંચ છ મહિના ભણ્યો હોઈશ. ત્યાં તેમની પાસેની ઘણીખરી વિદ્યા પૂરી કર્યા પછી મને મારા નવમા કે દશમા વર્ષમાં આરોબામાં રાઘોબા ગોપાળ પ્રભુની નિશાળે બેસાડવામાં આવ્યો. રાઘોબા ગોપાળ બહુ કડક શિક્ષક હતા, પણ વિદ્વતામાં ખૂબ પંકાતા. મારા ઉપર તેમની પૂરી કૃપા હતી. તેમણે પોતાના વિદ્યાર્થીઓનાં જુદાં જુદાં નામ પાડ્યાં હતાં. તેમાં મને 'ભીંડાનું શાક' કહેતા. ભીંડા હોય છે નરમ પણ સ્વાદમાં મીઠા લાગે છે એમ તેઓ કહેતા. આ નિશાળમાં આશરે બે ત્રણ મહિના હું ભણ્યો હોઈશ. ચિખલી જવા સારુ નદી ઓળંગીને સામે પાર જવું પડતું હોવાથી નિશાળે જતાં મને ઘણેભાગે અસૂર થતું. છેલ્લે છેલ્લે તો વળી હું માંદો પડ્યો, એટલે નિશાળે જવાનું બંધ થયું. પણ હું જે કંઈ શીખ્યો તે આ જ નિશાળે શીખ્યો. ગણિતનો તો મને ઠીક શોખ લાગ્યો. નિશાળમાં ત્રિરાશી સુધી જ ગણિત ચાલ્યું હતું, પણ પછી ઘેર રહીને દશાંશ સુધી મારી મેળે ગણિત શીખ્યો.

---

* તલાટી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ચિખલીમાં મારી તબિયત સારી ન રહી એટલે પાછો મને ઘેર બોલાવી લીધો. ઘેર વરસ છ મહિના રહ્યા પછી ૧૮૮૮ની સાલમાં શહાપુર-બેલગામ મારી બહેનને ઘેર ગયો. ત્યાં સરકારી નિશાળમાં મરાઠી બીજા ધોરણમાં દાખલ કરવામાં આવ્યો. મારા વર્ગમાં હું પહેલો નંબર હતો એમાં જરાય નવાઈ નથી. કારણ આ વર્ગમાં રહ્યો રહ્યો હું પાંચમા ધોરણના સવાલોના પણ જવાબ આપી શકતો. કસરત સિવાય બાકીના બધા વિષયમાં મારો પહેલો નંબર રહેતો. વાર્ષિક પરીક્ષા થઈ ગયા પછી એકદમ મને પાંચમા ધોરણમાં ચડાવી દીધો. ત્યાં પણ ઘણુંખરું હું પહેલો નંબર રાખતો. પણ આ વર્ગમાં હું બહુ દિવસ ન રહી શક્યો. બે મહિનામાં તો હું માંદો પડ્યો, અને વળી પાછો ગોવા આવ્યો. શહાપુરના મારા મિત્રોમાંથી કોઈ મેટ્રિક સુધી પણ પહોંચ્યા નહિ. ફક્ત શ્રીયુત નાગેશ વાસુદેવ ગુણાજી એકલા બી. એ. એલએલ. બી. સુધી પહોંચ્યા. શહાપુર છોડ્યા પછી એક બે વખત મેં પોર્ટુગીઝ નિશાળમાં જવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં હું સાવ નિષ્ફળ નીવડ્યો. અનેક કારણોને લીધે મને પોર્ટુગીઝ ભાષા ગમે જ નહિ. સંસ્કૃત શીખવાની ઇચ્છા હતી પણ તે ફળીભૂત થતી નહોતી. છેવટે નિશાળનો કંટાળ્યો હું ઘેર બેઠો. પિતાએ પણ ઝાઝો આગ્રહ ધર્યો નહિ. મને ગામનો કુળકર્ણી થયેલો જોવાનું તેમનું જે અંતિમ ધ્યેય, તેની આશા છેવટે તેમણે છોડી દીધી હોવી જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૨

# જુવાની

किमस्ति कश्चिदसावियति लोके यस्य निर्विकारं यौवनमतिक्रान्तम् ।

—कादंबरी

[ અર્થ — જેની જુવાની તદ્દન નિર્વિકાર ગઈ હોય એવું આ વિશાળ જગતમાં કોઈ હશે ખરું ? ]

ચૌદ વર્ષના છોકરાને કે બાર વર્ષની છોકરીને જુવાન કહેવી એ પશ્ચિમના દેશોમાં હાસ્યાસ્પદ ગણાય. આપણા દેશમાં ઋષિકાળમાં તો ગાંડો માણસ પણ આવાં બાળકોને તરુણ કે તરુણી ન કહી શકતો. પણ કાળનો મહિમા વિચિત્ર છે. આજે આ આર્યભૂમિમાં ચૌદ વર્ષની માતાઓ અને સોળ વર્ષના પિતાઓ કોણ જાણે કેટલાય નીકળે! તો પછી હું ચૌદ વર્ષમાં જુવાન થયો એમ હું મારા વાચકોને કહું તો તેમાં ચકિત થવા જેવું શું છે? હું જુવાન બન્યો એનો અર્થ મારા શરીરનો વિકાસ પૂરો થયો એવો કોઈ ન કરે, તરુણાવસ્થામાં મનમાં જે મનોવિકારો ઊપજે તેમણે મારા મનમાં થાણું નાખ્યું એટલો જ તેનો અર્થ. મારા કેટલાય સાથીઓનાં લગ્ન થઈ ચૂકયાં હતાં. કેટલાક લગ્નનું સારસર્વસ્વ શું હશે એની શોધમાં મશગૂલ હતા. અને બીજા કેટલાકોએ તો વળી દેવદાસીઓ ઇત્યાદિ દ્વારા તારુણ્યતત્ત્વનો અનુભવ મેળવ્યો. આ સ્થિતિમાં હું જ એકલો અણસમજુ રહું એ અસંભવિત હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાએ અમારા ઘરથી દોઢ બે માઈલ છેટે નેવું વર્ષને પટ્ટે એક નાળિયેરીઓની વાડી રાખી હતી, એટલે તેઓ દિવસમાં બે વખત ત્યાં જતા. તેમની સાથે હું પણ વાડીએ જવા લાગ્યો. ત્યાંનું મુખ્ય કામ વાંદરાં અને ચોરોથી નાળિયેરીઓનું રક્ષણ કરવાનું હતું. ફુરસદને વખતે કોસનું પાણી વાળવું, કેળો પાવી, વાડીની ભીંત પડી ગઈ હોય ત્યાં દુરસ્ત કરવી, વગેરે કામ ચાલતાં. ધીરે ધીરે હું નાળિયેરી ઉપર ચડતાં શીખ્યો. અને પિતા ન હોય ત્યારે વાડીએ રહેતો. પણ રાત પડે કે મને બીક લાગવા માંડે. અને ઘેર આવતી વખતે તાડી કાઢનારા ભંડારીઓની સાથે મારે આવવું પડતું. આ સોબતના છાંટા મારા પર ઊડચા વગર રહ્યા નહિ. આનો અર્થ હું તાડી પીવા મંડ્યો અથવા તો બીજો કંઈ દુરાચાર કરવા મંડ્યો એમ નહિ, પણ તેમની એકબીજા સાથેની અતિશય બીભત્સ વાતચીતોથી મારા મન ઉપર કુસંસ્કાર પડવા લાગ્યા અને તેથી મારા મનમાં ખરાબ વિચારો ઘોળાવા લાગ્યા. ઘરના લોકોના દાબને લીધે મારે હાથે શારીરિક દોષ ન થયા પણ માનસિક દોષો તો થયા જ; અને તેનાં ઝેરી પરિણામ મારે આજ સુધી ભોગવવાં પડે છે.

ઈ. સ. ૧૮૯૧ની આખરે કે ૧૮૯૨ની શરૂઆતમાં ધીમે ધીમે મને વાંચવાનો શોખ લાગ્યો. આમાં કોઈની કશી ખાસ પ્રેરણા નહોતી. મારું મન એની મેળે જ વાચન તરફ વળ્યું. "આરબી ભાષેંતીલ સુરસ વ ચમત્કારિક ગોષ્ટી" નામનું પુસ્તક મેં પહેલું વાંચવા માંડ્યું. આ પછી થોડેક જ વખતે રામચંદ્ર પાંડુરંગ વૈદ્યનું 'પથ્યબોધ' માસિક મારા હાથમાં આવ્યું. તેમાં પ્રગટ થયેલી 'ગુપ્તરોગ'ની કવિતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારા પર સચોટ અસર થઈ. જે બાબતોમાં મને અગાઉ રસ પડતો તે હવે દુઃખદાયક લાગવા માંડી. મન રૂપી મહાસાગર ઉપર કંઈ જુદા જ પ્રકારના તરંગો ઊઠવા લાગ્યા. પણ નવા વિચારોનો પાયો દૃઢ થયો ન થયો એટલામાં તો (૧૮૯૨ ના જૂનમાં) મારું લગ્ન થયું! મને જુવાનીની મહોર વાગી.

વાચનના વધવા સાથે મારો અસંતોષ પણ વધવા માંડ્યો. વિષ્ણુશાસ્ત્રી, આગરકર વગેરે મહાન પુરુષોએ પોતાનાથી બનતી દેશસેવા કરી ને જીવ્યું ધન્ય કરી ગયા, પણ મારે હાથે તેમના જેવાં કામો થવાની આશા ખરી? ક્યાં તેમની વિદ્વત્તા, ક્યાં તેમનો ઉત્સાહ, ક્યાં તેમનું ધૈર્ય! હું તો આ બધી બાબતોથી વંચિત. મારા જેવા ઢોરે જીવતા રહેવામાં પણ શો સાર? ઝેર પીને આ દુનિયાની મુસાફરી પૂરી કરી નાંખવી એ જ શું બહેતર નહિ? આવા આવા વિચારો મારા મનમાં ઘોળાવા લાગ્યા. ઝેર પીવા જેટલી હિંમત મારામાં નહોતી, તેથી જ હું આ પ્રસંગે બચી ગયો. મારા જેવા કાચા તરુણમાં ચિંતાગ્નિની લાય હોલવવા જેટલું સામર્થ્ય ન હોય, એ કહેવાની કશી જ જરૂર નથી. મધરાતે મોટેથી ચીસ પાડી જાગી ઊઠવું, છાતી ધડકવી, ઊંઘ બરોબર ન આવવી, એવું એવું કેટલાક દિવસ ચાલ્યું. આ જ અરસામાં મને હુક્કાનો છંદ લાગ્યો. પણ હુક્કાથી છાતીનો થડકો ઓછો થવાને બદલે ઊલટો વધતો જ.

અમારા કુલદેવ રામનાથ. હાલમાં આ દેવનું સ્થાનક બાંદીવડા ગામે છે. ત્યાં દર દસેરાને દિવસે એક ભૂવાના શરીરમાં વૈતાળ આવતો અને તે ભૂવો ઝોડ કાઢતો. રામનાથ અને તેના આશ્રિત વૈતાળ દેવ ઉપર પિતાજીને ભારે આસ્થા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતી. એટલે દસેરાએ તેમણે મને ત્યાં લઈ જઈને વૈતાળના ભૂવાને પગે લગાડ્યો. પોતે પણ પગે પડીને મારી છાતીના દરદનું દુઃખ તેની આગળ રજૂ કર્યું. અમારા ઘરની પૂર્વ દિશા તરફ થોડેક છેટે ખ્રિસ્તીઓનું કબ્રસ્તાન છે એની આ ભૂવાને ખબર હશે. મારા ઘરની પૂર્વ દિશાએથી રાતને વખતે હું બીન્યો છું અને ત્યાંથી જ મને ભૂત વળગ્યું છે, એવો મોઘમ ખુલાસો ભૂવાએ કર્યો. પણ આમ હું ક્યારે બીન્યો હતો એની મને તો કશી જ ભાળ નહોતી. પિતા કહે, 'યાદ ન હોય તેથી શું થયું? ત્યાં કબ્રસ્તાન છે એટલે બીક લાગી ગઈ હોય એ સંભવિત છે.' આખરે ભૂવાએ રાખ મંતરી આપી અને તે દેવના ચરણામૃત સાથે ખાવા કહ્યું. મને તો આ બનાવ વિચિત્ર લાગ્યો. પિતાની ધાકને લીધે મેં રાખ ખાધી અને ઉપર ચરણામૃત પણ પીધું. પણ તેનાથી કશો ફાયદો થયેલો જણાયો નહિ.

છાતીનું દરદ મટાડવા જેમ રાતે હું હુક્કો પીતો તેમ દિવસે વાચન ચલાવતો. જ્યાં સુધી હું વાંચતો ત્યાં સુધી મને આરામ રહેતો. આમ વાચનનો મને ભારે શોખ લાગ્યો. પણ અમારા ગામડા ગામમાં પુસ્તકો કેટલાંક પૂરાં પડી શકે? 'વૃદ્ધચાણક્ય' વગેરે તમામ પુસ્તકો વાંચી કાઢ્યાં. હવે આગળ શું કરવું એની ચિંતામાં પડ્યો. ઇન્દુપ્રકાશ છાપખાનાએ છાપેલ તુકારામ બુવાની ગાથાની એક નકલ અમારા ઘરમાં હતી. મારી બહેન આમાંના અભંગ કોઈ કોઈ વાર વાંચતી. તે મેં વાંચવા લીધી. અભંગ તે વખતે તો મને રુચ્યા નહિ. પણ પુસ્તકના આરંભમાં આપેલ તુકારામ બુવાના ચરિત્રે મારા મન ઉપર એવી તો છાપ પાડી, કે તે ચરિત્ર હું અનેક વાર

P.P. Ac. Gunrathasuri M.S. Jun Gun Aaradhak Trust

વાંચી ગયો અને તેમાંથી કેટલાય અભંગ મોઢે પણ કર્યા.

આ ચરિત્રપારાયણે મારો રોગ મટાડ્યો. હું નિર્ધન હોવાથી મનમાં દુ:ખી રહેતો; પણ તુકારામ બુવાએ પણ દેવાળાં જ કાઢ્યાં હતાં! હું અભણ હોવાથી શોક કરતો; પણ તુકોબાને તો મારાથી દસમે હિસ્સે પણ ભણવાનાં સાધનો નહોતાં મળ્યાં! મારું લગ્ન થયું તેથી હું વિમાસતો; પણ તુકોબા તો બે વખત પરણ્યા હતા! દુનિયાદારીમાં મારાથી અનેક ગણી મુશ્કેલીઓ તેમને હતી છતાં પરમાર્થમાં તેમની ડાંફ કેટલી અગાડી! દુનિયાનાં દુ:ખો તેમને નુકસાન-કર્તા ન નીવડતાં ઊલટાં લાભકર્તા જ લાગ્યાં! તો પછી મારે શું કરવા શોક કરવો? વિદ્યા અને ધન મેળવતાં ન જ આવડ્યું તો ભલે, પણ તુકોબાના જેવા સદ્‌ગુણો પણ મહેનત કરતાં ન કેળવતાં આવડે શું? વૈરાગ્યરૂપી કવચ પહેરીને સત્યનિષ્ઠા આદિ સદ્‌ગુણરૂપી હથિયારો વડે શરીરના ષડ્‌રિપુ સાથે લડાઈ કરીશ, તો આજે નહિ તો કાલે જરૂર હું વિજયી થઈશ એવી આશા બંધાવા લાગી. નામ કાઢવું, કીર્તિ મેળવવી એ બધું ભલે ધર્યું રહે, પણ તુકોબા જેવા સાત્ત્વિક તો બનવું જ એમ મને થવા લાગ્યું. એકાંતમાં બેસી મારા વિચારોને હું દૃઢ કરતો ગયો અને પરિણામે મારો હૃદ્‌રોગ સમૂળ જતો રહ્યો.

ભિકુ પુંડલિક નાયક અમારા સંબંધી થાય. તેમના બાપ મારા પિતાના મામા અને તેમની બહેન મારી કાકી થાય. પણ અમારા આ સંબંધના કરતાં પણ તેઓ મારા ઉપર અધિક પ્રેમ રાખવા લાગ્યા. તેમના વિચાર મને ખૂબ ગમતા. મહિનામાં દસ બાર દિવસ હું મડગાંવમાં તેમને ઘેર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાળતો. કેટલાક ઠેકડીખોર લોકો મને તેમનું પૂંછડું કહેતા! મદ્યપાન, બાળવિવાહ, હોળી, વર્ણભેદ વગેરે બાબતો વ્યક્તિના અને દેશના હિતને નુકસાનકારક છે, એમ તેમના જ સહવાસથી મને સ્પષ્ટ જણાવા લાગ્યું. અને બીજો પણ એક ફાયદો મને થયો તે એ કે મડગાંવમાં મારી ઓળખાણ વધી. આ ઓળખીતા ગૃહસ્થો પાસેથી મને વાંચવાને ખૂબ પુસ્તકો મળતાં. જેટલાં પુસ્તકો મળે તે બધાં ભેગાં કરતો અને ઘેર લઈ જઈ વાંચી કાઢી પાછાં આપી આવતો. આમ કેટલાંક વર્ષ ચાલ્યું. ભિકુ નાયકના સહવાસથી હુક્કાનું વ્યસન વધતું ગયું અને ઘેંસ પીને વામકુક્ષિ કરવાની ટેવ દૃઢ થવા લાગી. આટલું નુકસાન થયું છતાં સરવાળે મને ફાયદો થયો એમાં શંકા નથી.

સોનબા મંગેશ મુળગાંવકર મારી ફોઈની દીકરીના દીકરા થાય. સગપણ જરા દૂરનું, તોપણ તેમની અને મારી દોસ્તી ઠીક જામી. તે મારાથી ત્રણ વર્ષ નાના હતા. મડગાંવમાં તે ભણતા તે વખતથી જ તેમની હોશિયારી દેખાઈ આવી. તે સારી મરાઠી કવિતા લખતા. ૧૮૯૫ના જાન્યુઆરીમાં તેમણે અમારી બાજુમાં પરચૂરણ માલની એક દુકાન ઉઘાડી. આ ધંધો તેમને ગમતો એવું તો નહિ, પણ નિરુપાયે એ ધંધો તેમને લેવો પડેલો. અમારા બંનેના વિચાર એકબીજાને ખૂબ મળતા આવતા. અમારો વખત વાચન અને ઉપયોગી વાર્તાલાપમાં વીતતો.

મારા મોટા ભાઈ ૧૮૯૨ની સાલથી કાણકોણ તાલુકાના ખોલગઢ ગામે મારી માશીને ઘેર રહેવા લાગ્યા. માશીનો જુવાન દીકરો ગુજરી જવાથી તેમની જમીનની દેખરેખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાખનાર કોઈ નહોતું! આ જ કારણથી મારા ભાઈ ત્યાં રહીને ખેતર, વાડી વગેરેની દેખરેખ રાખતા. આ તરફ ઘેર પિતાજીની વૃદ્ધાવસ્થાને લીધે ઘરનો બધો બોજો મારા ઉપર પડ્યો. સોળમા વર્ષથી બધો કારભાર હું જ ચલાવતો. અનેક સંકટો આવ્યાં, અનેક અડચણો આવી, છતાં વગર હાર્યે મેં ઘરનો તમામ કારભાર યથાશક્તિ ભલીભાતે ચલાવ્યો એમ કહું તો ખોટું નથી.

તુકારામ બુવાનું ચરિત્ર તથા બીજાં પુસ્તકોના વાચનથી મારામાં ખૂબ હિંમત આવતી ગઈ, અને મારા જીવનક્રમમાં સ્થિરતા આવવા માંડી. જુવાનીમાં આવતી વિકારવશતાથી હવે હું મુક્ત થયો એમ મને લાગવા માંડ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૩

# પરિસ્થિતિ

શ્રીયુત ભિકુ પુંડલિક નાયકે મને એક વાર કહ્યું. "તું જો યુરોપમાં જન્મ્યો હોત તો તારી બુદ્ધિના તેજથી ત્યાં તું ઝળકત, પણ અહીં તેનો શો ઉપયોગ? અહીં તો વાંદરાં ભગાડવામાં જ તારી જિંદગી પૂરી થવાની!" તેમણે કરેલ આ ભવિષ્યકથનથી આગળ મારી પોતાની દૃષ્ટિ પણ કોઈ વાર પહોંચી નહોતી. મને થતું કે હવે મારે હાથે કોઈ પણ મોટું કામ નથી બનવાનું. કુટુંબની સેવા જેમ તેમ કરીને કરી શકું તોયે બસ છે. સામાજિક સુધારણા, ધાર્મિક સુધારણા વગેરે ઉપાયો વડે દેશહિત સાધવાના મનોરથ કદી ન જ આવતા એમ નહિ, પણ ક્ષુદ્ર નરના કોપની પેઠે તે મનના મનમાં જ શમી જતા. અમારા પોતાના પ્રાંત પૂરતી કંઈક સુધારણા કરવાનું મન થાય, પણ તેને સારુ પણ અનુકૂળ સ્થિતિ નહોતી. દાખલા તરીકે, જાંબાવલીમાં હોળી પાછળ મડગાંવના હિંદુભાઈઓના જે પૈસા ખરચાય છે તે એકાદ સાર્વજનિક નિશાળ પાછળ ખરચીએ એમ મારું કહેવું હતું; પણ મારા જેવાનું કહેવું સાંભળે કોણ? પરિણામે જાંબાવલીની હોળી ન અટકી તે તો ન જ અટકી, પણ ઊલટો એમાં એવો સુધારો થયો કે આટલાં વરસ ત્યાં એક રામજણીનો નાચ કરાવવામાં આવતો ત્યાં હવે એનો સાજ થયો!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગોવા પ્રાંતની બહારના વાચકોને જાંબાવલીની હોળીનો ઘટતો ખ્યાલ આવે તેટલા સારુ એ વિષે અહીં થોડીક માહિતી આપવી અસ્થાને નહિ થાય. મડગાંવના ગ્રામદેવતા દામોદર. પહેલાં તો આ દેવતાનું મંદિર મડગાંવમાં જ હતું. પણ પોર્ટુગીઝ લોકોએ ગોવા કબજે કરીને લોકોને વટલાવવાનો સપાટો ચલાવ્યો ત્યાર પછી ગામલોકોએ દેવને ત્યાંથી ઉપાડી તે વખતના સંવદેકર સંસ્થાનની હદમાં આવેલા જાંબાવલી ગામમાં તેની સ્થાપના કરી. આ દેવના ઓચ્છવોમાં હોળી મુખ્ય છે. મડગાંવના સારસ્વત બ્રાહ્મણ અને વાણિયાઓ આપસમાં ઉઘરાણું કરી આ ઓચ્છવ કરે છે. આને સારુ મડગાંવના વેપારીઓએ આયાત માલ ઉપર સૌની સંમતિથી એક મરજિયાત ધર્માદા પટ્ટો (કર) બેસાડેલ છે. આ પટ્ટીની ઉપજ સને ૧૮૯૭ના અરસામાં લગભગ ૭૦૦–૮૦૦ રૂપિયા થતી. (હાલ કેટલી છે તેની મને ખબર નથી.) આ ઉપરાંત ઉઘરાણું કરવામાં આવતું. ખર્ચમાં મુખ્ય બાબત જાંબાવલીમાં સાત દિવસ સુધી નાના મોટા સૌને મફત જમણવાર ચાલે તે. ઉપરાંત રામજણીનો નાચ, મંડપમાં દીપમાળ અને બીજો પરચૂરણ ખરચ. આ બધાં કામો ઇજારાથી સોંપાતાં. જુવાનિયાઓની ટોળી રાતે નાટકો કરતી અને દિવસે બીભત્સ વેષો કાઢી જોનારાઓનું મનોરંજન કરતી. સાંજ પડી કે રામજણીનો નાચ શરૂ થાય તે રાતે આઠ નવ વાગ્યે પૂરો થાય. હોળીનો ઓચ્છવ એ દેવકાર્ય છે એમ માનનારા ભાવિક લોકો હજુ પણ અમારા પ્રાંતમાંથી મળે ખરા. પણ ઘણાખરા જુવાનો ઉપર આ ઉત્સવની બહુ બૂરી અસર થતી અને હજી થાય છે. દામોદરના મંદિરની જે અગ્રશાળાઓ છે તેમાં પાંચસો સાતસો માણસોની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સગવડ થઈ શકે તેમ હોતું નથી. તેમાં વળી એક અગ્રશાળા તો જમણવારને સારુ રાખી મૂકવામાં આવે છે. પરિણામે અનેક લોકોને અડખેપડખે રામજણીઓનાં ઘરોમાં ઉતારો કરવો પડે છે. આવે પ્રસંગે સારા માણસની પણ નીતિ બગડવાનો સંભવ રહે ત્યાં પછી મોઢે રંગ ચોપડી પડ ઉપર નાચવામાં જ સાર્થક માનનારા સારાસારવિચાર બુદ્ધિ વગરના જુવાનિયાઓની વાત જ શી કરવી?

મારા પિતાને આ નાટક–ભવાઈનો મુદ્દલ શોખ નહોતો. તથાપિ હોળી એ દેવતાનો પ્રિય ઉત્સવ છે, માણસોએ તેમાં વિઘ્ન ન નાંખવું જોઈએ એવું તે માનતા. આ કામને માટે તેઓ દર વરસે એક રૂપિયો ઉઘરાણામાં ભરતા અને જાંબાવલી જઈ દેવતાને પૂજી પૂજારીને યથાશક્તિ દક્ષિણા આપતા.

સને ૧૮૯૩ કે '૯૪ની સાલ હશે. પિતાજીની અવસ્થા થયાને કારણે મારે આ હોળીના ઓચ્છવ ઉપર જવાનો વારો આવ્યો. મારા એક સગા એક રામજણીને ત્યાં ઊતર્યા હતા. બીજે ક્યાંયે ઉતારાની સગવડ ન બની શકયાથી મારે પણ એક રાત ત્યાં જ ઊતરવું પડયું. અહીં કેટલાક યુવાનોનું વિચિત્ર વર્તન જોઈને હું સમસમી રહ્યો. ઘરધણી ડોશી પોતે જ રામ-જણી હતી, તેણે તો મને હું આ યુવાનો ભેગો કેમ નથી સામેલ થતો એવો સીધો પ્રશ્ન કર્યો! તેની જોડેનો આખો સંવાદ અહીં આપવાથી શિષ્ટાચારભંગ થાય એમ માનું છું. છતાં તેણે તો યુવાનોને શિખામણ આપવાનો પોતાને અધિકાર છે એ માન્યતાથી જ મને એ બધું કહ્યું હશે. મળસકે ઊઠીને જાંબાવલીને નમસ્કાર કરી જે નીકળ્યો તે આજની ઘડી સુધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોળીને નામે ત્યાં પગ મેલ્યો નથી. ઉઘરાણામાં એક રૂપિયાનો ફાળો આપતો તે પણ તે દિવસથી મેં બંધ કર્યો.

દસ પંદર વર્ષ અગાઉ ગોવામાં એક એવું મોજું આવ્યું હતું કે જ્યાં ને ત્યાં લોકો નાટકો ભજવવા પાછળ જ ઘેલા થયા હતા. માપશેકરે એક નાટક કર્યું તો પણજીકર એ કરતો! હોળી આવી તો કહે નાટક, રામનવમી તો કહે નાટક, હનુમાનજયંતી તો કહે નાટક, મેળામાં પણ નાટક! આ નાટકોએ ગોવાની જુવાન પ્રજાને ભારે નુકસાન કર્યું છે. ઊભું વરસ મહેનત કરીને થોડા પૈસા બચાવવા અને તે નાટક-ભવાઈઓ માટે પોશાક તૈયાર કરવા પાછળ પાણી કરવા, એ જ કેટલાકનો આયુષ્યક્રમ થઈ પડ્યો હતો. કેટલાકે તો નાટકમાં પાઠ ભજવતી વેળાએ વગર શરમાયે બોલવાની હિંમત આવે એટલા ખાતર સુરાદેવીની પણ ઉપાસના શરૂ કરી દીધી! મારા પિતા દારૂનો છાંટો ઊડતો તો સ્નાન કરતા. એ જૂના કાળમાં દારૂનો આટલો વટાળ મનાતો. પણ આજે જુઓ તો ગોવામાં વસતા હિંદુઓમાં સુરાદેવીના ભક્તો એટલા પાક્યા છે, કે મદ્યપાનનિષેધક મંડળની આખી એક ટુકડી ત્યાં મોકલી હોય તો તેને પણ તેઓ દાદ આપે એમ લાગતું નથી!

આવી સ્થિતિ વચ્ચે ધર્મસુધારણા કે સમાજસુધારણા શક્ય જ નહોતાં, છતાં પણ 'બનતું કરવાનો' મેં ક્રમ રાખ્યો. સ્વદેશીનો હું ભક્ત હતો. ગોવામાં સારાં સ્વદેશી કપડાં મળતાં નહિ એટલે મારે જાડાં ઢંગધડા વગરનાં વાપરવાં પડતાં. આ બધા વર્તનથી હું ઘણુંખરું ગાંડામાં ગણાતો. તોપણ આંગળીને વેઢે ગણી શકાય એટલા થોડાક જુવાન મિત્રો મને ચહાતા,


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ જેવા તેવા દિલાસાની વાત નહોતી. આ મિત્રોમાંના શ્રી. વિષ્ણુ રંગાજી શેલડેકર અને શ્રી. શ્રીધર પ્રભુ મ્હાંબ્રે હજી હયાત છે. વિષ્ણુપંતનો સહવાસ મને બહુ પ્રિય હતો. શ્રીધર-પંતની સાથે મારે બહુ દિવસનો પરિચય નહોતો. તોપણ તેમના સમાગમથી વામન, મોરોપંત ઇ૦ મરાઠી કવિઓનો મને ખૂબ પ્રેમ લાગ્યો. સામાજિક અને ધાર્મિક બાબતોમાં મારા અને મારા મિત્રોના વિચાર મળતા આવતા એમ નહિ, પણ એવા મતભેદમાંથી અમારી વચ્ચે અણબનાવ થવો અસંભવિત હતો. આ બધી સ્થિતિમાં આત્મોન્નતિ કરવાનો માર્ગ માત્ર ખુલ્લો હતો. પણ તે સુધ્ધાં ઘરને લગતી અડચણોને લીધે વિકટ થઈ પડ્યો.

કોરટદરબારનો મને ભારે કંટાળો છતાં તે કામ મારે કરવું પડતું. સંસ્કૃત શીખવાનો ભારે શોખ હતો. પણ તે શીખવાની સગવડ ન હોવાથી અને ઘર છોડીને લાંબો વખત દૂર દેશ રહેવું એ પણ અશક્ય હોવાથી તે બને એમ નહોતું. ડૉ૦ ભાંડારકરના સંસ્કૃત પુસ્તકનું મરાઠી ભાષાંતર લાવીને તે ભણી ગયો અને રઘુવંશના બીજા સર્ગમાંથી પચીસ ત્રીસ શ્લોક પણ મોઢે કર્યા. પણ એટલાથી સંસ્કૃતનું જ્ઞાન કેટલુંક મળે? બાકી મરાઠી વાચન સતત ચાલુ હતું. નિબંધમાળા, આગરકરના નિબંધ, મોરોપંતનું ભારત, જ્ઞાનેશ્વરી, વર્તમાનપત્રો, માસિકો, વાર્તાઓ, મરે અને લાનમનની ખાંડ ચડાવેલ ગોળીઓની જાહેરખબરો, ટૂંકમાં, જે કંઈ મળી આવે તે વાંચવું એ મારો ક્રમ હતો. એ કાળે આત્મોન્નતિ માટે આ જ સાધનો સર્વ કંઈ હતાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૪

# દેશત્યાગ

આખરે આ સ્થિતિથી હું કંટાળ્યો અને સંસ્કૃત શીખવાના ઉદ્દેશથી ૧૮૯૪માં એક વાર કોલ્હાપુર પહોંચ્યો. કોલ્હાપુરમાં હું મહાલક્ષ્મીના મંદિરમાં ઊતર્યો હતો. ત્યાં કોકણસ્થ જાતિના બે ત્રણ વિદ્યાર્થીઓ રહેતા. તેમણે મને ખૂબ મદદ કરી. એક વીશીમાં તેમણે મારા જમવાની સગવડ કરી આપી. 'તમે જમવાનું કેમ કરો છો?' એમ મેં તેમને પૂછ્યું. જવાબમાં તેમાંના એકે કહ્યું, "અમારું તો પૂછો જ મા. દેવમંદિરમાંથી પ્રસાદપાતળ મળી ગયું તો ભલા, નહિ તો અમારી 'ૐ ભવતિ' તો છે જ." 'ૐ ભવતિ' એ શું હશે એ મને કંઈ સમજાય નહિ, ત્યારે તેણે ખુલાસો કર્યો કે, "'ૐ ભવતિ' એટલે ભિક્ષા. ભિક્ષા માગવા જતી વખતે 'ૐ ભવતિ ભિક્ષાં દેહિ' એમ કહેવું પડે છે. એટલે આ વાક્યના આરંભમાં જે 'ૐ ભવતિ' છે તેને જ અમે ભિક્ષા કહીએ છીએ." મારા અંતરમાં હવે સ્પષ્ટ અજવાળું પડ્યું. જનોઈ દીધું તે વખતે હાથમાં ભિક્ષાપાત્ર આપીને ગોરમહારાજે મને 'ૐ ભવતિ ભિક્ષાં દેહિ' બોલવાનું કહેલું તેનો ખરો અર્થ આજ સમજાયો. પણ આ 'ૐ ભવતિ' ઉપર નિર્વાહ કરવા જેટલી હિમ્મત તે કાળે મારામાં ન હતી. વૃદ્ધ પિતાજી પણ ખૂબ યાદ આવવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંતે ગાંઠે હતા તે પૈસા ખૂટયા પહેલાં જ હું કોલ્હાપુર છોડી મંડગાંવ પાછો આવ્યો.

આઠ દસ દિવસ સુધી મારી કશી ભાળ ન લાગવાથી પિતાજી પણ મડગાંવ આવ્યા હતા. તેમના ચરણ પર માથું મૂકી મેં તેમની ક્ષમા માગી. તેમણે કહ્યું, 'જો તું ફરી વેળા આમ ઘર છોડી જતો રહીશ તો તારી શોધ માટે મારે પણ આટલી વયે ઘર છોડી ભટકવું પડશે. આ વાતનો વિચાર કરીને તને ઠીક લાગે તેમ કર.' મને બહુ દુઃખ થયું અને ત્યારથી ઘર છોડી દૂર દેશ જવાનો વિચાર છોડી દીધો.

૧૮૯૬માં હિંદુસ્તાનમાં બરોબર વરસાદ થયો નહિ. ગોવામાં પણ આ વર્ષે વરસાદની ખૂમ હતી. બંટી બાવટો કશું અનાજ ન પાકયાથી ગરીબોને ભારે વખો પડયો. અમને આ દુકાળથી ઝાઝું વેઠવું ન પડયું. પણ ૧૮૯૭માં જ્યારે વરસાદ પડયો ત્યારે ગોવામાં એક જાતનો મરડાનો રોગ ચાલ્યો. ઑગસ્ટ મહિનામાં બે કે ત્રણ જણ સિવાય અમારા ઘરમાં બધાં માંદાં પડયાં. હું માંદો તો ન પડયો પણ બીજાંઓની સારવાર પાછળ ખૂબ હેરાન થવું પડયું. મારાં ભાભી પહેલેથી જ માંદાં હતાં. તેમને આ માંદગી ખૂબ નડી. અને છેવટે સાવ અશક્ત થઈને ૧૮૯૭ના ઑકટોબરની ચોથી તારીખે તેમનો દેહ પડયો. સગાંવહાલાંમાં કોઈનું મરણ થાય એટલે લોકોને શોક કરતા જોઈને મને આશ્ચર્ય થતું. મરણ જો સામાન્ય વસ્તુ છે તો તેને માટે શોક કરવો શા કામનો એવું હું મારા મનમાં વિચારતો. પણ જ્યારે મારાં ભાભી ગયાં તે વખતે મારા હાંજા ગગડી ગયા. તેમનાં નાનાં બાળકોને રડતાં જોઈને મારો શોક હું દબાવી ન શકયો. ટૂંકમાં,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પરદુઃખે શીતલ' એવી જે કહેવત છે તેનો અર્થ આ પ્રસંગે હું સમજ્યો. અહીંથી જ મારા ઉપર પડનારાં ભાવિ દુઃખોનો આરંભ થયો.

સોનબા મંગેશ મૂળગાંવકરના કાકા, સદાશિવરાવ મૂળગાંવકર, મુંબઈમાં લુહાર ચાલમાં રહેતા હતા. તેમને ૧૦૦–૧૨૫ રૂપિયાની નોકરી હતી. પોતાના ભત્રીજાની તેઓ કોઈ દિવસ ભાળ લેતા નહિ, પણ ૧૮૯૬માં પોતાના કુલદેવ મંગેશનાં દર્શન કરવા તેઓ ગોવા આવ્યા ત્યારે પોતાના ભત્રીજાને પોતાની સાથે મુંબઈ તેડી ગયા. સોનબાની માની મરજી છોકરાને મુંબઈ મોકલવાની નહોતી. પણ મેં જ તેને જવાની સલાહ આપી. મુંબઈ જઈને તેણે એક વર્ષમાં અંગ્રેજી ત્રણ ધોરણનો અભ્યાસ કર્યો. પોતાના અત્યંત સાલસ સ્વભાવને લીધે તેણે કાકા અને કાકીની પુત્રથી પણ વિશેષ પ્રીતિ મેળવી. ૧૮૯૬માં જ્યારે મુંબઈમાં પહેલવહેલો પ્લેગ ચાલ્યો ત્યારે સોનબા અને તેનો પિત્રાઈ ગોવામાં અમારે ત્યાં રહેવા આવ્યા. પાંચ છ મહિના રહીને તેઓ પાછા ગયા. ૧૮૯૭માં ફરી પ્લેગ ચાલ્યો. સોનબાના કાકાએ માટુંગામાં એક ઝૂંપડી બાંધી હતી. પણ પોતે માંદા હોવાથી ઘર છોડીને જઈ શકતા નહિ. લુહાર ચાલમાં પ્લેગનું જોર વધવાથી બધાં ગિરગામ આવ્યાં, ત્યાં તેમના ચાકરને પ્લેગ થયો. સોનબાને પણ પ્લેગે પટક્યો. તારીખ ૧૫ માર્ચ ૧૮૯૮ ને દિવસે ૨૪ કલાકની અંદર આ જીવલેણ રોગે સોનબાને નિર્દય કાળને સ્વાધીન કર્યો!

તારીખ ૨૮ માર્ચ ૧૮૯૮ ને રોજ મારા સાળા દાક્તર સખારામ લાડ પણજીથી અમારે ઘેર આવ્યા. તેમણે સોનબાના મરણના ખબર આપ્યા. મને તો આ બધું સ્વપ્નવત્ લાગ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ એટલામાં ટપાલવાળો કાગળ લાવ્યો. સરનામું સોનબાના હાથનું નહોતું. તેના પિત્રાઈ ભાઈનો કાગળ હતો. કાગળ વાંચીને મને જે દુઃખ થયું તેનું વર્ણન થઈ શકે એમ નથી. કેટલાયે દિવસ સુધી મને ખાવુંપીવું અકારું થઈ પડ્યું. ભ્રાંતિએ મારું મન ઘેરી લીધું અને હું વિચારમૂઢ બની ગયો:

"यस्स मग्गं न जानासि आगतस्स गतस्स वा ।
उभो अन्ते असंपस्सं निरत्थं परिदेवसि ॥ *
परिदेवमानो चे किंचि अत्थं उदब्बहे ।
समूळ्हो हिंसमत्तानं कयिरा चेनं विचक्खणो ॥
किसो विवण्णो भवति हिंसमत्तानमत्तना ।
न तेन पेता पालेन्ति निरत्था परिदेवना ॥" (सल्लसुत्त)

(જેનો આવવાનો અને જવાનો માર્ગ તું જાણતો નથી, જેના આદિ અને અંતની તને ખબર નથી, તેને સારુ તારે શોક કરવો નકામો છે! શોક કર્યે જો કંઈ ફાયદો થાય એમ હોય તો શાણા પુરુષોએ સંમૂઢ બનીને અને શરીરને ખૂબ કષ્ટ આપીને શોકનો આશ્રય લેવો! પણ શોકથી માણસ પોતાના દેહને દુઃખ દઈને દુર્બળ અને નિસ્તેજ બની જાય છે અને તેના આવા શોકથી મરનારનું તો લેશમાત્ર રક્ષણ થતું નથી. સારાંશ, શોક કરવો એ ફોકટ છે.)

---

* સરખાવો ગીતા અધ્યાય ૨—શ્લોક ૨૮:

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥

—ભા૦ ૬૦

હે ભારત! ભૂતમાત્રની જન્મ પૂર્વેની અને મરણ પછીની સ્થિતિ જોઈ શકાતી નથી; તે અવ્યક્ત છે, વચ્ચેની સ્થિતિ જ વ્યક્ત થાય છે. આમાં ચિંતાનું શું કારણ હોય?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બુદ્ધ ભગવાનની આ અમૃત સમાન માત્રા ત્યારના મારા રોગ ઉપર અજમાવનાર કોઈ વૈદ મને તે વખતે મળ્યો હોત તો મારું કેટલું કલ્યાણ થયું હોત! ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે હું દુર્બળ અને નિસ્તેજ થઈ ગયો એટલું જ નહિ, પણ અગ્નિમાંદ્યના રોગે ત્યારથી મારામાં કાયમનું ઘર કર્યું.

આ વખતે અમારા ઘરની પૈસા સંબંધી સ્થિતિ સારી નહોતી. પરચૂરણ કરજ વધી ગયું હતું, અને તેનો ભાર મારા ઉપર હતો. મિત્રના મરણથી પણ હું એટલો તો ઉદ્વિગ્ન બની ગયો હતો કે હવે ગોવામાં નથી રહેવું એમ જ મને થયાં કરતું હતું.

ઘરના કરજનો બધો હિસાબ લખી મૂકી બે રૂપિયા ગાંઠે લઈ તારીખ ૩૦મી મે ૧૮૯૮ને દિવસે ફરી મેં ઘર છોડ્યું ને ગોકર્ણ સુધી ગયો. પણ આવા અજાણ્યા પ્રદેશમાં નિર્વાહનું કંઈ પણ સાધન ન જડવાથી તારીખ ૧૬મી જૂનને દિવસ મારે ફરી વેળા ઘેર પાછા આવવું પડ્યું! ઘેર આવ્યો પણ મારા મનની વ્યથા ઓછી ન થઈ. એક દિવસ તો હું જંગલમાં જ બેસી રહ્યો. અને પછી કોઈની પણ સાથે વાતચીત ન કરતાં એક ઓરડીમાં પુરાઈ રહેવા લાગ્યો. ગામમાં હું ગાંડો થયો છું એવી વાત ફેલાઈ. પણ તેની મને કશાયે પરવા નહોતી.

અમારા સંબંધી શ્રી. વિષ્ણુ રામચંદ્ર નાયક મડગાંવથી મને મળવા આવ્યા: કરજને લીધે મને ચિત્તભ્રમ થયું એમ તેમને લાગ્યું હોવું જોઈએ. પણ ખરું કારણ તો બીજું જ હતું. તેમણે મને શિખામણની બે વાતો કહી અને કહ્યું કે, કરજ થયું છે તેમાં ગભરાવાની જરૂર નથી. તેનો કંઈક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તોડ કાઢીશું. છેવટે તેમની સલાહથી એવો ઠરાવ કર્યો કે, તેમણે અને ભિકુ નાયકે મળી પિતાજીની જમીન ગીરો રાખી અમને જોઈતી રકમ આપવી. અને તેમાંથી બધું પરચૂરણ કરજ પતાવી દેવું. આ ઠરાવ પ્રમાણે અમે મડગાંવ ગયા. પરંતુ શ્રી. ભિકુ નાયકે અરધી રકમ આપવા ના પાડી. અંતે શ્રી. વિષ્ણુ નાયકે પોતે જ આખી રકમ આપી મને કરજમુક્ત કર્યો અને દેશત્યાગ કરવામાં નડતી એક મોટી મુશ્કેલી આ રીતે દૂર કરી. (સને ૧૯૧૨ના માર્ચ મહિનામાં તેમની તમામ રકમ પાછી આપી તેમના કરજમાંથી હવે હું છૂટો થયો છું. તથાપિ ખરે અણીને પ્રસંગે મને મદદ કરીને તેમણે મને કાયમને માટે તેમનો ઋણી કરી મૂક્યો છે.)

હું મડગાંવ હતો એવામાં તારીખ ૨૮મી ઑગસ્ટ ૧૮૯૮ને રોજ લકવાના ઊથલામાં પિતાજીનું એકાએક દેહાવસાન થયું. આ પ્રસંગે પણ મને અત્યંત દુઃખ થયું. દુનિયાના વહેવારમાં કેમે કર્યું ચિત્ત ચોટે જ નહિ. આગલે વર્ષે ૧૮૯૭ની સાલમાં 'બાલબોધ' માસિકના એક અંકમાં ભગવાન બુદ્ધનું ચરિત્ર વાંચ્યું હતું. ત્યારથી જ બુદ્ધ ઉપર મારી ખૂબ શ્રદ્ધા બેસતી ગઈ. દુનિયાદારીનો જેમ જેમ કંટાળો આવતો ગયો તેમ તેમ મારી આ શ્રદ્ધા દૃઢ થવા લાગી. બુદ્ધ જ મારું સર્વસ્વ છે એમ લાગવા માંડયું. પહેલાં હું મારા મિત્રોમાં બુદ્ધ ભગવાન વિષે વાતો કરતો પણ હવે તો મારા મન જોડે જ બોલવા લાગ્યો. બુદ્ધની મૂર્તિ કલ્પી તેનું ધ્યાન કરવું અને 'બાલબોધ' માસિકમાં છપાયેલું ચરિત્ર ફરી ફરી વાંચવું એવો ક્રમ ચાલુ રાખ્યો, અને જીવતો રહ્યો તો બીજું બધું છોડી બુદ્ધના ધર્મનું જ્ઞાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંપાદન કરીશ એવો દૃઢ સંકલ્પ કર્યો. ચાહે તેટલાં સંકટો આવો, ચાહે તેટલાં દુઃખ ભોગવવાં પડો, પણ બુદ્ધોપદેશનું જ્ઞાન મને થયું એટલે મારો જન્મારો સાર્થક છે એમ મને લાગવા માંડયું.

૧૮૯૮ના નવેમ્બર કે ડિસેમ્બરમાં 'કેરલકોકિલ' માસિક જોયું. તેમાં કોચીનના સારસ્વત લોકોએ તેમને ત્યાં એક નવી નિશાળ ઉઘાડયાની ખબર વાંચી. એટલે ત્યાં જઈને અંગ્રેજી ભણવું અને તેની મારફત બુદ્ધોપદેશનું સહેજસાજ જ્ઞાન મેળવવું એવો વિચાર કરીને હું તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૮૯૯ને દિવસે મુરગાંવથી આગબોટ રસ્તે મંગલૂર ગયો. પણ મંગલૂર (મેંગલોર)થી પંદર જ દિવસમાં પાછો ઘેર આવ્યો.

મારા સાળા દા૦ સખારામ લાડ પોર્તુગલથી તારીખ ૧૨મી માર્ચ ૧૮૯૮ને રોજ પાછા આવ્યા. તે અમારે ઘેર ત્રણ મહિના રહ્યા. પછી તેમણે માપસામાં રહેણાક કરી અને પોતાનો ધંધો શરૂ કર્યો. તારીખ ૨૬મી ઑક્ટોબર ૧૮૯૯ને રોજ મારી મોટી દીકરી ચીખલીમાં દાક્તર લાડને ઘેર અવતરી. તેની છઠ્ઠીને દિવસે હું અને બીજા ચાર ગૃહસ્થ દાક્તર લાડની સાથે એક પંગતે જમ્યા. આ ઉપરથી તેમના પડોશીઓએ જ્ઞાતિપંચ ભેગું કરી ચોવટ માંડી અને પરિણામે સ્માર્તપંથના સ્વામી તરફથી અમને ન્યાત બહાર મૂકનારું આજ્ઞાપત્ર આણ્યું! એ ત્રણ ગૃહસ્થ પ્રાયશ્ચિત્ત લઈ છૂટયા. મેં તથા દાક્તર કાશીનાથ લાડે પ્રાયશ્ચિત્ત ન લીધું. મારા આ કામથી સગાંસંબંધીઓ ખૂબ નારાજ થયાં.

હવે મેં દક્ષિણ દિશાની મુસાફરીનો ખ્યાલ છોડી ઉત્તર તરફ જવાનો વિચાર કર્યો. પૂના એ મહારાષ્ટ્રનું કેન્દ્ર,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલે ત્યાં મારી કંઈ ને કંઈ સગવડ થશે એમ મને લાગ્યું. મારા મિત્ર શ્રી. વિષ્ણુ રંગાજી શેળડેકરે શ્રી. અનંત રામકૃષ્ણ રેડકર જેઓ પૂનામાં સધર્ન મરાઠા રેલવેની બ્રાન્ચ ઓફિસમાં હેડ કલાર્ક હતા તેમની ઉપર કાગળ લખી આપવાનું વચન આપ્યું. મારે વિષે અગાઉ પણ એક વાર તેમણે શ્રી. રેડકર ઉપર એક કાગળ લખ્યો હતો. પણ તેનો જવાબ આવ્યો નહોતો. આ બાજુ હું તો ઘર છોડવા અધીરો બન્યો હતો. તેથી શ્રી. રેડકરના જવાબની રાહ જોયા વગર એમ ને એમ પૂને પહોંચીને ત્યાં જ તેમને જાતે મળવાનો મેં ઠરાવ કર્યો. અને ૧૮૯૯ના નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં હું મડગાંવ આવ્યો. મારા સગા શ્રી. ભિકુ નાયકે મને વાટખરચીને સારુ દસ રૂપિયા આપ્યા, અને શ્રી. વિષ્ણુ નાયકે પંદર આપ્યા. મડગાંવમાં હું શ્રી. ભિકુ નાયકને ઘેર જ રહેતો. પણ આ વખતે તેમણે મને પોતાને ઘેર રાખ્યો નહિ. પોતાને પણ ન્યાતબહાર થવું પડે એવી એમને બીક લાગી. મારો પાટલો જોઈએ તો દૂર માંડો અને મારો ભાણાઅબોટ પણ હું જાતે દઈ દઈશ એમ મેં તેમને કહ્યું. પણ મારા કમનસીબે તેમને મારી દયા ન આવી.

વિષ્ણુપંત શેળડેકર મને મડગાંવમાં મળે એમ નક્કી થયું હતું, પણ તેમણે સુધ્ધાં જાતે મળવા આવવાને બદલે પોતાના ભાઈ જોડે શ્રી. રેડકર ઉપરનો કાગળ મને મોકલી આપ્યો. તેમના આ કાગળને સારુ મારે મડગાંવમાં બે ત્રણ દિવસ ખોટી થવું પડ્યું. પરંતુ મડગાંવમાં જમવાની સગવડ ન થવાથી બાણાવલીમાં મારી બહેનને ઘેર રહ્યો. ડિસેમ્બરની પહેલી તારીખે વિષ્ણુપંતનો કાગળ મારા હાથમાં આવ્યો ને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળતે જ દિવસે મેં નીકળવાનું નક્કી કર્યું. તે વખતે મડગાંવથી મળસ્કે મદ્રાસ. ટાઈમ ૭ કે સાડાછએ ટ્રેન ઊપડતી. તેથી બાણાવલીમાં રાત રહીને સવારે ગાડીએ પહોંચવું મુશ્કેલ હતું. રાતની રાત મને ઘરમાં રહેવા દો ને વીશામાં જમવા ન મોકલો, એવી શ્રી. ભિકુ નાયક આગળ મેં ઘણી આજીજી કરી પણ તે તેમણે માન્ય કરી નહિ. છેવટે એક વીશામાં ખાઈ રાત્રે મડગાંવમાં ક્યાંક પડી રહ્યો. અને બીજે દિવસ એટલે તારીખ બીજી ડિસેમ્બરે મડગાંવ છોડયું. શ્રી. વિષ્ણુ નાયકે આપેલ એક ત્રાંબાનો લોટો અને એક શેતરંજી એટલો જ સામાન મારી સાથે હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૫

# રોજનીશી અને ટાંચણો

"हालवून खुंटा। आधीं करावा बळकट ॥
मग त्याच्या आधारें। करणें तें अवघें बरें ॥"

तुकाराम

ખીલો હલાવતા જવું અને ધરબતા જવું; એમ પ્રથમ પાયો મજબૂત કરીને પછી તેને આધારે જે કંઈ કરવામાં આવે તે બધું જ સુંદર થાય. —તુકારામ

તારીખ ૨૩ જૂન ૧૮૯૫ના રોજથી એક જૂની નોંધ-પોથીમાં મેં રોજનીશી લખી છે. આ જ નોટમાં ૧૮૯૮–૯૯નાં કેટલાંક ટાંચણ છે. સાત વર્ષે ઘેર આવ્યો ત્યારે જૂના કાગળોમાંથી આ નોંધપોથી મને મળી આવી. અત્યારે પાછલી વાતો લખવામાં તેનો મને ખૂબ ઉપયોગ થાય છે. ૧૮૯૬ની રોજનીશી ક્યાં ખોવાઈ તે માલૂમ નથી. ગોવા છોડી પૂને આવ્યા પછી છૂટક ટાંચણો કરવાનો મારો રિવાજ હતો. આ ટાંચણોની ચોપડી ૧૯૦૪ની સાલમાં સીલબંધ કરીને કલકત્તાની મહાબોધી સભાના મંત્રીને મેં સોંપી હતી. પણ પાછળથી મહાબોધી સભાનાં તમામ પુસ્તકો કાશી નજીક સારનાથ ખાતે લઈ જવામાં આવ્યાં. ત્યાં કેટલાંક પુસ્તકો ઊધઈએ ખાધાં અને કેટલાંક ગુમ થયાં. આ ઊથલપાથલમાં મારી નોંધપોથી ગઈ તે હજી હાથ લાગી નથી. તપાસ તો પુષ્કળ કરી પણ

P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

પત્તો ન લાગ્યો. આ ચોપડી જો મારી પાસે હોત તો આજે આ આપવીતી લખવાનું ઘણું સહેલું થઈ પડત.

અત્યારે તો મારી બચેલી જૂની નોંધમાંની આખી રોજનીશી અગર તો લાંબાં લાંબાં ટાંચણો આપીને વાચકોને કંટાળો આપવાની મારી ઇચ્છા નથી. માત્ર ગોવા છોડી પૂને આવ્યા પહેલાં મારા વિચારો કેવા હતા તેનો વાચકને કંઈક ખ્યાલ આપવા ઇચ્છું છું. હું દુનિયાના દુઃખથી કંટાળીને ઘર છોડી નીકળ્યો અને કેવળ નસીબને જોરે આગળ આવ્યો એવું કેટલાકનું માનવું છે. બીજા કેટલાકોને એમ લાગે છે કે ગોવા છોડચા પછી મારા ધાર્મિક અને સામાજિક વિચારો બદલાયેલા. આ અને આવી બીજી ગેરસમજ દૂર કરવા મારી નોંધમાંથી એક બે ઉતારા અહીં આપીશ.

**[ છોકરાંઓને ઉપદેશ ]***

"**સાંકવાળ,** તારીખ ૨૨ મે, ૧૮૯૮ જેઠ સુદ ૨ રવિ.

છોકરાંઓ, મારી પાછળ તમારે માટે કંઈ રહે એમ હું ઇચ્છું છું. તમારે માટે પાછળ મૂકી જાઉં એવો કશો પૈસો તો મારી પાસે નથી. એટલે આ દુનિયાનો જે કંઈ થોડો અનુભવ મળ્યો છે તે જ અહીં તમારે સારુ ટપકાવી મૂકું છું. તેનો તમે સદુપયોગ કરજો. આ નોંધપોથી કાળના સપાટામાંથી બચશે તો મોટી ઉમ્મરે તે તમારે હાથ આવશે. તે વખતે મેં કરેલાં આ ટાંચણો તથા બીજી બાબતો તમે વાંચી જજો. તેમાં તમને કેટલેક ઠેકાણે સંસારમાં ઉપયોગી બાબતો જડશે.

છોકરાંઓ, તમને ભલે સારા વાલી ન મળ્યા હોય, તોપણ તમે તમારાં છોકરાંઓના સારા વાલી બનો એમ હું મારા અંતઃકરણપૂર્વક ઇચ્છું છું. તમને તમારા વાલીઓએ ઘટતો ઉદ્યમ ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

* આ ઉપદેશ મેં મારા ભત્રીજાઓને ઉદ્દેશીને લખ્યો હતો.

શીખ્યો તોપણ તમે તમારી બુદ્ધિથી તે શીખો, યોગ્ય માર્ગે ચાલીને તમે તમારાં છોકરાંઓ અને મિત્રમંડળને પાઠરૂપ બનો અને તમારા કરતાં અજ્ઞાન અને ગરીબ લોકોને તમારે હાથે સહાય થાઓ એવી પણ મારી ખરા અંતઃકરણની ઇચ્છા છે.

આજે આપણા આ ગોવા પ્રાંતના હિંદુસમાજમાં એક પણ સારો વાલી દેખાતો નથી. પરિણામે તમને પણ સારા વાલી નહિ જ મળે. તમને ભણવા માટે જુદે જુદે ઠેકાણે રાખશે. તોપણ 'ઘેર ઘેર માટીના ચૂલા' એ કહેવત પ્રમાણે તમને સારો વાલી જડે એવું લાગતું નથી. આ હું તમને મારા અનુભવ ઉપરથી કહું છું. સારો વાલી ન મળવાથી કેટલીક બૂરી બાબતોના સંસ્કાર તમને પડશે અને તે જોડાની કાંકરી પ્રમાણે તમને આખો જન્મારો ખૂંચ્યા કરશે. આ બાબતો કઈ તેનો વિચાર કરીએ. પહેલી વાત તો એ કે, તમારા વાલીઓના અજ્ઞાનને લીધે તમને સારો શિક્ષક ન મળ્યાથી તમે અજ્ઞાન રહેશો. અજ્ઞાન જેવી ભયંકર બીજી એકે વસ્તુ આ દુનિયામાં નથી એમ કહીએ તો ચાલે. બીજી વાત એ કે, તમારું વલણ જોઈને તમને વિષય નહિ શીખવવામાં આવે તો બધો ગોટાળો થશે. મેં મારા પિતાજીને મને સંસ્કૃત શીખવવા ખૂબ કહ્યું પણ તેમણે મન પર લીધું નહિ. આથી મને ભારે નુકસાન થયું છે. ત્રીજી વાત ખરાબ સોબત. તમારા વાલી તમે કેવી સોબતમાં ફરો છો તેની જો બરોબર ભાળ નહિ રાખે તો ખરાબ સોબતનું બૂરું પરિણામ તમારે ભોગવવું પડશે. ભળતે જ વખતે તમારા મનમાં કામવિકાર ઉદ્દ્ભવશે. તમને હુક્કાનું વ્યસન ચોટશે. આવી કેટલીયે કુટેવો જે મોટી ઉંમરે ઘાતક નીવડે છે તે તમને વળગશે. ચોથી વાત બાળલગ્ન. તમારા વાલી અજ્ઞાન હોવાથી તેમની પાસે થોડુંક પણ દ્રવ્ય હશે તો તે તમને નાની ઉમ્મરમાં લગ્ન-પાશથી બાંધી દેશે. લગ્ન થયા પછી, તમે નાના હશો તોપણ, તમારાં સાસરિયાં તમને માન આપશે; આથી તમને મિથ્યાભિમાનનો વળગાડ લાગશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે બાળકો, ઉપર કહી તેમાંની એક પણ બાબતની હડફેટમાં તમે આવશો તો તેટલા પૂરતી પણ તમારી હાનિ થયા વિના રહેશે નહિ. અને તમારી હાનિનાં ફળ તમારાં લગ્ન થયાં હશે તો ગરીબ બિચારી તમારી સ્ત્રી અને તમારાં સંતાનોને ભોગવવાં પડશે. આમાંથી કેવી રીતે બચી શકાય તેનો આપણે હવે વિચાર કરીએ.

છોકરાંઓ, તમે મોટાં થયા પછી જો અજ્ઞાન રહ્યાં હશો તો તેનું તમને ઘણું જ દુઃખ લાગશે. પોતાનું અજ્ઞાન દૂર કરવાનું તમને બહુ મન થશે, પણ તમે જો નિશ્ચયી નહિ હો, તો તમારાથી તમારું અજ્ઞાન દૂર નહિ થાય. કેટલાંક માણસોએ મોટી ઉમ્મરે કેળવણી લેવા શરૂઆત કરી પણ ઘણાં જ થોડા તેમાં સફળતા મેળવતાં સુધી પહોંચ્યાં. આમ કેમ બનતું હશે વારુ? કોઈ કહે છે કે બાળપણ એ જ વિદ્યા શીખવાનો યોગ્ય કાળ છે, અને ઘણેભાગે આ સાચું પણ છે. પણ એથી એમ ન સમજવું કે મોટપણે વિદ્યા ન આવે. ઇન્તેજારી છતાં મોટપણે વિદ્યા ન આવવાનું મુખ્ય કારણ શરમ છે. 'હું આવડો મોટો થયો, હવે શું ભણવાનો?' આવી જાતના વિચારોથી આપણું મન પાછું હઠે છે...જ્ઞાન મેળવવાને સારુ સૌ પહેલાં વિદ્યાદેવી પર ખૂબ ભક્તિ ચોંટવી જોઈએ. ભક્તિ સિવાય કોઈ પણ દેવતા પ્રસન્ન નથી થતા એ તો તમે જાણો જ છો. આ ઉપરાંત તમારે શરમને બાજુએ મૂકવી જોઈએ. શરમ એ વિદ્યાદેવીની ભક્તિમાં વિઘ્ન નાંખનારી રાક્ષસી છે એમ સમજો. સત્ય અને હિતકારી બાબતોમાં શરમને આડે આવવા દેવી, એનો અર્થ દુઃખ વેચાતું લેવું એટલો જ સમજવો. બૂરાં કામ કરવામાં શરમને વચ્ચે આવવા દો; એટલે કે તેવાં કામ કરવામાં શરમાઓ. જ્ઞાન મેળવવાની મર્યાદા એક મરણ જ હોવી જોઈએ. મરણ સુધી જ્ઞાન મેળવવામાં ક્ષતિ આવવા દેશો નહિ. 'હું મોટો થયો' એમ કહીને જેઓ વિદ્યા મેળવવાનો માર્ગ તજી દે છે તેના જેવા આત્મઘાતી બીજા કોઈ નથી. મનની સમાધાનવૃત્તિનો ભંગ થવા દીધા વગર જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું મેળવો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારા મનનું વલણ જોયા વગર તમને કળા શીખવી હશે તો તમને કષ્ટ થશે. દાખલા તરીકે, તમારું વલણ દરજીના ધંધા તરફ છે એમ ધારો અને તમારા પિતાનો ધંધો ખેતીનો છે; તો તે જરૂર તમને ખેતીમાં દાખલ કરશે. આમ થયું એટલે તમને એક ધંધો પૂરો નહિ આવડે. આમાંથી મુક્ત થવાનો ઉપાય એ જ કે, જે વખતે તમારું વલણ અમુક દિશા તરફ છે એમ તમને જણાઈ આવે તે જ વખતે લોકલાજ છોડીને તે કળા તરફ તમારે તમારા પ્રયત્નો વાળવા અને તે કળાનો બની શકે તેટલો અભ્યાસ કરવો. આથી પછીના આયુષ્ય દરમ્યાન તમને સુખ થશે. પ્રિય બાળકો, નવરા બેઠા કજિયા-દલાલી કરીને અથવા લાંચ આપીને અમલદારો મારફત પોતાનું કાર્ય સાધીને તાલેવંત બનવા કરતાં જોડા સીવવાનો ધંધો કરીને જો તમે તમારું પેટ ભરશો તો તેમાં વધારે આબરૂ છે એમ સમજો. પેટ ભરતાં આવડે એવો એકાદ સરસ હુન્નર તમને આવડે એ એક મોટું સદ્‌ભાગ્ય સમજો. નોકરી કરનારા કરતાં તથા મોટાઓ પાસે હાજી હા કરી પેટ ભરનારાઓના કરતાં કારીગર કે ખેડૂત પોતાના દેશનું ખરું હિત વધારે સાધે છે એ ભૂલતા નહિ. તમે ગમે તેટલા તાલેવાન હો છતાં તમને એકાદ સરસ હુન્નર આવડતો હોય એ ઘણું જ ઇચ્છવાજોગ છે. આથી જે તરફ તમારું મન વળતું હોય તે હુન્નર તમે મેળવી લેજો.

ત્રીજું સંકટ ખરાબ સોબત છે. તમારા મિત્રો તમને કુટેવો પાડી ખાડામાં ઉતારે એવા હોય તો તેમની સોબત તત્કાળ છોડી દો. તમારા કરતાં તે ધનમાં કે હકૂમતમાં મોટા હોય તોપણ તમે તેમને પડછાયે પણ ઊભા રહેતા નહિ. ખરાબ વર્તનનો તમે ખુલ્લો તિરસ્કાર કરજો એટલે તેઓ પોતે જ તમને પોતાના મંડળમાં બોલાવશે નહિ. ઊલટું તમારા સદાચરણની તેમના ઉપર સારી અસર થશે. કદાચ કોઈ વાર કમનસીબે તમે બૂરી સોબતમાં જઈ ચડચા તો ત્યાં તેમના આગ્રહથી કેફી ચીજોના સેવનથી કે દુરાચરણથી બચજો. નીતિબળ દેખાડવાનું કહેવાય છે તે આવે જ

P:P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રસંગે બતાવવાનું હોય છે. તેમનું મંડળ મોટું હોય તોપણ 'તમે આ કામ કરો છો તે બૂરું કરો છો' એવું હિંમતથી હરપ્રકારે તેમને બતાવી આપજો. આમ છતાં કદાચ તેઓ તમારી નિર્ભર્ત્સના કરશે. ભલે કરતા. આ બધામાં સીધો અને રામબાણ ઉપાય એ જ છે કે કુસંગતથી બચવું.

જો તમારું લગ્ન નાની ઉમ્મરમાં થયું હોય તો એ સ્થિતિમાં મોટી ઉમ્મરે સુખ મેળવવાનો ઉપાય એક જ છે. તે એ જ કે સ્ત્રીને કેળવણી આપવી. તમે તમારી સ્ત્રીમાં નીતિગ્રંથો વાંચવાની રુચિ ઉત્પન્ન કરો. તમારા આચરણનું તે અનુકરણ કરવાની, માટે તમારું સુવર્તન શુદ્ધ રાખો. જો ગરીબાઈને લીધે મોટી ઉમ્મર સુધી તમારું લગ્ન ન થયું હોય તો પહેલાં ત્રણ સંકટોથી મુક્ત થાઓ ત્યારે જ લગ્ન કરજો. પચીસ વર્ષના પુરુષે આઠ વર્ષની બાળકી સાથે લગ્ન કરવા કરતાં આખો જન્મારો કુંવારા રહેવું એ વધારે સારું છે.

છોકરાંઓ, તમારાં છોકરાંઓ માટે તમારે શું કરવું જોઈએ એ હવે જુદું કહેવાની જરૂર નથી. સંસાર કેવો હોવો જોઈએ એવું જો કોઈ મને પૂછે, તો હું તેને કહું કે પંખી જેવો હોવો જોઈએ. પક્ષીઓ આપણી માફક સમાજ બાંધીને રહે છે. પણ તેમનાં ઘરમાં ધણી, સ્ત્રી અને તેનાં છોકરાં એટલાં જ રહે છે. આપણી માફક ભાઈઓ, પિત્રાઈઓ, તેમની સ્ત્રીઓ અને છોકરાંઓ એ બધાં એકીસાથે નથી હોતાં. આપણા હિંદુસમાજમાં એક સાથે રહેવાનો નુકસાનકારક રિવાજ કેટલાંક વર્ષથી ચાલુ છે. આ રિવાજ જેટલો જલદી બંધ થાય તેટલું સારું.

પક્ષીઓમાં પુરુષ તેમ જ સ્ત્રી નિર્વાહના ધંધા જાણે છે. તેઓ પોતાનાં બચ્ચાંનું મમતાથી પાલન કરે છે. અને તેમને ઘર બાંધતાં અને ખોરાક મેળવતાં શીખવે છે. તેમના નિર્વાહની તેમને ચિંતા નથી હોતી. બાળકો, પક્ષીઓનો આ રિવાજ સંસારમાં કેટલો બધો સુખકારી છે? દુન્યવી સુધારો આપણા કરતાં પક્ષીઓમાં વધારે

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

થયો છે એમ શું ન કહી શકાય? તો પછી આપણે મનુષ્ય છીએ એટલા જ ખાતર બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છીએ એમ કહેવામાં શો સાર?

બાળકો, તમને ઘણી વાતો કહું એમ મનમાં થયાં કરે છે પણ વખત નથી. આ બધું સુધારવાનો પણ મને વખત નથી. આ તમે જ સુધારીને વાંચજો. એક વસ્તુ કહેવી રહી ગઈ તે એ કે ઘડપણમાં માબાપને બનતી મદદ કરવાનું ભૂલશો નહિ."

## [ મારા વિચારો ]

શકે ૧૮૨૧ શ્રાવણ સુદ ૯, તા. ૧૪મી ઑગસ્ટ ૧૮૯૯.

"'મનુષ્યના વિચારોમાં તેના સંજોગોના બદલાવા સાથે ફેર પડતો જાય છે.' આ સિદ્ધાંતને હું અપવાદરૂપ ન જ ગણાઉં. ઝીણી નજરે જોનારાઓને મારા વિચારોમાં કઈ ઢબે ફેર પડતો ગયો એ જાણવું સહેલું પડે એટલા ખાતર આજના મારા વિચારો કેવા છે તે અહીં લખું છું. સૌ પહેલું તો—

ધર્મ વિષે—

મનુષ્યના જીવન સાથે ધર્મનો જેટલો સંબંધ છે તેટલો સંબંધ રાજ્યપ્રકરણનો પણ ન હોઈ શકે. પરદેશી રાજા રાજ્ય જીતી લઈ શકે પણ ધર્મ જીતી શકશે નહિ. કદાચ બળાત્કારે ધર્માંતર કરવા વખત આવે તોપણ તેથી આપણા અંતરમાં મળી ગયેલાં ધર્મનાં બીજ સાફ બળી જતાં ખૂબ વાર લાગશે. આવા વ્યાપક વિષય ઉપર મત આપવો એ ભારે કપરું કામ; તેમાં વળી તમામ વિચારો કાગળ ઉપર ઉતારવાની શક્તિ મારી કલમમાં ન મળે. આટલી પ્રસ્તાવના બસ થશે.

આજે હું અંતઃકરણથી તો સાવ બૌદ્ધ થઈ ગયો છું. મહાન બુદ્ધના વિચારો મને ઘણા જ ગમે છે. આખા જગતનું, રાષ્ટ્રનું, કુટુંબનું કે પોતાનું હિત સાધવાની જો કોઈની ઇચ્છા હોય તો તેણે સદ્ગુરુ બુદ્ધને શરણે જવું અને તેમણે કરેલા ઉપદેશ પ્રમાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રદ્ધાપૂર્વક વર્તવું જોઈએ, એવો મારો નિશ્ચિત મત છે. અને હું આજે અતિ નમ્રપણે બુદ્ધ ગુરુની પ્રાર્થના કરું છું કે, 'હે સદ્‌ગુરુ! તારા દાસના દાસ થવા જેટલી પણ મને લાયકાત આપ.'

सामाजिक —

જાતિભેદ સારૂં તૂટવા જોઈએ. બાળલગ્ન તુરત બંધ થવાં જોઈએ. બાળલગ્ન તદ્દન બંધ થાય તો વિધવાવિવાહ ચાલુ કરવાની ઝાઝી જરૂર નહિ રહે. તથાપિ વિધવાવિવાહને સારુ હરકત હોવી એ તો નીતિવિરુદ્ધ છે. કુટુંબની પદ્ધતિ પક્ષીઓના જેવી જોઈએ. માબાપે પોતાનાં છોકરાં મોટાં થયે તેમને જુદા રહેવામાં મદદ કરવી. આથી અત્યારે કુટુંબોમાં જે નકામા વિખવાદ વધે છે તે બંધ થશે.

राजकीय —

પ્રજાસત્તાક પદ્ધતિ સારી, તેથી બીજે નંબરે રાજાપ્રજાસત્તાક, તેથી ઊતરતી સ્વદેશીરાજસત્તાક અને સહુથી હલકી પદ્ધતિ હાલ હિંદુસ્તાનમાં ચાલુ છે તે. આને બદલે બને તેટલી ઊંચા દરજ્જાની રાજ્યપદ્ધતિ ચાલુ થાય તે માટે દરેક વ્યક્તિએ ખરા દિલથી મથવું ઘટે.

व्यक्तिए शुं करवुं ? —

આપણે અજ્ઞાન હોઈએ ત્યાં સુધી આપણાં માબાપની આજ્ઞામાં રહેવું, ને પછી છેવટ સુધી તેમને માન આપતા રહેવું,. તેમને દૂભવવાં નહિ. અંધ પરંપરાગત જુગજુગથી ચાલતા આવેલા જે કુરિવાજો હોય તે બેધડક તજવા. બીજાને દુઃખ ન થાય એવી રીતે આપણો ધંધો કરવો. કદી નવરા ન રહેવું. નવરા બેસવાની બરોબરનું બીજું એકે પાપ નથી. કરજદાર ન બનવું. કરજદાર માણસ પોતાની ઉન્નતિ કોઈ દિવસ કરી શકતો નથી. કેફી ચીજોના સેવનથી આપણા નાશનું બીજ રોપાય છે. તક જોઈને રાજકીય, ધાર્મિક કે એવાં બીજાં પરોપકારનાં કામ આપણું કૌવત હોય તે કરતાં સહેજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓછા પ્રમાણમાં માથે લેવાં, એટલે તેમાં અપજશ નહિ આવે. સદ્‌ગુરુ બુદ્ધને શરણે જવું અને તેના ઉપદેશોનું મનન કરવુ. તેના વિચારો જો આપણને ન સમજાય તો જે કાઈ તેના સુજ્ઞ ભક્તો હોય તેમની પાસેથી તે સમજી લેવા અને તે પ્રમાણે વર્તવું."

ઉપલા ફકરાઓ વાંચવાથી ગોવા છોડી પૂને આવ્યો તે પહેલાં મારા વિચાર કઈ દિશાએ ગતિ કરી રહ્યા હતા તેનો વાચકને ખ્યાલ આવશે. મારું ધ્યેય મને સ્પષ્ટ દેખાતું હતું પણ તે તરફ જવાનો રસ્તો મને માલૂમ નહોતો. તે ખોળી કાઢતાં મારે શી શી જહેમતો ઉઠાવવી પડી, તેનું વિવેચન હવે પછીનાં પ્રકરણમાં કરવાનું વચન આપી વાચકોની અહીંથી જ રજા લઉં છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૯

# પૂનાની રહેણાક

'सज्जनकलह बरा परि दुर्जनसंगति कधीं न करा ।'

'સજ્જન જોડે કલહ ભલો પણ દુર્જનની સોબત ન કરવી.'

—મોરોપંત

મડગાંવથી નીકળ્યો ત્યારે મારું મન કાળાં વાદળોથી છવાયેલું હતું. કેસલરૉકનો ઘાટ ચડતાં નજરે પડતી વનશ્રીની શોભા અને દૂધસાગર જેવા સુંદર ધોધના દર્શનથી પણ મારી ઉદાસીનતા મટી નહિ. ટ્રેન ધીરે ધીરે ચાલતી હતી, ચોમેર લીલાછમ ડુંગર મારી નજરે પડતા હતા. પણ એ ડુંગરની તળેટીએ ખીણમાં નજરે પડતો પ્રદેશ મારી તરફ ઉદાસીનતાથી જોતો હોય એવો જ મને ભાસ થયો. હું મનમાં બોલ્યો: "હે માતા જન્મભૂમિ! ઘણાંખરાં સગાંસંબંધીઓથી તરછોડાયેલો હું તારો બાળક છું. સગાંસંબંધીઓએ ભલે આશ્રય ન દીધો પણ તું તો ક્યાંક ને ક્યાંક ખૂણેખાંચરે પણ મને આશ્રય આપ્યા વગર રહેવાની નથી. પણ મા! મારા જેવા કમનસીબ બાળકે તારો આશ્રય કાં યાચવો? એકથી વધુ વેળા મારી ઉન્નતિને ખાતર તને તજીને દૂર ગયો પણ, માડી, મારા મનોરથ પૂરા ન થતાં કાળું મોઢું લઈ તારો જ આશ્રય શોધતા પાછું આવવું પડયું. હવે આ વેળા જો સફળ નહિ થાઉં તો તને મોઢું નહિ બતાવું એવો મેં નિશ્ચય કર્યો છે. હે મા! તારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર મારો અગાધ પ્રેમ છે. તું 'સર્વંસહા' કહેવાય છે. તારા નામ પ્રમાણે તું મારા બધા અપરાધ ગળી જઈશ એવી મારી ખાતરી છે. પણ આ વખતે જો હું સફળ ન થાઉં તો ફરી તારું દર્શન ન પામું એવું કરજે. અને, હે માતા! મારા આ નિશ્ચયને ચળવા દઈશ નહિ."

તા. ૩૦ ડિસેમ્બર ૧૮૯૯ને રોજ મળસકે ચાર વાગ્યાને સુમારે ટ્રેન પૂના સ્ટેશને આવી. એક ટાંગો ભાડે કરી હું રાસ્તેની પેઠમાં ગયો. ત્યાં ખૂબ શોધ કર્યા પછી શ્રી. અનંત રામકૃષ્ણ રેડકરનું ઘર જડયું. તેમણે મારો સારી પેઠે આદર-સત્કાર કર્યો. બીજે કે ત્રીજે દિવસે તેઓ મને તેમની પડોશમાં રહેતા શ્રી. નારાયણરાવ વર્દેને ઘેર લઈ ગયા. શ્રી. રેડકરે હું ગોવાથી આવ્યો છું વગેરે હકીકત નારાયણરાવને જણાવી. એટલે નારાયણરાવ કહે: 'આ *પેજપીઉ ગોવઈબાણુને અહીં શું કામ લાવ્યા? પૂનામાં આનો ઉપયોગ શો?' મારી તરફ વળીને કહે: 'જો જો માઠું લગાડતા, હું તો મશ્કરીમાં કહું છું.' મેં કહ્યું 'મને જરાય ખોટું લાગે એમ નથી. જીવબા-દાદા બક્ષી, લખબાદાદા લાડ વગેરે પુરુષો પેજપીઉ જ હતા કે બીજા કોઈ? તમે આ પૂનાવાસીઓના સહવાસમાં રહીને એ બધાને ભૂલી ગયા હો અને એથી કદાચ પેજથી પણ કંટાળ્યા હો તો ભલે.' આ જવાબ મળતાંની સાથે જ નારાયણરાવ ચૂપ થઈ ગયા. એ પછી એકાદ બે વખત હું તેમને ઘેર ગયો હોઈશ ત્યારે તેમના છોકરાઓ મારું નામ પૂછતા અને હું જવાબ દેતો કે, 'અંદર જઈને એમ કહો કે પેલા પેજપીઉ ગોવઈબાણુ આવેલા છે.' છોકરાંઓ આ જ

* ચોખાની ઘેંસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શબ્દો નારાયણરાવને કહેતાં. છેવટે એક દિવસ નારાયણરાવે મને કહ્યું : 'મહેરબાની કરીને હવે ફરી વાર એ બોલ ઉચ્ચારશો નહિ. દરેક વેળા ફરી ફરી એ બોલ કહીને તમે મારા પર વેર વાળો છો શું? તમને પેંજપીઉ કહ્યા એથી ખોટું લાગ્યું હોય તો હું તમારી ક્ષમા માગું છું.'

પૂને આવવામાં મારો ખાસ હેતુ તો એ જ હતો કે, દિવસે કારકુનનું કે એવું જ બીજું કંઈ કામ કરી નિર્વાહ કરવો અને કોઈ શાસ્ત્રી પાસે રહી સંસ્કૃત વિદ્યાભ્યાસ કરવો. શ્રી. રેડકરને મેં મારો ઉદ્દેશ જણાવ્યો. તેમણે મારે સારુ એવું કંઈ કામ શોધવા પોતે તેમ જ લાગતાવળગતાઓ મારફત પુષ્કળ પ્રયાસ કર્યો પણ ફોકટ. મેં પોતે પણ 'સુધારક' પત્રની ઑફિસમાં તથા બીજી જગ્યાએ ખૂબ આંટા ખાધા, પણ ક્યાંયે ઘાટ બેઠો નહિ. 'હવે શું કરવું' એ સવાલ ઊભો થયો. શ્રી. રેડકર કહે: 'પોલીસ ખાતામાં મારી સારી ઓળખાણ છે; ત્યાં નોકરી જોઈતી હોય તો ભલામણ કરું.' પણ પોલીસ ખાતા તરફ તો મને ખૂબ તિરસ્કાર, તેથી મેં જવાબ આપ્યો કે, 'પોલીસમાં રહેવા કરતાં તો ભૂખે મરવું સારું.' વળી આ ખાતામાં રહીને સંસ્કૃત શીખવાનો હેતુ પાર પડે એમ પણ નહોતું.

આઠ દસ દિવસમાં મને ખબર પડી કે ડૉ. ભાંડારકર પૂનામાં જ રહે છે. એક દિવસ બપોરે એક ચિઠ્ઠી લખી સાથે લઈ તેમને બંગલે ગયો. આ ચિઠ્ઠીમાં મેં શું શું લખેલું તે મને અત્યારે યાદ નથી. પણ 'હું ગોવાથી વિદ્યાભ્યાસને માટે અહીં આવ્યો છું અને આપના દર્શનની અભિલાષા છે,' એવી મતલબની ચિઠ્ઠી હતી એમ માનું છું. ચિઠ્ઠીમાં છેવટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

प्रभू तुम्ही सुखामृताचे डोहो ।
म्हणोंनि आम्हीं आपुलिया स्वेच्छा वोलावो लाहों ।
येथही जरी सलगी करूं बिहों ।
तरी निवों कैं पां ?

'હે પ્રભુ! તમે તો સુખામૃતના નિધિ છો તેથી હું તમારી પાસેથી ચાહું તેટલી ઠંડક પામું. તમારી આગળ હેત કરતાં પણ ડરું તો પછી ક્યાં જઈને ઠરું?' આ જ્ઞાનેશ્વરીના નવમા અધ્યાયની પાંચમી ઓવી લખી હતી. ડૉ. ભાંડારકરે ચિઠ્ઠી વાંચીને તરત મને અંદર બોલાવ્યો અને કહ્યું કે, 'તમે ગોવાના હોવાનું જણાવો છો તો પછી મરાઠી આવું શુદ્ધ ક્યાંથી લખી શકો છો?' મેં જવાબ આપ્યો, 'ગોવામાં મારા જેટલું શુદ્ધ લખનારા ઘણા નીકળે.' મેં તેમને 'પથ્યબોધ' વગેરે માસિક અને બીજાં વર્તમાનપત્રોની વાત કહી. આ ઉપરથી તેઓ બોલ્યા કે, 'ગોવા એટલે સાવ પછાત પ્રાંત એમ અમે માનતા. જાણે કે ગોવા એ મહારાષ્ટ્રનો ભાગ જ નહિ એમ અમને લાગતું. પણ તમારા કહેવા પ્રમાણે તો ગોવામાં પણ ઠીક ઉત્સાહી જુવાનિયાઓ વસતા જણાય છે.' તેમને મેં મારી બધી હકીકત જણાવી. તેમણે કહ્યું: 'એકલું સંસ્કૃત શીખતાં તમને સાત વર્ષ લાગશે. સાત વર્ષે તમે પંડિત બનશો. તમારે કંઈ ઘેર મોકલવું પડે એમ ન હોય અને માત્ર વિદ્યાભ્યાસ એ જ હેતુ હોય તો અહીંયાં જ તમને મદદ મળી શકશે. તે સારુ નોકરી શોધવાની જરૂર નથી. વળી નોકરી કરીને ભણવામાં ત્રાસ પણ ખૂબ થશે. હું મહિને એક બે રૂપિયા આપીશ અને અહીં સારસ્વતોની સારી વસ્તી છે તેમની પાસેથી તમને મહિને પાંચ છ રૂપિયા સહેજે મળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહેશે.' તે દિવસ તેમને લાંબી ફુરસદ નહોતી એટલે 'ફરી
પાછા મળજો' એટલું કહી પોતાને કામે વળગ્યા. મને તેમના
આ ઉત્સાહ આપનારા ભાષણથી ખૂબ હિંમત આવી, અને
પ્રસન્ન ચિત્તે હું શ્રી. રેડકરના ઘર તરફ વળ્યો.

ડૉ. ભાંડારકર સાથે જેમ જેમ પરિચય થતો ગયો તેમ
તેમ મારે વિષે તેમને સારો મત બંધાવા લાગ્યો. થોડા જ
વખતમાં પોતે મને એક ચિઠ્ઠી લખી આપી અને પોતાની
'કૌમુદી'ની એક પ્રત આપીને નગરકરના વાડામાં આવેલી એક
સંસ્કૃત પાઠશાળામાં મને મોકલ્યો. ત્યાંના મુખ્ય અધ્યાપક
વાસુદેવશાસ્ત્રી અભ્યંકરે મને મહાદેવશાસ્ત્રી જોશીને સોંપ્યો.
તેમના હાથ નીચે મેં 'કૌમુદી'નો અભ્યાસ શરૂ કર્યો. બે મહિના
વહી ગયા પણ 'કૌમુદી'નો અર્થ મને સમજાય જ નહિ. પણ
એથી હું કદી નિરાશ ન થયો. માત્ર રઘુવંશનો અર્થ મને
ઠીક ઠીક સમજાવા લાગ્યો.

શરૂઆતમાં શ્રી. રેડકરે બુધવાર પેઠમાં આવેલી એક
વીશીમાં મારા જમવાની ગોઠવણ કરી હતી. શરૂઆતમાં
વીશીવાળો જરા આનાકાની કરવા લાગ્યો. 'તમે સારસ્વત છો
માટે તમારે જમીને તમારો એઓટ હાથે દેવો પડશે' ૯૦
પણ ચાર આઠ આના વધુ દેવાનું વચન આપતાં જ તેણે બધું
પોતે કરી લેવાનું કબૂલ કર્યું! આ વીશીમાં જમવું અને શ્રી.
રેડકરને ઘેર રાતે સૂવું એવો ક્રમ એક બે અઠવાડિયાં ચાલ્યો.
પણ પાઠશાળા બહુ આઘી પડવા લાગ્યાથી તે વધુ વખત
ચાલુ રખાય એમ નહોતું. આથી ડૉ. ભાંડારકરે મને પ્રાર્થના-
સમાજમાં રહેવાની જગ્યા અપાવી. ત્યાં રહીને હું પાઠશાળામાં
અભ્યાસ કરવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાર્થનાસમાજમાં રહેવાથી ઘણા ગૃહસ્થોની મને ઓળખાણ થઈ. તેમાં સ્વ૦ માધવરાવ લોટલીકરની સારી ઓળખાણ થઈ. તેમને ઘેર એક બે વખત જમવા પણ ગયો. ત્યાં 'માસિક મનોરંજન'વાળા સ્વ. કાશીનાથ રઘુનાથ મિત્રની મુલાકાત થઈ. તેઓ હવાફેર સારુ પૂને આવ્યા હતા. કેટલાક દિવસ સુધી અમે પરોઢિયે ઊઠીને ફરવા જતા. એક દિવસ બુદ્ધ વિષે વાત નીકળી તે પ્રસંગે તેમણે શ્રી. ગોવિંદ નારાયણ કાણે કૃત 'જગદ્‌ગુરુ ગૌતમબુદ્ધાચેં ચરિત્ર' વાંચવાની મને ભલામણ કરી. તેમની પોતાની પાસે આ પુસ્તક નહોતું પણ તે તેમની મારફત મેં મેળવ્યું અને તે હું વાંચી ગયો. સર એડવિન આર્નોલ્ડના 'લાઈટ ઑફ એશિયા'નું આ ભાષાંતર હતું. મૂળ પુસ્તક કાવ્યમાં હોવાથી તે સંપૂર્ણ વિશ્વસનીય ન જ કહેવાય. તથાપિ તે એટલા તો પ્રેમભાવથી લખાયું છે કે વાંચતી વખતે વાચકનું ચિત્ત તેમાં લીન થયા વગર રહેતું નથી. ઇંગ્લંડ અને અમેરિકામાં આ ગ્રંથની પચાસ ઉપર આવૃત્તિઓ નીકળી ચૂકી છે. કાણેનું ભાષાંતર મૂળ ગ્રંથના જેટલું ઉત્તમ નથી તોપણ તે વખતે એ મને એટલું તો ગમી ગયું કે તેમાંના કેટલાક ભાગ મેં ફરી ફરીને વાંચ્યા. આ ભાષાંતર તે કાળે મારું મુખ્ય ધર્મપુસ્તક થઈ પડયું. આમાંથી કેટલોક ભાગ વાંચતી વખતે ઘણી વાર મારો કંઠ ભરાઈ આવતો અને આંખમાંથી અવિરત આંસુ વહેતાં તે હું ભૂલ્યો નથી. જ્યારે જ્યારે મારું મન ઉદાસ થાય ત્યારે ત્યારે આ પુસ્તકનું અધ્યયન કરવાનો મેં રિવાજ રાખ્યો.

કપડાંલત્તાંમાં અને વીશીના ખર્ચમાં મારી પાસેની તમામ પૂંજી ખલાસ થઈ. ડૉ. લાડે દસ રૂપિયા મોકલ્યા,

P.P. Ac. Gunratnasurj M.S. Jun Gun Aaradhak Trust

એટલા ઉપર ફેબ્રુઆરી સુધી મેં માંડ માંડ ચલાવ્યું. હવે આગળ શું કરવું? ડૉ. ભાંડારકરે કંઈક સગવડ કરી આપવાનું કહ્યું હતું; પણ એમાં કશું ચોક્કસ નહોતું. અને આ વાતનો નિકાલ કર્યા વગર તો હવે કોઈ વાતે રહે એમ નહોતું એમ મેં જોયું. છેવટે તેમને એક વાર સ્પષ્ટ શબ્દોમાં પૂછવું એવો મેં નિશ્ચય કર્યો. પણ એટલામાં (ફેબ્રુઆરીમાં) તેઓ માંદા પડ્યા, અને એવી માંદગી દરમ્યાન આવા સવાલનું નિરાકરણ માગવાનું મને રુચ્યું નહિ. તોપણ એક વાર તો વાતવાતમાં આ બાબત મેં તેમને કાને નાંખી હોવી જોઈએ. તેઓ માંદગીમાંથી ઊઠ્યા પછી તા. ૨૫મી ફેબ્રુઆરી ૧૯૦૦ને રોજ તેમને ઘેર હું તેમને મળવા ગયો. તેઓ કોઈ કોઈ વાર મને જમવા બોલાવતા. પણ તેમનો બંગલો શહેરથી ખૂબ દૂર હોવાથી હું ક્વચિત જ જતો. કોઈ વાર તો વળી રાતે જમી તેમને ત્યાં જ સૂઈ રહેતો. અને સવારે ઊઠી શહેરમાં પાછો આવતો. ઉપર કહેલે દિવસે હું તેમને ત્યાં જ રાત રહ્યો.

બીજે દિવસે સવારે મેં તેમની પાસે વાત કાઢી અને 'મારે મારા નિર્વાહનું હવે કેમ કરવું?' એમ પૂછ્યું. તેમણે કહ્યું કે, 'જો તમે પ્રાર્થનાસમાજના સભ્ય થાઓ તો સમાજ તરફથી અમે તમને મદદ કરીશું. એ સિવાય અમારી તરફથી કંઈ મદદ બની શકે એમ નથી.' મારે બુદ્ધધર્મનો અભ્યાસ કરવો છે, એ વાત હું તેમને શરૂઆતથી જ કહેતો આવ્યો હતો. એક દિવસ હું તેમની ગાડીમાં તેમની સાથે બેસીને જતો હતો ત્યારે મારી વાત કાઢીને તેમણે પોતાના વડીલ પુત્ર (સ્વ. પ્રો. શ્રીધરપંત ભાંડારકર)ને કહ્યું, 'આમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બુદ્ધ થવું છે.' મેં કહ્યું: 'બુદ્ધ થવાની યોગ્યતા મારામાં ક્યાંથી? આપ સરખાના શિષ્યોમાં મારી ગણના થવી પણ મુશ્કેલ છે.' આ વાતચીત અમારા બંને વચ્ચે ભારે ગેરસમજનું કારણ થઈ પડી. મને લાગ્યું કે બૌદ્ધધર્મના અભ્યાસમાં તેઓ મને ખૂબ મદદ કરશે. તેમને લાગ્યું કે હું તેમને શિષ્ય એટલે પ્રાર્થનાસમાજનો સભાસદ થવા તૈયાર હતો. પણ મારા કહેવાની મતલબ એવી નહોતી. મારું બોલવું તો સામાન્ય દૃષ્ટિનું હતું. બુદ્ધ અગર બુદ્ધના શિષ્ય થવું એ અત્યારની સ્થિતિમાં સંભવિત નથી, સંસ્કૃત ભાષાનું થોડુંઘણું જ્ઞાન મેળવી તેમના (ભાંડારકરના) શિષ્યમાં મારી ગણના થાય એવો બનું તોપણ બસ છે, એવો મારા કહેવાનો ઉદ્દેશ હતો. આમાં પ્રાર્થનાસમાજનો કશો સંબંધ જ નહોતો. ગમે તેમ હો, પણ તેમની ગેરસમજ થઈ ખરી. તેમણે કહ્યું કે: 'આટલા દિવસ તમે પ્રાર્થનાસમાજના સભાસદ થશો એમ મને લાગ્યાં જ કરતું. અત્યારે મદદ કરીને આગળ ઉપર પ્રાર્થનાસમાજના ધર્મોપદેશકનું તમને કામ આપવું એવી મારી ઇચ્છા હતી.'

મેં કહ્યું: 'પ્રાર્થનાસમાજના ઘણાખરા સિદ્ધાંતો મને પસંદ છે. હું જાતિભેદમાં માનતો નથી. બાળલગ્ન બૂરાં છે એ વિષે મારી ક્યારની ખાતરી થઈ ચૂકી છે. તથાપિ બુદ્ધધર્મનું પૂરું જ્ઞાન મેળવ્યા સિવાય હું કોઈ પણ સંસ્થાનો સભાસદ થવા ઇચ્છતો નથી. એકલો બૌદ્ધધર્મ જ મનુષ્યમાત્રની ઉન્નતિનું ખરું સાધન છે એમ હાલ તો હું માનું છું.'

'આ તમે કયા આધારે કહો છો? તમે બૌદ્ધધર્મ વિષે જાણો છો?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'જગદ્‌ગુરુ બુદ્ધનું ચરિત્ર મેં વાંચ્યું છે અને તે ઉપરથી બુદ્ધના વિચારો અને તેનો એકંદર ધર્મ એ જ મનુષ્યજાતિને ખરાં કલ્યાણકારી નીવડશે એમ મને લાગે છે.'

'અરે પેલું કાણેનું લખેલું પુસ્તક હું જાણું છું, એ તો એક અંગ્રેજી ગ્રંથનો તરજુમો છે. મૂળમાં છે તેનું ચાર આની પણ અંગ્રેજીમાં ઊતર્યું નથી. અને અંગ્રેજીનું ચાર આની પણ મરાઠી ભાષાંતરમાં નથી આવ્યું! આવા આ ગ્રંથને આધારે તમે બુદ્ધધર્મ વિષે હું આમ માનું છું અને તેમ માનું છું એમ કહો છો?'

'બુદ્ધધર્મ વિષે હું કશું જ જાણતો નથી એ હું કબૂલ કરું છું; પણ આપના કહેવા પ્રમાણે મરાઠીમાં ઊતરેલો મૂળનો સોળમો ભાગ પણ જો આટલો ચિત્તવેધક છે તો પછી મૂળ ગ્રંથ કેટલો સુંદર હોવો જોઈએ, એ કલ્પનાથી જ સમજવું જોઈએ. આથી તો મૂળ ગ્રંથોનો અભ્યાસ કરવાનો મારો નિશ્ચય દૃઢતર થાય છે.'

'અરે, પણ બુદ્ધધર્મનો આપણા દેશને શો ઉપયોગ? વળી આ દેશમાં બુદ્ધધર્મનું જ્ઞાન મેળવવું પણ મુશ્કેલ છે, એને સારુ તો તમારે નેપાળ કે સિલોન જવું પડશે!'

'આપણા દેશને તેનો ઉપયોગ હો અગર ન હો, મારા જીવનને તેનો ઘણો ઉપયોગ છે એમ મારી ખાતરી થઈ છે. નેપાળ કે સિલોન જવાને હું તૈયાર છું.'

'પણ ત્યાં તમારે ભિક્ષુ બનવું પડશે!'

'ભલે ગમે તેટલાં કષ્ટ સોસવાં પડે, મને તેની ફિકર નથી. બુદ્ધધર્મનું જ્ઞાન મેળવવું એ મારું જીવનકર્તવ્ય છે એમ હું સમજું છું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણી વાર સુધી આ સંવાદ ચાલ્યો પણ તેનું કશું ખાસ પરિણામ ન આવ્યું. અમે એકબીજાના મનનું સમાધાન કરી શકયા નહિ. હવે પૂનામાં પડી રહેવામાં કંઈ જ સાર નથી એ વિષે મારા મનને શંકા ન રહી. પણ 'જવું કયાં ?' એ પ્રશ્ન હતો જ. સિલોન જવું કે નેપાળ ? સિલોનની ભાષા, રીતરિવાજ સર્વ કંઈ વિચિત્ર હશે. વળી દક્ષિણ તરફની કાનડી વગેરે ભાષાઓનો મને બિલકુલ પરિચય નહિ. આ સ્થિતિમાં સિલોન જવાની કલ્પના સરખી અશકય લાગી. નેપાળ જવું પણ કાંઈ ઓછું કપરું નહોતું. ઉત્તર હિન્દુસ્તાનની ભાષાઓ પણ મને નહોતી આવડતી. પણ મહેનત કર્યે તે આવડે એમ હતી. ઉપરાંત કાશી સુધી તો દક્ષિણીઓની વસ્તી પણ હોય, એટલે ત્યાં સુધી તો ભાષા સંબંધી ઝાઝી મુશ્કેલી નડે નહિ. આવો ચારે બાજુનો વિચાર કરી મેં ઉત્તર દિશા તરફ જવા સંકલ્પ કર્યો. ડૉ. ભાંડારકરની 'કૌમુદી' તેમને પાછી સોંપી. તદ્દન જરૂરજોગાં કપડાં પાસે રાખી બાકીનાં પ્રાર્થના-સમાજના પટાવાળા બળવંતરાવ પવારને દઈ દીધાં. શ્રી. રેડકર પાસેથી બાર રૂપિયા ઉછીના લીધા; બળવંતરાવ પવાર મારફત એ કપડાં પીળાં રંગાવી આણ્યાં હતાં તે પરિધાન કરી અને શિખાંસૂત્રનો ત્યાગ કરી ગુરુવાર તા. ૧લી માર્ચ ૧૯૦૦, મિતિ માહ વદ અમાવાસ્યા, શકે ૧૮૨૧ને રોજ રાત્રે બાર વાગ્યા પછી ઊપડતી ટ્રેનથી મેં પૂના છોડયું.

પૂનામાં મારાં શિક્ષણની સગવડ ભલે ન થઈ પણ ત્યાં રહેવાથી મને પુષ્કળ ફાયદો થયો. હવે પછીનું દેશાટન કરવાની મારામાં હિંમત આવી. વળી ઘણા લોકોનો સહવાસ થયાથી મરાઠી બોલવા ચાલવાની રીત વિશેષ સમજાઈ. પ્રાર્થના-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમાજમાં ઉપાસનાને વખતે કરવામાં આવતા કેટલાક ઉપદેશ મને ખૂબ પસંદ પડતા. શ્રી. કેશવરાવ ગોડબોલે નામના એક ગૃહસ્થ પ્રાર્થનાસમાજના મંત્રી હતા. હું પૂને આવ્યો તે પહેલાં તેમનું મરણ થયું. જાન્યુઆરી કે ફેબ્રુઆરી (૧૯૦૦)માં તેમની વરસી હતી. આ પ્રસંગે તેમને ઘેર ડૉ. ભાંડારકરે ઉપાસના ચલાવેલી. આ ઉપાસના વખતે હું પણ હાજર હતો. આ પ્રસંગે ડૉ. ભાંડારકરે તુકારામ બુવાના બે અભંગ લઈ તે ઉપર વ્યાખ્યાન કર્યું હતું. આ બે અભંગ અત્યંત વિકટ સંજોગો વચ્ચે પણ મને વિસામારૂપ થઈ પડયા. આ ઉપદેશ જે હું પૂનામાં સાંભળવા પામ્યો એ મારો પૂનાની રહેણાક દરમ્યાન સૌથી મોટો લાભ થયો એમ હું માનું છું. વ્યાખ્યાન અત્યારે મને યાદ નથી; પણ ઉપર કહેલા બે અભંગ તે નીચેના :

१

"क्षणक्षणां हाचि करावा विचार । तरावया पार भवसिंधु ॥ १ ॥
नाशिवंत देह जाणार सकळ । आयुष्य खातो काळ सावधान ॥ २ ॥
संतसमागमीं धरूनि आवडी । करावी तांतडी परमार्थी ॥ ३ ॥
तुका म्हणे इहलोकींच्या वेव्हारें । नये डोळे धुरें भरूनि राहों ॥ ४ ॥

२

आपुलें स्वहित करावें पैं आधीं । विचारूनि बुद्धि समाधान ॥ १ ॥
नये मार्गे पाहों वाट फिरोनियां । दुसरा संगिया साहकारी ॥ २ ॥
आपुलिया बळें घालावी हे कास । न येणेंचि आस आणिकांची ॥ ३ ॥
तुको म्हणे द्यावी ब्रह्मरसीं बुडी । वासना ते कुडी सांडूनियां ॥ ४ ॥

૧. હે જીવ! ભવસિંધુ પાર ઊતરવા સારુ ક્ષણોક્ષણ આ જ વિચારનું ચિંતન કર કે આ દેહ નાશવંત છે; આ બધું જવાનું છે;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાળ આયુષ્યને ખાઈ રહ્યો છે. સાવધાન થા. સંતસમાગમ વિષે રુચિ કેળવ અને પરમાર્થને વિષે ઉતાવળ કર. તુકો કહે છે કે દુન્યવી વહેવારરૂપી ધૂમાડાથી આંખો ભરીને ન રહેવું.

૨. બુદ્ધિથી આત્મસમાધાનનો માર્ગ વિચારી લઈને આત્મહિત પહેલું કરવું અને પાછા વળી વળીને બીજા મદદગાર સાથીઓની વાટ જોવી નહિ. પોતાને જ બળે કમ્મર કસવી, પરાઈ આશ કામ નહિ આવે. તુકો કહે છે, હે જીવ! શરીરનો મોહ છોડીને બ્રહ્મ-રસમાં ડૂબકી લગાવ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૭

# પૂનાથી ગ્વાલિયર

જે દિવસ મેં પૂના છોડયું તે રાત અમાવાસ્યાની હતી એ હું આગલા પ્રકરણમાં કહી ગયો. ધોંડ મનમાડ તરફ જતી ગાડી પકડવા સારુ હું રાતે બાર વાગ્યે પ્રાર્થનાસમાજમાંથી સ્ટેશને જવા નીકળ્યો. મારા અંતરમાં ચોમેર નિરાશાનો ગાઢ અંધકાર છવાયો હતો. પણ તે રાત્રે આકાશમાં વાદળાં ન હોવાને લીધે ચમકતા તારાઓની માફક તેમાં ક્યાંક ક્યાંક એકાદ આશાજનક વિચાર નહોતો ચમકતો એમ નહિ. આ હું ભયંકર સાહસ ખેડી રહ્યો છું એનું મને ભાન હતું. અને તેમાં સફળતા મળવી બહુ કઠણ છે એની પણ મને ખબર હતી. તોપણ દૃઢ નિશ્ચયપૂર્વક ઉદ્યમ કરવાથી આ જ જન્મમાં બુદ્ધધર્મનું થોડુંઘણું પણ જ્ઞાન મેળવી જ શકીશ એમ પણ લાગતું. ગમે તેમ હો, પણ મારું સાહસ કેવળ સ્વાર્થનું—ચોરધાડપાડુઓના સાહસ જેવું—તો નથી જ એ વિચારે મારા મનને ખૂબ શાંતિ આપી. આ પ્રયત્નમાં સફળતા મળતાં મરણ આવે તોપણ વાંધો નહિ, કારણ, બની શકે તેમ હતું તે બધું હું કરી છૂટયો—મારું કર્તવ્ય મેં બજાવ્યું—એટલું તો હું કહી જ શકીશ, અને તેથી મરણટાણે મને એક પ્રકારની શાંતિ જ મળશે, એમ પણ મને લાગ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘોંડ છોડ્યા પછી ઇન્દોર જનારા કેટલાક વિદ્યાર્થીઓનો સાથ થયો. તેઓ મને ઇન્દોર સુધી સાચવી લઈ ગયા. ઇન્દોરમાં તેઓ વીશીમાં ઊતર્યા હતા; ત્યાં જ હું પણ ઊતર્યો. મારી પાસેની બધી પૂંજી એક બે દિવસમાં જ ખૂટી ગઈ. હવે ભીખ માગવાનો વખત પ્રત્યક્ષ આવી લાગ્યો. પણ આવા પરાયા મુલકમાં ભીખ પણ કોણ આપે? એક બે ઠેકાણે ભીખ માગી પણ કંઈ વળ્યું નહિ. છેવટે વાગળે કરીને રાજના કોઈ મોટા અમલદાર અહીં રહેતા હતા તેમની પાસે ગયો. સવારનો વખત હતો. રૂ ભરેલી રજાઈની બંડી ચડાવીને સાહેબસવારી દીવાનખાનામાં હુક્કો ગગડાવતી બેઠી હતી. હાથના હુક્કાથી તો હું પરિચિત હતો, પણ આવો બાદશાહી હુક્કો જોવાની તક આજ સુધી મળી નહોતી. એની એ પ્યાલી જેવડી ચલમ, જાજમ ઉપર પથરાયેલી સાપનાં ગૂંચળાં જેવી લાંબી નળી, એ રૂપે જડેલ ડોયો, વગેરે ઠાઠ જોઈને હું ચકિત થયો એમાં નવાઈ નહિ. પણ એની બનાવટની શોધમાં ઝાઝું ન રોકાતાં મેં રાવસાહેબ આગળ હાથ લંબાવ્યો. એક તો રાવસાહેબ હુક્કો પીવાના કામમાં રોકાયેલા હતા, તેમાં અધૂરામાં પૂરું એક કારકુન ઑફિસનું કંઈક કામ લઈને આવ્યો. ત્યાં પછી મારી સાથે વાત કરવાની તેમને ફુરસદ જ ક્યાંથી હોય? તેમણે એક બીજા કારકુનને બૂમ મારી મને ચાર આનાના પૈસા આપવા ફરમાવ્યું. આ ચાર આના હોલ્કરશાહી હતા કે અંગ્રેજી તે મને અત્યારે યાદ નથી. રાવસાહેબે કશી પૂછપરછ ન કરતાં ચાર આના ચૂકવી મને વિદાય કર્યો તેનો મને એક રીતે આનંદ જ થયો. કારણ ક્યાંથી આવો છો, ક્યાં જવું છે, પરણ્યા છો કે નહિ, વગેરે અણગમતા સવાલોના જવાબ આપવામાંથી હું બચ્યો!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇન્દોરથી ઉજ્જન જતી ગાડીનું રેલભાડું છ કે સાત આના જેટલું બેસતું. વાગળે સાહેબના ચાર આના અને મારી પાસે જે કંઈ બાકી હતું તે બધું મળીને જેમ તેમ ટિકિટ જેટલો મેળ થઈ ગયો. સાંજની વેળાએ ઉજ્જન પહોંચ્યો. હવે ઊતરવું ક્યાં એ સવાલ હતો. હું જાત્રાળુ હોઈશ એમ માનીને ત્યાંના લોકોએ રામભટ નામના એક ગોરનું ઘર મને ચીંધ્યું. સાંકડી ગલીકૂંચીઓમાં આથડતાં ભટકતાં છેવટ રામભટના ઘરનો પત્તો મેળવ્યો. ભટજી ઘેર નહોતા; પણ મારું પોટકું મૂકવાની કોઈએ ના ન પાડી. શહેરમાં નળની સગવડ નહોતી. તેમાં વળી આ વર્ષે મેઘરાજાની અવકૃપા હોવાથી નદી સુકાઈ ગઈ હતી. અહીં ત્યાં ખાડાખાબોચિયાંમાં પાણી હતું. પણ તે એટલું તો ગંદું થઈ ગયું હતું કે તેમાં એક જાતનાં જંતુ સ્પષ્ટ તરતાં દેખાઈ આવતાં હતાં. નદી પર જઈ હાથપગ ધોયા પણ આ પાણી પીવું કઈ રીતે એ મૂંઝવણમાં પડ્યો. એક બે જણને પૂછ્યું કે, આ પાણી સિવાય પીવા માટે બીજું પાણી મળી શકે એમ હતું કે નહિ. પણ તેમની પાસેથી નકારમાં જ જવાબ મળવાથી નિરુપાયે પંચિયાને છેડેથી ગાળીને એ જ પાણી પીધું! આનું ફળ એ આવ્યું કે આખી રાત ઊંઘ ન આવી અને દસ બાર વખત જાજરૂ જવું પડ્યું.

બીજે દિવસે રામભટજીના ઘરમાં રહેતા એક દ્રાવિડ વિદ્યાર્થીએ મને પૂછ્યું, 'તમારે ભિક્ષાએ આવવું છે?' મેં જવાબ આપ્યો, 'હું આવત પણ મારી તબિયત ઠીક નથી.' આથી તેણે ચાર ઘર વધારે ફરી અમારે બંનેને થાય એટલી ભિક્ષા માગી આણી. પણ તે દિવસ તો મારાથી પૂરું ખવાયું જ નહિ. તેના આગ્રહને લીધે મેં ફક્ત એક બે રોટલી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોળિયો ભાત ખાધાં. બીજી બાજુએ જાજરૂનું મોં જોવાનો પ્રસંગ ઉપરાઉપરી આવવા લાગ્યો. હવે કૉલેરા થઈ અહીં જ અંત આવશે કે શું એમ પણ લાગ્યું.

રામભટના ઘર આગળ એક નાનુંસરખું દવાખાનું હતું. ત્યાં જોગળેકર કરીને કોઈ દાક્તર રહેતા હતા તેમની પાસે ગયો. તેમણે દવા આપી તેથી ઠીક ફાયદો થયો; પણ ચોખ્ખું પાણી ક્યાંય ન મળે. જોગળેકરે શ્રી. કેળકર (માધવ સ્કૂલના એક શિક્ષક)ને મારી વાત કરી. આ ગૃહસ્થ સાંજે મને રસ્તામાં મળ્યા. 'સવારે જોગળેકરને મળેલા તે તમે જ કે?' એમ તેમણે મને પૂછ્યું. મેં 'હા' કહ્યું એટલે તે બોલ્યા, 'રામભટજીને ત્યાં તમને ખૂબ અગવડ પડશે, કાલે તમે મારે ઘેર આવજો.' તેમનું આ નોતરું મેં વધાવી લીધું. શ્રી. કેળકરને ઘેર બધી સગવડ હતી. પીવાનું પાણી એક ચોખ્ખા કૂવામાંનું આવતું. આથી મારી તબિયત એક બે દિવસમાં સુધરવા લાગી. શ્રી. કેળકરે માધવ કૉલેજના કેટલાક પ્રોફેસરો સાથે મારી ઓળખાણ પણ કરાવી. આ બધાએ ઉઘરાણું કરી મને ગ્વાલિયરની ટિકિટ અને વાટખરચી જેટલો જોગ કરી દીધો.

ઉજ્જનથી નીકળ્યો તે રસ્તે ઝાંસીમાં બે દિવસ ગાળ્યા. ઝાંસીને સ્ટેશને એક કરાડો બ્રાહ્મણ ગાડીવાળો મળ્યો. તે પોતાની ગાડીમાં બેસાડીને મને તેને ઘેર લઈ ગયો. તેના ઘરમાં એક વિધવા બાઈ રહેતી હતી. તેને કાંઈ પૈસા આપવાના ઠરાવી તેણે મારી જમવાની ગોઠવણ કરી આપી. ઉજ્જનમાં મને લાગુ પડેલું હાથધોણું અહીં પાછું શરૂ થયું. આ રોગે મને તદ્દન બેજાર કરી મૂક્યો. ઝાંસી શહેર પણ આખું જોવા મળ્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહિ. ઝાંસીથી નીકળી ઘણુંખરું ૧૨મી માર્ચના અરસામાં હું ગ્વાલિયર પહોંચ્યો. ત્યાં દા. લેલેને ઘેર ઊતર્યો. બીજે દિવસે દા. દ્વારકાનાથ શંકર વાગળેને મળવા ગયો. પહેલાં તો તેમણે મારો સત્કાર ન કર્યો. પરંતુ, હું મૂળ સારસ્વત બ્રાહ્મણ છું, એમ જ્યારે તેમણે જાણ્યું ત્યારે પોતાને જ ઘેર આવીને રહેવાનો તેમણે મને આગ્રહ કર્યો. પણ તેમના ઘરમાં જગ્યાની સંકડાશને લીધે અને તેમના ઘરનાં બૈરાં ઉત્તર હિંદુસ્તાનના રિવાજ મુજબ પડદેનશીન હોવાને લીધે, મને ઇલાયદી જગ્યા મળે તો વધારે ઠીક એમ મેં તેમને જણાવ્યું. તેમણે પડોશમાં જ એક ઉમરાવના બંગલાની પાછલી બાજુની ઓરડી મને અપાવી. અહીં મેં છ મહિના ગાળ્યા.

ગ્વાલિયર પહોંચ્યો ત્યારે મારી તબિયત બગડેલી જ હતી. દા. વાગળેએ દવા કરીને એક અઠવાડિયામાં મને સાજો કર્યો. હવે મેં 'મારો વિચાર કાશી જવાનો છે' એમ તેમને જણાવ્યું. તેમણે કહ્યું, 'ઉનાળાના દિવસ છે, તમને ખૂબ ત્રાસ થશે. ઉનાળો પૂરો થાય પછી જજો.' મને તેમનું કહેવું યોગ્ય લાગ્યું. ગ્વાલિયરનો ઉનાળો પણ કંઈ જેવો તેવો નહોતો. બાર વાગ્યા કે ઘર બહાર નીકળવાની વાત ન કરવી! વળી કોઈ કોઈ વાર તો એવો ગરમ પવન ફૂંકાય કે રાત આખી ડિલ બધું લાય લાય થાય અને પળવાર પણ ઊંઘ ન આવે. એક વાર આવી ગરમીને લીધે મને સખત તાવ ભરાયો. બે ત્રણ દિવસ પથારીવશ રહેવું પડ્યું. દા. વાગળેની જ દવાથી તાવ ગયો અને પાછી તબિયત પહેલાં જેવી થઈ.

બીડી પીવાનું વ્યસન એવું તો ચોંટ્યું હતું કે અનેક પ્રયત્નો કર્યા પણ છોડ્યું છૂટે નહિ. હુક્કો તો ગોવામાં હતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે જ છોડ્યો હતો. પણ તેને બદલે બીડી પીવાનું રાખ્યું હતું. ગ્વાલિયરમાં બીડી મળતી તો ખરી પણ દા. વાગળે સિગારેટ પીતા. આસ્તે આસ્તે ધૂમ્રપાનનું વ્યસન ઓછું કરતાં કરતાં રોજની ત્રણ સિગારેટ પીવા સુધી હું આવ્યો. પણ જો આ ત્રણ સિગારેટ ન મળી તો જીવ આકુળવ્યાકુળ થઈ જતો. દા. વાગળે પણ વચ્ચે વચ્ચે આ વ્યસન છોડવા મને શિખામણ આપતા, પણ મારાથી તે કેમે કર્યું છૂટે નહિ. ગરમીના ત્રાસથી જ્યારે મને તાવ આવ્યો ત્યારે મારા મોઢાની રુચિ ઊડી ગઈ અને બીડી કે સિગારેટ કંઈ જ ન જોઈએ એમ થઈ ગયું. વ્યસનમાંથી છૂટવાની આ જ તક સર્વોત્તમ છે, એમ જોઈ મોઢાને રુચિ આવે તોપણ ફરી ધૂમ્રપાન ન જ કરવું એવો મેં નિશ્ચય કર્યો. બીજા અઠવાડિયામાં તો આ નિશ્ચય ડગશે કે શું એમ લાગ્યું. પણ સદ્ભાગ્યે હું ન જ ચળ્યો. છેલ્લાં બાર તેર વર્ષમાં હું બીડી કે સિગારેટને નથી જ અડ્યો એમ તો નહિ કહું; સિલોન અને બ્રહ્મદેશમાં હતો ત્યારે કોઈક પ્રસંગે એકાદ બે સિગારેટ કે ચિરૂટ પીધી હશે, પણ તંબાકુનું વ્યસન જે ગ્વાલિયરમાં છૂટી ગયું તે ફરી પાછું વળગ્યું નથી.

દા. વાગળેને ઘેર જઈ જમવું અને ઓરડીએ જઈને બેસવું એટલું જ જોખમદારીનું કામ ગ્વાલિયરમાં મારા ઉપર હતું! પણ આમ નવરા બેસી રહેવાનો તો મને મૂળથી જ અણગમો. 'કાવ્યસંગ્રહ'માં છાપેલ મોરોપંતનાં કેટલાંય કાવ્યો મેં વાંચ્યાં. દા. વાગળેના ભાણેજને શીખવવા એક ગ્રેજ્યુએટ શિક્ષક આવતા. તે પોતે સંસ્કૃતનો અભ્યાસ કરતા. તેમની પાસેથી 'કિરાતાર્જુનીય'ના કેટલાક શ્લોકો સમજી લઈ મેં મોઢે કર્યા. ગ્વાલિયરની કૉલેજમાં જઈ ત્યાંના શાસ્ત્રીને મને સંસ્કૃત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાખવવા મેં વિનંતી કરી પણ તે તેણે સ્વીકારી નહિ. તથાપિ આ બાબતમાં જાતઉદ્યમથી જે કંઈ બની શકે એમ હતું તે કરવામાં મેં બાકી રાખ્યું નહિ.

હું કાશી જવા વિષે વાત કાઢું ને દા. વાગળે 'જોઈશું' કરીને જવાબ આપે. આમ ઘણા દિવસ ચાલ્યું. છેવટે એક દિવસ તેમણે કહ્યું, "જુઓ, હું તમને મારા નાના ભાઈ જેવા સમજું છું. તમે આમ દેશવિદેશ ભટકતા ફરી નકામું આયુષ્ય ગુમાવો એ મને જરાય પસંદ નથી. તમને મરાઠી સરસ આવડે છે, અને અહીં મારા જેવો કોઈ તમારે માટે પ્રયત્ન કરે તો તમારા જેવાને સારુ પચીસ ત્રીસ રૂપિયાની નોકરી મળવી મુસ્કેલ નથી. વળી તમે હોશિયાર અને પ્રમાણિક જુવાન છો એટલે પાંચ છ વર્ષમાં બસો અઢીસો રૂપિયા સુધી પહોંચ્યા વિના નહિ રહો." કેવળ મરાઠી જાણનારા કેટલાક ગૃહસ્થોની આવી ચડતી થયાના કેટલાક દાખલા પણ આપ્યા.

પણ તેમની વાત સાંભળી એક પ્રકારના વિસ્મય અને કૌતુક લાગવા ઉપરાંત તેની મારા મન ઉપર બીજી કશી જ અસર ન થઈ.

લગભગ છ મહિનાના અનુભવને અંતે દા. વાગળેએ માસિક રૂ. ૨૫ થી ૨૦૦ સુધીની મારી કિંમત કરી એની મને ભારે નવાઈ લાગી! મેં તેમને ચોખ્ખું કહ્યું કે, "મારી જહેમત પૈસા મેળવવા સારુ નહિ પણ આત્મતૃપ્તિને સારુ છે. પૈસો કમાવા ખાતર મેં ગૃહત્યાગ કે દેશત્યાગ કર્યો નથી." પણ તેમને કોઈ રીતે મારી વાત હૈયે બેસે નહિ. તે બોલ્યા, "તમારું ખાનપાન જોતાં તો તમે કાયમના રોગી દેખાઓ છો. અહીં તો માંદેસાજે તમને સંભાળી લેનાર હુંયે છું. પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાશી જેવા ક્ષેત્રમાં તમારી ઊઠવેઠ કોણ કરશે? નોકરી મળે કે ન મળે એટલી જ જો તમારા મનને શંકા હોય તો હું તમને તે મળે ત્યાં સુધી મારા પગારમાંથી દર મહિને ત્રીસ રૂપિયા આપવા સ્ટૅમ્પના કાગળ પર લખી દેવા તૈયાર છું!" તેમની આ ઉદારતાને સારુ મેં તેમનો આભાર માન્યો. મેં કહ્યું: "હું તમારો ઋણી છું. આ છ મહિના થયાં તમે ખરેખર જ મને સગા ભાઈની પેઠે રાખ્યો છે અને અત્યારે પણ એ જ પ્રેમ તમારી પાસે આ બધું કહેવડાવે છે. પણ તમારા નાના ભાઈની જિજ્ઞાસા તૃપ્ત કરવી એ પણ તમારી એક ફરજ નથી શું? સિંધિયા રાજ્યમાં એકાદી કારકુની કરતાં કરતાં જ હું જિંદગી પૂરી કરું ને મરું એ તમને ઠીક લાગે છે? તમે જ્યાં સુધી અહીં બેઠા છો ત્યાં મને કારકુની મળતાં તો કેટલી વાર? પણ આજે સંસ્કૃત શીખવાની મારી ઉત્કટ ઇચ્છા કચડી નાંખી અહીં કારકુની સ્વીકારવામાં મારું શું કલ્યાણ થવાનું? મને મદદ કરવાની જ જો તમારી ઇચ્છા છે તો તે મારા શિક્ષણની બાબતમાં કરો. બીજા કશાને સારુ મને મદદની અપેક્ષા નથી." મારું બોલવું તેમને રુચ્યું નહિ. માલપ કરીને મરાઠા જાતિના એક ગૃહસ્થ તેમના મિત્ર હતા. તેમની મારફત મારું મન ફેરવવાનો પણ તેમણે પ્રયત્ન કરી જોયો. પણ મારો સંકલ્પ કોઈ ફેરવી શકે એમ નહોતું. છેવટે ઘણી નાખુશીપૂર્વક તેમણે મને કાશી જવાની સંમતિ આપી. એટલું જ નહિ પણ હસ્તેપરહસ્તે મારા શિક્ષણની બાબતમાં મદદ કરવા વચન પણ આપ્યું. વળી જો કાશીમાં બરોબર ગોઠવણ ન જ થાય તો મારે પાછા ગ્વાલિયર ચાલ્યા આવવું એમ પણ કહી રાખ્યું.

P.P. Ac. Gunrathasuri M.S. Jun Gun Aaradhak Trust

બી. નારાયણરાવ નામના તાંજોર તરફના એક વિદ્યાર્થી ગ્વાલિયરમાં બી. એલ. (વકીલાત)નો અભ્યાસ કરતા હતા; દા. વાગળેને ઘેર તે વારંવાર આવતા તેથી તેમનો અને મારો ઠીક પરિચય થયો હતો. તે જરા ઉતાવળિયા સ્વભાવના હતા; પણ ખૂબ નિખાલસ દિલના હોઈ ટૂંક મુદતમાં જ અમારી વચ્ચે માયા થઈ હતી. હું કાશી ગયા પછી મારા ખર્ચને માટે દર મહિને ત્રણ રૂપિયા મોકલવાનું વચન આપી પહેલા ત્રણ રૂપિયા તેમણે મને અગાઉથી જ આપ્યા. દા. વાગળેએ ખરચને સારુ વીસ રૂપિયા આપ્યા, અને તેમના મિત્ર શ્રી. માલપે એક રૂપિયો આપ્યો. આ ઉપરાંત દા. વાગળેએ ટાઢથી બચવા સારુ મને એક ખૂબ જાડો કોટ આપ્યો. એ શિયાળા સુધી તે મને ખૂબ કામ આવેલો.

કાશીમાં સંન્યાસીની માફક રહેવું શક્ય નહોતું. કારણ, ગ્વાલિયરના શાસ્ત્રીબુવાએ જેમ મને સંસ્કૃત શીખવવા ના પાડી તેમ કાશીના શાસ્ત્રીઓ પણ કરે એ બીક હતી જ. તેથી બી. નારાયણરાવની સલાહથી મારે પાછું યજ્ઞોપવીત ધારીને બ્રાહ્મણ બનવું એવો ઠરાવ કર્યો. પણ શિખા ક્યાંથી લાવવી? પૂના અને ચોટલી બન્ને એક સાથે જ છોડ્યાં હતાં! અંતે નારાયણરાવે જ આ સવાલનો પણ ઉકેલ કર્યો. મારે માથે ઇંચ દોઢ ઇંચ જેટલા વાળ વધ્યા હતા. જતાં જતાં પ્રયાગ ઊતરી મારે ક્ષૌર કરાવવું અને તે વખતે માથા ઉપર વચ્ચોવચ ચોટલી પૂરતા થોડા વાળ રખાવી લેવા એમ નક્કી થયું. નારાયણરાવે બે ત્રણ જનોઈઓ પણ હું સ્ટેશને જવા નીકળ્યો ત્યારે મને આણી આપી. પોતે મને સ્ટેશને વળાવવા આવેલા. દા. વાગળેએ પોતાનો ટાંગો મને સ્ટેશને મૂકવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોકલ્યો હતો. ઘેરથી નીકળ્યા કે ઘોડો ચમક્યો; બીજો કોઈ હોય તો અપશુકન ગણી પાછો ફરે. પણ હું તો જરાય ગભરાયો નહિ. સારે નસીબે નારાયણરાવ પણ શુકન અપશુકન માનનારા નહોતા. આગળ જતાં તો ઘોડો ખાસો ચાલ્યો અને અમે સુખેથી ગ્વાલિયર સ્ટેશને પહોંચ્યા. બી. નારાયણરાવ અને બીજા એક બે ગૃહસ્થોની રજા લઈ હું ગાડીમાં બેઠો. આ દિવસ (૧૯૦૦) સપ્ટેમ્બર મહિનાની ૧૭મી તારીખનો હતો એમ સ્મરણ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૮

## કાશીયાત્રા

ગ્વાલિયરથી નીકળ્યો તેને બીજે દિવસ પ્રયાગ આવી પહોંચ્યો. ત્યાં દક્ષિણીઓના ગોરને ત્યાં ઊતર્યો. આ ગોરદેવતા સ્વભાવે સારા હતા. તેમણે બધી તીરથજાત્રા સવા રૂપિયામાં કરાવી દેવાનું કબૂલ કર્યું. મુખ્ય વિધિ ક્ષૌર કરાવવાની હતી. બીજે દિવસે હું ગોરદેવની જોડે સંગમ ઉપર ગયો. ગોરદેવે એક વાળંદ શોધી મને હજામત કરાવવા કહ્યું. છ મહિના ગ્વાલિયરમાં ગાળ્યાથી મને સહેજસાજ હિંદુસ્તાની ભાષા બોલતાં આવડ્યું હતું. આવી ભાષામાં મેં પેલાને માથા વચ્ચે આશરે ચાર પાંચ ઇંચ ઘેરાવાની ચોટલી રાખવા વળીવળીને સમજાવ્યું; પણ ચોટલીનું હિંદી ભાષામાં જુદું જ નામ હોવાથી તેને મારા બોલવાનો મર્મ સમજાયો નહિ. તેણે પોતાના સ્વદેશી અસ્ત્રાથી મારા માથાની વચ્ચોવચથી એક બે પટ્ટા પાડ્યા. સદ્‌ભાગ્યે મને તરત જ શંકા આવી તેથી મેં તેને પૂછ્યું. પેલો તો કહે, 'બસ ઠીક હૈ!' પણ તેના આ કૃત્યથી ચોટલી રાખવી લગભગ અશક્ય થઈ પડી. આખરે લગભગ અર્ધો ઇંચ જેટલા ઘેરાવાની અને તે પણ બરોબર મધ્યભાગમાં નહિ એવી ચોટલી રાખી આ કુશળ નાપિતરાજે પોતાનું કામ પૂરું કર્યું! પિંડ દેવાં વગેરે તીર્થકૃત્યોની ભાંજગડમાં હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બિલકુલ પડ્યો જ નહિ. ગોરદેવતાને સવા રૂપિયો મળ્યો એટલે બધું તેમણે પરભાર્યું સંભાળી લીધું.

તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૦૦ને રોજ બપોરની ગાડીમાં પ્રયાગ (અલ્લાહાબાદ)થી નીકળી રાત્રે સાડાદસે કાશી સ્ટેશને પહોંચ્યો. હજુ ઊતરું છું એટલામાં સખારામ ભટ નામના કોઈ એક કોંકણસ્થ બ્રાહ્મણે મને કહ્યું કે, 'આપણે ઘેર ચાલો, હું તમારી બધી સગવડ કરી આપું છું.' એટલામાં એક શ્યામવર્ણ ઠીંગણા સરખા બીજા સખારામ ભટજી ત્યાં આવી લાગ્યા. તેમણે કહ્યું કે, 'તમારા બાપદાદા કાશીયાત્રાએ આવ્યા ત્યારે અમારે ઘેર ઊતર્યા હતા. હવે તમે આ ભામટાને પલ્લે ક્યાં પડો છો?' આ પ્રસ્તાવના બાદ આ બે કાળા ગોરા સખારામો વચ્ચે જે વાગ્યુદ્ધ જામ્યું તે પૂછો જ મા. બંનેને શાંત કરવા મેં પ્રયત્ન કર્યો. મેં કહ્યું: 'લડો છો શું કરવા? અમારા બાપદાદાનો દાખલો જેના ચોપડામાં હોય તેણે તે આણીને દેખાડવો એટલે આવતી કાલે હું તેમને ત્યાં રહેવા જઈશ. હાલ તો આ (ગોરા) સખારામ ભટજી મને પહેલા મળ્યા છે એટલે હું તેમને ત્યાં જ જવાનો.' આટલી વાત થયા પછી હું (ગોરા) સખારામ ભટજીની સાથે સ્ટેશનની બહાર નીકળ્યો. પેલા શ્યામસુંદર ગોરદેવતા હવે મોટેથી બરાડા પાડી તાડૂક્યા, 'જા, જા, એની જોડે જ જા. એ ભામટો તારી પાસે જે કંઈ હશે તે તમામ ખૂંચવી લઈ તારું ખૂન કરશે એ ધ્યાનમાં રાખજે!' મેં કહ્યું, 'મારી પાસે ખૂંચવી લે એવું કશું છે નહિ, અને મારું ખૂન થાય એનો તો મને જરાયે ડર નથી.'

તે રાત્રે સ્ટેશન આગળ જ એક નાનીશી ઓરડીમાં હું તથા સખારામ ગોર સૂતા. બીજા પણ બે ત્રણ જણ ત્યાં હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ મારા મનમાં ખૂનની લગીરે આશંકા આવી નહિ. મને ગાઢ નિદ્રા આવી ગઈ.

બીજે દિવસે પરોઢિયે સખારામ ગોરે મને ઉઠાડ્યો; અને અમે બંને એક એકા (ઘોડાના ટાંગા)માં બેસી તેને ઘેર ગયા. ગોરદેવતાએ ઘરમાં એક 'અંગવસ્ત્ર' રાખ્યું હતું! બાઈ ઘણે-ભાગે શૂદ્ર જાતિની હતી. આ બાઈ અને તેનાં બે ત્રણ છોકરાં એ બધાંની સંભાળ ગોરદેવતાને જ કરવી પડતી. એટલે કે તેમને રસોઈ સિદ્ધ કરી જમાડવાં પણ ગોરને જ પડતાં. બાઈએ બારણું ઉઘાડ્યું એટલે ગોરે મેડી ઉપરની એક ઓરડી મને ઊતરવા આપી.

હાથપગ ધોઈ પરવાર્યો એટલામાં ગોરમહારાજની સવારી યાદી કરીને લાવી. તેમણે પંચક્રોશીની જાત્રાથી માંડીને છેક ચાર પાંચ રૂપિયામાં આટોપી લેવાય એવા શ્રાદ્ધ સુધીની બધી જાત્રાઓની ફેહરિસ્ત મને સંભળાવી. મેં કહ્યું: 'આ બધાની ઉતાવળ નથી. હું તો અહીં ખાસાં વરસ બે વરસ રહેવાને ઇરાદે આવેલ છું. એટલે સગવડ મુજબ ગમે ત્યારે આ બધું થઈ શકશે. અત્યારે તો મારે એક ગુરુ શોધી તેમની પાસે વિદ્યાભ્યાસની શરૂઆત કરવી છે, અને જમવાની શી સગવડ થઈ શકે તેમ છે એ જોવાનું છે.' મારી પાસેથી કશું ખાટવાની આશા નથી એમ ગોરદેવતાને ખાતરી થતાં જ તેમણે કહ્યું, 'તમે શેણવી છો એટલે અહીંના શેણવીમઠમાં તમને આશ્રય મળવો જોઈએ.' કાશીમાં સારસ્વતના ત્રણ મઠ છે. પણ દુર્ગાઘાટ ઉપરના મઠની જ ગોરમહારાજને માહિતી હોવાથી તેમણે મને તે જ મઠમાં જવા કહ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જમ્યા પછી હું ત્યાં જવા નીકળ્યો. વરસાદ ઝીણો ઝીણો વરસતો હતો. દુર્ગાઘાટ પૂછતો પૂછતો જતો હતો ત્યાં એક અન્નછત્રમાં જમનારો બ્રાહ્મણ મળ્યો. તેણે કહ્યું 'હું ત્યાં જ જાઉં છું, તમે મારી સાથે ચાલો.' તે મને સાંકડી ગલીમાં થઈને (કાશીમાં આવી ગલીઓ બહુ છે) લઈ જવા લાગ્યો. મારા મનમાં ઘડી વાર શંકા થઈ આવી કે આ માણસ મને લૂંટી લેવા ક્યાંક અગોચર જગ્યાએ તો નહિ લઈ જતો હોય! ક્યાંક ક્યાંક તો તદ્દન અંધારું આવતું, કેમ જાણે અમે એકાદ ખાણમાં થઈને ચાલતા હોઈએ! મારી પાસે આના બે આનાથી વધુ મતા નહોતી. બાકી બધું સખારામ ગોરને ઘેર પાકીટમાં હતું. આ વાત યાદ આવતાં 'ડર તો પીછે રહા' એ કહેવત મુજબ મારો ભય જતો રહ્યો. આ અન્ન-છત્રવાસી બ્રાહ્મણ મને ગમે ત્યાં લઈ જાય તોપણ મારી પાસેથી તેને કશુંયે મળે એમ નથી, એમ ધારી મૂંગો મૂંગો હું તેની પાછળ ચાલ્યો. છેવટે દુર્ગાઘાટ નજીક આવતાં મને શેણવીઓનો મઠ ચીંધી પેલો બીજી તરફ ગયો.

શેણવીના મઠમાં આ વખતે શ્રી. ગોવિંદરાવ પાલેકર નામના એક વયોવૃદ્ધ ગૃહસ્થ રહેતા હતા. તેમના દીકરા શ્રી. વામન ગોવિંદ પાલેકર (બેલગામના એક પ્રખ્યાત વકીલ)નું નામ મેં સાંભળ્યું હતું. શ્રી. વામનરાવ ગુજરી જવાથી કંઈ ઘરકામ સારુ ગોવિંદરાવને કાશીની કોરટમાં જવું પડ્યું. ચાલતા જવું અશક્ય હતું તેથી ડોળીમાં બેસી કોરટમાં ગયા. પણ પાછા આવતી વખતે રસ્તે વરસાદ પડ્યો અને પરિણામે ઘેર આવી માંદા પડ્યા. તેમને અતિસારનો રોગ લાગુ પડ્યો. હું જ્યારે મઠમાં ગયો ત્યારે તે ખૂબ માંદા હતા. છતાં મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાથે તેમણે ઘણા પ્રેમથી વાત કરી. પોતાની જ ઓરડીમાં રહેવા તેમણે મને આગ્રહ કર્યો. અત્યંત સાંકડી ગલીઓમાંથી બહાર આવ્યાથી મને એક રીતે નિરાંત વળી. શેણવીઓનો મઠ છેક ગંગાકાંઠે હોવાથી શ્રી. ગોવિંદરાવની ઓરડીમાંથી ગંગાનો પટ તથા આસપાસનો રમણીય પ્રદેશ સાફ દેખાતો. આ દેખાવથી તેમ જ ગોવિંદરાવના ઉત્તેજનકારક શબ્દોથી મારું ચિત્ત પ્રફુલ્લિત થયું એમાં નવાઈ નથી.

તે જ દિવસ સાંજે સખારામ ગોરને ઘેરથી હું મારો સામાન આ મઠમાં લઈ આવ્યો. કાશીબાઈ નામની કોચીન તરફની એક વિધવા ડોશી આ જ મઠમાં રહેતી. તે શ્રી. ગોવિંદરાવને રસોઈ કરી આપતી. બીજે દિવસે ગોવિંદરાવે પોતાની પાસેનું સીધુંસામાન આપી મારી જમવાની ગોઠવણ કરાવી. પોતે માંદા હોવાથી લાંઘણ કરી. મારી અડધા ઇંચ ઘેરાવાની અને એક ઇંચ લંબાઈની ચોટલી જોઈને કાશીબાઈને ભારે નવાઈ લાગી! મને લાગે છે કે આ બાબત ગોવિંદરાવ પાસે તેણે ફરિયાદ પણ કરી હોવી જોઈએ. પણ ગોવિંદરાવને આજકાલના સુધારકોના ઢંગ માલૂમ હોવાથી તેમણે બાઈનું સમાધાન કર્યું હશે. 'જુવાન છે, દેખાદેખીથી ચોટલી કપાવી નાંખી રાખ્યા હશે વાળ! એમાં શું થઈ ગયું? એટલાથી તે કાંઈ અબ્રાહ્મણ નથી થઈ જતો. આજકાલ ક્યાં થોડા લોકો વાળ રાખે છે? તે બેલગામ તરફના કેટલાક સારસ્વતનાં નામ-ઠામ કહે છે, એટલે સારસ્વત જ હશે,' આવી રીતે બાઈને શાંત કરવા તેમણે પ્રયત્ન કર્યો હશે. પણ તેથી કાંઈ બાઈનું સમાધાન થયું નહિ. તે મારી પત્રાવળી દૂર જ માંડે અને મને પોતાનાં વાસણને અડકવા પણ ન દે. સદ્દભાગ્યે મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જનોઈ વિષે તેના મનમાં શંકા ન આવી, કારણ, તે તદ્દન નવી હતી.

શેણવીમઠ નજીક જ પાણીનો નળ હતો. પણ નળનું પાણી પીવું એ બધો ખોળાવાડો ગણાતો હોવાથી ગોવિંદરાવને ઘેર ગંગાનું જ પાણી પિવાતું. આ ગંગાજળે પહેલે જ દિવસ મને પરચો દેખાડ્યો. આખી રાત ઊંઘ ન આવી અને પાંચ દસ વખત શૌચ જવું પડ્યું. બીજે દિવસથી ગંગા ઉપરથી નાહીને આવતાં લોટો ખાલી લઈ આવું, અને નળની નજીક આવતાં આસપાસ નજર ફેરવી, કોઈ બ્રાહ્મણ જોવામાં ન આવે કે ઝટ લોટો ભરી લઉં એવો ક્રમ મેં રાખ્યો. હું નળનું પાણી પીઉં છું, એવી બાઈને ખબર પડી તો મારું જમવાનું ટળી જવાનું એવી પાકી દહેશત મને હતી. આથી આ વાતની તેને ખબર ન પડે એની મારે ખાસ સંભાળ રાખવી પડતી.

ગોવિંદરાવની સલાહથી કાશીમાં સ્થિર થવાનું કેવી રીતે ગોઠવવું એ મેં ઠરાવ્યું. અન્નછત્રમાંથી ભોજન તો મળે એમ હતું પણ તે સારુ ગ્વાલિયરના કોઈ મોટા અમલદારની ચિઠ્ઠી મેળવવી જોઈએ એમ તેમણે કહ્યું. વેદશાસ્ત્રસંપન્ન ગંગાધરશાસ્ત્રી તેલંગની પાસે સંસ્કૃતનું અધ્યયન કરવું એમ પણ તેમણે સૂચવ્યું. તેમની આ સલાહ મુજબ હું કાશીમાં કેવી રીતે રહ્યો એ આ પ્રકરણમાં કહેવા બેસતાં બહુ લંબાણ થાય, તેથી આ પ્રકરણ અહીંયાં જ પૂરું કરું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૯

# કાશીવાસ

કાશીમાં નાનાંમોટાં અનેક અન્નછત્રો છે, પણ તેમાં મુક્તદ્વાર એવાં તો બે જ છે. એક મદ્રાસ તરફના કોઈ વેપારીએ સ્થાપેલું અને બીજું શ્રીમંત મહારાજ જયાજીરાવ સિંધિયાનું સ્થાપેલું. શ્રી. જયાજીરાવ કાશીયાત્રાએ આવ્યા તે વખતે કાશીમાં વસતા દરેક બચરવાળ બ્રાહ્મણને સો સો રૂપિયા દક્ષિણા આપવી એવો વિચાર કર્યો. પણ કાશીના પંડિતોને આ રુચ્યું નહિ. એકાદ દસગ્રંથી વૈદિકને કે ષડ્શાસ્ત્ર-સંપન્ન પંડિતને તેમ જ એક સાવ અભણ બ્રાહ્મણને સરખી જ દક્ષિણા મળે, એ કાશીવાસી પંડિતગણને પસંદ નહોતું. પરિણામે સિંધિયા સરકાર ત્રાસીને બોલ્યા, 'જો આ વાત સહુને પસંદ ન હોય તો દક્ષિણા માટે જુદા કાઢેલા આ છ લાખ રૂપિયા ગંગાજીમાં પધરાવું છું!' અંતે કેટલાક પીઢ ગૃહસ્થો વચમાં પડ્યા અને સિંધિયા સરકારને એવી સલાહ આપી કે એ રૂપિયા ગંગાજીમાં પધરાવવા કરતાં એ જ રકમમાંથી કાશીમાં એક અન્નછત્ર સ્થાપવું. આ વાત કબૂલ કરવામાં આવી અને સિંધિયા સરકારે પેશ્વાઓનું બાંધેલું બાલાજીનું મંદિર અંગ્રેજ સરકારના તાબામાંથી છોડવી લીધું


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ત્યાં એક અન્નછત્ર શરૂ કર્યું. હાલ એ 'બાલાજીનું અન્નછત્ર' કહેવાય છે.*

બાલાજીના અન્નછત્રમાં સારસ્વતોને દાખલ કરે છે ખરા, પણ તે માટે ઉપરી અમલદારની મંજૂરી મેળવવી પડે છે. અને મંજૂરી મળ્યા પછી પણ સારસ્વતોને બીજી પંગતમાં જમવા બેસવું પડે છે.

બીજો કોઈ રસ્તો ન હોવાથી આ જ અન્નછત્રનો મારે આશ્રય શોધવો રહ્યો હતો. આથી શ્રી. ગોવિંદરાવ પાલ્સેકરે મને ગ્વાલિયરથી અહીંના અમલદાર ઉપર ચિઠ્ઠી મેળવી આ છત્રમાં જ જમવાની ગોઠવણ કરી લેવા કહ્યું. મેં દા. વાગળેને આ બાબત લખ્યું. પણ તેમણે પોતે કશું લખવાને બદલે શ્રી. માલપ પાસે કાગળ લખાવ્યો. માલપનું કહેવું એમ હતું કે બાલાજીના અન્નછત્રમાં જવાની જરૂર નથી. દા. વાગળે, રાવરાજા રઘુનાથરાવ રાજવાડેને વાત કરીને, તેમના અન્નછત્રમાં મારી સગવડ કરવાના છે. રાવરાજા રઘુનાથરાવના પિતા દિનકરરાવે બ્રહ્મઘાટ ઉપર કોઈ એક જગ્યાએ પંદર બ્રાહ્મણોનું એક અન્નછત્ર રાખેલું છે. ત્યાં મારી ગોઠવણ થઈ હોત તો અનેક કષ્ટોમાંથી હું બચી જાત. પણ દા. વાગળેનો સ્વભાવ ભારે શરમાળ. તેમણે રાવરાજાને કહ્યું તો નહિ જ, પણ એક ચિઠ્ઠીથી બાલાજીના અન્નછત્રમાં મારી જે સહેજે ગોઠવણ થઈ શકી હોત તેટલું પણ તેમણે કર્યું નહિ. આ તરફ હું નાહક તેમના કાગળની રાહ જોતો રહ્યો.

---

* આજે આ અન્નછત્રમાં પહેલાંની જેમ તમામ બ્રાહ્મણોને ભોજન મળતું નથી. પરંતુ ફક્ત મર્યાદિત પ્રમાણમાં ભિક્ષા અપાય છે. ભા. ક.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યાભ્યાસની સગવડ તો તાબડતોબ થાય એમ હતું. કાશીમાં હરકોઈ પંડિત પાસે જાઓ, તે કશું લીધા વગર તમને શીખવશે. પણ 'થડને જ વળગવું' એ વચન પ્રમાણે સુપ્રસિદ્ધ પંડિત વેદશાસ્ત્રસંપન્ન ગંગાધર શાસ્ત્રી કને જ અધ્યયન કરવાનો મેં નિશ્ચય કર્યો. ગોવિંદરાવને પણ આ વાત ગમી.

એક દિવસ બપોરે હું ગંગાધર શાસ્ત્રીનું ઘર શોધવા નીકળ્યો. ફરતાં ફરતાં તેમના ઘર આગળ પહોંચ્યો. જમખંડીના કોઈ ઉમરાવ કુટુંબના બાબાસાહેબ નામે જાણીતા એક ગૃહસ્થ કાશીમાં લગભગ એક તપ (દ્વાદશ વર્ષ) થયાં રહેતા હતા. તેઓ ગંગાધર શાસ્ત્રી પાસે શાસ્ત્રાધ્યયન કરતા. તે દિવસ મીમાંસાશાસ્ત્રનો પાઠ સાંભળીને શાસ્ત્રીજીને ઘેરથી પાધરા જ તેઓ પોતાને ઘેર જવા નીકળ્યા હતા. વાટમાં મારો એમની જોડે ભેટો થયો. 'ગંગાધર શાસ્ત્રીનું ઘર આ તરફ આવ્યું?' એવો મેં તેમને પ્રશ્ન કર્યો. તેમણે જવાબ વાળ્યો.

'તમારે તેમના ઘરનું શું પ્રયોજન?'

'મારે સંસ્કૃત ભાષાનું અધ્યયન કરવું છે.'

'તમારો કેટલો અભ્યાસ થયો છે?'

'મને 'રઘુ'ના એક બે સર્ગ આવડે છે, એથી વિશેષ કશું નથી આવડતું. હવે 'કૌમુદી' શરૂ કરવી છે.'

આ સાંભળીને બાબાસાહેબ વિસ્મિત થઈ બોલ્યા, 'આ ઉંમરે તમે શાસ્ત્ર ભણીને શું કરશો? મને લાગે છે કે તમારી ઉંમર લગભગ પચીસ વર્ષની હશે. આજ તમે 'કૌમુદી' શરૂ કરશો! તે તમને કે'દહાડે ખપ આવશે? એના કરતાં તમે રેલવેમાં કે બીજે કોઈ ઠેકાણે નોકરી કરશો તો તમને વધારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપયોગી થશે. આ અભ્યાસના છંદમાં નાહકના ન પડો. મને એનો અનુભવ છે, તેથી જ હું તમને સલાહ આપું છું. સાધારણ રીતે એકાદ શાસ્ત્રનું જ્ઞાન મેળવતાં કેટલાં વર્ષ લાગે એની પણ તમને ખબર છે કે?'

'કેટલાંક લાગશે વારુ?'

'ભલા ભાઈ! કેવળ એક શાસ્ત્રનો અભ્યાસ કરવાને પણ બાર વર્ષ જોઈએ, બાર વર્ષ! બાર વર્ષ તમે અહીં ગાળવા તૈયાર છો?'

'ભાઈસાહેબ! બાર વર્ષ એ તો કાંઈ બહુ ન કહેવાય. વીસ પચીસ વર્ષ ગાળવાં પડે તોપણ હરકત નહિ, પણ સંસ્કૃત ભાષાનું જ્ઞાન તો મેળવવું જ મેળવવું એવો મારો સંકલ્પ છે.'

બાબાસાહેબનું આશ્ચર્ય બમણું વધ્યું. તેમણે કહ્યું, 'શી વાત કરો છો! વીસ વર્ષ? અરે, વીસ વર્ષ વીત્યા પછી તમને તમારો અભ્યાસ શો ખપ આવશે?'

મેં હસતાં હસતાં કહ્યું, 'જુઓ, તમે હિંદુ છો એટલે તમે પુનર્જન્મને તો માનતા જ હશો. કેમ? તમે પુનર્જન્મ માનો છો કે નહિ?'

'વાહ, પુનર્જન્મ કેમ ન માનું? એમાં તે વળી શંકા હોય? પણ અહીં તેનો શો સંબંધ?'

'હું જે આટલી મહેનત કરવા માગું છું તે આ જન્મમાં તેનું ફળ મળે એટલા સારુ નથી. આ મહેનતનું ફળ મને બીજા જન્મમાં મળશે. બીજા જન્મમાં શાસ્ત્રાભ્યાસ સરસ થઈ શકશે. કેમ તમને આમ નથી લાગતું?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાબાસાહેબ છેક દંગ થઈ ગયા! તેમણે કહ્યું, 'આવડી તમારી શ્રદ્ધા છે તો જાઓ, પ્રયત્ન કરો. આ સામે દેખાય છે તે જ ગંગાધર શાસ્ત્રીનું ઘર.'

આમ કહી તે ચાલ્યા ગયા.

કેટલાંક ઘર મૂકી આગળ જતાં એક બારી આગળ (કાશીમાં ઘરની બારીઓ પૂનાનાં અસલી ઘરોની જેમ જમીન બરોબર હોય છે.) તકિયાને અઢેલીને બેઠેલા એક ગૃહસ્થને મેં જોયા. તેમની જનોઈ જોતાં તે બ્રાહ્મણ હતા એવું અનુમાન સહેજે થઈ શક્યું. પણ તેમનો ઠીંગણો બાંધો અને કાળો ચહેરો જોઈને તે તેલંગણ તરફના હોય એમ લાગ્યું. વળી એક બાજુ તેમનું મેલું શાહપુરી પંચિયું અને બીજી બાજુએ તેમનું તકિયાને અઢેલીને બેસવું, એ બે વાતનો પણ મારા મનમાં મેળ મળે નહિ. આ ભટજી ગરીબ ભિક્ષુક હોય તો આમ તકિયાને અઢેલીને કેમ બેસે? કોઈ શ્રીમંત હોય તો આવું મેલું પંચિયું કેમ પહેરે? ગમે તે હો, પણ એમને ગંગાધર શાસ્ત્રીનું ઘર પૂછવામાં શો વાંધો? મરાઠી આવડતું હશે તો જવાબ આપશે, નહિ આવડતું હોય તો બીજે ઘેર પૂછીશ. આવો વિચાર કરી મેં કહ્યું: 'આટલામાં ક્યાંક ગંગાધર શાસ્ત્રી તેલંગ રહે છે ને?'

'તમારે તેમનું શું કામ છે?'

'મારે તેમને મળવું છે.'

'ત્યારે અંદર આવો', એમ તે બોલ્યા.

અંદર જઈને જોઉં છું તો સફેદ પળિયાં આવેલા કેટલાક શિષ્યો પોતપોતાની પોથીઓ છોડીને તેમની સામે બેઠા હતા!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પોતે જ ગંગાધર શાસ્ત્રી, એમ લગભગ મારી ખાતરી થઈ. તેમને પ્રણામ કરી હું એક કોરે જઈ બેઠો.

તેમણે કહ્યું, 'તમારે શું કામ છે?'

'મારે શાસ્ત્રાભ્યાસ કરવો છે તેથી આપની પાસે આવ્યો છું.'

'પણ તમારે કયું શાસ્ત્ર શીખવું છે? ન્યાય કે વ્યાકરણ?'

'ખાસ તો મારે ન્યાયશાસ્ત્ર શીખવું છે. પણ પહેલાં વ્યાકરણ પણ હું શીખવા ઇચ્છું છું.'

'તમારે ન્યાય શીખવો હોય તો હું એક સરસ પંડિત જોડે તમને મેળવી આપું. હું પોતે વૈયાકરણી હોવાથી મને ન્યાયશાસ્ત્રનું જોઈએ તેવું જ્ઞાન નથી.'

'આપને જેટલું આવડતું હશે તેટલું મારે માટે બહુ છે. કારણ હું તો સંસ્કૃત રૂપાવલી શીખનારો વિદ્યાર્થી છું.'

'તમે ફરી એક વાર મને મળજો એટલે તમારા અભ્યાસનો વિચાર કરીશું. હાલ તો તમારા ખાવાપીવાની ગોઠવણ પાછળ લાગો.'

આટલું કહી તેમણે મને રજા આપી. આ જ વખતે તેમના મોટા પુત્ર ઢુંઢિરાજ શાસ્ત્રીની ઓળખાણ થઈ.

હવે જમવાની ગોઠવણ શી શોધવી એની ફિકરમાં હું પડ્યો. દા. વાગળેને ફરી એક વાર કાગળ લખ્યો અને જવાબની રાહ જોતો બેઠો. એટલામાં ગોવિંદરાવ પાલેકરનો મંદવાડ વધી ગયો. તેમની ઇચ્છાથી તેમના પૌત્રને તાર કર્યો. ત્રણ ચાર દિવસમાં તેમના પૌત્ર, પરાડકર કરીને એક મિત્ર વિદ્યાર્થીને સાથે લઈ કાશી આવ્યા. તેમના આવ્યા પછી બીજે કે ત્રીજે દિવસે ગોવિંદરાવે દેહ છોડ્યો! તે પ્રસંગે મારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્મશાન જવું પડ્યું. વળી કવખતનું ખાવું, નદીએ નાહવું વગેરે કારણોથી મને સખત તાવ ભરાયો. છેવટે શ્રી. પરાડકર મારફત એક ડોળી ભાડે કરાવીને હું કાશીની ઇસ્પિતાલમાં જઈને પડ્યો.

આ પ્રાંતની ઇસ્પિતાલો પણ જોવા જેવી હોય છે. મારી પથારીમાં કેટલાય ખાડાટેકરા હતા. પડખેના ખાટલામાં એક પરમિયાથી પીડાતો યુવાન અર્ધનગ્ન સ્થિતિમાં વલવલતો હતો. આ બધો દેખાવ જોઈને મને ઇસ્પિતાલનો ઊબકો આવ્યો. પણ કરું કેમ? ચાર દિવસ અહીં જ પડ્યા રહ્યા વિના છૂટકો નહોતો. દુઃખમાં સુખ એટલું જ હતું કે ધુંડિરાજ શાસ્ત્રી અને પરાડકર દિવસમાં એકાદ વખત આવી મારી ખબર લઈ જતા. રોગીઓની ખાવાની વ્યવસ્થાનું તો પૂછો જ મા. સાબુદાણાની કાંજી અને તેમાં સાકરને બદલે ગોળ. અને તે પણ એક વાટકીથી વધુ કોઈને ભાગ ન આવે. દાળભાત મળતાં. પણ ચોખા ભૂંડાભૂખ હોવાને લીધે ભાત સારો ન થતો. પૂનાની સાસૂન ઇસ્પિતાલમાં રોગીઓની વ્યવસ્થા એક વાર મેં જોઈ હતી. તેમાં અને કાશીની ઇસ્પિતાલની વ્યવસ્થામાં આસમાનજમીન જેટલો ફેર હતો. અંતે ચાર દિવસ આ ઇસ્પિતાલનો અનુભવ લઈ ત્યાંના દાક્તરની રજા મેળવી હું પાછો દુર્ગાઘાટ ઉપરના શેણવીમઠમાં આવ્યો.

ગોવિંદરાવ પાલેકરના પૌત્ર, પરાડકર વગેરેને મારા આવવાથી આનંદ થયો. આ વખતે આ મઠની વ્યવસ્થા કોઈ ચિદંબર ગોડબોલે નામના કોકણસ્થ બ્રાહ્મણના હાથમાં હતી. ગોવિંદરાવના જીવતાં તો આ ચિદંબર ગોવિંદરાવને પડછાયે પણ ઊભો ન રહેતો. ગોવિંદરાવ મને કહેતા કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'સંભાળજે હોં, ચિદંબર પાકો ગઠિયો છે, તે તારો સરસામાન સિફ્ફે ચોરી જશે.' પણ ગોવિંદરાવના મરણ પછી ચિદંબરે એક લાંબી યાદી તૈયાર કરીને તેમની પાસે સો બસો રૂપિયા લેણા કાઢ્યા! અને બીજા એક પશુપતિશાસ્ત્રી કરીને ત્યાં હતા તેમની મારફત તેમના પૌત્ર ઉપર આ નાણાંનો તગાદો માંડ્યો. હું ઇસ્પિતાલમાંથી પાછો આવ્યો તેને બીજે જ દિવસે ચિદંબર તરફથી પશુપતિશાસ્ત્રી ફરી વેળા આ સંબંધી વાત કરી રહ્યા હતા. ગોવિંદરાવના પૌત્રે મને બધી હકીકત સમજાવી. આ ઉપરથી મેં ચિદંબરને કહ્યું: 'કેમ ભાઈ, ગોવિંદરાવ પાસે તમારી આવડી રકમ લેણી કાઢો છો પણ તેમના જીવતાં તો કોઈ દિવસ તેમને મોઢે તમને આ વાત કરતાં મેં સાંભળ્યા નથી. એટલું જ નહિ, પણ તમે તેમને કોઈ વાર કોઈ દિવસ મળવાનો પણ પ્રયત્ન કર્યો નથી.' ચિદંબર મનમાં ને મનમાં ચમક્યો, અને 'ત્યારે અમે ખોટી યાદી બનાવી આણી એમ? હેં એમ? હેં?' એમ બડબડતો બડબડતો પોતાનું દફતર વીંટી ચાલતો થયો. ફરી કોઈ વાર તેણે ગોવિન્દરાવના પૌત્ર પાસે આ વાત કાઢી નહિ. માત્ર મારા ઉપર તે બળી ઊઠ્યો.

ગોવિંદરાવની બધી ઉત્તરક્રિયા પૂરી કરી તેમના પૌત્ર (શ્રીયુત મોરેશ્વર વામન પાલેકર) અને પરાડકર પાછા પોતાને ગામ રવાના થયા. આ તરફ મારી જમવાની સગવડ હજુ ક્યાંયે થઈ નહિ. દા. વાગળેના કાગળની વાટ જોયાં કરવામાં હવે કાંઈ સાર નથી એમ મારા મનની ખાતરી થઈ. અંતે એક દિવસ હું બાલાજીના છત્રના અધિકારીને જઈ મળ્યો. 'હું સારસ્વત એટલે શેણવી છું. તોપણ વિદ્યાર્થી હોવાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારા અન્નછત્રમાં મને જમવાનું મળે તો મારો અભ્યાસ સરખી રીતે ચાલી શકે,' એમ મેં તેમને કહ્યું. તે બોલ્યા 'તમારું નામ શું?' મેં મારું નામ જણાવ્યું. એટલે તે ફરી બોલ્યા, 'અરે, આજ દસ બાર દિવસ થયાં તમારી જ વાટ જોઉં છું. ગ્વાલિયરથી તમારા વિષે મારા ઉપર લખાઈને આવ્યું છે. પણ તમારા ઠેકાણાની મને ખબર ન હોવાથી હું તમને ક્યાં શોધું? સારું થયું જે આવ્યા. હવે તમે કાલે બપોરે છત્રમાં આવજો, ત્યાંના વ્યવસ્થાપકને તમારે માટે કહી મૂકીશ. માત્ર તમે શેણવી છો એટલે તમારે પાછલી પંગતમાં બેસવું પડશે. આ બાબતમાં હું લાચાર છું. શેણવી વગેરે જાતના લોકોને પાછલી પંગતે બેસાડવાનો અમારે ત્યાં શિરસ્તો છે.'

બીજે દિવસે આ અધિકારીએ મારી બધી વ્યવસ્થા કરી દીધી. ત્યારથી બાલાજીના છત્રમાં બીજી વારની પંગતમાં મને જમવાનું મળવા લાગ્યું. પણ ગ્વાલિયરથી કાગળ મોકલનાર કોણ હશે તેની અટકળ હું કરી શક્યો નહિ. છેવટે શ્રીયુત માલપના એક કાગળ ઉપરથી બધી ખબર પડી. શ્રી. માલપ હાલ ગ્વાલિયરના મહારાજાના સાળા સરદાર શિતોળેને ત્યાં રહેતા હતા. તેમણે મારી મુશ્કેલી જાણીને સરદાર શિતોળેના કારભારી મારફત એક ચિઠ્ઠી ઉપર કહેલા છત્રના અધિકારી ઉપર મોકલી હતી અને તેને જ પરિણામે છત્રાધિકારીએ મારું આવડું સન્માન કર્યું. સરદાર શિતોળેનો કારભારી એટલે કાંઈ બહુ મોટું માણસ તો નહિ જ. તેનો પગાર મહિને માત્ર ત્રીસ કે ચાળીસ રૂપિયા હતો. પણ છત્રાધિકારીની દૃષ્ટિએ એમની પદવી બહુ ભારે હતી. અસ્તુ. આમ અંતે જમવાની વ્યવસ્થા થઈ ગઈ તેથી મને એક રીતે નિરાંત વળી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ છત્રમાં પાછલી પંગતે જમનાર પાંચ સાતેક જણ હતા. અને છત્રાધિકારી પહેલી પંગતમાં આટલાને જમાડવાની સોઈ સહેજે કરી શકત. પણ તેમ કરે તો દક્ષિણી બ્રાહ્મણોનું અપમાન થાય એ બીકે દક્ષિણી બ્રાહ્મણ સિવાય બીજા કોઈને પહેલી પંગતમાં બેસવા દેવામાં આવતા નહિ. જે દિવસે બ્રાહ્મણોની સંખ્યા વધી ગઈ હોય તે દિવસે અમારી દાળ ગંગાજળરૂપ થઈ જતી. જાણે તેના ઉપર થઈને ગંગાજીનો પ્રવાહ વહી ગયો હોય! શાક તો ઘણુંખરું પાછલી ઘાલમાં હોય જ શાનું? પણ શાકને બદલે કોઈ કોઈ વાર પીઠલું* મળતું. કાશીમાં જે ચોખાનું કોઈ ઘરાક ન થાય તે અમારા અન્નછત્રમાં આવતા હશે! ફક્ત રોટલી અમારે ત્યાં સારી બનતી. અને તે જોઈએ તેટલી માગો. પીરસનાર કદી ના કહેતો નહિ. ઘી ફક્ત એક જ પાવળુ મળતું. વચમાં વચમાં કોઈ વાર છાશની કઢી મળતી. અમારી પાછલી પંગત કોઈ વાર બાર વાગ્યે તો કોઈ વાર ચાર વાગ્યે એમ બેસતી! પહેલી પંગતના બ્રાહ્મણો ધાર્યા પ્રમાણે જ થયા હોય અને રસોઈ વધી હોય તો બાર એક વાગ્યે જમવા મળતું. પણ જો કદી બ્રાહ્મણો મોટી સંખ્યામાં આવી ચડ્યા તો પછી ફરી પાછાં ભાત અને રોટલી થાય ત્યાં સુધી એટલે ખાસા ત્રણ કલાક અમારે તપ કરવું પડતું. હું કૌમુદી, ભગવદ્‌ગીતા કે એવું જ એકાદ પુસ્તક સાથે લઈને જતો અને પત્રાવળીમાં ભાત પડે ત્યાં સુધી વાંચ્યા કરતો.

---

* દક્ષિણીઓમાં ચણાના લોટને પાણીમાં સીઝવી મીઠું, મરચું, વઘાર કરીને કરવામાં આવતી એક જાતની જાડી કઢી.

P.P. Ac. Gunratnasuri M.S.	Jun Gun Aaradhak Trust

મને કાશી આવ્યે બે ત્રણ મહિના નહિ થયા હોય તેટલામાં નીલકંઠ ભટ ગાયતોંડે નામના એક વિદ્યાર્થી કાશીમાં આવ્યા. કવળે મઠના આશ્રય હેઠળ તેમનું વેદાધ્યયન થયું હતું. પણ શાસ્ત્રાભ્યાસ કરવાની ઉત્કટ ઇચ્છા હોવાથી તે કાશી આવ્યા. પહેલાં તો તે અહલ્યાબાઈના અન્નછત્રમાં જમતા, પણ બ્રહ્મઘાટથી આ છત્ર ખૂબ આઘું પડતું હોવાથી તે પણ મારી સાથે બાલાજીના છત્રમાં આવવા લાગ્યા. અમને પાછલી પંગતે જમાડી છત્રના વ્યવસ્થાપક અમારું જાણી જોઈને અપમાન કરે છે, એ વાતની તેમને ખૂબ ચીડ ચડતી. ગ્વાલિયરના મહારાજાને અરજી કરી આ વ્યવસ્થાપકની ખો ભુલાવી દેવી જોઈએ, એમ તે વખતોવખત મને કહેતા. મને તે કહેતા કે, 'તમારા જેટલું જો મને મરાઠી આવડતું હોત તો કયારની મેં આ લોકોની ખોડ ભુલાવી હોત. પણ તમને તો આનું કાંઈ જ લાગતું નથી! તમે મૂંગા મૂંગા આ બધું અપમાન વેઠી લો છો.' મેં કહ્યું: 'ભાઈ, તમારી વાત બધી સાચી છે. તમારે તો બાલાજીનું છત્ર બંધ થાય તો અહલ્યા-બાઈનું તૈયાર છે. પણ મારું શું થાય? ધારો કે મેં અરજી મોકલી અને ત્યાંથી અધિકારી ઉપર તપાસ સારુ અહીં પાછી આવી, તો સૌ પહેલાં તો આ અધિકારી આપણને જ પાણીચું આપે અને પાછળથી સારો રિપોર્ટ લખી મોકલે. બીજી બાજુએ સારસ્વતોની વતી હું લડયો એની કદર કરી સારસ્વતોમાંના શ્રીમંત લોકો મને મદદ કરવાને બદલે ઊલટા મૂર્ખમાં ગણે. અને આ બધાનું પરિણામ એ આવે કે મારે અભ્યાસ પડતો મૂકી કાશી છોડી ચાલતા થવું પડે! આટલા સારુ જ હું આ ભાંજગડમાં પડવા નથી માગતો. જ્યાં સુધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારે અહીં રહેવું છે ત્યાં સુધી જે કંઈ વેઠવું પડે તે બધું ખમી લેવું. અપમાન સહેવું પડે તોપણ સહી લેવું, પણ દિવસમાં એક વાર જે જમવાનું મળે છે તે ખોટું નથી. એના ઉપર આપણું અધ્યયન ટકી રહ્યું છે.'

છત્રમાં વેઠવાં પડતાં કષ્ટો અને અપમાન બસ ન હોય તેમ તે પૂરાં કરવા સારુ જ કેમ જાણે અમારા આગલા ભવનાં કર્મે મૃત્યુંજયને કાશી મોકલ્યો! મૃત્યુંજય કોચીન તરફનો રહીશ કોઈ એક સારસ્વત બ્રાહ્મણ હતો. નાની ઉંમરમાં તે કાશી આવ્યો. કેટલાક લોકોએ તેને ભણાવવાની તજવીજ કરી, પણ મૃત્યુંજયે તેમને જરાય દાદ ન દીધી. મારા કાશીવાસનો હજુ આરંભ થયો ન હતો ત્યાર પહેલાં તો મૃત્યુંજયે કાશીમાં પંદર વર્ષ પૂરાં કર્યાં હતાં! આજ લગભગ એક તપ થયાં તે આ અન્નછત્રના માલ ઉડાવતો હતો. પણ જીભડીને લગામ નહિ તેથી એક બે વખત બાલાજીનું અન્નછત્ર છોડવા વારો પણ આવેલો. પછી ભાઈ ભૂખે મરવા લાગ્યા એટલે અહીંની રાંધનારી વિધવા બાઈ એ વચમાં પડી અને ભાઈસાહેબને ફરી જમવાનું મળવા લાગ્યું.

આમ પોતાનાં વાગ્બાણ અધિકારીઓ ઉપર છોડવાથી કેવું પરિણામ આવે છે તેનો મૃત્યુંજયને પૂરેપૂરો અનુભવ મળી ચૂકયો હતો. પાછલી પંગતમાં જમનારામાં બ્રાહ્મણ ઝાઝા નહોતા, અને જે હતા તેમને છેડવા જેટલી હિંમત મૃત્યુંજયમાં નહોતી. કારણ પેલા અધિકારી પાસે ફરિયાદ લઈ જાય તો સાહેબસવારીને વળી પાછી રુખસદ મળે એની તેને ખાતરી હતી. આ બધાં કારણોને લઈને મૃત્યુંજયની વાણીનો સમગ્ર ઓઘ અમારા જેવા નિરુપદ્રવી માણસો તરફ વળ્યો એમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નવાઈ નથી. તેમાંયે નીલકંઠ ભટ કરતાં પણ મારા ઉપર તેમની બહુ જ કૃપા હતી. પહેલાં તો તે અમારી સાથે બોલતો પણ તેની વાતમાં જેની તેની કૂથલી સિવાય બીજું કશું જ ન હોય એટલે તેની વાતો અમને ગમે નહિ. આથી ભાઈસાહેબ અમારા ઉપર જ રૂઠ્યા. અમારી સામે તેનો સૌથી મોટો આક્ષેપ એ હતો કે: અમે છત્રનું અન્ન ખાઈને શાસ્ત્રાધ્યયન કરીએ છીએ, ભવિષ્યમાં આ શાસ્ત્રાધ્યયનને પેટ ભરવાના કામમાં વટાવવાના, અર્થાત્ અમે શાસ્ત્રવિક્રય કરવાના; અને તેથી સદાને માટે રૌરવ નરકમાં પડવાના! આસપાસ બેઠેલ છત્રના એકાદ બ્રાહ્મણ તરફ વળીને તે ઉમેરતો, 'આ હું પોતે આજ પંદર પંદર વરસનાં વહાણાં વાયાં કાશીમાં છું પણ મેં કદી શાસ્ત્રની સામું પણ જોયું છે? અરે, મને શાસ્ત્ર ભણાવવાનો અહીંના કેટલાક ડાહ્યાઓનો ઇરાદો હતો, પણ મેં તો ચોખ્ખું સંભળાવી દીધું કે, ના રે ભાઈ, એ શાસ્ત્ર આપણને ન જોઈએ! શાસ્ત્ર ભણવાં ને પછી વેચવાં ને નરકમાં જવું એ બધું કોણે કહ્યું? અને આ બધાં અન્નછત્રો કંઈ શાસ્ત્ર શીખનારાઓને માટે થોડાં જ છે? આ તો લોકો ગંગાસ્નાન કરે, જમે, અને કાશીવાસ કરે એટલા ખાતર જ સ્થપાયાં છે!'

બીજો એક બ્રાહ્મણ પાછલી પંગતમાં જમનારો હતો. તેને પહેલી પંગતમાં જમવું અનુકૂળ નહોતું, કારણ પોતાના 'અંગવસ્ત્ર'ના નિર્વાહને સારુ તેને ભિક્ષા માગવી પડતી! સવારે ભિક્ષા માગતાં જે અન્ન મળે તે પોતે રાખેલી બાઈને પહોંચાડે અને પછી છત્રમાં જમવા આવે. આમ તેને પાછલી ધાલમાં બેસવું પડતું. તેને અને મૃત્યુંજયને ઠીક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બનતું. છતાં કોઈ કોઈ વાર બેઉ વઢી પણ પડતા. મૃત્યુંજય અમારી વિરુદ્ધ રૂપક, ઉત્પ્રેક્ષા વગેરેનો પ્રયોગ કરીને જાતજાતની વાતો આ અને બીજા બ્રાહ્મણોને સંભળાવતો. અમે આ બધું મૂંગા મૂંગા સહન કરતા. નીલકંઠ ભટને મૃત્યુંજય તરફ ભારે તિરસ્કાર હતો છતાં તે કોઈ દિવસ તેની જોડે વાદમાં ઊતરતા નહિ.

અન્નછત્રમાં મારા ઉપર થનારા આ અનેકવિધ ' સંસ્કાર 'નું નિવારણ જ્ઞાનછત્રમાં ભરપાઈ થતું. ગંગાધર શાસ્ત્રીને ગુરુપૂજા તરીકે મેં એક રૂપિયો ને નાળિયેર એટલું જ આપ્યું હતું. તેમણે મારા શિક્ષણની બરોબર વ્યવસ્થા થાય એટલા સારુ મને તેમના મુખ્ય શિષ્ય નાગેશ્વર પંત ધર્માધિકારીને સોંપ્યો. નાગેશ્વર પંતને ઘેર હું સવારે સાત વાગ્યે જતો. મને તેઓ એક કલાક શીખવતા. પણ ત્યાં હું બીજા વિદ્યાર્થીઓના પાઠ સાંભળતો દસ વાગ્યા સુધી બેસતો. સાંજે ગંગાધર શાસ્ત્રીના ઓરમાન ભાઈ લક્ષ્મણ શાસ્ત્રી મને અને બીજા બે ત્રણ વિદ્યાર્થીને સાહિત્ય શીખવતા. મારા આ બંને ગુરુઓની મારી ઉપર પૂર્ણ કૃપા હતી. મને જોઈતાં પુસ્તકો તે પોતાની પાસેથી આપતા, અને મારા અભ્યાસની ખૂબ કાળજી રાખતા.

ગોવિંદરાવ પાક્ષેકરના મરણ પછી મારી અને ચિદંબર ગોડબોલે વચ્ચે જરા બોલાચાલી થયેલી એ પાછળ કહી ગયો છું. હું દુર્ગાઘાટ ઉપર રહેતો એ તેને ખૂંચતું. તેણે કંઈ ને કંઈ બહાનું કાઢીને મારી જોડે વઢવેડ કરવાનો લાગ શોધવા માંડ્યો. એક દિવસ મને કહે, ' બસ, ભાડું આપતા હો તો જ અહીં રહો, નહિ તો ચાલતા થાઓ. હું તમારો સરસામાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપાડીને રસ્તા પર ફેંકી દઈશ.' આ ભટ્ટ જોડે વાદમાં ઊતરવામાં કંઈ જ સાર નહોતો એ હું જાણતો. પણ જવું કયાં? બ્રહ્મઘાટ ઉપર કોચીનના સારસ્વત સ્વામીનો બીજો એક ખૂબ મોટો મઠ છે. ત્યાંના વ્યવસ્થાપક માધવાચાર્યને હું મળ્યો પણ તેમણે મને આશ્રય આપવા ના પાડી. હવે તો ગંગાકાંઠે પડી રહેવા વારો આવ્યો. શ્રીયુત કૃષ્ણાજી સાઠે (જેઓ હાલ આપાશાસ્ત્રી સાઠે વૈદ્યના નામથી મુંબઈમાં સુપ્રસિદ્ધ છે) તેમની અને મારી વચ્ચે સારી ઓળખાણ હતી. મારી જ ઓળખાણને લઈને તે ગંગાધર શાસ્ત્રીને તેમ જ નાગેશ્વર પંતને ઘેર આવતા. હાલ તેઓ બ્રહ્મઘાટ ઉપર સાંગલીકરના વાડામાં રહેતા. તેમણે મારી મૂંઝવણ જાણી કે તરત જ મને પોતાની ઓરડીમાં આવીને રહેવા કહ્યું. એમણે શેણવીને આશ્રય આપ્યો છે એવી જો સાંગલીકરના કારભારીને ખબર પડી તો તે જ વખતે સાઠેને પોતાની ઓરડી છોડી જવું પડશે એવી મને તો બીક હતી. પણ સાઠેએ ત્યાંના કારભારીને વાત કરીને મહામુસ્કેલીએ મને થોડા દિવસને સારુ પોતાની ઓરડીમાં રહેવા દેવાની રજા મેળવી.

મહિનો દોઢ મહિનો સાઠેની ઓરડીમાં કાઢ્યો એટલામાં એક દિવસ ગંગા પર સ્નાન કરવા ગયો હતો ત્યાં માધવાચાર્ય મળ્યા અને મને કહેવા લાગ્યા કે, 'તમે સાંગલીકરના વાડામાં શા સારુ રહો છો? અમારા મઠમાં કેટલીયે જગ્યા ખાલી પડી છે.' મને તેના આ શબ્દોથી ભારે નવાઈ લાગી. દોઢ મહિના પહેલાં આ ગૃહસ્થે ચોખ્ખી ના પાડેલી અને હવે સગવડ થઈ ગઈ એ કેવું? મેં કહ્યું કે, 'હમણાં તો હું ત્યાં જ ઠીક છું.' ફરી એક બે વેળા તેમણે આગ્રહ કર્યો એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું તેમના મઠમાં રહેવા ગયો. મારે વિષે માધવાચાર્યનો મત આમ એકાએક કેમ પલટાયો હશે એ સમસ્યાનો ઉકેલ હું આજની ઘડી સુધી કરી શકચો નથી. પણ મને લાગે છે કે, કાં તો નીલકંઠ ભટે મારે વિષે તેમનો અનુકૂળ મત બંધાય એવું કંઈ કહ્યું હોય કે પછી મારી અભ્યાસી વૃત્તિ જોઈને મારે માટે તેના મનમાં આદરબુદ્ધિ પેદા થઈ હોય! ગમે તેમ હો, પણ મને તેમના મઠમાં આશ્રય મળ્યો અને જગ્યાની અડચણ રહી નહિ. નીલકંઠ ભટ દુર્ગાઘાટ પર શેણવીના મઠમાં રહેતા હતા ત્યાંથી હું બ્રહ્મઘાટ પરના મઠમાં રહેવા ગયો એટલે ત્યાં આવ્યા, અને અમારે બંનેને માટે માધવાચાર્યે પોતાને ખરચે એક ઓરડી પણ દુરસ્ત કરાવી આપી!

૧૯૦૧ના માર્ચ આખરે કાશીમાં મરકી આવી. અમારા મઠની આસપાસ કેટલાક મરકીના કેસ થયા. અમારી પાડોશમાં રહેતો એક ઓળખીતો ગોવાળ તે મરકીમાં મરણ પામ્યો. અમે ગભરાઈ ગયા. પણ કરવું કેમ? બહારગામ જઈએ તો ભૂખે મરવા વખત આવે. નાગેશ્વર પંત ધર્માધિકારી અમને ધીરજ દેતા કે, "અરે બહારગામ જઈને મરવા કરતાં અહીં મરવું સારું. અહીં મૂઆ તો કોઈ પગે વતી પણ ગંગામાં હડસેલી મૂકશે. અને આપણું શબ ગંગામાં પડે એના કરતાં ઊંચી બીજી કઈ ગતિ આપણને જોઈએ? કાશીમાં મરણ થાય એટલા સારુ તો લોકો દૂરદેશથી અહીં આવીને વસે છે અને વરસનાં વરસ મરણની વાટ જુએ છે. માટે મરકીના ભયથી અહીંથી ભાગવું તદ્દન અનુચિત છે.' અમારું શબ ગંગામાં પડયું એટલે પાવન થયા, એવું માનનારા અમે નહોતા પણ નિરુપાયે કાશીમાં જ રહ્યા. બહારગામ જમવાખાવાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સગવડ અને એમ હોત તો કાશીમાં એક ક્ષણ પણ ઊભા ન રહેત.

એક દિવસ મને જોસભેર તાવ ભરાયો. આ મરકીનો જ તાવ એવી મને શંકા થઈ. મેં નીલકંઠ ભટજીને મારી ઓરડીમાંથી તાબડતોબ નીકળી જવા કહ્યું. નીલકંઠ ભટજી બહુ બીકણ માણસ, પણ આ પ્રસંગે તેમણે ભારે હિમ્મત દેખાડી. તેમણે કહ્યું, 'તમે મને ગમે તેટલો આગ્રહ કરશો તોપણ અત્યારે હું તમને છોડી જવાનો નથી. મરવું લખ્યું હશે તો આ જગ્યાએ બંને સાથે મરીશું.' પોતાનું બિછાનું સરખું તેમણે આઘું ખસેડયું નહિ. વૈદ્યને ઘેર જઈ મારે માટે તેમણે દવા આણી અને તે દવાથી એક અઠવાડિયામાં મારી તબિયત સુધરવા લાગી. પણ પંદર વીસ દિવસ સુધી મારા શરીરમાં શક્તિ આવી નહિ. આ વખતે માધવાચાર્યનાં પત્નીએ મારી ખૂબ સંભાળ લીધી. આ સાધ્વી સ્ત્રી સવારે વહેલી ઊઠી મારો પરહેજીનો ખોરાક તૈયાર કરી દેતી. દીકરાની કે ભાઈની જેટલી સંભાળ લે તેટલી મારી સંભાળ તેણે લીધી, એમ કહું તો જરાય અતિશયોક્તિ નથી. એ અઠવાડિયામાં હું સાજો થઈ ગયો અને પહેલાંની માફક બાલાજીના છત્રમાં જમવા જવા લાગ્યો.

આ બાજુ મરકીનો સપાટો પૂરજોસમાં ચાલુ હતો. મડદાં ઊંચકવા માણસો ન મળવાથી ગાડામાં નાંખી લાવવાં પડતાં એમ મેં સાંભળ્યું છે. ઉનાળાના દિવસોમાં રાત્રે ઓરડીમાં સુવાય નહિ તેથી હું અગાશીમાં સૂતો. ત્યાંથી મણિકર્ણિકાના ઘાટ પર હારબંધ સળગતી ચિતાઓ સામે જ દેખાતી. આંખ મળે ન મળે એટલામાં અમારા મઠની નીચેનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પગથિયાં આગળ એકાદ મડદું આવે અને મોટેથી રડારોળ શરૂ થાય. આમ કેટલાક દિવસ ચાલ્યું. છેવટે એ બધાથી પણ ટેવાઈ જવાયું અને તેથી ઊંઘમાં ખાસ ખલેલ પડતી બંધ થઈ! આ દિવસોમાં ગંગાધરશાસ્ત્રી સહકુટુંબ બહારગામ ગયા હતા. પણ ધર્માધિકારી ઘેર જ હતા તેથી અભ્યાસમાં પણ ઝાઝી ખલેલ પહોંચી નહિ.

ચોમાસું શરૂ થયા પહેલાં જ મરકી બંધ પડી. અમારો બધો વ્યવહાર સરળપણે ચાલુ થયો. પણ મારાં ધોતિયાં તદ્દન ફાટી ગયાં હતાં. હવે એકાદ મહિનો પણ આ ધોતિયાં પર કાઢવો મુશ્કેલ થઈ પડ્યો. પણ નવો ધોતીજોટો લાવવો ક્યાંથી? દા. વાગળેને એક કાગળ લખ્યો. ધોતિયાં લેવા માટે પાંચેક રૂપિયા તો મોકલો જ એવી તેમાં વિનંતી કરી હતી. પણ દા. વાગળેએ પોતાના હમેશના રિવાજ મુજબ કાગળનો જવાબ લખ્યો નહિ. શ્રીયુત વિષ્ણુ નાયકને મારી ગરીબાઈ જણાવી ઓછામાં ઓછા પાંચ રૂપિયા મોકલવા વિનંતી કરી, પણ ફોગટ! કાગળનો જવાબ વાળવામાં તે ઘણેભાગે આળસ ન કરતા, પરંતુ મારા આ કાગળનો જવાબ સરખો તેમણે ન મોકલ્યો. શ્રી. ભિકુ નાયકને કાગળ લખેલો કે નહિ તેનું આજે બરોબર સ્મરણ નથી, પણ લખ્યો હશે એમ લાગે છે. હવે કોઈ તરફની મદદની આશા રહી નહિ. તેથી હવે પછી કોઈ પણ બાબતમાં જૂના મિત્રો ઉપર મદાર બાંધવી નહિ, ગમે તેટલાં સંકટ આવે, ચાહે તેવડી વિપત્તિઓ પડે, પણ જૂના મિત્રોને તેની ખબર કહી મદદની યાચના કરવી નહિ અને અહીં ને અહીં જ પોતાની અક્કલ-હોશિયારીથી અને પ્રમાણિકપણાથી બધાં સંકટોમાંથી પાર ઊતરવું, એવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેં નિરધાર કર્યો. પણ કાશી જેવા ક્ષેત્રમાં મજૂરી કરીને પણ એક રૂપિયો કમાતાં આંખો આડે જાય એવું હતું. છતાં નિરાશ ન થતાં કંઈક ને કંઈક તોડ કાઢવાનો મેં વિચાર કર્યો.

કાશીમાં ગોસાંઈ કરીને ગુજરાતીઓના એક જુવાન ગુરુ રહેતા. ભારે શ્રીમંત હતા. ગંગાધરશાસ્ત્રી પાસે તે શાસ્ત્રાધ્યયન કરતા. તેમને વચમાં શ્લોક અને બાજુ ઉપર મરાઠી અર્થ છાપેલ એવી અમરકોષની એક નકલ જોઈતી હતી. નિર્ણયસાગર છાપખાનાની આવી એક નકલ મારી પાસે હતી. મેં તેમને તે વાંચવા માટે આપી. પણ તેમને તે વેચાતી જ જોઈતી હતી. તેની મૂળ કિંમત સવા રૂપિયો હતી. મેં તેમને કહ્યું, 'હું તમને આ નકલ મફત જ આપત, પરંતુ હમણાં હું પૈસાની ભારે તંગીમાં છું, એટલે તમે મને આનો એક રૂપિયો આપો.' ના ના કહ્યા છતાં ગોસાંઈજીએ મને સવા રૂપિયો આપ્યો. એક રૂપિયો બે આના આપી મેં એક પંચિયાનો જોટો લીધો. આ જોટો બહુ બહુ તો બે ત્રણ મહિના નીકળે એમ હતું, કારણ કે તે બહુ મજબૂત નહોતો. આથી મેં એવો નિશ્ચય કર્યો કે, છત્રમાંથી રોજ તેલને સારુ મળતો એક પૈસો તેલમાં ન ખરચતાં બચાવવો અને એમ બે અઢી મહિને એકાદ રૂપિયો થાય એટલે તેનું નવું પંચિયું લેવું. છત્રની પંગત વેળા રોજ પૈસો દક્ષિણા મળતી, પણ તેનું રોજ રાત્રે તેલ લાવવું પડતું. ઉપરાંત એકાદશીને દિવસે છત્ર બંધ રહેતું એટલે તે દિવસે અમારે ચોખા વગેરે વેચાતા લાવવા પડતા. કોઈ કોઈ વાર એકાદશીને રોજ અમને માધવાચાર્યને ઘેર જમવા મળતું. ધર્માધિકારી અઠવાડિયામાં એક વાર નીલકંઠ ભટજીને ચિઠ્ઠી આપી કોઈ શાહુકાર પાસેથી સીધું અપાવતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમે આ સીધું માધવાચાર્યને ઘેર આપી તેમાંથી એકાદશીને દિવસે અમારા જમવાનો જોગ કરી લેતા. પણ દીવો શેમાંથી બાળવો? અંતે અમે એવો વિચાર કર્યો કે, દીવો બાળવાને બદલે રાત્રે જેટલું અમને મોઢે આવડતું હોય તેટલાની જ પુનરાવૃત્તિ કરવાનો રિવાજ રાખવો. નીલકંઠ ભટજી ઘણે ભાગે અષ્ટાધ્યાયી બોલી જતા અને તેમની પાછળ પાછળ હું પણ બોલતો. આ પ્રમાણે અંધારામાં દિવસો વિતાવી છત્રમાંથી મળતા પૈસાના સંઘરા ઉપર અમે બન્નેએ ચાર ચાર આના એકઠા કર્યા.

પંઢરીનાથ વાળંદની મેં હજુ વાચકોને ઓળખાણ નથી કરાવી. મડગાંવના લોક આને પંઢરીનાથના નામથી ન ઓળખતાં 'ગુણો હજામ' એ નામથી જ ઓળખે છે. ગુણાનો જન્મ માડદોળમાં માળસાદેવીના મંદિર નજીક થયો હતો. આજ તેની ઉંમર લગભગ મારા જેટલી જ છે. ગુણાનો જન્મ માડદોળ જેવા ગામમાં થયો છે ખરો પણ ત્યાંનાં વ્યસનો તેને વળગ્યાં નથી. બીજાં તો શું પણ ગોવામાં નાના-મોટા સહુ કોઈને વળગેલ તમાકુનું વ્યસન પણ તેને નથી. જાતે શ્રમ કરીને તેણે જુદી જુદી કળાઓનું જ્ઞાન સંપાદન કર્યું છે. તેને ચિત્રો દોરતાં આવડે છે, માટીનાં પૂતળાં બનાવતાં આવડે છે, ચોપડીઓ બાંધવાનું કામ આવડે છે. આ બધાં કામ તે ફુરસદને વખતે કરતો. હાલ પોતે મડગાંવમાં બિસ્કિટ બનાવવાનો ધંધો કરે છે. મુંબઈમાં તેણે બિસ્કિટનો સંચો જોયો, અને ઘેર આવી કંઈ કંઈ જૂનોપુરાણો સામાન ભેગો કરી, કોઈ વાર લુહારકામ પણ જાતે જ કરી લઈ પેલા નમૂના પ્રમાણેનો એક સંચો તૈયાર કર્યો! હાલ તે આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંચાનો ઉપયોગ કરે છે. તેના અનેક ગુણોનું વર્ણન કરવાનું આ સ્થળ નથી. તેને સારુ તો એક જુદો જ લેખ લખવો જોઈશે.

પંઢરીનાથ ૧૮૯૨માં પહેલવહેલો અમારે ઘેર આવ્યો. કેટલાક વખત સુધી તો તે માડદોળથી આવીને અમારી હજામત કરી જતો. પણ પાછળથી તે સહકુટુંબ અમારા ઘર નજીકમાં જ આવી વસ્યો. પ્રમાણિકપણું, સાત્વિકતા, ઉદ્યમ, નિર્વ્યસનીપણું અને વિદ્યાની અભિરુચિ વગેરે ગુણોને લઈને તેની જોડે સોનબા મુળગાંવકરને તેમ જ મારે અત્યંત માયા થઈ. મંદિરની આસપાસ રામજણીઓનાં ઘરમાં જુગાર રમવામાં જીવન વિતાડનારા એકાદ ગોવઈબાબુ તરફ અમને જેટલો તિરસ્કાર છૂટતો, તેટલાં જ મંદિરની પડોશમાં (અને તે પણ માડદોળમાં) જન્મેલા ઉદ્યોગી ગુણા વાળંદ પ્રત્યે અમને આદરમાન થતાં. બાપને પૈસે મોજ માણનારા અને જુગારમાં તેમ જ દુર્વ્યસનોમાં વખત વિતાડનારા શ્રીમંતોનો ગોવામાં તોટો નથી. આવા લોકો સાથે નાતો રાખવામાં ભૂષણ સમજનારા લોકો હજુયે ગોવામાં હશે એમ માનું છું. પણ આવા શ્રીમંતોની ઓળખાણ સરખી કરવાનો હું કદી પ્રયત્ન ન કરતો. અને કોઈ પ્રસંગે જો કદી આવા લોકોની સાથે બોલવા ચાલવાનો વખત આવતો તો ગુણા વાળંદના સહવાસથી જે સુખ થતું તે તો આવા લોકના સહવાસમાં ક્યાંથી જ મળે! પણ ઊલટું વડિલોપાર્જિત મિલકત ઉપર તાગડધિન્ના કરનારા આ બળદિયાઓને જોઈને મારું મન બહુ ખિન્ન થતું. ગુણા જેવા મહેનતુ માણસો જો દેશને મળે અને નાની ઉંમરમાં જ તેમની કેળવણીનો ઘટતો બંદોબસ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય તો આપણા આ દેશનું દળદર ફીટવામાં વાર લાગે નહિ. અસ્તુ.

અહીં આ ભલા ગુણાને યાદ કરવાનું કારણ એટલું જ કે, પાંચ રૂપિયા મોકલવા સારુ જુદા જુદા સધન મિત્રોને કાગળ લખી થાકયા પછી નિરુપાયે એક કાગળ મેં ગુણાને પણ લખ્યો. તેની પાસેથી કશાયે મદદ મળે એવી મને આશા નહોતી. કારણ કે બાપડો વતાં કરીને દિવસ આથમ્યે ચાર આઠ આના પેદા કરે તેમાંથી કુટુંબનું પૂરું કરતાં શું બચી શકે? છતાં કોઈ પાસેથી એકાદ બે રૂપિયા ઉછીના લઈને પણ એ મને મોકલશે એવો મને ભરોસો હતો. અને રૂપિયા કોઈના કરજે કાઢીને જ મોકલવા ઘણેભાગે મેં એને લખ્યું હતું. ગોસાંઈજીએ આપેલ સવા રૂપિયામાંથી એક રૂપિયો બે આનાનાં પંચિયાં લીધા પછી અને અંધારે બેસી અષ્ટાધ્યાયીનો પાઠ ચલાવી ભાવિ નગ્નતા ઢાંકવા સારુ ચાર આનાની બચત પાડયા પછી એક દિવસ ગુણા તરફથી એક રજિસ્ટર કરેલ કાગળ આવ્યો. તેમાં દશ રૂપિયાની અંગ્રેજ સરકારની નોટ હતી! ગુણાનું કહેવું છે કે આ રૂપિયા તેના પોતાના નહિ પણ મારી બહેને આપ્યા હતા. ગમે તેમ હો, આ વેળાએ બીજા મિત્રોની પેઠે તે મને ભૂલ્યો નહિ. તેણે મારી બહેન આગળ મારી ભીડની વાત કરી, જોકે મને તે પસંદ નહોતું, મારે સારુ હજાર ગડમથલ કરી અને મને દસ રૂપિયા મોકલ્યા. ૧૯૦૧ના શિયાળામાં આ પૈસા મને બહુ ઉપયોગી થયા.

શ્રી. મોરેશ્વર પાસેકરે કાશી છોડી જતી વેળા પોતાના દાદાની એક સરસ રજાઈ મને આપવા માંડેલી. પણ ઉત્તર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હિંદુસ્તાનના શિયાળાનો મને કશો જ ખ્યાલ ન હોવાથી તે મેં લીધેલી નહિં. આગળ ઉપર જ્યારે (૧૯૦૦ નો) શિયાળો આવ્યો ત્યારે કાશીબાઈએ મને એક જૂની ગોદડી દીધી. એ શિયાળો તો મેં આ ગોદડી ઉપર જેમ તેમ કરી કાઢ્યો અને ઉનાળામાં કાશીબાઈને તે પાછી આપી. ઓશીકું તો મારી પાસે મૂળથી જ નહોતું. બ્રહ્મઘાટ ઉપર શેણવીના મઠમાં રહેવા આવ્યા પછી ત્યાં માધવાચાર્યની શેતરંજીના કેટલાક ફાટેલા ટુકડા અને ચીંથરાં એક ખૂણામાં પડ્યાં હતાં, તે ધોઈ શેતરંજીના ટુકડાની ખોળમાં ભરી તેનાં મેં બે ઓશીકાં બનાવ્યાં, તેમાંનું એક હું વાપરતો અને બીજું નીલકંઠ ભટજી વાપરતા. આ ઓશીકાં પથરા કરતાં નરમ હતાં અને છત્રનું અન્ન કુશકી કરતાં સારું હતું; પણ 'ભૂખ ન જુએ ભાખરો અને ઊંઘ ન જુએ સાથરો' એ કહેવતનો સંપૂર્ણ જાતિ-અનુભવ કાશીમાં અમે લઈ રહ્યા હતા એમ કહેવામાં હરકત નથી.

ઓશીકું જેવું હોય તેવું ચાલે પણ ગોદડું ક્યાંથી કાઢવું? ઓણસાલ કાશીબાઈની ગોદડી મળવી મુશ્કેલ હતી અને તે મળી હોત તોયે તેનાથી ટાઢ ખાળી શકાય એમ નહોતું. કારણ, તોપના મારાથી ભંગાણ પાડેલ કિલ્લાના જેવી તેની જર્જરિત દશા થઈ ગઈ હતી! અનેક જગ્યાએ મોટાં મોટાં બાકાં પડ્યાં હતાં. અંદરનું રૂ કેમ જાણે ઉપલા પડથી સ્વતંત્રતા મેળવવા મહેનત કરી રહ્યું હતું. ક્યાંક ક્યાંક તો ઉપલું પડ બાજુએ ખસેડી તેમણે સ્વેચ્છાચાર શરૂ કરી દીધો હતો! આ સ્થિતિમાં ફરી વેળા કાશીબાઈ પાસે આવી ગોદડીની યાચના કરવામાં કંઈ જ સાર નહોતો. પંઢરીનાથ વાળંદનું રજિસ્ટર અણીની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વેળાએ આવી પહોંચવાથી મને શિયાળાની ચિંતા ન રહી. લગભગ બે રૂપિયા ખરચીને મેં એક સફેદ ધાબળી લીધી. પૂનેથી આણેલી એક ધાબળી તો મારી પાસે હતી જ. આ બે ધાબળીઓ અને ડા૦ વાગળેએ આપેલા પેલા ધીંગા કોટ ઉપર મેં ૧૯૦૧નો શિયાળો કાઢયો. ગુણાનું રજિસ્ટર આવ્યા પછી અંધારે બેસવાનું પણ અમે બંધ કર્યું અને અન્નછત્રનો પૈસો પાછો તેલ લેવામાં ખરચવા લાગ્યા.

દુર્ગાનાથ નામનો એક નેપાળી યુવક અમારા જ મઠમાં રહેતો અને અમારા ગુરુ નાગેશ્વરપંત ધર્માધિકારીની પાસે શાસ્ત્રાભ્યાસ કરતો. બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવા માટે નેપાળ જવું જોઈએ એ ડા. ભંડારકરનું વાક્ય હું ભૂલ્યો નહોતો. દુર્ગાનાથની મદદ આ કામમાં મળે એમ હોવાથી મેં તેની સાથે દોસ્તી બાંધી. ૧૯૦૨ના જાન્યુઆરીમાં દુર્ગાનાથે પોતાને ઘેર (નેપાળ) જવા નક્કી કર્યું. તેણે પોતાનો આ વિચાર મને જણાવ્યો ત્યારે મને પણ સાથે નેપાળ લઈ જવાનો મેં એને આગ્રહ કર્યો. પણ નેપાળ જવું એ કંઈ સહેલું કામ નહોતું. સૌ પહેલું તો, નેપાળની સરકારના પરવાના વિના કોઈ પણ માણસથી નેપાળની હદમાં દાખલ થવાતું નથી. બીજું, રસ્તો ખૂબ મુશ્કેલીઓવાળો : મોટા મોટા પર્વતો ઓળંગીને ગયા વગર કાઠમંડુ (નેપાળની રાજધાની) શહેરનાં દર્શન ન થાય. ત્રીજું, મારી પાસે માત્ર ત્રણ ચાર રૂપિયા સિલક હતા. આટલી પૂંજી ઉપર આવડી મુસાફરી કઈ રીતે કરવી, વગેરે. છતાં કોઈ પણ રસ્તે જો એક વાર નેપાળ સરકારનો પરવાનો મળી જાય તો બીજાં કોઈ પણ સંકટોને ન ગણકારતાં દુર્ગાનાથની સાથે નેપાળ જવું જ એવો મેં નિશ્ચય કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુર્ગાનાથના પિતામહ નેપાળના મુખ્ય પ્રધાનની કચેરીમાં એક મોટા અમલદાર હતા. મારા આગ્રહથી દુર્ગાનાથે પોતાના દાદા મારફત મારે માટે એક પરવાનો મેળવ્યો. અને તા. ૨૭ ફેબ્રુઆરીને રોજ કાશીથી નીકળવાનો અમે સંકલ્પ કર્યો.

કોલ્હાપુરના રહીશ વેદશાસ્ત્રસંપન્ન કલ્યાણશાસ્ત્રી મારા આવ્યા પછી યાત્રાનિમિત્તે કાશી આવ્યાં. સ્માર્તસ્વામીના મઠમાં મારો અને એમનો ભેટો થયો. પોતે વૃદ્ધ અને એક પગે જરા અપંગ હોવાથી હું તેમને ઠીક મદદરૂપ થયો. જતી વખતે તેમણે મને સિદ્ધાંતકૌમુદી અપાવી. આ પુસ્તક મને ખૂબ કામ આવ્યું, એમ કહેવાની જરૂર નથી; કારણ કાશીમાં રહીને મેં ખાસ કરીને આ જ ગ્રંથનો અભ્યાસ કર્યો. હું નેપાળ ગયો તે પહેલાં ફરી એક વાર કલ્યાણશાસ્ત્રી કાશી આવ્યા. આ વખતે તે માધવશાસ્ત્રીને ત્યાં ઊતર્યા હતા. તેમણે મારો અભ્યાસ કેટલે સુધી પહોંચ્યો છે વગેરે બાબતની તપાસ કરીને મને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેના તેમને સંતોષકારક જવાબ મળ્યા અને તેમને ખૂબ આનંદ થયો. વરસ સવા વરસમાં હું આટલું બધું ભણી ગયો એ વાતની તેમણે પ્રશંસા કરી. તેમણે કહ્યું: 'બીજાં એક બે વરસ ભણ્યા પછી કોલ્હાપુર આવજો. હું તમને પચાસ સાઠ રૂપિયાની નોકરી અપાવવા તજવીજ કરીશ.' મેં કહ્યું, 'હાલ તો નેપાળ તરફ જવાનો વિચાર કર્યો છે. આ મુસાફરીમાં પાર પડીશ તો આગળ ઉપર જોઈ લઈશું.' તેમણે વિશેષ ચર્ચામાં ન ઊતરતાં મુસાફરીના ખર્ચને સારુ મને ચાર રૂપિયા આપ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારા ગુરુને મારો નેપાળ જવાનો વિચાર જણાવ્યો, ત્યારે તેમને જરા ખોટું લાગ્યું. પણ થોડા વખત પછી ધર્માધિકારીને તેમ જ લક્ષ્મણશાસ્ત્રી તેલંગને લાગ્યું હોવું જોઈએ કે હું થોડા દિવસમાં પાછો ફરવાનો; તેથી તેમણે મને ઝાઝો પ્રતિબંધ ન કર્યો. ફક્ત ગોવિંદશાસ્ત્રી મારા જવાની સાવ વિરુદ્ધ હતા. તેમને સહેજસાજ જ્યોતિષ આવડતું તે ઉપરથી તેમણે એવો વર્તારો કાઢ્યો કે આ એક બે મહિનામાં મારા ઉપર ભયંકર આફત આવનાર છે! આથી તેટલા દિવસો વીતે નહિ ત્યાં સુધી મારે કાશી છોડી બીજે ક્યાંયે જવું નહિ એવી એમણે હઠ પકડી. તેમને સમજાવતાં મને ખૂબ મહેનત પડી. મેં કહ્યું: 'જ્યોતિષશાસ્ત્રના નિયમ મુજબ જો મારા ઉપર ભયંકર પ્રસંગો આવવાના હશે તો કાશીમાં રહેવાથી પણ તે કઈ રીતે ટળવાના? અને નેપાળને રસ્તે જો મૃત્યુ આવવાનું હોય તો તેને પણ કોણ ટાળી શકે એમ છે?' ઘણો વાદવિવાદ થયા બાદ તેમણે નાખુશીપૂર્વક જ મને જવાની રજા આપી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૦

# નેપાળનો પ્રવાસ

તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૦૨ને દિવસે દુર્ગાનાથ, તેનો એક સોબતી અને હું કાશીથી નીકળ્યા. બીજે દિવસે રકસૌલ સ્ટેશને પહોંચ્યા. આ સ્ટેશન નેપાળની છેક સરહદ પર આવેલું છે. અહીંથી બે જ માઇલ પર બીરગંજ નામનું નેપાળનું થાણું છે. સ્ટેશનની પાસે જ અમે એક જગ્યાએ રાત રહ્યા. આ બે દિવસ મેં કાચુંકોરું ખાઈને જ કાઢ્યા. બીજે દિવસે પરોઢિયે ઊઠીને અમે નેપાળની સરહદમાં દાખલ થયા. મારા પગમાં માધવાચાર્યે આપેલા જૂના દક્ષિણી જોડા હતા. તે તદ્દન ફાટી ગયા હોવાથી રસ્તામાં ફેંકી દેવા ખાતર પગમાંથી કાઢ્યા. જોઉં છું તો જમણો પગ આખો લોહીલુહાણ! સવારના અંધારામાં જોડા પગમાં વાગી વાગીને લોહી નીકળેલું અને તે ત્યાંનું ત્યાં જામી ગયેલું, પણ ટાઢ એટલી કે મને તેની ભાળ સરખી ન લાગી. ગામના લોકો ઊઠે તે પહેલાં જ અમે બીરગંજ પહોંચ્યા.

હવે પછીની મુસાફરીની નોંધ મેં જે ચોપડીમાં લખી રાખી હતી તે ખોવાઈ ગયાનું હું પાછળ લખી ગયો છું, તેથી અહીં તો હવે મારે મારી યાદદાસ્ત ઉપર જ આધાર રાખવો પડશે. બધી જગ્યાઓનાં નામ પણ હવે મને યાદ નથી. બપોરે જમ્યા પછી બીરગંજથી નીકળ્યા. હું મારાં ડંબેલ્સ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી સાથે લાવ્યો હતો. તે અહીંના એક દુકાનદાર પાસે મૂક્યાં. આ સિવાય માધવાચાર્યે આપેલી જૂની ધાબળી, બે મારી ધાબળીઓ, અને બીજાં થોડાંક પુસ્તકો એટલો સામાન મારી સાથે હતો. કોઈ મજૂર ન મળવાથી આ બધો સામાન મારે ઉપાડવો પડ્યો. પણ બે ત્રણ માઈલ ચાલતાં જ હું તદ્દન થાકી ગયો. ત્રણ દિવસથી પેટ ભરીને ખાવા તો નહોતું જ મળ્યું. અને તે ઉપર આટલો ભાર લઈને ત્રણ માઈલ ચાલતા જવું એ મારા જેવા અશક્ત માણસને માટે અશક્ય હતું. અહીંથી જ પાછા ફરવાનો વિચાર કેટલીયે વાર મનમાં આવ્યો. પણ નેપાળ ન જાઉં તો પછી બૌદ્ધધર્મનું જ્ઞાન કેમ મેળવી શકાશે, એ વિચારે પાછા ફરવાના વિચાર ઉપર જય મેળવ્યો. આખરે રસ્તામાં એક મુસલમાન મજૂર મળ્યો. તે ભીમફેદી સુધી દોઢ રૂપિયામાં આવવા કબૂલ થયો અને તેણે મારી પાસેનો સામાન પોતાને માથે લીધો. બીરગંજથી પાંચ માઈલ ઉપર એક ગામ (આ ગામનું નામ આજે યાદ નથી.) છે ત્યાં અમે પહેલો મુકામ કર્યો. તે રાત અમે પૌંવા અને ગોળ ખાઈને વિતાવી. બીજે દિવસ એટલે બુધવારે અમે લગભગ દસ માઈલ ચાલ્યા. અહીંથી નેપાળની તરાઈ પૂરી થઈ, હિમાલયની તળેટીમાં આવેલાં જંગલોની શરૂઆત થઈ.

નેપાળના પહાડી મુલક અને તરાઈનો મુલક એવા બે ભાગ છે. તરાઈ ભાગ નેપાળને અંગ્રેજ સરકાર પાસેથી મળ્યો છે. તરાઈમાંની વસ્તી હિંદી લોકોની છે. ફક્ત સરકારી અમલદારો નેપાળી છે. બીરગંજમાં એક મોટો નેપાળી અમલદાર રહે છે. નેપાળી સરકારને આ તરાઈ મુલકની આવક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પહાડી મુલકના કરતાં વધારે હશે. અહીં ડાંગર ખૂબ પાકે છે. કાનપુરી ચોખા કહેવાય છે તે ઘણુંખરું આ જ પ્રાંતમાંથી આવે છે. પાક ખૂબ થાય છે પણ મલેરિયાની બીકે નેપાળી લોકો આ પ્રદેશમાં વસતાં ખૂબ ડરે છે. દુર્ગાનાથને તો આ તરાઈ પૂરી કરી નેપાળના ઊંચા ડુંગરો કયારે જોઈશ એમ થઈ ગયું હતું. તે તીરની માફક જતો હતો. હું ધીમે ધીમે પાછળ ચાલતો. દુર્ગાનાથના દાદાએ સામા મોકલેલા બે માણસ તેને બીરગંજમાં મળ્યા. મારું દુઃખ જોઈ તેઓને ભારે રમૂજ પડતી અને તેઓ ખડખડ હસતા. તેમની આ ક્રૂરતા જોઈ મને બહુ નવાઈ લાગી. મારો મુસલમાન નોકર મારી દયા ખાતો ખરો. ગુરુવારે બપોરે અમે એક વહેળાને કાંઠે રસોઈ કરી. દુર્ગાનાથે મને એક નાનીશી લોઢાની કડાઈ આપી. પવન સુસવાટ કરતો ફૂંકાતો હોવાથી કડાઈમાં કરેલો ભાત એક બાજુ નરમ થઈ ગયો અને બીજી તરફ તદ્દન ચોખા રહ્યા! તે દિવસથી દુર્ગાનાથ મને પોતાની સાથે જ એક વખત ખવડાવવા લાગ્યો.

નેપાળની તરાઈ મૂકીને જેમ જેમ અમે હિમાલયની તળેટીનાં મહારણ્યોનો રસ્તો કાપવા લાગ્યા તેમ તેમ મારું શારીરિક દુઃખ વધવા માંડયું. સવારે અતિશય ટાઢને લીધે મારા ઉઘાડા પગમાંથી લોહી નીકળતું, અને તેના ઉપર રસ્તાની ધૂળ ચોટે એટલે પીડાનો પાર રહે નહિ. રાત્રે અમે રસ્તાની બાજુએ આવેલી દુકાનદારોની એકાદ ઝૂંપડીમાં રાત ગાળી પરોઢિયે ઊઠીને વળી આગળ જતા. બપોરે સગવડ પ્રમાણે રસ્તામાં રાંધી જમતા. રસોઈમાં બીજું કાંઈ નહિ, ફક્ત ભાત અને નેપાળમાં થતાં એક જાતનાં કોકમ ઉકાળીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરેલું પાણી. પણ ભૂખની વેળાએ એવું એવું પણ અમને ખૂબ મીઠું લાગતું. રાત્રે રસ્તામાં પાંચ છ માઇલને અંતરે આવતી ઝૂંપડીઓવાળાની દુકાને મળતા ગોળ અને પૌંવા ખાઈ લેતા. પણ આ નેપાળનો ગોળ એટલો ખરાબ અને મોંઘો કે મેં તે ખાવાનું છોડી દીધું. અને એકલા પૌંવા ઉપર જ સંતોષ માનવા લાગ્યો. અમે એક નદીને કાંઠે કાંઠે ચાલતા હતા. હજી તો હું પથારીમાં હોઉં ત્યાં દુર્ગાનાથ મને આવીને કહેતો, 'મેં નાહી લીધું.' આ માણસ ક્યારે ઊઠ્યો, ક્યારે નદીએ ગયો અને આવી કડકડતી ટાઢમાં તે કઈ રીતે નાહ્યો એની મને રોજ નવાઈ લાગતી. હું કહેતો કે, 'તમે નેપાળી લોકો જબરા, ટાઢની કે પવનની તમને કશી પરવા જ ન મળે! મને તો આવા પરોઢિયામાં નદીએ નાહવું એ તદ્દન અસંભવિત લાગે છે.' બીરગંજથી નીકળ્યાને ત્રીજે દિવસે અમે નદીને કાંઠે જ એક દુકાનદારની ઝૂંપડીમાં રાત રહ્યા હતા. ઝૂંપડીમાંથી નદી દેખાતી હતી. પણ પાણી સુધી જવાનો રસ્તો એવો વિકટ હતો કે પહોંચતાં ખૂબ વખત લાગે. નજીકનો એક રસ્તો હતો પણ તે ઊભી કરાડ ઊતરીને નીચે જતો હોવાથી ઘણો જ જોખમભરેલો હતો. હું સવારે વહેલો જાગ્યો પણ ટાઢ કહે મારું કામ, તેથી હજુ પથારીમાં જ પડી રહ્યો હતો. એટલામાં દુર્ગાનાથ ઊઠ્યો અને પોતાની નાહવાની તૈયારી કરવા લાગ્યો. એક નાના પંચપાત્રમાં પાણી લઈ પોતાની વેંત ચોટલીને અડકાડ્યું; પછી બે કાન તથા આંખે અને કપાળે પાણી અડકાડી સ્નાનવિધિ પૂરો કર્યો! પછી મને કહે છે, 'અરે! તમે હજી સૂતા જ છો? મેં તો સ્નાન પણ કરી લીધું.' મેં કહ્યું : 'અરે ભાઈ! હું તો ટાઢને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીધે તમે ઊઠયા તે પહેલાંનો જાગતો પડયો છું. પણ મેં તમને નદી ઉપર જતાં તો કંઈ ભાળ્યા નહિ. ત્યારે તમે સ્નાન શી રીતે કર્યું?' તેણે કહ્યું, 'તમે જાગતા હતા તો પછી હું પંચપાત્ર લઈ સ્નાન કરતો હતો તે શું ન જોયું?' મારા ભેજામાં એકાએક ઝોકાર અજવાળું પડયું અને નેપાળી લોકોનું સ્નાન હું હવે સમજ્યો. મારવાડમાં એક ઘડા પાણીમાં બે ત્રણ માણસો નહાય છે એમ સાંભળ્યું હતું. પણ નેપાળી લોકોની સ્નાનપદ્ધતિની એમને ખબર હોય તો તો એક ઘડામાં ઓછામાં ઓછા સો મારવાડીઓ સ્નાન કરી શકે! તે દિવસથી નેપાળમાં દુર્ગાનાથની સાથે હતો ત્યાં સુધી સવારે ઊઠતાંવેંત મેં 'નેપાળી' સ્નાન કરવા માંડયું!

શુક્રવારે રાતે અમે ભીમફેદી આવી પહોંચ્યા. અહીંથી નેપાળનો પહેલો મોટો ઘાટ શરૂ થાય છે. એક દુકાનદારની ઝૂંપડીમાં અમે રાત રહ્યા. મારી પાસે કેટલીક નેપાળી મહોરો (અંગ્રેજી રૂપિયામાંથી લગભગ અઢી આવે.) હતી. બીરગંજમાં અંગ્રેજી નાણું આપી આ મહોરો મેં લીધી હતી. મારા મુસલમાન નોકરને ઠેઠ કાઠમંડુ સુધી આવવા મેં ખૂબ સમજાવ્યો. પણ ગુરખાઓના સ્વભાવની તેને ખબર હોવાથી તે એકનો બે થયો નહિ અને ત્યાંથી જ પાછા ફરવાની હઠ પકડી. ભીમફેદી સુધી જ મારો સામાન પહોંચાડવાની તેની સાથે બોલી હતી તેથી મારે નિરુપાયે તેને છોડી દેવો પડયો. દુર્ગાનાથે મારા સામાન માટે બે ભોટિયા મજૂરો શોધ્યા, તેમણે પોતાની મજૂરી અગાઉથી માગી. પેલા મુસલમાન મજૂરની અને આ નવા મજૂરની મજૂરી ચૂકવતાં મારી પાસે એક જ નેપાળી મહોર બાકી રહી. તે પૌંવા લેવા માટે દુકાનદારની સ્ત્રીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપતાં મારા હાથમાંથી સરી પડી દુકાનની અંદરના ભાગમાં રડી ગઈ. દુકાનદારે અને તેની સ્ત્રીએ થોડી વાર શોધવાનો ફારસ કર્યો, અને નથી જડતી એવું બહાનું કાઢી ન આપી. છેવટે દુર્ગાનાથ પાસેથી થોડાક પૈસા ઉછીના લઈ મેં કામ પતાવ્યું.

બીજે દિવસે સવારે વહેલા ઊઠી નેપાળનો પહેલો ઘાટ ચઢવાની શરૂઆત કરી. આને નેપાળી લોક ગઢી કહે છે. આ ગઢીનું નામ ઘણું કરીને ખરીગઢી હતું. એની ટોચ ઉપર નેપાળ સરકારનું નાકું છે અને કડક બંદોબસ્ત રહે છે. દરેક માણસની અહીં ઝડતી લેવાય છે અને અપરિચિત માણસોને પરવાના વગર આગળ જવા દેતા નથી. દુર્ગાનાથ પાસે બધા મળી પાંચ પરવાના હતા. એટલે તેમાં મારા બે ભોટિયા મજૂરોનો સમાવેશ થાય એમ ન હતું. આથી અમે એમ ઠરાવ્યું કે, ચોકી વટાવીને પેલી તરફ થોડેક સુધી મારે મારો સામાન ઊંચકી જવો અને પેલા ભોટિયાઓને ખાલી આગળ જવા દેવા. તેઓ આ પ્રાંતના હોવાથી તેમને પરવાનાની જરૂર નથી હોતી. પણ તેઓ જો કોઈ પરદેશી માણસની સાથે હોય તો તેમને પરવાનાની જરૂર પડે છે. ગઢી ચઢતાં ચઢતાં હું થાકીને લોથ થઈ ગયો. તેમાં વળી નાકા આગળ આવી પહોંચતાં બધો બોજો પંડે ઊંચકવા વખત આવ્યો. તોપણ માંડ માંડ મેં તે નાકા સુધી પહોંચાડ્યો. ત્યાં અમારાં કપડાંલત્તાંની ઝડતી લેવાઈ. ઝડતી દરમ્યાન નાકાના સિપાઈ-ઓએ મારાં મોજાં ચોર્યાં. વળી પાછો સામાન ઊંચકી આગળ ચાલ્યો. પણ પેલા ભોટિયા મજૂર ક્યાંયે નજરે ન પડે. એ લોકો તો ખાસા આગલે મુકામે પહોંચી નિરાંતે આરામ લેતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. પણ આ મુકામની જગ્યા હું હતો ત્યાંથી હજુ લગભગ એક માઈલ હોવાથી મારો સામાન ઊંચકી ત્યાં સુધી જવું મારે માટે કેવળ અશક્ય હતું. નાકું મૂકી થોડે છેટે ગયો હોઈશ ત્યાં તો એટલો થાક્યો કે સામાનનું પોટલું એક કોર ફેંકી એક ઝાડ નીચે લોથપોથ થઈને પડ્યો. દુર્ગાનાથ પોતાના મજૂરો સાથે આગલે મુકામે પહોંચ્યો ત્યારે ત્યાં તેણે પેલા ભોટિયા મજૂરોને જોયા. તેણે મારી તપાસ કરી, પણ મારો પત્તો લાગે નહિ. આથી તેણે પેલાઓને ધમકાવ્યા, અને છેક નાકા સુધી પાછા જઈ મારી શોધ કરી લાવવા ફરમાવ્યું. તેમણે આવીને મારો સામાન ઉપાડ્યો. પોતાના કામની ઉપેક્ષા કર્યા માટે હું તેમના ઉપર ગુસ્સે થયો. પણ મારી ભાષા તેમને જરા પણ સમજાતી ન હોવાથી તેની તેમના ઉપર શી અસર થઈ એ કંઈ સમજાયું નહિ. ઝાડ નીચે અર્ધો પોણો કલાક પડી રહ્યાથી મારા શરીરમાં કાંઈક શક્તિ આવી હતી તેથી પેલા ભોટિયા મજૂરોની સાથે ધીમે ધીમે ચાલતો હું મુકામે પહોંચ્યો.

મુકામ ઉપર દુર્ગાનાથે જમવાનું તૈયાર કરી રાખ્યું હતું. જમવામાં બીજું કંઈ નહિ, ફક્ત ભાત અને કોકમનું પાણી. જે જગ્યાએ અમે ઊતર્યા હતા તે જગ્યા એક ઝરણને કાંઠે આવેલી હતી. અહીંથી આસપાસની શોભા સરસ દેખાતી હતી. પણ નેપાળી લોકોએ ચૂલા આગળ જ શૌચ કરી એટલી તો ગંદકી કરી મૂકી હતી કે, સાધારણ દિવસે તો ભાતનો એક કોળિયો પણ ગળે ઉતારતાં ઊલટી થાય. પણ તે દિવસે એવી જગ્યામાં બેસીને પણ દુર્ગાનાથનો અમ્લોદકયુક્ત ભાત મેં ખૂબ રુચિપૂર્વક ખાધો! દુર્ગાનાથ ઘેર પહોંચવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધીરો થયો હતો. અહીંથી છૂટચો તે જ દિવસે મધરાતે તે પોતાને ઘેર પહોંચ્યો. પણ તેનો નોકર, મારો મજૂર અને હું એટલા પાછળ રહ્યા. રાતે એક ખુલ્લી ધર્મશાળામાં અમે મુકામ કર્યો. પૌંવા ખાઈ અમે સૂઈ રહ્યા, પણ ટાઢ તો એવી કે મારા બન્ને પગ કેમ જાણે તૂટી પડતા હોય એમ જ મને લાગવા માંડયું. મહાકષ્ટે તે રાત મેં કાઢી. બીજે દિવસે એટલે તારીખ ૯મી ફેબ્રુઆરીને રોજ અમે પરોઢિયે ઊઠી આગળ ચાલવા માંડયું. આખો રસ્તો ઠરી ગયેલી ઝાકળથી છવાયેલો હતો. તેના ઉપર ઉઘાડે પગે ચાલવું એટલે પછી પૂછવું જ શું? મારા ઉપર વીતવામાં કશું બાકી રહ્યું નહિ. લાલ તપાવેલી લોઢી ઉપર થઈને ચાલવા જેવી મારી સ્થિતિ થઈ. અંતે કેમ જાણે મારી દયા ખાઈને જ સૂર્યનારાયણે પોતાનાં કોમળ કિરણો ક્ષિતિજ ઉપર ફેલાવ્યાં અને પા અર્ધા કલાકમાં બધી ઝાકળ પિગળાવી નાખી. આથી મારું દુઃખ તદ્દન મટી ગયું એમ તો નહિ, તોપણ ખૂબ ઓછું થઈ ગયું.

સાત આઠ વાગ્યાના સુમારે અમે નેપાળનો બીજો ઘાટ (ચંદ્રગઢી) ચઢચા. આ ઘાટની ટોચ ઉપરથી સામે જ હિમાલયની સદાકાળ બરફથી ઢંકાયેલી રહેનારી હારો એટલી તો સ્પષ્ટ દેખાતી હતી કે ક્ષણભર હું મારા પગની વેદના ભૂલી ગયો.

"अस्त्युत्तरस्यां दिशि देवतात्मा
हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरो तोयनिधीवगाह्य
स्थितः पृथिव्या इव मानदण्डः ॥"

આવું જેનું કવિકુલગુરુ કાલિદાસે પોતાની રસિક વાણીથી વર્ણન કર્યું છે, જે ઋષિમુનિઓનું નિવાસસ્થાન, જે પોતાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાન્નિધ્ય વડે જોનારના મનમાં ઉન્નત ધર્મવિચાર જાગૃત કરે છે તે હિમાલયનાં શુભ્ર સ્ફટિકવત્ ચમકતાં શિખરો જોઈને ભારતમાતાના કયા પુત્રને આનંદ થયા વગર રહે? આ પ્રસંગે મારા મનમાં જે વિચારતરંગો ઊઠયા તે સર્વનું વર્ણન કરવું અશક્ય છે. ગોવા જેવા પછાત પ્રાંતમાં મારો જન્મ. અમારા પ્રાંતના લોકોને કાશી સુધી પ્રવાસ કરવામાં પણ ભારે સાહસ દેખાય. અરે! સહ્યાદ્રિ ઓળંગવો એ પણ અમારે મન કેવડી વાત! પણ તે જ પ્રાંતમાં ઊછરેલો હું આજે કયાંનો કયાં પહોંચ્યો? નેપાળના આ ચંદ્રગઢી ઉપર ઊભો રહીને નગાધિરાજ હિમાલયનાં સુંદર શિખરો હું નીરખી રહ્યો છું. વળી આ બધું મેં ભારે સાહસ ખેડીને કે કોઈ અલૌકિક શરીરસામર્થ્યને લઈને સાધ્ય કર્યું એમ પણ નથી. મારા જેવો મુસાફરીનો ડરકુ બીજો કોઈ ભાગ્યે જ મળી આવત. અને શરીરસામર્થ્યમાં તો આટલા થોડા પ્રવાસથી પણ મારા કેવા કેવા હાલ થયા તે મેં અનુભવ્યા. સારાંશ, આજે હું જે આ નગાધિરાજ હિમાલયનાં દર્શન કરી પાવન થયો તે માત્ર મારા બુદ્ધપ્રેમને જ પ્રતાપે. આવા આવા અનેક વિચારોથી મારું મન પ્રફુલ્લિત થયું. અને બુદ્ધ ઉપરની મારી શ્રદ્ધા વધુ દૃઢ થઈ. ચંદ્રગઢી ઊતરી બપોરે તળેટીમાં જમી સાંજે ચાર પાંચ વાગ્યે અમે દુર્ગાનાથને ઘેર પહોંચ્યા.

દુર્ગાનાથના પિતાએ તેમ જ દાદાએ મારો સારો સત્કાર કર્યો. નેપાળના પ્રવાસ દરમ્યાન સારું ભોજન મળ્યું હોય તો તે આજે જ પહેલવહેલું મળ્યું. હું ભોંયતળિયે ઉઘાડી જગ્યા હતી ત્યાં સૂતો. ટાઢ સખત હતી પણ દુર્ગાનાથના બાપે એક જબ્બર નેપાળી ધાબળો આપ્યો અને જમીન ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘાસ પાથરી પથારી તૈયાર કરી આપી. મારી પાસે એક નાની ધાબળી હતી જ. છત્રમાં અબોટિયે જમવામાં હું તે વાપરતો. તેના બે કકડા કરી મોજાંને બદલે તે પગે વીંટાળ્યા. આથી ટાઢનું કષ્ટ કંઈક ઓછું થયું. બીજે દિવસે સવારે વહેલા ઊઠી મેં 'નેપાળી' સ્નાન કર્યું અને નવ વાગ્યાને સુમારે જમ્યો. નેપાળના બ્રાહ્મણો માંસાહારી હોય છે. દુર્ગાનાથને, પોતે માંસાહારી છે, એમ મને જણાવા નહોતું દેવું. તેથી તેણે પોતાની માને કહીને મારે સારુ જમવાની ગોઠવણ જુદી કરાવી. જમ્યા પછી દુર્ગાનાથ મને કાઠમંડુનાં મુખ્ય દેવ-મંદિરોનાં દર્શન કરવા તેડી ગયો.

કાઠમંડુમાં નાનાં મોટાં અનેક મંદિરો છે, પણ તેમાં મુખ્ય બે છે. એક પશુપતિનું અને બીજું ગુહ્યેશ્વરીનું. પહેલાં તો અમે ગુહ્યેશ્વરીના દર્શને ગયા. ગુહ્યેશ્વરીમાં કે બીજા કોઈ મંદિરમાં શિલ્પકળાની દિશામાં કશું ખાસ મેં જોયું નહિ. ગુહ્યેશ્વરીના મંદિર ઉપર સોનાના કળશ અને રૂપાનાં પતરાં છે. અંદરની બાજુએ નાનકડો ચોક છે. આ ચોકમાં એક બાજુએ એક હાથ પહોળી અને દોઢ હાથ લાંબી સ્ત્રીયોનિની આકૃતિ છે. તે અંદરથી પથ્થરની હશે, પણ ઉપરથી તેને સોનાની ખોળ ચડાવી છે. આસપાસ આપણે ત્યાંની મેલડીશિકોતરીના જેવી કેટલીક મૂર્તિઓ છે. આ આખો ચોક અને ત્યાંની પથ્થરની આકૃતિઓ લોહીથી એવી તો તરબોળ હોય છે કે, તેને ખાટકીખાનાની ઉપમા આપી હોય તો કંઈ ખોટું નહિ. અમે આ મંદિરમાં ગયા ત્યારે એક કૂતરું ગુહ્યેશ્વરી આગળ જ લોહી ચાટી રહ્યું હતું. ત્યાંનો પૂજારી કાંઈક મંત્ર ગણગણતો ગુહ્યેશ્વરીની પૂજા કરતો હતો. એક બાજુએ એક બ્રાહ્મણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાવીર જૈન આ... કેન્દ્ર, કોબા. ગાંધીનગર, પિન-382009,

શતચંડીનો પાઠ કરતો બેઠો હતો. આ બધો દેખાવ જોઈને
મને કમકમાં આવ્યાં. એટલામાં એક પૂજારીએ એક જાતની
નેપાળી તાડી ચરણામૃત તરીકે આણી અમારી આગળ ધરી!
પહેલાં તો મને આ શી વસ્તુ હશે એની ખબર ન પડી. પણ
બીજી જ પળે તેની બદબો આવવાથી મેં દુર્ગાનાથને 'આ તે
તાડી છે કે શું' એવો સવાલ પૂછયો. તેણે કહ્યું, 'તાડી જ
છે.' મેં કહ્યું, 'આ તાડી પવિત્ર ચરણામૃત તરીકે કેમ
પિવાય?' તેણે જવાબ વાળ્યો, 'તમારે જો ન પીવી હોય તો
જરા માથે ચોળીને એ આંખે વાંદી લો એટલે થયું.' આમ
કહી તેણે પોતે આ વિધિ કર્યો. પણ તાડી આંખે વાંદતી
વખતે જેવી તેણે આંખો બંધ કરી તેવું જ મારા હાથમાંનું
તાડીરૂપી ચરણામૃત મેં ફેંકી દીધું.

અમે ગુહ્યેશ્વરીના મંદિરમાંથી બહાર નીકળ્યા તેવું જ
થોડેક છેટે કોઈ મોટો જંગી ઘંટ ઊંધો પાડયો હોય એવી
આકૃતિવાળું બૌદ્ધ સ્તૂપ મારી નજરે પડયું. ત્યાર અગાઉ મેં
કદી બૌદ્ધ મંદિર કે સ્તૂપ જોયાં નહોતાં. મેં દુર્ગાનાથને પૂછયું,
'પેલું દેખાય છે તે કોનું મંદિર હશે?' તેણે જવાબ આપ્યો,
'એ તો બૌદ્ધોનું કંઈક છે, પણ તમે તે તરફ નજર
કરતા. શાસ્ત્રમાં એનો મોટો દોષ ગણ્યો છે. શાસ્ત્રમાં લખ્યું
છે કે, બ્રાહ્મણ એના સામું જુએ તોપણ તેણે સ્નાન કરવું.'
દુર્ગાનાથના આ શબ્દો સાંભળી હું ચકિત થઈ ગયો! ગુહ્યેશ્વરીના
મંદિરમાંની પવિત્ર તાડીનું સેવન કરવામાં વાંધો નહિ, પણ
બૌદ્ધ મંદિરનું તો દૂરથી દર્શન પણ અપવિત્ર! બૌદ્ધધર્મ
સંબંધી નેપાળી લોકોમાં આવડો તિરસ્કાર હશે એવું મને
સ્વપ્ને પણ નહોતું. પણ દુર્ગાનાથ સાથે આ બાબતમાં અત્યારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાદ થાય એમ ન હતું. હું બૌદ્ધધર્માભિમાની છું એવી તેને ખબર પડે, તો તત્કાળ તેને હાથે જ મારા પર દુઃખની પરંપરા શરૂ થાય. આવો વિચાર કરી તેને કશો જવાબ ન દેતાં, બૌદ્ધ સ્તૂપની તરફ પીઠ ફેરવી હું તેની સાથે પશુપતિનાથના મંદિર તરફ વળ્યો.

પશુપતિનું મંદિર ઊંચાણ જગા પર આવેલું છે. મંદિર તદ્દન નાનું છે અને અંદર એક મોટું શિવલિંગ છે. લિંગને ચારે બાજુ ચાર મોઢાં છે. આ મંદિરના પૂજારી દક્ષિણી બ્રાહ્મણો છે. આથી આ મંદિરના આંગણામાં પશુઓનો ભોગ અપાતો નથી. પણ પાસે જ જે ગોરખનાથ વગેરેનાં નાનાં નાનાં મંદિરો છે ત્યાં પશુવધ થાય છે. નવાઈની વાત તો એ છે કે, ગોરખનાથ જેવા સત્પુરુષની મૂર્તિ પણ લોહીથી તરબોળ હતી. પશુપતિનાથના પૂજારી કૃષ્ણશાસ્ત્રી દ્રવિડ તે અમારા ગુરુ ગંગાધરશાસ્ત્રી તેલંગના ગુરુબંધુ. મારા સહાધ્યાયી નાગેશ્વરપંત ધર્માધિકારી આમની જ પાસે કેટલોક વખત શાસ્ત્રાભ્યાસ કરતા. હું કાશીથી નીકળ્યો ત્યારે નાગેશ્વરપંતે આમને મળી પોતાના નમસ્કાર પહોંચાડવા અને ખુશીખબર પૂછવા મને કહ્યું હતું. પણ અમે પશુપતિના મંદિરમાં ગયા તે વખતે તેઓ પૂજામાં હતા. તેમની પૂજા બપોરે ત્રણ વાગ્યે પૂરી થતી. આથી તે દિવસે તેમને મળવાનું બને એમ નહોતું. પણ હું કાશીથી આવ્યો છું એવા ખબર તેમને પડતાં, બીજે દિવસે સાંજે આવીને જરૂર મળી જવા તેમણે મને કહેવરાવ્યું. પશુપતિના મંદિરમાંથી નીકળી અમે સીધા ઘેર આવ્યા.

બીજે દિવસે સવારે શૌચ, મુખમાર્જન, 'નેપાળી' સ્નાન વગેરે આટોપી છ સાત વાગ્યે દુર્ગાનાથના પિતા મને નેપાળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોરટમાં અપીલની રીત જોવા ભીમસમશેર (તે વખતના સેનાધિપતિ)ને બંગલે લઈ ગયા. રસ્તે ઝાકળ ખૂબ પડ્યું હોવાથી મને પગે પીડા થઈ. સેનાપતિ સાહેબનો બંગલો એક ત્રણ માળનું ઘર હતું. માત્ર તેના ફરતું ચોગાન વિશાળ હતું. અમે ત્યાં પહોંચ્યા તે વખતે વીસ પચીસ સિપાઈઓ કવાયત કરતા હતા. એટલામાં ત્રીજા માળ પરની એક બારીમાંથી બહાર ભેગા થયેલા લોકોને સેનાપતિ સાહેબે દર્શન દીધાં. તેમની જોડે તેમનો કારભારી હતો. માથાના વાળ સુધી તાણેલું કપાળ ઉપરનું ટીલું જોઈ સેનાપતિ સાહેબે (નેપાળી) સ્નાન કર્યાનું દેખાઈ આવતું હતું. તેઓ જોકે પોતાને ક્ષત્રિય કહેવરાવતા, છતાં તેમનો બાંધો મોંગોલિયન ઢબને વધુ મળતો હતો. બારી ઉઘાડી નામદારે પોતાનું મોઢું બહાર કાઢ્યું ન કાઢ્યું તેવી જ નીચે અરજદારોના ટોળામાં મુજરો કરવાની ધમાલ મચી ગઈ. દરેક જણે પોતપોતાનું દુઃખ સેનાપતિ સાહેબ આગળ રડવા માંડ્યું. પણ પાંચ દશ મિનિટ સુધી તો એમને કોણ શું કહે છે તેની ખબર જ ન પડે. છેવટે કોઈ સિપાઈએ કે અમલદારે ઘોંઘાટ અટકાવી એક પછી એક સાહેબ આગળ આવવા હુકમ કર્યો. છતાં દરેક વાદી પોતાનું કહેવું ત્રીજે માળે સેનાપતિ સાહેબને કાને બરાબર પહોંચે એટલા સારુ મોટેથી ઘાંટા પાડી, વળીવળીને મુજરા કરતા, પોતાની ફરિયાદ સેનાપતિ સાહેબ આગળ રજૂ કરતા હતા. કોઈ પોતાને નાહકનો નાતબહાર કર્યા સામે ફરિયાદ કરતો હતો, સેનાપતિ સાહેબે તેને રાજગુરુ આગળ ફરિયાદ લઈ જવા ફરમાવ્યું. બીજા પણ કેટલાય ફરિયાદી હતા. પણ તેમના ખટલાઓનો તરત નિકાલ કરવાને બદલે કારભારીને તેની નોંધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા સેનાપતિ સાહેબે હુકમ કર્યો. બીજા કેટલાક ફરિયાદી-ઓના દાવા ત્યાં ને ત્યાં જ કાઢી નાંખી નિકાલ કર્યો! ન્યાય કરવાની આ અજબ રીત જોઈ હું ચકિત થયો એમાં નવાઈ નથી. વકીલ, જજ, હાઇકોર્ટ કશાની જરૂર ન મળે! આમ છતાં આવી સીધીસટ ઇન્સાફ પદ્ધતિથી નેપાળના લોકોને સંતોષ હોય એમ લાગ્યું. ઓછામાં ઓછું હાઈકોર્ટનો નિકાલ આવે ત્યાં સુધીમાં કોરટોની ફી, વકીલોની ફી, સ્ટેમ્પ ઇત્યાદિ પાછળ છેલ્લામાં છેલ્લી પાઈ ખરચી નાંખી મુફલિસ થવા વારો તો આ લોકોને નહિ આવતો હોય એમ મને લાગ્યું. પેલા મુજરાઓ મને કોઈ રીતે ગમ્યા નહિ.

કૃષ્ણશાસ્ત્રી દ્રવિડે જે વખતે મને મળવા બોલાવ્યો હતો તેનાથી પંદર મિનિટ વહેલો હું તેમને ઘેર પહોંચ્યો. શાસ્ત્રીબુવા પૂજા પૂરી કરી ઘેર આવી જમવા બેઠા હતા. તેમાંથી પરવારતાં સાડાત્રણ વાગ્યા. પોતાના સહાધ્યાયી ગંગાધર-શાસ્ત્રીની તેમ જ નાગેશ્વરપંત ધર્માધિકારી વગેરે પોતાના શિષ્યોની તેમણે બધી ખબરઅંતર મને પૂછી, અને જ્યારે હું તેમની આજ્ઞા માગી ઊઠ્યો ત્યારે પશુપતિનો પ્રસાદ, ધૂપ તથા રસ્તાના ખર્ચને માટે ચાર નેપાળી મહોર તેમણે મને આપ્યાં. મારી પાસેની પૂંજી તો ક્યારની ખલાસ થઈ ગઈ હતી. તેથી આ અણધાર્યા દ્રવ્યલાભથી મને વિશેષ આનંદ થયો. નેપાળ છોડી જતાં પહેલાં વખત મળ્યે ફરી એક વાર મળવાનું કહી મને તેમણે રજા આપી. અને તેઓ વામકુક્ષિ અર્થે ગયા. તેમણે આપેલ મહોરોમાંથી બે મહોર ખરચી મેં એક નેપાળી જોડાની જોડ લીધી અને તરત જ તે વાપરવા માંડી. પણ લાગલાં જ બંને પગમાં બે ત્રણ ઠેકાણે આંટણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડ્યાં અને ટાઢને લીધે થતી વેદનામાં આ નવી વેદનાએ વધારો કર્યો.

પણ મને તો પેલા બૌદ્ધ સ્તૂપનાં દર્શન કરવાની ચટપટી લાગી હતી. તથાપિ દુર્ગાનાથને મારા વિચારની જાણ થવા દેવી એ કોઈ રીતે ઇચ્છવાજોગ નહોતું, એમ હું પાછળ કહી ગયો. આથી એક દિવસે બપોરે કોઈને પણ જાણ થવા ન દેતાં હું આ સ્તૂપ જોવા નીકળી ગયો. અહીંયાં કોઈ ને કોઈ વિદ્વાન બૌદ્ધ સાધુનો અગર તો શખસનો ભેટો થશે એવી મને ભારે આશા હતી, પણ તે નિષ્ફળ નીવડી. સ્તૂપની આસપાસ કેટલાક ટિબેટી સાધુ પાસા નાંખી શુકન કહેતા બેઠા હતા. બીજી બાજુ એક મારેલું બકરું આખું ને આખું વેચવા સારુ મૂકેલું હતું. આ બધું જોઈને મારું મન આશ્ચર્ય તેમ જ ખેદમાં ડૂબી ગયું. રે! નેપાળમાં બૌદ્ધધર્મની આ સ્થિતિ! નેપાળની રાજધાનીના શહેર કાઠમંડુમાં પણ આ પવિત્ર સ્તૂપની શી દશા! અંતે જેમ તેમ કરી મનને શાંત કર્યું અને એટલામાં કોઈ વિદ્વાન સાધુસંત રહેતા હતા કે કેમ એની તપાસ કરી. પણ પાસા નાંખીને શુકન કહેનારા સાધુઓ કરતાં વિશેષ યોગ્યતાવાળો કોઈ પુરુષ ત્યાં નહોતો એમ માલૂમ પડ્યું.

નેપાળમાં બૌદ્ધધર્મની આ અત્યંત ખેદજનક સ્થિતિ જોઈને મારું મન ઉદ્વિગ્ન થઈ ગયું. હવે નેપાળમાં રહેવામાં કશો લાભ રહ્યો નહિ. પણ જવું ક્યાં? બૌદ્ધધર્મની શોધ થઈ શકતી નથી, તો પછી દુનિયામાં જીવીને પણ શું કરવું? કેટલોક વખત સુધી તો હું સાવ વિચારશૂન્ય બની ગયો. આ તરફ નેપાળનું રાજદ્વારી વાતાવરણ સાફ ન હોવાથી દુર્ગાનાથના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાદાની ઇચ્છા હું નેપાળ છોડી જલદી મારે દેશ પાછો જાઉં એવી દેખાતી હતી. પણ મને એકલો મોકલવો એ પણ એમને ઠીક લાગતું નહોતું. એટલામાં બદરીકેદારથી ગંગાજળ લાવનારા કેટલાક કાવડવાળા જાત્રાળુ કાઠમંડુમાં આવ્યા. તેમની અને દુર્ગાનાથના દાદાની જૂની ઓળખાણ હોવાથી તેમની મારફત બધી ગોઠવણ થઈ ગઈ. દીવાન સાહેબને ઘેર દુર્ગાનાથના દાદાએ તેમનો ઠીક સત્કાર કરાવ્યો અને પેલાઓને બધા મળીને સોએક રૂપિયા મળ્યા. આ કાવડવાળા નેપાળથી રકસૌલ આવી ત્યાંથી હરદ્વાર સુધી રેલ રસ્તે જવાના હતા, કારણ બરફને લીધે નેપાળથી પહાડોને રસ્તે જવું આ દિવસોમાં અશક્ય હતું. આથી મારે તેમની સાથે રકસૌલ સુધી જવું, અને ત્યાં સુધી મને તે લોકો સાચવીને લઈ જશે, એમ દુર્ગાનાથના દાદાનું કહેવું હતું. પણ રકસૌલ પહોંચ્યા પછી કઈ બાજુ જવું એ કંઈ મને સૂઝે નહિ. એટલામાં ઓચિંતો એક વિચાર આવ્યો અને તેથી મનની ચંચળતા ત્યાં ને ત્યાં મટી ગઈ.

ગ્વાલિયરમાં હતો તે વખતે 'કાશીયાત્રા' નામનું એક પુસ્તક મારા વાંચવામાં આવ્યું હતું. તેમાં ગયાની દક્ષિણે પંદર માઇલ ઉપર એક બૌદ્ધ મંદિર છે અને એ બાબત કંઈક કજિયો ચાલુ છે, એવી મતલબનું લખાણ વાંચેલું તે મને યાદ આવ્યું. નેપાળથી બીજે ક્યાંય ન જતાં સીધા આ સ્થળે જ જઈને રહેવું એવો મેં નિશ્ચય કર્યો. મને લાગતું કે આ સ્થાન વેરાન પ્રદેશમાં હશે તેથી ત્યાં જમવાખાવાની કશી સગવડ નહિ હોય. પણ ઉપવાસ કરી મરણ આવે તોપણ બહેતર એમ ગણી છે, મારું બાકીનું આયુષ્ય આ જગ્યાએ પૂરું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવાનો મેં નિશ્ચય કર્યો. વળી મને એવી પણ આશા હતી કે, બુદ્ધગયામાં દૈવવશાત્ કોઈ બૌદ્ધ સાધુ જાત્રાબાત્રાએ આવી ચડ્યો તો તેની પાસેથી બૌદ્ધધર્મનું જ્ઞાન કઈ રીતે સંપાદન કરવું એ જાણી શકાશે. વળી જો એવું કોઈ ન જ મળ્યું અને આ નિર્જન પ્રદેશમાં મારો દેહ પડ્યો તોયે શું? વૈરાગ્યયુક્ત મનથી મારું મરણ થશે. આ કાઠમંડુમાં બૌદ્ધ-ધર્મની દશા જોઈને થયેલી મારા મનની ઉદ્વિગ્નતા તો શાંત થશે. આવી રીતે મનનો નિશ્ચય થવાથી મારો ઉદ્વેગ શમ્યો. તરત જ દુર્ગાનાથના દાદાની પાસે જઈને હું કાવડવાળાઓની સાથે જવા તૈયાર છું એમ મેં જણાવ્યું. કાવડવાળાઓને ઊપડવાને બે ચાર દિવસની વાર હતી. આથી હું નિરાંતે નેપાળી લોકો વિષે ઇતર માહિતી મેળવવામાં તથા બને તો વાટખરચીને સારુ થોડું દ્રવ્ય એકઠું કરવામાં ગૂંથાયો.

અઘોરીનાથશાસ્ત્રી નામના ગંગાધરશાસ્ત્રી પાસે ભણેલા એક નેપાળી પંડિત કાઠમંડુની પાઠશાળામાં સંસ્કૃતના અધ્યાપક હતા. ગંગાધરશાસ્ત્રીના શિષ્ય તરીકે જેમ કૃષ્ણશાસ્ત્રી દ્રવિડે મને મદદ કરી તેમ તેઓ પણ કરશે, એવી આશાએ હું તેમને મળવા પાઠશાળામાં ગયો. આ પાઠશાળા કાશીની પાઠશાળા-ઓની ધાટી ઉપર ચાલે છે, પણ કાશીની પાઠશાળાના કરતાં નાની છે. અહીં બધા મળી દસ કે અગિયાર શિક્ષકો હતા. પણ તેઓ કાશીના પંડિતો જેટલા નામાંકિત નહોતા. તેઓ કાશીના પંડિતોની બરોબરી કરે એવા હોય તો દુર્ગાનાથ જેવા નેપાળી વિદ્યાર્થી કાશી સુધી ભણવા સારુ શું કરવા આવે? હું પાઠશાળામાં ગયો તે વખતે અઘોરીનાથ મને મળ્યા નહિ, પણ બીજા એક પંડિત મળ્યા. તેમણે મારી સાથે ખૂબ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આદરમાનથી વાત કરી. પરંતુ તેમની વાતચીત ઉપરથી નેપાળી પંડિતો નિષ્કાંચન હોવા જોઈએ એમ મને લાગ્યું. હું ગરીબ વિદ્યાર્થી હોઈ મને કંઈ મદદ જોઈએ છે, એ મેં આ બુદ્ધા પંડિતને બિલકુલ જણાવા ન દીધું. અઘોરીનાથને મળવામાં હવે ઝાઝા લાભની આશા રહી નહિ, તથાપિ બને તો મળી લેવું એવો વિચાર કરી હું તેમને ઘેર ગયો.

કાઠમંડુ શહેરની એક ગલીમાં અઘોરીનાથનું ઘર હતું. બે માળનું મકાન. પૂનાની હવેલીઓની માફક આ ઘરને મોટો ચોક હતો. ચારે બાજુ સાવ સાંકડી ઓરડીઓ હતી. અને તેમાં વસ્તી હતી. હું આ ચોકમાં આવ્યો ત્યારે ગંદકી કાઢવાનું કામ ચાલુ હતું. કેટલાક નેપાળી મજૂરો બધું મેલું કાવડમાં ભરી ભરીને લઈ જતા હતા. નેપાળી લોકો કચરોપૂંજો બહાર ન ફેંકતાં વચલા ચોકમાં જ નાંખે છે. મળમૂત્ર પણ અહીં જ કરે છે અને ઘેટાં બકરાંનું માંસ ખાઈને તેનાં હાડકાં પણ ત્યાં જ નાંખે છે. આ બધી ગંદકી ભેગી થાય એટલે વર્ષે છ મહિને કાવડોમાં ભરી ભરી નજીકનાં ખેતરોમાં લઈ જઈ ખાતર બનાવવામાં તેનો ઉપયોગ કરે છે. દુર્ગાનાથનું ઘર શહેરની બહાર હતું. છતાં નજીકનો બધો કચરો, છાણ વગેરે ભેગો કરી મૂકયો હતો. પણ ત્યાં ખુલ્લી હવા હોવાથી મને બહુ ત્રાસ ન થયો.

પણ અઘોરીનાથના ઘરની આ બધી શોભા જોઈને મને અત્યંત સૂગ ઉપજી. એક તરફના એકઢાળિયામાં બે ત્રણ છોકરાં દિશાએ બેઠાં હતાં, અધૂરામાં પૂરું તે જ વખતે ઉપલે માળેથી કોઈએ બકરા કે મેંઢાનાં હાડકાં ફેંકયાં. એકઢાળિયામાં પણ પગ મૂકવો મુશ્કેલ થઈ પડયો. અંતે દૂરથી જ અઘોરીનાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘેર છે કે નહિ તેની તપાસ કરી, અને નથી એવા ખબર મળતાં જ તે ગંદા ચોકમાંથી જે દોટ મૂકી તે ફરી વાર એ અઘોરીનાથને ઘેર જવાનું મેં સાહસ ખેડ્યું નહિ.

નેપાળી લોકો સાધારણ રીત ભારે સંશયખોર હોય છે. પરદેશીને આશ્રય આપતાં એ લોકો ભારે ગભરાય. રખેને અંગ્રેજ સરકારનો કોઈ જાસૂસ આવી પોતાની મારફત દેશની ખબરો મેળવી જાય, અને પરિણામે પોતાને શિક્ષા થાય એમ તેમને લાગતું હોવું જોઈએ. વળી આ જ અરસામાં નેપાળમાં રાજ્યક્રાંતિ થઈ ગઈ હતી. આથી નેપાળી લોકોમાં હું છૂટથી ભળી શક્યો નહિ. દુર્ગાનાથ પણ રાજકીય વિષયોમાં કશી પણ વાતચીત કરવાની ઇચ્છા દર્શાવતો ન હતો. છતાં કાઠ-મંડુમાં તે કાળે રહેતા એક બે દક્ષિણી ગૃહસ્થો પાસેથી તેમ જ કૃષ્ણશાસ્ત્રી દ્રવિડ મારફત નેપાળી રાજ્યવ્યવસ્થાને લગતી જે થોડીઘણી માહિતી મને મળી તે અહીં સંક્ષેપમાં આપવી અપ્રાસંગિક નહિ ગણાય.

જંગબહાદુર નામનો એક નામાંકિત પુરુષ નેપાળમાં થઈ ગયો. તે એક સિપાઈના દરજ્જાથી માંડીને મુખ્ય પ્રધાનની પદવી સુધી પહોંચ્યો. તે કાળે હાલ જેને પાંચસરકાર કહે છે તેના વંશજોના હાથમાં બધી સત્તા હતી. પણ જંગબહાદુરે તે વખતના ઉમરાવમંડળની અચાનક કતલ કરી બધી સત્તા પોતાને કબજે કરી. રાજા ફક્ત નામનો જ રહ્યો. મરાઠા ઇતિહાસમાં શાહુ છત્રપતિની પછી સતારાની ગાદીની જે સ્થિતિ થઈ તેવી જ સ્થિતિ જંગબહાદુરની કારકિર્દીમાં નેપાળની ગાદીની થઈ. ત્યારથી જંગબહાદુરના કુટુંબના તાબામાં નેપાળની રાજ્યલગામ આવી. પોતે મુખ્ય પ્રધાનની (નેપાળમાં આને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રણસરકાર કહે છે, અને નામધારી રાજા પાંચસરકાર કહેવાય છે.) પદવી ધારણ કરી, જંગબહાદુરે પોતાના ભાઈઓને સેનાધિપતિ વગેરે હોદ્દાઓ ઉપર ચડાવ્યા. સને ૧૮૫૭ના બળવામાં જંગબહાદુરે અંગ્રેજ સરકારને મદદ કરી મોટી નામના મેળવી, અને તરાઈ નજીકનો ઘણો મુલક પણ મેળવ્યો. જંગબહાદુરના મરણ પછી તેનો દીકરો મુખ્ય પ્રધાનની ગાદીએ આવ્યો. પણ તે વિશેષ બાહોશ ન હોવાથી, તેના કાકાના દીકરા વીરસમશેરે તેને તથા સાથે સાથે તેના એક બે સાથીઓને ઠાર કરી ગાદી ખૂંચવી લીધી. વીરસમશેરનો નાનો ભાઈ ખડગસમશેર વડો સેનાપતિ થયો. તેથી નાનો દેવસમશેર કાઠમંડુનો સૂબો થયો અને એથી નાના ચંદ્રસમશેરને તેના હાથ નીચેની જગ્યા મળી.

વીરસમશેરે નેપાળના રાજ્યતંત્રમાં ખૂબ સુધારા કર્યા. પણ તેના ભાઈ ખડગસમશેરે તેને મારી નાખી પોતે વડા પ્રધાનની જગ્યા ખૂંચવી પાડવા કાવતરું રચ્યું. પણ આ કાવતરું જલદી જ ફૂટી જવાથી વીરસમશેરે ખડગસમશેરને એકદમ દેશપાર કર્યો, અને તેનાથી નાના દેવસમશેરને તેની જગ્યાએ વડો સેનાપતિ બનાવ્યો. ૧૯૦૧ના માર્ચ મહિનામાં વીરસમશેર મરી ગયો; તેથી કાયદા પ્રમાણે દેવસમશેર ત્રણસરકારના પદ ઉપર આવ્યો. દેવસમશેર વિલાસી હતો; તથાપિ પોતાના રાજ્યમાં કેળવણીનો પ્રચાર કરવાની તેને ખૂબ ઇચ્છા હતી. ઉપરાંત નેપાળમાં ગુલામીની પ્રથા બંધ કરવાનો પણ તેણે વિચાર કરેલો. હિન્દુસ્તાનમાંથી જાણીતાં ગાયનવાદનવિશારદ સ્ત્રીપુરુષોને કાઠમંડુમાં બોલાવી તેણે એક મોટો જલસો કરાવ્યો. આ કામમાં તેણે હજારો રૂપિયા ખરચ્યા. તેનાં કુટુંબીઓને તેનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ તથા બીજાં કામો રુચ્યાં નહિ. અને વીરસમશેરના છોકરાએ પોતાના કાકા ચંદ્રસમશેરની સાથે મળીને દેવસમશેરને પદભ્રષ્ટ કરવાનું કાવતરું રચ્યું.

વીરસમશેરની બે દીકરીઓ નેપાળના રાજાને આપી હતી, તેથી વીરસમશેરના દીકરાઓનું આ રાજા આગળ ખૂબ ચલણ હતું. એક દિવસ તેમણે દેવસમશેરને કહ્યું કે, 'અમે અમારા પિતાની મિલકતની વહેંચણી કરવા માગીએ છીએ, તેથી તમે પોતે આવીને અમને વાજબી સલાહ આપી વહેંચણી કરાવી આપો.' દેવસમશેર પોતાના મોટા ભાઈને ઘેર મોટા લાવલશ્કર સાથે ગયો. વડો સેનાપતિ ચંદ્રશેખર પણ સાથે હતો. નેપાળના નામધારી રાજા પાંચસરકાર પણ પોતાના સાળાનો કજિયો પતાવવા આવ્યા હતા. આ વખતે દેવસમશેરની સાથે ૫૦૦ સિપાઈ હતા. આ ઉપરાંત રાજાસાહેબનું લશ્કર, સેનાપતિનું લશ્કર વગેરે તમામ લશ્કર બહાર ચોગાનમાં ઊભું હતું. દેવસમશેરને તેના ભત્રીજાઓ સાથે થોડી વાતચીત થઈ તેટલામાં તેમાંનો એક બોલ્યો, 'આપની સાથે ખાનગીમાં વાત કરવી છે, જરા અંદર પધારશો?' દેવસમશેર પોતાના અંગરક્ષકોને બહાર રાખી અંદર ગયો. અંદર જતાં જ તેના ભત્રીજાઓ તથા તેમના સાથીઓએ તેના સામી પિસ્તોલ ધરીને તેને કેદ કરી લીધો. આ બાજુ તેના અંગરક્ષકોએ જરાતરા ગરબડ કરી, પણ તેમને ઠંડા પાડતાં ઝાઝી વાર ન લાગી. પછી દેવસમશેર પાસેથી બળાત્કારે દીવાનગીરીનું રાજીનામું લખાવી લેવામાં આવ્યું, અને પાંચસરકારે તે માળની બારીએથી નીચે ઊભેલ લશ્કરને વાંચી સંભળાવી જાહેર કર્યું કે, પોતે આ રાજીનામું મંજૂર કરે છે, અને આજથી વડા પ્રધાનની જગ્યાએ ચંદ્રસમશેરની નિમણુક

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરે છે. માટે બધો કારભાર તેમણે સંભાળવો. નીચે ઊભેલા સૈનિકોએ પાંચસરકારના હુકમને માથે ચડાવી, ચંદ્રશેખર — અત્યાર સુધીના તેમના સેનાપતિ — દીવાન થયા તે ખાતર આનંદ બતાવવા બંદૂકો ફોડી સલામી આપી! બસ થયું. બાપડા દેવસમશેરની કારકિર્દી પૂરી થઈ અને તે જ રાતે તેને નેપાળની તરાઈમાં મોકલી દેવામાં આવ્યો. આ વાત ૧૯૦૧ના જૂનમાં બની.

હાલના મુખ્ય દીવાન ચંદ્રસમશેર કલકત્તા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા પાસ થયેલ છે. તેણે યુદ્ધકલા ઉપર અનેક પુસ્તકોનાં નેપાળી ભાષામાં ભાષાંતર કર્યાં છે. આથીયે વિશેષ કહેવા જેવી વાત તો એ કે તેને એક જ સ્ત્રી હતી. ૧૯૦૫માં તેની આ પહેલી સ્ત્રીના મરણ પછી તેણે ફરી લગ્ન કર્યું એમ સંભળાય છે. પણ એક જ વખતે પાંચ છ સ્ત્રીઓ કરવાની જે તેમની વંશપરંપરાની રૂઢિ તેને તે અપવાદરૂપ હતો. દેવસમશેરે યોજેલા કેટલાક સુધારા તેણે અમલમાં મૂક્યા હોત, પણ તેનું પરિણામ શું આવશે એ પોતે જાણતો હોવાથી તેણે પોતાનું કારભારું ખૂબ નરમાશથી ચલાવ્યું. દેવસમશેરને જે રીતે એકદમ પદચ્યુત કરવામાં આવ્યો એ બહુ વિલક્ષણ કહેવાય, એવી મતલબની ટીકા કલકત્તાના 'અમૃતબઝાર પત્રિકા' વગેરે અંગ્રેજી છાપાંઓમાં આવી. પણ નેપાળ દરબાર ઉપર તેની સારી અસર ન થતાં, ઊલટું આ છાપાંઓને નેપાળની હદમાં મના કરવામાં આવી. મતલબ કે, ચંદ્રસમશેરની કારકિર્દી દરમ્યાન નેપાળના વહીવટમાં સુધારો ન થતાં વીરસમશેરના વખતમાં જે સ્થિતિ હતી તે ને તે સ્થિતિ રહી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાઠમંડુમાં હું લગભગ આઠ દિવસ રહ્યો. મેં કયે દિવસ નેપાળ (કાઠમંડુ) છોડયું તે આજે સ્મરણમાં નથી. પણ ત્યાં દસ દિવસથી વધુ નહોતો રહ્યો એમ લાગે છે. બાબુ શારદાપ્રસાદ નામના એક બંગાળી ગૃહસ્થ ત્યાં હેડમાસ્તર હતા. તેમણે મને અંગ્રેજી એક રૂપિયો આપ્યો અને એક બે બીજા ગૃહસ્થોએ થોડીઘણી મદદ કરી. કૃષ્ણશાસ્ત્રી દ્રવિડે મને બીજી બે ત્રણ મહોર (નેપાળી) આપી. બધા મળી કુલ પાંચ કે છ અંગ્રેજી રૂપિયા મારી પાસે ભેગા થયા. આટલી વાટખરચી સાથે દુર્ગાનાથના દાદાના ઓળખીતા પેલા કાવડવાળાઓની સાથે હું કાઠમંડુથી નીકળ્યો.


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૧૧

# નેપાળથી સિલોન સુધી

કાઠમંડુથી રકસૌલ સુધી કાવડવાળાઓએ મને ખૂબ સંભાળ્યો. દુર્ગાનાથની માફક તેઓ લાંબાં લાંબાં અંતરના મુકામ કરતા નહિ. હું થાકયો છું એમ જુએ કે તરત મુકામ કરે. મારે માટે જમવાની સગવડ પહેલી કરે, અને ટાઢથી હું બચું એટલા સારુ મારે માટે બનતા સુધી બંધ જગ્યા શોધે. નેપાળ જતી વખતે બીરગંજમાં મારાં પાંચ રતલ વજનનાં જે ડંબેલ્સ મેં એક નેપાળી દુકાનદારને સોંપ્યાં હતાં, તે પાછાં લીધાં. કાવડવાળાઓ સાથે હું હતો એટલે-સામાન તો મારે ઊંચકવો જ ન પડયો. રકસૌલ પહોંચતાં મારી બે ધાબળીઓ એક લોટો વગેરે એ ભલા કાવડવાળાઓને દઈ હું છૂટો પડયો. હવે ફક્ત એક ધાબળો, એક કોટ, થોડાં પુસ્તકો, બે ધોતિયાં, ફેંટો, એક કળશિયો, બે ખાદીની બંડી અને એક ડંબેલ્સની જોડ એટલો સામાન મારી પાસે બાકી રહ્યો.

રકસૌલથી બે કે સવા બે રૂપિયા ખર્ચી મેં બાંકીપુરની ટિકિટ લીધી અને બીજે દિવસે સાંજે બાંકીપુર પહોંચ્યો. મારી પાસે આઠ કે બાર આના રહ્યા હતા. પણ તે દિવસે રાત્રે મેં ખાધું કે નહિ તેનું મને અત્યારે સ્મરણ નથી. ઘણે ભાગે હું રાતે ભૂખ્યો જ રહેતો. બાંકીપુરમાં એક મઠમાં ઊતર્યો. એક ઓસરીમાં સંન્યાસી, વૈરાગી, બ્રાહ્મણ વગેરે જાત્રાળુઓનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બિછાનાં હતાં. ત્યાં થોડી જગ્યા કરાવી ત્યાંના મુખ્ય સંન્યાસીએ મારે માટે સગવડ કરી આપી. મારી બાજુમાં એક દાઢીવાળો બાવો હતો. તે મારા આવવાથી ચિડાયો હોવો જોઈએ. તેણે મારા ઉપર પોતાનાં કટુ વાગ્બાણોની ઝડી વરસાવવા માંડી. તેના સંતાપનું કારણ મને કેમે કર્યું સમજાય નહિ. છેવટે મેં તેને કહ્યું કે, ‘ હું અહીં રાતનીરાત પડી રહેવા માગું છું. એટલા વખતમાં પણ જો આપને મારે લીધે કશી અગવડ થઈ પડે તો હું આપની ક્ષમા માગું છું.’ આટલું થયા બાદ વૈરાગીને કંઈક શાંતી થઈ. આજની રાત પૂરતી જ આ બલા છે એમ લાગવાથી કદાચ તેમને શાતા વળી હશે.

બાંકીપુરથી ગયા તરફ જનારી ગાડી સવારે સાતઆઠ વાગ્યે નીકળતી હતી. ગાડીભાડું બાર આના બેસતું; પણ તેટલા પૈસા મારી પાસે નહોતા. હું ઊતર્યો હતો તે મઠની પાસે જ મંગળપ્રસાદ નામના એક સુશિક્ષિત કાયસ્થ રહેતા હતા. મારાં ડંબેલ્સ લઈ તેમની પાસે ગયો અને તે વેચાતાં રાખવા મેં તેમને વિનંતી કરી. તેમને તે નહોતાં જોઈતાં. પણ મારી આજીજીથી તેમણે તે બાર આને લીધાં. (આ ડંબેલ્સ મેં કાશીમાં એક રૂપિયો બે આને લીધાં હતાં.) બાર આના મળ્યા એટલે હું તરત સ્ટેશન ઉપર ગયો, અને ગયા તરફ જનારી સવારની ગાડી પકડી. ગાડીમાં એક ત્રિપુંડધારી પંડિત મળ્યા. હું ગયા જનાર છું એમ તેમને ખબર પડતાં જ તેમણે કહ્યું, ‘ અરે, ગયા એટલે બકાલી શહેર ! ત્યાં તમારા જેવા વિદ્યાર્થીને કોઈ દાદ નહિ આપે. તમને કોઈ બારણે પણ ઊભા નહિ રહેવા દે. છતાં હું તમને મારા એક મિત્રનું ઠેકાણું આપું છું. તે વૈદું કરે છે. તે ગયાવાસીઓના જેવો નથી. મારું નામ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેશો એટલે તરત તે પોતાના ઘરમાં તમને સત્કારશે.' પંડિતજીએ કહેલ બ્રાહ્મણ વૈદનું સરનામું તથા પંડિતજીનું નામ મેં લખી લીધું. પણ પંડિતજીની ગયા વિષેની ટીકા મને બરોબર ગમી નહિ. મારા જેવા વિદ્યાર્થીને ઊતરવા જેટલી જગ્યા ગયા જેવા ક્ષેત્રમાં ન મળે એ કેમ સંભવે? પંડિતજીના નામનો કે તેના મિત્રના સરનામાનો ઉપયોગ કરવો પડશે એમ મને લાગ્યું નહિ; ફક્ત વિવેકને ખાતર તેમનું નામ તથા તેમના મિત્રનું ઠેકાણું મેં લખી લીધાં. પંડિતજી રસ્તામાં એક સ્ટેશને ઊતરી ગયા. હું બપોરે અગિયાર વાગ્યે ગયા પહોંચ્યો. સ્ટેશન પહોંચ્યો કે તરત ગયાના ગોરદેવતાઓના આડતિયાઓ મને વળગી પડ્યા. 'તમારે પિંડદાન કરાવવું છે?' એમ દરેક જણ પૂછે. હું કહેતો: 'હું ગરીબ વિદ્યાર્થી છું. પિંડદાન કરવાની મારી ગુંજાશ નથી. મારે ફક્ત એક રાત અહીં રહેવું છે. એટલી સગવડ આપો તો આભારી થઈશ.' પણ, મારે પિંડદાન નથી કરાવવું, એ વાક્ય કાને પડતાં બીજી વાત સાંભળવા કોઈ ઊભું રહેતું નહિ. જો કદી કોઈ મારી બધી વાત સાંભળતું તો ગોરોના એ આડતિયા મને કહેતા કે, 'તમે ગરીબ વિદ્યાર્થી હો તેમાં અમે શું કરીએ? તમારે પિંડદાન કરાવવું હોય તો કહો. એટલે તમારી બધી સગવડ થશે. તમને અમારા શેઠ પાસેથી કરજે રૂપિયા અપાવીશું, તેમાંથી તમે પિંડ આપો. પણ પિંડદાન કરવું ન હોય તો ઉતારાની આશા રાખવી નહિ.' આખું શહેર ફરી વળ્યો. પણ ક્યાંયે સામાન મૂકવા જેટલી જગ્યા ન મળી. હું દક્ષિણ તરફનો છું એવું જોઈ એક દુકાનદારે મને કહ્યું કે, 'વિષ્ણુપદના મંદિર આગળ કેટલાંક દક્ષિણી બ્રાહ્મણોનાં ઘર છે, ત્યાં તમને આશ્રય મળશે.' ત્યાં જઈ તપાસ કરી તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દક્ષિણી બ્રાહ્મણોનાં ઘર જડ્યાં. તેલંગી બ્રાહ્મણ હશે. પોતે ઘેર નહોતો. બીજા કેટલાક લોકો જમતા હતા. એક બાઈએ બહાર આવી 'શું જોઈએ છે?' એમ મને પૂછ્યું. મેં જવાબ આપ્યો: 'રાતનીરાત ઊતરવા દેશો તો તમારો પાડ માનીશ. મારા જમવાના હું પૈસા આપીશ.' બાઈએ કહ્યું, 'તમારે પિંડ દેવા છે?' મેં મનમાં કહ્યું: 'હવે તો કોઈએ મને પિંડ આપવાનો વખત આવી લાગ્યો છે ખરો!' મેં જવાબ આપ્યો, 'મને ફક્ત એક ટંક ખવડાવો; તેના હું પૈસા આપીશ. એ ત્રણ દિવસથી હું કાચાકોરા પર છું.' બાઈએ કહ્યું, 'પૈસા લઈને અમે કોઈને જમાડતાં નથી. પિંડ આપવા હોય તો બોલો એટલે બધી સગવડ થઈ શકશે. નહિ તો અહીં કશું મળે તેમ નથી.' આ દક્ષિણી બાઈને પણ પિંડદાનનો આટલો વળગાડ જોઈ ગયાનગરીમાં હવે દહાડે કોળિયો અન્ન કે રાતે પડી રહેવા જેટલી જગ્યા મળવાની આશા રહી નહિ. મારે પિંડદાન કરવું છે એમ જૂઠું કહીને તો હરકોઈ ગોરની પાસેથી હું સહેજે ખાસી મહેમાનગીરી લઈ શકત. બલ્કે વાટખરચીને સારુ થોડા પૈસા સુધ્ધાં મેળવી શકત. હું એ જાણતો પણ હતો. પણ એ વિચાર સરખો મારા મનમાં આવ્યો નહિ. ભૂખે મરી જવું પડે તે બહેતર પણ જૂઠું ન જ બોલવું, એ મારો નિશ્ચય બિલકુલ ડગ્યો નહિ.

દક્ષિણી બ્રાહ્મણને ઘેરથી નીકળી, ગયાની વચ્ચે આવેલા તળાવની પાળ ઉપરની એક દુકાને બેસી મેં ખાવાનું લઈ ખાધું. જરા વાર વિશ્રાંતિ લીધી; એટલામાં એકાએક પેલા પંડિતજીના વૈદમિત્રનું મને સ્મરણ થયું. તેમને ઘેર જગ્યા મળવાની બહુ આશા રહી નહોતી. તોપણ પ્રયત્ન કરી જોવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ વિચારી, બધો સામાન પીઠ પર લઈ, વૈદરાજના ઘર તરફ વળ્યો. વૈદરાજ દૂર એક ગલીમાં રહેતા હતા. રખડતાં રખડતાં સાંજે ચાર વાગ્યે તેમના ઘરનો પત્તો લાગ્યો. પણ 'નસીબ બે ડગલાં આગળનું આગળ!' વૈદરાજ ઘેર નહોતા. કંઈ કામ નિમિત્તે બહારગામ ગયા હતા. તેમનો સોળ વર્ષનો દીકરો ઘેર હતો. તેણે મારો ઠીક આદરસત્કાર કર્યો. પણ તેના પિતા ઘેર ન હોવાથી, તેમની રજા વગર મને ઘરમાં રાખવાનું જોખમ લેવા તે તૈયાર નહોતો. હવે તો હું એટલો થાક્યો હતો કે, હવે શું કરવું એનો વિચાર કરવો પણ મને અકારો થઈ પડ્યો. અંતે હું વૈદની ડેલીમાં જ એક કોર સામાન નાંખી થોડી વાર નિરાંત કરી બેઠો. થોડી વાર ઇધરતિધર વાતો થયા પછી વૈદના દીકરાને મેં બુદ્ધગયા વિષે પૂછ્યું. તેણે કહ્યું, 'બુદ્ધગયા અહીંથી સાત માઈલ છે.' મેં પૂછ્યું: 'રાત પહેલાં ત્યાં પહોંચાય ખરું?' તેણે કહ્યું, 'સહેજે પહોંચાશે.' બુદ્ધગયા ગયાથી સાત માઈલ છે એ મને ખરું ન લાગ્યું. પણ ગયામાં જો રહેવાની જગ્યા જ નથી મળતી તો પછી વાટમાં જ ગમે ત્યાં રાત રહેવું, એવો વિચાર કરી મેં વૈદના દીકરાને પૂછ્યું, 'હું અત્યારે જ બુદ્ધગયા જાઉં છું. માત્ર મને એક મજૂર કરી આપો. આ સામાન ઉપાડીને મારાથી એટલે દૂર જઈ શકાય એમ નથી.' તે એક મુસલમાન મજૂર કરી લાવ્યો. પણ તેણે આઠ આના મજૂરી માગી. મારી પાસે તો એક પાવલી અને એક પૈસો એટલું જ બાકી હતું. અંતે તે ચાર આનામાં આવવા કબૂલ થયો.

'બુદ્ધગયા ગયાથી પંદર માઈલ છે' એમ જે કાશીયાત્રા નામના પુસ્તકમાં લખ્યું છે તે ખોટું છે એમ મેં જોયું. વૈદના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દીકરા તથા મુસલમાન મજૂરના કહેવા મુજબ બુદ્ધગયા
ગયાથી સાત જ માઈલ છે. મારો મજૂર ભલો માણસ હતો.
પણ તેને બૌદ્ધ, હિંદુ વગેરે ભેદની ખબર નહોતી. તે મને
બુદ્ધગયાના મહંતના મઠમાં લઈ ગયો. હું ધારતો હતો કે
બુદ્ધગયા બૌદ્ધોના તાબામાં છે, પણ અહીં તો જુદું જ જોયું.
મઠમાં દાખલ થતાં જ બહારની બાજુએ બળદ, ઊંટ, ઘોડા
વગેરે બાંધ્યાં હતાં. અંદર જઈને જોઉં છું તો એક બાજુ
દેવીની મૂર્તિ હતી અને તે વખતે શંખનાદ સાથે તેની પૂજા
ચાલી રહી હતી. મહંતનો મુખ્ય શિષ્ય દેવી નજીકની ઓસરીમાં
હુક્કો પીતો બેઠો હતો. સંન્યાસીઓમાં હુક્કો પીવાનો રિવાજ
મેં આજે પહેલી વાર જોયો. (આ મઠને લગતી વધુ હકીકત
ચૌદમા પ્રકરણમાં છે તેથી અહીં જરૂર જેટલી હકીકત જ
આપી છે.) મહંતના આ અગ્રશિષ્યે મને બે ત્રણ સંસ્કૃત
વિદ્યાર્થીઓ રહેતા હતા તે ઓરડીમાં ઉતારો આપવા હુકમ
કર્યો. રસોઈ કરી જમવાનો પણ તેણે મને ખૂબ આગ્રહ કર્યો.
પણ હું રાતે નથી જમતો એમ તેને કહેતાં, તેણે બજારમાંથી
પેંડા, બરફી વગેરે ખાવાની વસ્તુઓ મંગાવી મારી ઓરડીમાં
મોકલી આપી. આ પેંડા એટલે નામે જ પેંડા હતા. તેમાં
ખાંડને બદલે ગોળ નાંખ્યો હતો. બરફી તો મોઢામાં પણ
નંખાય એમ નહોતી. મેં તે ચીજોમાંથી બહુ થોડું ખાઈ
બાકી બધું તે ઓરડીમાં રહેનારા વિદ્યાર્થીઓને વહેંચી આપ્યું.
ઇધરતિધરની વાતો નીકળતાં પેલા વિદ્યાર્થીઓએ મને કહ્યું કે,
‘અહીં ધર્મપાલ નામનો મગ જાતિનો એક ભિક્ષુ છે તેણે
મહંતની સામે દાવો માંડ્યો છે.’ ‘હાલ તે ક્યાં છે?’ એમ
મેં પૂછતાં એક વિદ્યાર્થીએ કહ્યું, ‘અહીં જ છે.’

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે રાતે મને મુદ્દલ ઊંઘ ન આવી. ક્યારે સવાર પડે ને હું ધર્મપાલનાં દર્શન કરું એમ મને થઈ ગયું. સવાર પડતાં જ કોઈને ખબર કર્યાં વગર હું બુદ્ધમંદિરમાં ગયો. ત્યાં એક સિપાઈ હતો, તેણે મને અંદર લઈ જઈ બુદ્ધની મૂર્તિ બતાવી. મૂર્તિના કપાળમાં એક મોટું ત્રિપુંડ કર્યું હતું. આનો કશો અર્થ હું સમજ્યો નહિ. (ચૌદમા પ્રકરણમાં બુદ્ધગયા સંબંધી વિશેષ હકીકત છે ત્યાં આ બાબતનું સ્પષ્ટીકરણ કર્યું છે.) પણ હું તો ધર્મપાલનાં દર્શન માટે ઉત્સુક હોવાથી, ત્યાંની વસ્તુઓનું નિરીક્ષણ કરવામાં અને તેના ઇતિહાસની ખબર મેળવવામાં વખત ન ગુમાવતાં, મંદિરના સિપાઈને એક પૈસો — આ જ છેલ્લો પૈસો મારી પાસે બાકી હતો — આપી ધર્મ-પાલના રહેઠાણ તરફ વળ્યો.

મંદિરથી પશ્ચિમે ઢોરા ઉપર બ્રહ્મદેશના ભિંદોમીન રાજાએ ત્રણ ઓરડીઓ અને તેની લગોલગ એક એકઢાળિયું બંધાવ્યું હતું. થીબો રાજાને કેદ કરી રત્નાગિરિ લઈ ગયા પછી ત્યાં રહેતા બરમી ભિક્ષુઓ પોતાને દેશ ગયા. અને તે સ્થાન અંગ્રેજ સરકારના તાબામાં આવ્યું. પછી અંગ્રેજ સરકાર તરફથી ફક્ત રહેવા માટે તે ધર્મપાલને મળ્યું. આ વખતે ત્યાં એક ભિક્ષુ હતો. તેને જોઈને આ જ ધર્મપાલ હશે એમ મને લાગ્યું. મેં તેને હિન્દીમાં પૂછ્યું, 'આપ ધર્મપાલ છો?'

તેણે કહ્યું: 'હું એક ભિક્ષુ છું. આ છબીમાં છે તે ધર્મપાલ. હાલ તેઓ અહીં નથી, સિલોન છે.'

આ પ્રમાણે તેણે હિંદીમાં જ જવાબ આપ્યો. પછી તેણે મને ત્યાં જાપાનથી આવેલી બુદ્ધની મૂર્તિ અને બીજાં ચિત્રો બતાવ્યાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાલિ ભાષા એ મૂળ સિયામની ભાષા હશે એમ હું માનતો, કારણ પાલિ ભાષાનો ત્રિપિટક નામનો ગ્રંથ સિયામના રાજાએ છપાવ્યો છે એમ મેં સાંભળ્યું હતું. આ ભિક્ષુને તેની કંઈક ખબર હશે એમ માની મેં પૂછ્યું : 'તમને પાલિ ભાષા આવડે છે?'

તેણે કહ્યું : 'અમારા ધર્મગ્રંથો પાલિ ભાષામાં છે. અને તે વિહારમાં રહીને અમારે શીખવા પડે છે.'

તેણે સિંહલી લિપિમાં લખાયેલા કેટલાક પાલિ ગ્રંથ મને બતાવ્યા. અને તેમાંથી કેટલાંક વાક્યો વાંચી બતાવ્યાં. તે. સાંભળીને હું અતિ આનંદથી બોલ્યો, 'પાલિ ભાષા તો લગભગ સંસ્કૃત જ છે. તે શીખતાં મને વાર નહિ લાગે.'

ભિક્ષુએ કહ્યું, 'તમને સંસ્કૃત આવડે છે?'

'કૌમુદી, તર્કસંગ્રહ વગેરે ગ્રંથ મેં વાંચ્યા છે. કાવ્યોનો પણ અભ્યાસ થયો છે.'

'એમ છે, ત્યારે તો તમને પાલિ ભાષા જલદી આવડશે.'

'તમે મને શીખવશો?'

'મને બરાબર શીખવતાં નહિ આવડે. તમે સિલોન જાઓ તો ત્યાં મોટમોટા પંડિતો છે. તે તમારી બધી શંકાઓનું સમાધાન કરી તમને ધર્મગ્રંથો શીખવશે.'

'બહુ સારુ, હું સિલોન જવા તૈયાર છું. પણ મારી પાસે એક પૈસો પણ રહ્યો નથી તો સિલોન કઈ રીતે પહોંચું?'

'તમે કલકત્તે જાઓ તો ત્યાં 'મહાબોધી સભા' નામની સંસ્થા તરફથી તમને સિલોન જવા મદદ મળી શકશે. હમણાં જ એક સિલોનનો ભિક્ષુ આવી ગયો. તે બીજાં બૌદ્ધ ક્ષેત્રોનાં દર્શન કરી માર્ચની દસમી તારીખે કલકત્તાથી સિલોન જવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીકળશે. તેની સાથે તમે જશો તો તમને જરાયે અડચણ પડશે નહિ.'

આજ ફેબ્રુઆરીની અઠ્ઠાવીસમી તારીખ હતી. દસ દિવસમાં કલકત્તા પહોંચું તો બધા મનોરથ પાર પડે એમ મને લાગ્યું. ને મારું મન તો તે જ ક્ષણે કલકત્તાને રસ્તે સિલોન સુધી દોડી ગયું.

પણ શરીર જડ તેનું શું થાય? કલકત્તા સુધીનું રેલભાડું ચાર રૂપિયા ઉપર થતું હતું. એટલા પૈસા મળ્યા હોત તો ઝાઝી અડચણ ન રહેત. તેથી મેં પેલા ભિક્ષુને જ વિનંતી કરી કે, 'હાલ આટલી રકમ આપી મને કલકત્તે પહોંચતો કરો.' પછી અને મહાબોધી સભા મારફત મને સિલોન જવા મદદ ન મળી તો પછી ત્યાં મારાં પુસ્તકો વગેરે વેચીને પણ આપની રકમ હું પાછી મોકલી આપીશ. તેણે કહ્યું, 'મારી પાસે કંઈ નથી. તમે મહંતને ત્યાં ઊતર્યા છો એટલે મહંત તમને ચાર પાંચ રૂપિયા સહેજે આપશે. એની પાસે ખૂબ પૈસો છે.'

તે દિવસે હું બુદ્ધગયામાં રોકાયો. મારી પાસે અમરકોશની કાશીમાં ખરીદેલી એક નાની નવી નકલ હતી. તે પેલી ઓરડીમાં રહેનારા ત્રણ વિદ્યાર્થીઓમાંના એકે આઠ આને રાખી. પરંતુ કૌમદી વગેરે પુસ્તકોની તેમને જરૂર નહોતી. બપોરે જમીને હું મહંત પાસે ગયો. મારે કલકત્તા જવું છે અને ટિકિટ પૂરતા પૈસા આપો તો તમારો મોટો ઉપકાર થશે એમ મેં તેને વિનંતી કરી. તેણે જવાબ આપ્યો, "અહીંના માલિક મુખ્ય મહંત અહીં નથી. તે હોત તો તમને મદદ કરત. છતાં તમને ખાલી હાથે પાછા ન વાળવા એટલા ખાતર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આટલી મદદ લો," એમ કહી બટવામાં હાથ નાંખી તેણે એક રૂપિયો મારા હાથમાં મૂકયો. મેં તે કમને લીધો. આ મહંત તરફથી બીજી કશી મદદ મળવાની હવે આશા ન રહી. તેથી હું વળી પાછો પેલા ભિક્ષુ પાસે ગયો અને અનેક રીતે તેને વીનવ્યો પણ તેને મારી દયા ન આવી. તેણે ચિડાઈને કહ્યું: 'તમે હિંદુસ્તાનના લોક મોટા લબાડ. તેમાંય બ્રાહ્મણો તો અતિશય જ લબાડ. હજુ થોડા જ દિવસ પર બે બ્રાહ્મણો મારી પાસે આવ્યા અને તમારી પેઠે જ કલકત્તે થઈને સિલોન જવું છે એમ કહી આઠ રૂપિયા લઈ ગયા. પણ તેઓ મહાબોધી સભામાં ન જતાં કયાં ગયા તેનો પત્તો સરખો નથી! હવે તમારો તે હું કઈ રીતે વિશ્વાસ કરું?' મેં કહ્યું: 'તમને મારો વિશ્વાસ ન આવતો હોય તો મારાં પુસ્તકો, એક ધાબળો અને કોટ એટલું હું તમને સોંપું છું. આની કિંમત ઓછામાં ઓછી દસ રૂપિયા થશે. મને ફક્ત કલકત્તે પહોંચવા જેટલી મદદ કરો, અને હું કલકત્તા પહોંચ્યા પછી જ્યારે તમારા પૈસા મોકલું ત્યારે જ મારાં પુસ્તકો મને મોકલજો.' બહુ બહુ વાનાં કર્યાં પણ તેને મારી છાંટાભાર દયા ન આવી.

બીજે દિવસે મેં બુદ્ધગયા છોડયું અને રાત્રે ગયા સ્ટેશને આવ્યો. ત્યાં એક દક્ષિણી જાત્રાળુનો ભેટો થયો. તેને મારી મુશ્કેલી જણાવી મેં કહ્યું, 'મારી પાસે દોઢ રૂપિયો છે. મારો તમામ સામાન લઈને મને જો તમે ત્રણ રૂપિયા આપો તો તમારો પાડ.' પણ આ ગૃહસ્થ સુધ્ધાં પેલા ગોરાના સહવાસથી કઠણ કાળજાનો થઈ ગયો હોવો જોઈએ. તેણે કહ્યું, 'પૈસા હતા તે જાત્રામાં ખર્ચી નાંખ્યા. છતાં બે રૂપિયામાં આપતા હો તો લઉં.' મેં કહ્યું, 'આ સામાન તમને મફત જ આપ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોત, પણ પ્રસંગ એવો બારીક છે કે અત્યારે હું કોઈ રીતે તેમ કરી શકું એમ નથી. છતાં મને તમે ત્રણ રૂપિયા આ સામાનની કિંમત તરીકે નહિ પણ દાન ગણીને આપો.' પણ એ ગૃહસ્થનેય કંઈ મારી દયા આવી નહિ. મારો સામાન વેચવાની વાત મેં બીજા જાત્રાળુઓ પાસે કરી નહિ. કારણ અજાણ્યા પ્રદેશમાં જૂજ કિંમતમાં હું આટલો સામાન વેચું છું એ જોઈને કદાચ પોલીસ મને પકડે કરે, તો વળી એ લફરામાંથી છૂટતાં દિવસો નીકળી જાય. ઉપરાંત નાહકનો ત્રાસ વેઠવો પડે તે જુદો.

તે રાત મેં ગયાના સ્ટેશન ઉપર જ ગાળી. બીજે દિવસે સવારે મેં વિચાર્યું કે ગોર લોકો અગર તેમના સંબંધમાં આવનારા જાત્રાળુઓની દયા માગવામાં કશું વળવાનું નથી. પણ સુધરેલી ઢબે કેળવણી પામેલા લોકોમાં ફરવાથી કંઈ મદદ મળ્યા વગર નહિ રહે. મને ઉજ્જનના પ્રોફેસરોએ કરેલી મદદ યાદ આવી. પણ અહીં કોલેજ નહોતી. તેથી ગયા હાઈસ્કૂલના હેડમાસ્તરને મળી તેની મારફત કંઈ મહેનત કરી જોવી એવો વિચાર કર્યો. પૂછતાં પૂછતાં તેમના ઘરનો પત્તો લાગ્યો. ગાંગુલી બાબુ (હેડમાસ્તર) ઘરમાં જ હતા. મારી તમામ હકીકત સાંભળી લઈને તેમણે મને ‘ભીખ ન માગવી જોઈએ’ એ વિષય ઉપર એક લાંબું ભાષણ આપ્યું! બંગાળી લોક બહુબોલા હોય છે એમ મેં સાંભળ્યું હતું, તેનો પ્રત્યક્ષ અનુભવ આજે પહેલવહેલો થયો. ભાષણ પૂરું કર્યા પછી બાબુએ મને અંદર લઈ જઈ એક હાથસાળ બતાવી અને કહ્યું કે, ‘આ સાળ ઘરની સ્ત્રીઓ માટે ખાસ લાવ્યો છું. તેમણે પણ નવરાં ન રહેવું જોઈએ એમ હું માનું છું.' વળી પાછી બાબુની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાગ્ધારા ચાલી. મેં નમનતાઈથી કહ્યું, 'બાબુ સાહેબ, હું અંગ્રેજી નથી ભણ્યો પણ તમે જે વિચારો દર્શાવો છો તે બધાથી હું વાકેફ છું. પણ મારા ઉપર અત્યારે પ્રસંગ એવો બારીક આવ્યો છે કે મારે કંઈ કામને માટે આ મહિનાની દસમી તારીખ પહેલાં કલકત્તે પહોંચવું જ જોઈએ. અને તેથી જ મારે આ યાચનાનો પ્રસંગ આવ્યો છે. જો તમારાથી કશી મદદ બને એમ ન હોય તો તમારા વિદ્યાર્થીઓ અગર બીજા મિત્રો પાસેથી થોડીઘણી મદદ અપાવશો તોયે હું તમારો સદાને માટે ઓશિંગણ રહીશ.' હેડમાસ્તર બોલ્યા, 'હું તમને બીજા લોકો મારફત કશી મદદ નહિ કરાવી શકું. કંઈ આપવું જ હોય તો હું જ મારી મેળે આપી છૂટું. પણ મારી વૃદ્ધ મા હાલમાં જ ગુજરી ગયેલ હોવાથી હમણાં હું દાન કરી શકું એમ નથી. હજી પાંચ છ દિવસ પછી સૂતક ઊતર્યાં કેડે તમારે વિષે કશું કરવા જેવું હોય તો થઈ શકે. પણ મારા તરફથી એ આનાથી વધુ નહિ મળી શકે એ બરોબર ધ્યાનમાં રાખજો. નહિ તો વળી મારે ભરોસે રહી નકામા વાટ જોતા બેસશો!'

ગાંગુલી બાબુને ઘેરથી તેમનો આભાર માની હું ચાલતો થયો. ગયામાં એકલા ગોરા જ નહિ પણ બીજા લોકો પણ પૂરા રીઢા છે એવી મારી ખાતરી થઈ. હવે આ શહેરમાં એક ક્ષણ પણ ઊભા રહેવામાં સાર નથી, એમ વિચારી મેં સ્ટેશનનો રસ્તો પકડ્યો. તે દિવસે કાચું કોરું લઈ ખાવામાં ચાર આના ખરચ્યા. બાકી સવા રૂપિયો રહ્યો. સ્ટેશન ઉપર ભાડાના દર લખેલ પાટિયા ઉપરથી ગયાથી કલકત્તા તરફ કયા સ્ટેશન સુધી સવા રૂપિયામાં જઈ શકાય એમ છે એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેં શોધી કાઢ્યું, અને એક રૂપિયો અને ઉપર થોડા પૈસા આપી લખીસરાઈની ટિકિટ લઈ તે જ રાત્રે લખીસરાઈ પહોંચ્યો. લખીસરાઈ એક નવું શહેર છે. આગગાડી થયા પહેલાં અહીં કશું નહોતું. હું અહીં પહોંચ્યો તે વખતે ત્યાં થોડાંક ઝૂંપડાં થયાં હતાં, જેમાં દુકાનો હતી. તે રાત મેં સ્ટેશને જ કાઢી. બીજે દિવસે સવારે અહીં ધર્મશાળા છે એમ ખબર પડી અને થોડી મહેનત લીધા પછી તે જડી. આ ધર્મશાળા એટલે એક જાતનું એકઢાળિયું જ હતું. ત્યાં મારો સામાન મૂકી નિરાંતે બેઠો. એટલામાં એક મારવાડી નોકર ત્યાં આવ્યો, તેણે મારી પૂછપરછ કરી. હું એક વિદ્યાર્થી છું અને કલકત્તે જાઉં છું એમ જાણી થોડી વાર પછી ક્યાંકથી એ મારે માટે સીધું લઈ આવ્યો. પણ તે રાંધું શેમાં ? મારી પાસે કશું વાસણ તો હતું નહિ. અંતે તેણે એક માટીની હાંલ્લી આણી આપી અને ખીચડી કેમ બનાવવી તે બતાવ્યું. તે મુજબ હાંલ્લીમાં દાળ, ચોખા, મીઠું વગેરે વસ્તુઓ નાંખી મેં ખીચડી બનાવી. તે કેવીક સરસ થઈ હશે તેની કલ્પના વાચકે જ કરી લેવી! ગમે તેમ હો, પણ ગયામાં એકલું કાચુંકોરું ખાઈને જ રહેલો તેથી એ ખીચડી મને મીઠી જ લાગી. નવ વાગ્યે જમી કરી પરવાર્યો, ને તે જ દિવસે મેં આગળ જવા વિચાર કર્યો.

પેલા મારવાડી નોકરના કહેવાથી ચાર પાંચ દુકાને જઈ મેં યાચના કરી જોઈ પણ કશું મળ્યું નહિ. એક મોટી ફાંદવાળા વેપારીએ તો દુકાનમાંથી મારા દિલ પર એક પૈસો ફેંક્યો અને કહ્યું: 'કલકત્તે જાઓ કે જોઈએ તો તેથીયે આગળ જાઓ. મારી પાસે તમને આપવા આથી વિશેષ કંઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નથી.' આ ઉપરથી આખી બજાર ફરતાં ચાર પૈસા મળવાની પણ આશા ન રહી. અંતે પાસે જ ખુલાખીલાલ કરીને કોઈ એક કાયસ્થ વકીલ રહેતા હતા તેમની પાસે ગયો. એ માણસ કંઈક ઠીક લાગ્યા. તેમણે પોતાની આયપત મુજબ ચાર આના કાઢીને આપ્યા અને કહ્યું: 'મારું આ વેપારીઓ આગળ કશું ચાલે એમ નથી. તેમને વિદ્યાની કંઈ જ કિંમત નથી. બીજાની મૂંઝવણ તેઓ સમજી શકે એમ નથી.' તેમણે મને સલાહ આપી કે મારે અહીંથી નજીકમાં જ ગિધ્ધોર ગામે જઈ ત્યાંના જમીનદાર રાજા રાવણેશ્વરપ્રસાદને મળવું અને મારી મુશ્કેલી જણાવવી. રાવણેશ્વરપ્રસાદ મોટા દાતા છે. તેઓ મને જરૂર મદદ કરશે એમ તેમનું ધારવું હતું. તેથી વધુ વિચાર કરવા ન બેસતાં બીજે દિવસે સવારની ગાડીએ હું ગિધ્ધોર જવા નીકળ્યો.

વાટમાં ખૈરા કરીને બીજું એક નાનુંસરખું રજવાડું આવતું હતું. હું ઠેઠ ગિધ્ધોર ન જતાં જમુઈ સ્ટેશને ઊતરી પડ્યો અને ત્યાંથી લગભગ છ સાત માઈલ ચાલતો ત્યાંના મહારાજાના મહેલ સુધી ગયો. પણ ત્યાં તો એવી ખબર પડી કે રાજાસાહેબ યાચકોને બિલકુલ મળતા જ નથી! પરભાર્યા જ પતવે છે. વળી એમ પણ વધુ ખબર મળી કે, આખો દિવસ તપશ્ચર્યા કર્યા પછી પણ એક આનાથી વધુ દક્ષિણાની આશા ન રાખવી. આથી નિરાશ થઈ મહેલથી હું પાછો વળ્યો. અને ત્યાંની બજારમાં જઈ એક દુકાનેથી થોડા પૌંવા અને બે ત્રણ પૈસાના પેંડા લઈ ખાધા. પછી પગરસ્તે ગિધ્ધોર જવા ચાલી નીકળ્યો. અહીંથી ગિધ્ધોર પાંચ માઈલ થતું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંજે સાતને સુમારે ગિધ્ધોર પહોંચ્યો. મહારાજા રાવણેશ્વર-પ્રસાદે શિવમંદિર આગળ એક નાની ધર્મશાળા બંધાવી વટેમાર્ગુઓ માટે ઊતરવાની સગવડ કરી છે. ત્યાં બાવા, વૈરાગી વગેરે તથા બીજા વટેમાર્ગુઓની સગવડ સાચવવા એક માણસ રાખ્યો છે. હું ત્યાં આવ્યો એટલે તેણે મારે રાતે જમવું છે કે કેમ એમ પૂછ્યું. પણ હું એટલો થાકી ગયો હતો કે રસોઈ કરીને જમવા જેટલી મારામાં સોં રહી નહોતી. મેં પેલા 'જમાદાર'ને કહ્યું, 'અત્યારે રસોઈ કરવાની મારામાં તાકાત નથી પણ કંઈ કાચુંકોરું લાવી આપો તો મોટો ઉપકાર.' તેણે તરત જ બજારમાંથી પેંડા, બરફી વગેરે મીઠાઈ આણી આપી. આ મીઠાઈ બુદ્ધગયાના મહંતે આપેલી મીઠાઈના જેટલી જ નિઃસ્વાદ હતી છતાં ખૂબ ભૂખ લાગી હતી તેથી જેમ તેમ ખાઈ ઉપર પાણી પી સૂઈ રહ્યો.

બીજે દિવસે સવારે રાવણેશ્વરપ્રસાદ રાજાના આશ્રિત એક પંડિતને મળવા ગયો. પંડિતજીનું ઝૂંપડી જેવું ઘર જોતાં જ લાગ્યું કે રાજાનો આશ્રય લીધા છતાંયે પંડિતજી ઉપર લક્ષ્મીજી પ્રસન્ન જણાતાં નથી. પંડિતજી બોલવાચાલવામાં તો ઠીક જણાયા. તેમણે મારી બધી હકીકત ખૂબ માનપૂર્વક સાંભળી લીધી. પછી તેમણે કહ્યું: 'તમે આ વિચિત્ર દેશમાં આવી ચડ્યા છો. અહીં તમને મદદ કરનાર કોઈ વિરલો જ નીકળશે! છતાં અમારા રાજાસાહેબ તમને કંઈક મદદ કરશે ખરા. બાકી તેમની પાસેથી પણ આઠ આના કરતાં વધુ રકમની આશા તો રાખતા જ નહિ! બે ત્રણ દિવસ જમાડી જતી વખતે બે ચાર આના વાટખરચી આપવા, એવો એમનો રિવાજ છે. પણ તમે કાશીથી આટલે નીકળી આવ્યા છો તેથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમને કદાચ બાર આના મળશે એમ ધારું છું. પણ હાલ તો રાજાસાહેબને સૂતક છે તેથી હજુ ચાર દિવસ સુધી તેમની મુલાકાત નહિ થઈ શકે. ત્યાં સુધી તમારા જમવા કરવાનો બંદોબસ્ત કરવા હું જમાદારને કહું છું.'

હવે આ રાજાસાહેબ ઉપર કલકત્તાની વાટખરચી સારુ આધાર રાખી બેસવું એ મને ચોખ્ખી બાઘાઈ લાગી. મેં મારા મિત્ર નીલકંઠ ભટજીને કાશી કાગળ લખ્યો. ને તેમાં મારી તમામ હકીકત સમજાવી અને લખ્યું કે, 'મારે તુરત કલકત્તા જવું છે તેટલા સારુ ત્રણ રૂપિયા કોઈ પાસેથી ઉછીના લઈને પણ મોકલો.' તેમણે કાગળ પહોંચતાંવાર મનીઑર્ડરથી પૈસા મોકલ્યા. તેમણે મોકલેલ મનીઑર્ડર મારા ગિદ્ધોર આવ્યા પછી ત્રીજે કે ચોથે દિવસ મળ્યો. પૈસા મેં ત્યાંના ટપાલમાસ્તરને જ સોંપ્યા. માસ્તર નાતે કાયસ્થ અને ઘણો જ મળતાવડા સ્વભાવનો માણસ હતો. આ બે ત્રણ દિવસમાં જ મારે એમની જોડે ખૂબ ઓળખાણ થઈ ગઈ હતી.

હવે રાજાસાહેબ ઉપર આધાર રાખી બેસી રહેવાની મને જરૂર નહોતી. છતાં તેમને મળીને જવું મને યોગ્ય લાગ્યું. બીજે દિવસે સૂતક ઉતાર્યા પછી પોતે મહાદેવનાં દર્શને આવ્યા. ત્યાં મારે તેમની મુલાકાત થઈ.

તેમને ઉદ્દેશીને એક કાગળ સંસ્કૃતમાં લખવા પંડિતજીએ મને કહી રાખ્યું હતું. તે લખીને મેં તૈયાર રાખ્યો હતો અને રાજાસાહેબની મુલાકાત વખતે તે મેં તેમના હાથમાં મૂક્યો. સાંજે રાજાસાહેબ તરફથી જમાદાર મારફત એક રૂપિયો મને વિદાયગીરી દાખલ મળ્યો.


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી રાતની ગાડીએ કલકત્તા જવાનો વિચાર કરી હું ટપાલમાસ્તરને મળવા ગયો. ટપાલઑફિસ સ્ટેશનને રસ્તે હતી. ટપાલમાસ્તર સાથે ઇધરતિધરની વાતો કરતો હું બેઠો. તેમણે મને કહ્યું, 'ઉતાવળ શું કામ કરો છો? રસ્તો તદ્દન સીધો છે. જરા બેસો તો ખરા, જવાય છે.' મેં જવાબ આપ્યો, 'રસ્તો સીધો છે પણ મારે માટે તો અજાણ્યો છે. એટલે અહીંથી દિવસ છતાં નીકળવું એ જ સારું.' આમ છતાં ટપાલમાસ્તરની વાતમાં ને વાતમાં દિવસ આથમ્યો. હવે મને ઉતાવળ થવા લાગી. માસ્તરે મને મારા ત્રણ રૂપિયા આપ્યા. મારે એક રૂપિયાનું પરચૂરણ જોઈતું હતું તે પણ તેમણે આપ્યું. પણ બદલામાં મારી પાસેથી એક રૂપિયો લેવો ભૂલી ગયા; અને ઉતાવળમાં હુંયે તેમને તે આપવો ચૂકી ગયો!

ટપાલમાસ્તર મને વળોટાવવા આવતા હતા, પણ મેં તેમને ન આવવા દીધા. પછી ઑફિસના પટાવાળાને મારી જોડે મોકલવા વિચાર કર્યો પણ તે ક્યાંક ગયો હતો. મને પણ બીજા માણસની જરૂર ન લાગી. રસ્તો મોટો હતો અને સ્ટેશને જનાર કોઈ ને કોઈ રસ્તામાં મળી રહેશે એમ હું માનતો હતો. પોસ્ટ માસ્તરે કહ્યું: 'સીધા ચાલ્યા જજો, ડાબા કે જમણા વળતા જ નહિ, એટલે થયું.' તેમના કહેવા પ્રમાણે મેં સામો જ રસ્તો પકડ્યો. પણ પંદર વીસ મિનિટ ચાલ્યો હોઈશ એટલામાં મેં બે ફાંટા પડતા જોયા. ટપાલ માસ્તરના કહેવાનો પૂરો અર્થ નહિ સમજાયાથી, તેમ ત્યાં કોઈ માણસ પણ ન મળ્યાથી મેં ડાબો ફાંટો મૂકી જમણો લીધો. પણ આઠ વાગ્યા, નવ વાગ્યા છતાં સ્ટેશન આવે નહિ. બે ત્રણ માઈલ પર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવેલ સ્ટેશન બે ત્રણ કલાક ચાલવા છતાં ન આવ્યું એ જોઈ મને બહુ નવાઈ લાગી. રસ્તામાં બંને બાજુએ માથાપૂર ઘાસ ઊગ્યું હતું. તેમાંથી ક્યાંક વાઘ બાઘ નીકળી આવશે તો? એમ પણ ઘડી વાર લાગ્યું! પણ તેથીયે વધુ બીક તો મને આ ભૂખડીબારશ દેશમાં કોઈ લૂંટારુ સામો મળી મારું બધું લૂંટી જવાની લાગી! ઘોર અંધારામાં હું ઝપાટાબંધ ચાલતો હતો. રસ્તો ઊંચોનીચો હોવાથી મને અનેક ઠેશો વાગી, છતાં પાછું પગલું ન ભરતાં મેં ચાલ્યાં કીધું.

અંતે આઘે આઘે આગગાડીના સિગ્નલના દીવા જેવું કંઈક દેખાયું. સિગ્નલના દીવાની માફક તે ઊંચા થાંભલા પર હતો. પણ તે લીલો કે લાલ નહોતો, સફેદ હતો. જો સ્ટેશન નહિ હોય તોપણ આ દીવાની આસપાસ કંઈ ને કંઈ વસ્તી તો હશે જ એ વિચારે મને હિમ્મત આવી. પણ એટલામાં તો બાજુના આડમારગેથી એક માણસ મારી સામે આવી ઊભો. ઘોર અંધારામાં તે છેક મારી લગોલગ આવી ઊભો ત્યાં સુધી મને ખબર ન પડી. તેથી તેને જોતાં જ ચોરના હાથમાં હું સપડાયો એવી મને શંકા થઈ. તેણે કહ્યું, 'મહારાજ, આટલી મોડી રાતે આ રસ્તે ક્યાં જાઓ છો?' મેં જવાબ આપ્યો, 'તમારે તેનું શું કામ?' મારા બોલવાની ઢબ તે સમજી ગયો અને બોલ્યો, 'મહારાજ, હું તો ગરીબ માણસ છું. હું કોઈ ચોર નથી. આ તરફ આટલી મોડી રાતે માણસનો પગરવ માઠો એટલે પૂછ્યું.' મેં મારા ભૂલા પડ્યાની વાત કહી સંભળાવી. વાતો કરતા કરતા અમે બન્ને પેલા દીવા આગળ આવી પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી પેલાએ મને કહ્યું કે, 'ઝાઝા અને ગિદ્ધોર વચ્ચે આ એક નવું સ્ટેશન ઊભું થાય છે. પણ તે હજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તૈયાર નથી થયું. આજે જ સ્ટેશનમાસ્તર અને એક બે સાંધાવાળા આવ્યા છે. અહીં ગાડી ઊભી રહેવાને હજુ ચાર આઠ દિવસ લાગશે એમ કહે છે. તમને રાતનીરાત રહેવા જેટલી જગ્યા મળી રહેશે. હું તમને ગામમાં લઈ જાત પણ ગામ આઘું છે. અને મારા જેવાની સાથે આવતાં કદાચ તમારા મનને શંકા થાય.' સ્ટેશને પહોંચ્યા પછી મેં તે માણસને એક પૈસો આપવા માંડયો. પણ તે ન લેતાં તેણે કહ્યું: 'મહારાજ, તમારો આશીર્વાદ આપો તો બસ. હું ગરીબ છું પણ આપની પાસેથી દ્રવ્ય લેવાની મારી ઇચ્છા નથી.' આમ કહી બે હાથ જોડી તેણે મને નમ્રપણે નમસ્કાર કર્યાં અને અંધારામાં રેલના પાટાની બાજુના તાર ઓળંગી જોતજોતામાં તેની પેલી મેરના અંધારામાં અદૃશ્ય થઈ ગયો.

સ્ટેશન પરના સિપાઈએ મને સૂવા માટે જગ્યા આપી. બીજે દિવસે પરોઢિયે ઊઠીને મેં ઝાઝા સ્ટેશન તરફનો રસ્તો લીધો. રેલને પાટે પાટે જ હું ઝાઝા સુધી ગયો. ગિદ્ધોરના ટપાલમાસ્તરનો એક રૂપિયો ભૂલથી મારી પાસે રહી ગયો હતો તેની મને ખાતરી થઈ. પણ તે વખતે કશું બની શકે એમ ન હતું. ઝાઝાથી કલકત્તા તરફ જનારી ગાડી સવારે આઠ નવ વાગ્યે જતી હતી. હું કલાક દોઢ કલાક વહેલો પહોંચ્યો હતો. હાથ મોઢું ધોઈ થોડું ખાવાનું લઈ ખાધું એટલામાં ગાડી આવી તેમાં બેઠો તે સાંજે સાત કે આઠ વાગ્યે હાવડા સ્ટેશને ઊતર્યો ને હૂગલી નદી ઉપરનો પુલ ઓળંગી કલકત્તા શહેરમાં પહોંચ્યો. પણ મહાબોધી સભાના ઠેકાણાનો પત્તો કેમે કર્યો ન લાગે. એક જણે ટ્રામમાં બેસી અમુક અમુક જગ્યાએ જવું એમ કહ્યું. પણ હું તો જુદે જ ઠેકાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જઈ પહોંચ્યો અને ત્યાંથી પાછો ટ્રામમાં બેસી ધરમતલ્લા સ્ટ્રીટ ઉપર આવ્યો. અંતે ખૂબ તપાસ પછી મહાબોધિ સભાનું મકાન (ક્રીક રો નં. ૨) જડયું.

તે દિવસે મિસ આલ્બર્સ નામની એક અમેરિકન બાઈને મહાબોધિ સભા તરફથી મિજબાની હતી. બધા જમી ઊઠયા ને હું સભાગૃહમાં પહોંચ્યો. તે વખતે મહાબોધિ સભાના મકાનમાં અઘોરીચંદ્ર ચતરજી નામના એક ગૃહસ્થ રહેતા હતા. તેઓ કલકત્તાની હાઈકોર્ટમાં કલાર્ક હતા. પણ ધર્મપાલની સાથે તેમને ઓળખાણ હોવાથી ધર્મપાલે તેમને સભાના મકાનમાં રહેવાની પરવાનગી આપેલી. તેમણે મને સારો આવકાર આપ્યો. મારે માટે પોતાની બાજુની એક ઓરડીમાં જગ્યા કરી આપી. મિજબાનીમાંથી વધી પડેલાં રસગુલ્લાં * અને થોડી પૂરીઓ મને ખાવા આપી. રસગુલ્લાંનો આકાર ઈંડાના જેવો અને રંગ પણ સફેદ હોય છે, તેથી મને શંકા થઈ. પણ અઘોરીબાબુએ તે એકલા દૂધમાંથી બને છે એવી ખાતરી આપી. 'પેલી અમેરિકન બાઈની પંક્તિમાં બેસીને અમે ખાધું તેથી તમને કદાચ શંકા થઈ હોય, તો તે બાઈ પોતે શાકાહારી છે અને આ મિજબાનીમાં અમે-બધા હિન્દુ ઢએ કેળનાં પાન ઉપર પાટલે બેસીને જમ્યા છીએ; એ તો આ પાતળો પડી છે તે ઉપરથી જ તમે જોઈ શકશો.' આટલું થયા બાદ બાબુના આગ્રહને વશ થઈ મેં તેમણે આપેલ વસ્તુઓ ખાધી. પછી તેમણે 'ઇન્ડિયન મિરર'ના માજી સંપાદક બાબુ નરેન્દ્રનાથ સેનની જોડે મને ઓળખાણ કરાવી.

---

* ગુલાબજાંબુને મળતી બંગાળની એક સુપ્રસિદ્ધ મીઠાઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નરેન્દ્રબાબુએ મને કહ્યું: 'તમારે સિલોન જવું હોય તો તે બાબતનું સર્ટિફિકેટ તમારે બતાવવું પડશે. એ સિવાય અમે તમને કંઈ મદદ નહિ કરીએ.'

બીજે દિવસ સા પહેલાં તો એક રૂપિયાની ટપાલની ટિકિટો લાવી તે સાદા કવરમાં બીડી મેં ગિદ્ધોરના ટપાલ માસ્તરને મોકલી અને પછી સિલોનની મુસાફરીના વિચારમાં પડ્યો. અઘોરીબાબુના કહેવા પ્રમાણે તુતિકોરીન સુધી રેલ-રસ્તે જઈ ત્યાંથી આગબોટમાં સિલોન જવું એમ નક્કી થયું. પણ ભાડાના પૈસાની જોગવાઈ શી કરવી? તે વખતે મહાબોધિ સભાનો કારભાર શ્રી. ચારુચંદ્ર બસુ નામના બંગાળી ગૃહસ્થના હાથમાં હતો. તેમના હાથ નીચે બીજા એક કિષ્ટોબાબુ (ગોવામાં જેમ કૃષ્ણનો અપભ્રંશ કુષ્ટ થયેલ છે તેમ બંગાળમાં કિષ્ટો થયો છે.) નામના ગૃહસ્થ હતા. ચારુબાબુએ મારા કહેવા પરથી ગયાવાળા ભિક્ષુને કાગળ લખ્યો કે, 'તમે મોકલેલ માણસ અહીં આવી પહોંચ્યો છે, પણ તેને આગળ સિલોન મોકલવાની ગોઠવણ કઈ રીતે કરવી?' ભિક્ષુનો જવાબ આવતાં સુધી ચારુબાબુએ મારા જમવાની સગવડ મહાબોધિ સભા તરફથી કરી. સભાના મકાનમાં પદ્દો (પદ્મનો અપભ્રંશ) નામે એક નોકર હતો. તે જ્યારે ધર્મપાલ કલકત્તામાં હોય ત્યારે તેમની રસોઈ અને એવું બીજું કામ કરતો, ને ધર્મપાલ ન હોય ત્યારે સભાનું મકાન વાળવા ઝાડવાનું, કાગળો ટપાલમાં નાંખવાનું અને એવું બીજું પરચૂરણ કામ કરતો. ચારુબાબુએ તેની જ મારફત મારા જમવાની સગવડ કરાવી. તે દિવસે અઘોરીબાબુ આઠ દિવસની રજા લઈ કાંઈ કામસર પોતાને ગામ ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાંચ છ દિવસે ગયાના ભિક્ષુનો જવાબ આવ્યો. તેમાં તેણે ચારુબાબુ પર ખૂબ રોષ ઠલવ્યો હતો. તેણે લખ્યું હતું કે ધર્મપાલ તરફથી પોતાની જ ખરચી તેને વખતસર નથી મળતી ને જેતું તેનું કરજ કાઢી ચલાવવું પડે છે. ત્યાં વળી આવા વિદ્યાર્થીને સિલોન મોકલવામાં પોતે શી મદદ કરી શકે? ચારુબાબુએ મને કહ્યું: 'ગયાવાળા ભિક્ષુ તમને મદદ કરવા માગતા નથી. અહીં અમારી પાસે પણ કંઈ ઝાઝું ફંડ નથી. અમે તમને ત્રણ રૂપિયા આપીશું; એટલામાંથી જે કંઈ બની શકે તે કરો.' ત્રણ રૂપિયામાં જગન્નાથપુરી સુધી જઈ શકાય એમ હતું. ત્યાંથી ભિક્ષા માગતાં માગતાં મદ્રાસ સુધી જવું, અને ત્યાંની મહાબોધિ સભા મદદ કરે તો રેલમાં અને નહિ તો પગરસ્તે તુતિકોરીન પહોંચવું, અને આગબોટના ભાડા પૂરતા પૈસા કોઈ ને કોઈ રીતે મેળવી સિલોન જવું એવો વિચાર કર્યો. ચારુબાબુને આ વાત ગમી અને તેમણે મદ્રાસની મહાબોધિ સભાના મંત્રી એમ. સિંગારવેલૂ ઉપર અને ધર્મપાલ ઉપર એમ બે કાગળ મને લખી આપ્યા. મારો કોટ વગેરે સામાન મેં પદ્દાંને દઈ દીધો. ફક્ત એક લોટો, બે ધોતિયાં, બે બંડી, એક ધાબળો અને ફેંટો એટલો સામાન સાથે રાખ્યો. પુસ્તકો ચારુબાબુને સોંપ્યાં અને કહ્યું કે, 'હું ખેમકુશળ સિલોન પહોંચું તો પુસ્તકો ટપાલમાં મોકલી દેજો; નહિ તો પછી મહાબોધિ સભાના વાચનાલયમાં દાખલ કરી દેજો.' ચારુબાબુ સભાના મકાનમાં સાંજના છથી આઠ વાગ્યા સુધી રહેતા. પછી પોતાને ઘેર જતા. જગન્નાથપુરીની ગાડી સવારે સાત કે આઠ વાગ્યે ઊપડતી તેથી આગલી સાંજે જ મેં ચારુબાબુની વિદાય લીધી. તેમણે મને હાવડા સ્ટેશન સુધી પહોંચાડી આવવા પદ્દાંને હુકમ કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ બધું નક્કી કરી ચારુબાબુ ઘેર ગયા પછી અઘોરી-બાબુ ગામથી પાછા આવ્યા. મારું સિલોન જવાનું શું થયું એમ પૂછતાં મેં તેમને અત્યાર સુધીની બધી હકીકત કહી સંભળાવી. એ સાંભળ્યા પછી તેમણે કહ્યું, 'આવા ઉનાળાના દિવસમાં મદ્રાસ સુધી પગરસ્તે જવા નીકળવું એ નરી બાઘ્રાઈ છે. ચારુબાબુ જેવાએ આવા વિચારમાં તમને કઈ રીતે અનુમતિ આપી એ જ નવાઈની વાત છે. કલકત્તા જેવા આવડા ધનવાન શહેરમાં તમારા જેવા વિદ્યાર્થીને મદ્રાસ પહોંચવા જેટલા પૈસા ન મળે એ તો ભારે શરમની વાત કહેવાય!' તે વખતે નરેન્દ્રનાથ સેન સભાગૃહમાં મિસ આલ્બર્સ સાથે વાતો કરતા બેઠા હતા. અઘોરીબાબુએ તેમને મારી બધી હકીકત સમજાવી. કલકત્તાથી મદ્રાસ જવાના લગભગ દસ રૂપિયા થાય એમ અઘોરીબાબુનું માનવું હતું. નરેન્દ્રબાબુએ જ્યારે મદ્રાસ જવાનું કેટલું ખર્ચ થાય એમ તેમને પૂછયું ત્યારે તેમણે કહ્યું, 'લગભગ દશેક રૂપિયા થાય; એમાંથી ત્રણ રૂપિયા તો મહાબોધિ સભા તરફથી તેને મળ્યા છે. બાકી ફક્ત સાત રૂપિયા ખૂટે છે.' નરેન્દ્રબાબુ કહે, 'એમ જ હોય તો સાત રૂપિયા હું આપું છું. માત્ર સ્ટેશને જઈ તમારે જાતે ટિકિટ કઢાવી તેને ગાડીમાં બેસાડવાનું માથે લેવું જોઈએ.' અઘોરી-બાબુએ જવાબ આપ્યો, 'કાલે હું સ્ટેશને જઈ મદ્રાસનું કેટલું ભાડું પડે છે તેની ચોક્કસ તપાસ કરી આવીશ ને પછી નક્કી રકમ હું તમને જણાવીશ.'

બીજે દિવસે ઑફિસથી વળતાં અઘોરીબાબુ બધી ખબર કાઢી આવ્યા. મદ્રાસનું ભાડું તેર રૂપિયા અને અમુક આના હતું; અને ઠેઠ કોલંબો સુધીનું બાવીસ રૂપિયામાં અમુક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આના ઓછું થતું હતું. આથી અઘોરીબાબુએ મને કહ્યું, ‘નરેન્દ્રબાબુ સાત રૂપિયા આપે તોપણ મદ્રાસ જવા માટે બીજા ત્રણ ચાર રૂપિયા તો જોઈએ જ. તે કરતાં અહીં જ પચીસ રૂપિયા ભેગા કર્યા હોય તો તમે સીધા કોલંબો જઈ શકો. અહીંના બીજા કેટલાક પૈસાદાર ગૃહસ્થો મહાબોધિ સભાના સભાસદ છે તેમને મળી જોઈએ. તેમના તરફથી જો મદદ ન મળી તો છેવટ હું તમને મારા ઓળખીતા કેટલાક ગૃહસ્થો પાસે લઈ જઈશ. તેઓ તમને જરૂર મદદ કરશે. પણ ફરી પાછો મદ્રાસમાં યાચના કરવાનો વખત ન આવે અને તમે કોલંબો પહોંચો એ જ ઉત્તમ રસ્તો છે.’ આ પછી અઘોરીબાબુએ પોતાની સહીથી અંગ્રેજીમાં એક વિનંતીપત્ર ઘડી કાઢયું. તેમાં તેમણે મારે કોલંબો જવા સારુ કુલ ૨૫ રૂપિયાની જરૂર છે એવી મતલબનું લખ્યું હતું. નીચે મહાબોધિ સભા તરફથી ત્રણ રૂપિયા મળ્યા છે એમ જણાવ્યું હતું, અને નરેન્દ્રનાથ સેનના નામ આગળ સાત રૂપિયાનો આંકડો ભર્યો હતો. આ વિનંતિપત્ર લઈ હું દા. અમૃતલાલ સરકાર પાસે ગયો. તેમણે બે રૂપિયા ભરી તે જ વખતે તે રોકડા આપ્યા. બીજા બે સિલોનના વેપારી જે મહાબોધિ સભાના મકાનમાં રહેતા હતા તેમણે એક રૂપિયો આપ્યો. નીલકમલ મુકરજી કરીને એક ગૃહસ્થ મહાબોધિ સભાના ખજાનચી હતા, તેમને ઘેર પદ્દોની સાથે ગયો. તેમણે તરત જ બાર રૂપિયાનો આંકડો ભર્યો, પણ રૂપિયા મને ન આપતાં બીજે દિવસે સાંજે પોતાના કારકુનની સાથે મહાબોધિ સભામાં મોકલ્યા. આથી કલકત્તા છોડવામાં મને એક દિવસ મોડું થયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પચીસ રૂપિયા એકઠા થયા પછી અઘોરીબાબુએ મારે સારુ રસ્તામાં ભાતા માટે એક બિસ્કિટનો ડબો આણ્યો. મહાબોધિ સભાના પુસ્તકાલયમાં રાખેલ મારાં પુસ્તકો તથા આ ડબો સાથે બાંધી એક પોટકું તૈયાર કર્યું. ઉપરાંત, ચારુબાબુ પાસેથી એક ધર્મપાલ ઉપર અને બીજો મદ્રાસના એમ. સિંગારવેલૂ ઉપર એમ બે કાગળો લખાવી લીધા. મદ્રાસ ઊતરવાનું કંઈ નક્કી નહોતું, છતાં કાગળ સાથે હોય તો સારું એટલા ખાતર ચારુબાબુએ અગાઉ લખી આપેલ કાગળ તેમને પાછો આપી નવો કાગળ લખાવી લીધો. આ કાગળમાં પૈસાની વાત ન લખી. જરૂર પડે તો રસ્તાની અડચણો વગેરેની માહિતી આપીને મદદ કરવી એમ લખ્યું હતું. આ ઉપરાંત અઘોરીબાબુએ પણ ધર્મપાલ ઉપર એક જુદો કાગળ આપ્યો. બીજે દિવસે એટલે તારીખ ૧૫મી માર્ચ ૧૯૦૨ને રોજ અઘોરીબાબુની સાથે હું હાવડા સ્ટેશને આવ્યો. અઘોરીબાબુએ ઠેઠ કોલંબોની ટિકિટ કઢાવી આપી અને મને ગાડીમાં બેસાડી પોતે પાછા ગયા.

રવિવાર તા. ૧૬મી માર્ચ ૧૯૦૨ને રોજ અગિયાર બારને સુમારે હું મદ્રાસ પહોંચ્યો. અહીં પહોંચ્યા પહેલાં જ, તુતિકોરીનમાં કલકત્તેથી આવનાર ઉતારુઓને ક્વૉરેન્ટીનમાં રાખે છે, એવી ખબર ગાડીમાંના એક ઉતારુએ મને કહી હતી. મારી પાસે ફક્ત દોઢ રૂપિયો જ બાકી હતો તેમાં જો દસ દિવસ ક્વૉરેન્ટીનમાં રહેવું પડ્યું તો ભૂખે મરવા વખત આવવાનો એમ મને લાગ્યું. આથી મેં એવો વિચાર કર્યો કે, સીધા મદ્રાસ વટાવી જવાને બદલે મદ્રાસમાં એક દિવસ ઊતરી પડવું અને એમ સિંગારવેલૂને મળી ક્વૉરેન્ટીનમાંથી બચવાનો કંઈ રસ્તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય તો જોવું. આ કારણથી હું મદ્રાસ ઊતર્યો, અને મહામહેનતે સિંગારવેલૂનું ઘર શોધી કાઢ્યું. તેમણે મારી જોડેનો કાગળ વાંચી મારો ઠીક સત્કાર કર્યો. સ્નાન વગેરે આટોપી તેમને ઘેર જમ્યો; પણ અમારું બધું કામ હાથના ઇશારાઓથી ચાલતું હતું. કારણ મને અંગ્રેજી ન આવડે અને સિંગારવેલૂને હિન્દી નહોતું આવડતું. મારા જમી લીધા પછી થોડી વારે તેમનો ભાઈ કંઈ કામે ગયો હતો તે ઘેર આવ્યો. તેને હિંદી બોલતાં આવડતું હતું. તેણે સિંગારવેલૂને મારું કહેવું સમજાવ્યું. એક તો મારે ક્વૉરૅન્ટીનમાં પડ્યા સિવાય સિલોન પહોંચવું હતું. અને જો ક્વૉરૅન્ટીનમાં રોકાણ થવા વખત આવે જ તો મારે તેટલા દિવસની ખરચીની જોગવાઈ કરવી જોઈએ. તુતિકોરીનમાં મુદલિયાર કરીને સિંગારવેલૂના એક મિત્ર તે વખતે હેલ્થઑફિસર હતા. તેમની ઉપર ક્વૉરૅન્ટીનમાંથી મને જલદી છૂટો કરવા બાબત તેમણે કાગળ લખી આપ્યો. અને પોતાના ભાઈ દ્વારા મને સમજાવ્યું કે, તેમ છતાં જો કદાચ ક્વૉરૅન્ટીનમાં રહેવાનો પ્રસંગ આવ્યો જ તો તુતિકોરીનથી મારે તાર કરવો, એટલે મારા ખાધાખરચ જેટલા પૈસા પોતે મોકલી આપશે.

સાંજે પાંચ છ વાગ્યે તુતિકોરીન મેલ ઊપડતી. પણ મારી ટિકિટ તો ઉતારુ-ગાડીની હતી. છતાં લાંબી મુસાફરીવાળા મેલમાં મુસાફરી કરી શકે એવો એક કાયદો હોય છે, એમ સિંગારવેલૂના ભાઈને ખબર હતી. તેથી તેણે મને કહ્યું: 'તમને મેલમાં જવું વધુ અનુકૂળ થશે. હું હાલને હાલ સ્ટેશને જઈ તપાસ કરું છું અને તમારાથી મેલમાં જઈ શકાય તો આજની જ ગાડીમાં જાઓ.' અમે બંને એક ટાંગો ભાડે કરી ચાર વાગ્યાને સુમારે સ્ટેશને ગયા. મેલને ઘણી વાર હતી. સિંગારવેલૂનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાઈએ ખૂબ મહેનત કરી શોધી કાઢયું કે, કલકત્તાથી સીધી કોલંબોની ટિકિટ કઢાવી હોય તો ગમે તે ટ્રેનમાં મુસાફરી કરી શકાય છે. એ પ્રમાણે મને મેલમાં બેસાડી પોતાના એક ઓળખીતા ગૃહસ્થને મારી સંભાળ લેવાનું કહી મારી રજા લીધી, અને મેં તેમનો ખૂબ ઉપકાર માન્યો.

ગાડી સો સવાસો માઈલ નહિ ગઈ હોય એટલામાં મારી પાછળ ટિકિટકલેકટરનો તગાદો થવા લાગ્યો. એકાદો ટિકિટકલેકટર આવે, મારી ટિકિટ જુએ, અને મને નીચે ઊતરવા કહે. પછી મને તામિલ કે અંગ્રેજીમાં થોડા સવાલો પૂછે, અને મને આ બેઉ ભાષાનો એક શબ્દ પણ સમજાતો નથી એમ જુએ એટલે ગાડી ઊપડવા વખતે 'પો, પો, પો,' ('પો'નો અર્થ તામિલ ભાષામાં 'જા.'. પણ આ અર્થ મને તે વખતે નહોતો આવડતો.) એમ કહે ને છોડી દે. પરંતુ આ 'પો' 'પો'નો અર્થ શો હશે તે ન સમજાવાથી પહેલાં પહેલાં તો હું આશ્ચર્યચકિત ચહેરે ઊભો થઈ રહેતો! એક જગ્યાએ તો સ્ટેશનમાસ્તરે કે એવા કોઈ અમલદારે મને 'પો' 'પો' કરતાં ગાડીના ડબ્બા સુધી ખેંચી આણી ડબ્બાનું બારણું ઉઘાડી અંદર પણ ધકેલ્યો અને બારણું બંધ કર્યું; એટલામાં ગાડી ઊપડી. બીજે દવસે સવારે મારા હાથમાંથી ટિકિટ લઈ લેવામાં આવી તે ઠેઠ તુતિકોરીન ઊતર્યો ત્યારે મળી. ત્યાંના ટિકિટકલેકટરે મારી પાસે બે અઢી રૂપિયા વધારે માગવા માંડ્યા. પણ મને તેની ભાષા ન સમજાય અને તેને મારી ભાષા ન સમજાય. છેવટે ત્યાં એક તાંજોર તરફનો કોઈ દેશસ્થ બ્રાહ્મણ મળ્યો. તેને ભાગ્યુંતૂટયું મરાઠી બોલતાં આવડતું હતું. મેં તેને બનેલી હકીકત કહી. મદ્રાસમાં ખુદ સ્ટેશનમાસ્તરે આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાડીમાં બેસવા રજા આપેલી છતાં આ માણુસ મારી પાસેથી શેના વધુ પૈસા માગે છે, એમ મેં તેને પૂછ્યું. તેણે રેલવેનો નિયમ બતાવી ટિકિટકલેકટરને સમજાવ્યો. અને મને કહ્યું કે, 'આ લોકોને રેલવેના નિયમોની પણ પૂરી ખબર નથી હોતી. સારું થયું કે હું આવી ચડ્યો, નહિ તો તમને નાહક ત્રાસ થાત!' આમ અંતે સ્ટેશનવાળાઓના હાથથી તો છૂટ્યો પણ હજુ બહાર નીકળું છું ત્યાં જ હેલ્થઓફિસર દા. મુદલિયારે મને રોક્યો. તુતિકોરીનમાં હું ક્યાં રહેવાનો છું વગેરે પૂછ-તપાસ તેમણે કરી. પણ હું ક્યાં રહીશ એની મને પોતાને જ ખબર નહોતી ત્યાં એને હું શો જવાબ દઉં? મેં તો તેમને સિંગારવેલૂનો કાગળ આપ્યો. તે ઉપરથી તેમને મારી બધી હકીકત સમજાઈ હોય એમ લાગ્યું. તેમણે પોતાના કારકુન સાથે મને એક વીશીમાં મોકલ્યો; અને 'બનતા લગી કાલે જ તમને અહીંથી છૂટા કરીશ,' એમ પોતાના કારકુન (એને હિન્દી આવડતું હતું.) મારફત કહ્યું.

દા. મુદલિયારની નિમણૂક મદ્રાસ સરકાર તરફથી થઈ હતી. પણ સિલોન જવા સારુ પરવાના આપવાનું તેમના હાથમાં નહોતું. સિલોન સરકાર તરફથી એક યુરેઝિયન દાક્તર તુતિકોરીનમાં મૂકવામાં આવ્યો હતો. અને તે દા. મુદલિયાર જેમને રજા આપે તેમને તપાસીને પરવાના આપતો. બીજે દિવસે હું દા. મુદલિયારના કારકુનને મળ્યો અને પરવાનાની વાત પૂછી. પણ તે મારી પાસે આઠ આના 'બક્ષિસ' માગવા લાગ્યો. હું તો એક આનો પણ આવી લાંચ આપવા રાજી નહોતો; તેથી તે દિવસ મારે તુતિકોરીનમાં જ કાઢવો પડ્યો. બીજે દિવસે હું ફરીથી દા. મુદલિયારને મળ્યો. મને જોઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમને બહુ નવાઇ લાગી. અંગ્રેજીમાં તેઓ શું બોલ્યા તે મને સમજાયું નહિ. તેમનો કારકુન મારી પાસે આઠ આના માગે છે અને તે લીધા સિવાય મને જવા દેતો નથી એમ મેં તેમને હિન્દીમાં કહ્યું. જેમ તેમ કરીને 'એટ આનાઝ' એટલા અંગ્રેજી શબ્દો પણ મેં ઉચ્ચાર્યા. તેમને મારા કહેવાની મતલબ સમજાઈ અને બીજા એક કારકુનને મારો બંદોબસ્ત કરવા કહ્યું. પણ તે દિવસ પરવાનો મળવો અશકય હતો. છેવટે તારીખ ૨૦મી માર્ચ ૧૯૦૨ને રોજ મને પરવાનો મળ્યો. અને તે જ દિવસે સાંજે હું કોલંબો જવા નીકળ્યો. આગબોટમાં તામિલ મજૂરોની ભારે ભીડ હતી. પણ દરિયો શાંત હોવાથી અને હું રાતનો ભૂખ્યો હોવાથી મને ઝાઝો ત્રાસ થયો નહિ. બીજે દિવસે સવારે દસ વાગ્યાને સુમારે મછવામાં થઈને અમને ઉતારુઓને કોલંબો બંદરે ઉતારવામાં આવ્યા.

કોલંબોમાં ઊતરી ધર્મપાલના કાગળ ઉપરનું સરનામું બતાવતો બતાવતો ખૂબ ગલીઓ ફર્યો. એક બે વખત ટ્રામમાં બેઠો. અંતે ધર્મપાલના ઘરનો પત્તો લાગ્યો. તે વખતે ધર્મપાલ પોતાના પિતાને ઘેર રહેતા નહોતા. પિતાની દુકાન નજીક એક ઓરડીમાં રહેતા હતા. શિરોવેદનાથી તે બેજાર હતા. તેમને મળી મેં ચારુબાબુ તેમ જ અઘોરીબાબુના બંને કાગળો આપ્યા અને હિન્દીમાં મારું સિલોન આવવાનું પ્રયોજન ટૂંકમાં જણાવ્યું. પણ મોઢે કહેવા કરતાં કાગળનાં લખાણ ઉપરથી જ મારા આવવાના પ્રયોજનની તેમને વધુ ખબર પડી હશે. તેમણે ઇશારાથી મને સ્નાન વગેરે આટોપવા કહ્યું. તેમના નોકરની સાથે પણ મારે બધું ઇશારેથી જ કામ ચાલતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મપાલના નોકરે મારે સારુ પાંઉરોટી અને એક તાજો જ ઉઘાડેલ વિલાયતી માખણનો ડબ્બો ટેબલ ઉપર મૂક્યો. બપોરના બે વાગી ગયા હોવાથી તે વખતે બીજું કશું મળી શકે એમ નહોતું. પાંઉ તો હું જાણતો હતો પણ માખણનો ડબ્બો અને અંદરનું પીળા રંગનું માખણ મેં અગાઉ કદી જોયું નહોતું. મને લાગ્યું કે આ કોઈ જાતની વિલાયતી મીઠાઈ હશે. મેં લગભગ અર્ધો ડબ્બો ખલાસ કર્યો. ધર્મપાલના નોકરને મારા અનાડીપણાનું ભારે આશ્ચર્ય લાગ્યું હોવું જોઈએ. પણ તેણે કોઈ રીતે મારું અપમાન ન કર્યું. માત્ર સાંજે ફરી પાંઉ મૂકતી વેળાએ તેણે એક કાચના સુંદર વાસણમાં થોડું માખણ જુદું મૂકી મને પીરસ્યું. ત્યારે મને મારા અજ્ઞાનની ખબર પડી. આ કોઈ મીઠાઈ જેવી ખાવાની ચીજ નથી પણ તેનો ઉપયોગ ઘીની જગાએ થતો હશે એમ મેં અનુમાન કર્યું. અને પેલા નોકરને આ પદાર્થનો પાંઉ ઉપર કઈ રીતે ઉપયોગ કરવો એ ઇશારે પૂછ્યું. તેણે બે ચમચા માખણ લઈ છરીથી પાંઉના બધા કકડાઓ ઉપર ચોપડી બતાવ્યું. તે દિવસથી પાંઉ અને માખણ એ બેનું પ્રમાણ કેટલું જોઈએ તેની મને ખબર પડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

१२

# વિદ્યોદય વિદ્યાલય

ઈ. સ. ૧૫૦૫માં જ્યારે પોર્ટુગીઝ સરદાર ફ્રાન્સિસ્કો ધી આલ્મેડ સિલોનને કિનારે ઊતર્યો, ત્યારે તે બેટની રાજસત્તા સાત જુદાં જુદાં રાજ્યોમાં વહેંચાયેલી હતી. સને ૧૫૧૭માં ગોવાના ગવર્નર જનરલે કોટ્ટાના રાજાની પરવાનગીથી કોલંબોમાં એક કિલ્લો બાંધ્યો. ત્યારથી પોર્ટુગીઝ લોકોએ ધીરે ધીરે પગપેસારો કરી પચીસ ત્રીસ વર્ષમાં સમુદ્રકિનારાનો પ્રદેશ પોતાના તાબામાં કરી લીધો. પોર્ટુગીઝો મુસલમાનોની પેઠે ધર્મઘેલા હતા એ તો સહુ કોઈ જાણે છે. તેમણે પોતાની રાજ્યસત્તા કાયમ કરવાની પેરવીમાં ન પડતાં નરમાશથી તેમ જ જોરજુલમથી બન્ને માર્ગે પોતાના તાબાના મુલકમાં રોમન કૅથલિક ધર્મનો પ્રચાર કરવાનો સપાટો ચલાવ્યો. સિલોનમાં તેમની હકૂમત નીચેના પ્રદેશમાં તેમણે એવો કાયદો કર્યો હતો કે, જેનાં લગ્ન કૅથલિક ધર્મવિધિ પ્રમાણે ન થયાં હોય તેની સંતતિને કાયદેસર વારસ તરીકે સ્વીકારવામાં નહિ આવે. સિલોનના બૌદ્ધ લોકોમાં જાતિભેદની માન્યતા હિન્દુઓના જેટલી દૃઢ ન હોવાથી આ કાયદાનું પરિણામ એવું આવ્યું કે, પોતાનાં છોકરાં વારસાના હકમાંથી બાતલ ન થાય એટલા સારુ લોકો રોમન કૅથલિક પાદરી મારફત પોતાની લગ્નવિધિ કરાવતા અને પોતાનાં લગ્ન ખ્રિસ્તી દેવળના રજિસ્ટરમાં નોંધાવતા. આમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આસપાસના મુલકમાં રોમન કેથલિક પંથનાં મૂળ જો કે ઊંડાં તો ન ગયાં, છતાં કોલંબો જેવા પોર્ટુગીઝ વસ્તીના શહેરમાં બૌદ્ધ ભિક્ષુનાં દર્શન પણ થવાં દુર્લભ થઈ પડયાં.

પોર્ટુગીઝ કારકિર્દી દરમ્યાન સિલોનમાં રોમન કેથલિક ધર્મનો પ્રચાર કરવાની સેંટ ફ્રાન્સિસ્ક ઝેવિયરની પછી જેણે તનતોડ મહેનત કરી હતી તે ફાધર જુઝે વાઝ, હું જે ગામમાં જન્મ્યો હતો, તે જ ગામમાં જન્મ્યા હતા. ગોવામાં રોમન કેથલિક ધર્મનો સરસ અભ્યાસ કરી ધર્મપ્રચાર માટે તે સિલોન ગયા. પણ જે ધર્મનો નાશ કરવા તેમણે આટલી મહેનત કરી મહાન સંકટો વેઠ્યાં, તે જ ધર્મનો અભ્યાસ કરવા માટે વીસમી સદીના આરંભમાં તેના જ ગામનો એક તરુણ યુવક અત્યંત દુ:ખ સહન કરી સિલોન આવશે, એવો તે વખતે તેમને સ્વપ્નેય ખ્યાલ હશે ખરો? પણ કાળચક્રની ગતિ બહુ ગહન છે. સેંટ ઝેવિયર અને ફાધર જુઝે વાઝ જેવા મહાન પુરુષોએ જે ધર્મનો ઉચ્છેદ કરવા આવડા પ્રયાસ કર્યા તે જ ધર્મને અનુસરનારા શ્રદ્ધાળુ લોકો ખુદ યુરોપમાં પાકવા લાગ્યા છે; અને જે ધર્મના પ્રચાર માટે ઉપર જણાવેલા સાધુપુરુષોએ જીવતર સોંઘાં કર્યાં તે ધર્મ ઇટાલી જેવા તેના માવતરમાં પણ આજે લોપ પામતો જાય છે! આજે ફ્રાન્સ અને પોર્ટુગલમાં રોમન કેથલિક પંથનો કેટલો ભાવ પુછાય છે, એ કહેવાની પણ અહીં જરૂર છે શું?

ઈ. સ. ૧૬૫૮માં સિલોનમાં પોર્ટુગીઝ લોકોના તાબાનો તમામ દેશ વલંદા લોકોના હાથમાં આવ્યો. વલંદાઓ પોર્ટુગીઝો જેવા ધર્મઘેલા નહોતા. તેઓ તો કાંડીના સિંહલ રાજા સાથે તેમ જ બીજા સરદારો સાથે સુલેહ કરી વેપાર


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વધારવાની પેરવીમાં જ ગૂંથાયા. તેમના તરફથી કોઈ પણ ખ્રિસ્તી પંથને ઉત્તેજન ન મળ્યું; તથાપિ કોલંબો જેવા સ્થળમાં રોમન કૅથલિકોનું થાણું કાયમ રહ્યું. ઈ. સ. ૧૭૯૫ના વર્ષમાં વલંદા અને અંગ્રેજો વચ્ચે યુરોપમાં અણબનાવ થયો. એને પરિણામે અંગ્રેજોએ સિલોનમાંના વલંદાઓના મુલક ઉપર ચઢાઈ કરી. તે બધો મુલક ઈ. સ. ૧૭૯૬માં કબજે કર્યો. પાછળથી કાંડીના શ્રીવિક્રમરાજસિંહ અને અંગ્રેજો વચ્ચે કડવાશ થઈ. ૧૮૦૩ની સાલમાં અંગ્રેજોએ કાંડી ઉપર ચઢાઈ કરી. પણ ડુંગરાળ મુલકમાંથી પસાર થવું પડ્યાથી તેમના લશ્કરની ભારે ખુવારી થઈ અને ચઢાઈમાં જીત ન થઈ. સને ૧૮૧૫માં વિક્રમરાજસિંહને તેના એક પ્રધાન જોડે કજિયો થયો. વિક્રમરાજે તેને કાંઈ કામસર બીજે મોકલી તેનાં બાયડીછોકરાંને મારી નાખ્યાં. વિક્રમરાજસિંહ છેલ્લા બાજીરાવ જેવો જ મૂર્ખ અને નિર્દય હતો. તોપણ ગાદી ઉપર બેસાડેલો તેથી પ્રજાએ તેનાં અનેક દુષ્કર્મો સહન કર્યાં. પણ તેના આ છેલ્લા કૃત્યથી તેના બધા સામંતો ખૂબ ગુસ્સે થયા. તેમણે એકત્ર થઈને પેલા પ્રધાન મારફત અંગ્રેજોની જોડે છૂપી સંધિ કરી. સને ૧૮૧૫ની સાલમાં અંગ્રેજોને કાંડીમાં નોતરી પોતાના નિર્દય રાજાને પકડીને તેમને હવાલે કર્યો. અંગ્રેજોએ વિક્રમરાજસિંહને મદ્રાસ ઇલાકામાં ક્યાંક મોકલી દીધો અને તેનો તમામ મુલક ખાલસા કર્યો.

આમ વગર મહેનતે આખા સિલોન બેટની રાજ્યસત્તા અંગ્રેજોને મળી ગઈ અને બે હજાર વર્ષથી ચાલી આવતી સિલોનની સિંહલ રાજ્યપરંપરા નાશ પામી. દુઃખમાં સુખ એટલું જ કે, ઈ. સ. ૧૮૧૫ની સાલના માર્ચ મહિનાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજી તારીખે વિક્રમરાજસિંહના સરદારો સાથે અંગ્રેજ સરકારે જે સંધિ કરી તેમાં એક કલમ એવી હતી કે, બૌદ્ધધર્મને અંગ્રેજો તરફથી કશો ધક્કો ન પહોંચવો જોઈએ. આ કલમ વેપારી સ્વભાવના અંગ્રેજોને નડી નહિ. તેમણે બૌદ્ધ વિહારોને અગાઉના રાજાએ આપેલાં ઇનામો કાયમ કર્યાં અને તેના ઓચ્છવો વગેરેમાં કશો અંતરાય નાંખ્યો નહિ. પણ બૌદ્ધધર્મ નાસ્તિક હોવાથી તે નકામો છે, એવો જ ખ્યાલ ઘણાખરા બ્રિટિશ અમલદારોના મગજમાં રહી જવાથી બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવાની ઇચ્છા કોઈને થઈ નહિ.

પણ જ્યોર્જ ટરનર જેવા અંગ્રેજ પંડિતોએ પોતાના દેશવાસીઓનું બૌદ્ધધર્મ વિષેનું અજ્ઞાન લાંબો વખત સુધી ટકવા દીધું નહિ. સિલોનની તમામ રાજ્યસત્તા અંગ્રેજ સરકારના હાથમાં આવી ત્યારથી પચાસ વર્ષની અંદર તો પાલિભાષાના કેટલાય ગ્રંથોનાં અંગ્રેજીમાં ભાષાંતર થયાં. અને તે સાથે જ બૌદ્ધધર્મ નકામો છે એ ખ્યાલ પણ નાબૂદ થતો ગયો. ગૌતમબુદ્ધના ઉપદેશમાં અનેક વસ્તુઓ ગ્રહણ કરવા યોગ્ય છે એમ તે વખતના કેટલાક ઉદાર બ્રિટિશ અમલદારો માનવા લાગ્યા અને તેમણે બૌદ્ધ ગ્રંથોના અભ્યાસને યથાશક્તિ ઉત્તેજન આપ્યું. સર મથુકુમાર સ્વામી, જેમ્સ દા આલ્વિસ, રેવરંડ ગોજર્લે વગેરે પંડિતોએ ઓગણીસમી સદીના પાછલા ભાગમાં અંગ્રેજી ભાષાંતરો દ્વારા બૌદ્ધધર્મની જે બધી માહિતી પ્રસિદ્ધ કરી, તે સિલોનના બ્રિટિશ મુત્સદ્દીઓની ઉદાર નીતિનું જ ફળ માનવું જોઈએ.

આ બધી બાબતોનું બૌદ્ધ લોકો ઉપર સારું પરિણામ આવ્યું. કોલંબો જેવા સ્થળમાં, પોતે બૌદ્ધ છે, એમ કહેવાની

P.P. Ac. Gunratnasurji M.S. Jun Gun Aaradhak Trust

કોઈનામાં હિમ્મત નહોતી ત્યાં હવે બૌદ્ધ વિહાર સ્થપાવા લાગ્યા. વળી જો કે ફેર્નાંદ, સિલ્વા વગેરે પોર્ટુગીઝ નામો કાયમ રહ્યાં, છતાં અનેક કેળવાયેલા આબરૂદાર માણસો પોતે બૌદ્ધ છે એમ છડેચોક કહેવામાં ખંચાતા અટકયા. કોલંબોમાં જે નવા વિહાર સ્થપાયા તે બધામાં માલિગાકંદમાં શ્રી. સુમંગલાચાર્યે સ્થાપન કરેલ વિહાર શ્રેષ્ઠ છે. આને જ લોકો આજે વિદ્યોદય વિદ્યાલય કહે છે. બીજા વિહારોની પેઠે કેવળ બુદ્ધમૂર્તિની તેમ જ જે ઝાડ નીચે બુદ્ધ ભગવાન બેઠા હતા તેની ડાળીનાં બીમાંથી * પીપળાની પૂજા કરવા સારુ અને ગૃહસ્થાશ્રમીઓને આશીર્વાદ દેવા સારુ આ વિદ્યોદય વિદ્યાલયની સ્થાપના નહોતી. અહીં ભિક્ષુઓને અને ગૃહસ્થોને પાલિ તેમ જ સંસ્કૃત ભાષાનું શિક્ષણ અપાય છે. આથી સિલોનમાં આળસુ થઈ પડેલા ભિક્ષુઓમાં જોતજોતામાં જ ધર્મજ્ઞાનનો સારો પ્રચાર થયો છે.

વિદ્યોદય વિદ્યાલયના સંસ્થાપક શ્રી. સુમંગલાચાર્ય ગાલ્લે શહેર આગળના હિક્કડુવે ગામમાં જન્મ્યા હતા. બધાં ભાંડુઓમાં તે શરીરે નિર્બળ હોવાથી તેમના વાલીઓએ તેમને સંસાર-વહેવારની જિંદગીને સારુ અયોગ્ય માની નાની ઉમરમાં જ બૌદ્ધ વિહારમાં મોકલી શ્રામણેરની દીક્ષા અપાવી. તે કાળે જે છોકરાના ભવિષ્ય વિષે બહુ આશા ન લાગે તેવાને તેનાં માબાપ વિહારમાં એકાદ ભિક્ષુને સોંપતાં; ત્યાં તે ભિક્ષુ તરીકે વિહારની ઊપજ ઉપર સુખે જિંદગી ગાળે એવી પ્રથા પડી

* બુદ્ધગયામાંથી પીપળાના ઝાડની ડાળી અશોકપુત્ર મહેન્દ્રે સિલોનમાં અનુરાધપુરમાં રોપી. અને ત્યાં ઊગેલા ઝાડમાંથી નીચે ખરતાં બી લાવીને બૌદ્ધ વિહારોમાં રોપવામાં આવે છે.

ભા. ક.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગઈ હતી ! શ્રી. સુમંગલ આ નિયમને અપવાદરૂપ નીવડ્યા. પોતાની શરીર-સ્થિતિ અત્યંત નાજુક અને વિહારમાં પણ કોઈ વિદ્વાન ભિક્ષુ મળે નહિ, એવી સ્થિતિ છતાં તેમણે નરી આપહિમ્મતથી પાલિ તેમ જ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો. હિન્દુસ્તાનમાંથી કોઈ વિદ્વાન બ્રાહ્મણ આવ્યાના ખબર સાંભળે કે તરત જ તેની પાસે દોડી જાય અને અનેક વિનય-અનુનયથી તેને રીઝવી તેની પાસેની વિદ્યા ગ્રહણ કરવાનો ક્રમ તેમણે રાખ્યો હતો. વિનયપિટક વગેરે પાલિ ગ્રંથોનો તેમણે પોતાની મેળે અભ્યાસ કર્યો. આ ગ્રંથ તેમને એવો તો સરસ આવડતો કે ગમે તે સવાલ તેમને પૂછો, તેનો જવાબ તેમની પાસે તૈયાર જ હોય. હું ત્યાં હતો તે દિવસોમાં એક વખત તેમના એક આગેવાન શિષ્ય અને વિદ્યોદય મહાવિદ્યાલયના આચાર્ય ત્યાં આવ્યા અને તેમણે તેમને વિનયમાંનો એક વિકટ પ્રશ્ન કર્યો. સુમંગલાચાર્યે તત્કાળ તેનો ઉત્તર આપ્યો, અને બાજુના ટેબલ ઉપર પડેલા તાડપત્ર પર લખાયેલ એક મોટા ભારે ગ્રંથ તરફ આંગળી કરી કહ્યું : 'આ પુસ્તકના ફલાણા અક્ષર સુધી (તાડપત્ર-પુસ્તક ઉપર પાનાંનો ક્રમ એક બે એમ આંકડાથી ન લખતાં ક, કા, કિ, કી, એમ બારાખડીના બધા અક્ષરો દ્વારા પાનાંની ગણતરી રાખવાનો તેમનો રિવાજ હતો.)-નાં પાનાં ઉથલાવો.' પેલા શિષ્યે તેટલાં પાનાં ફેરવ્યાં. પછી સુમંગલાચાર્ય બોલ્યા. 'હવે આશરે આટલામી લીટી વાંચો. તેમાં હું કહું છું તે ખુલાસો આપ્યો છે.' વિનયગ્રંથ સાથેનો તેમનો આવડો પરિચય જોઈને હું તો દંગ થઈ ગયો !

વિદ્યોદય વિદ્યાલયની સ્થાપના પછી થોડેક વર્ષે કર્નલ આલ્કોટ અને મેડમ બ્લેવેટ્સ્કી પોતાના થિયોસૉફી પંથનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રચાર કરવા સિલોન આવ્યાં. ત્યાં કર્નલ આલ્કોટે શ્રી. સુમંગલાચાર્ય પાસેથી જાહેરપણે બૌદ્ધધર્મની દીક્ષા લીધી. એટલું જ નહિ, પણ સિંહલી બૌદ્ધોની ઉન્નતિ માટે તેમણે અથાગ મહેનત લેવા માંડી. આજે સિલોનમાં જે સેંકડો પ્રાથમિક કેળવણીની નિશાળો બૌદ્ધ લોકો ચલાવી રહ્યા છે તે કર્નલ આલ્કોટની મહેનતનું ફળ છે. કર્નલ આલ્કોટે સિલોનથી મદ્રાસ આવી ત્યાં જ પોતાનું મુખ્ય મથક કર્યું. સને ૧૮૯૧માં તેમની જ સૂચનાથી ડૉન કૅરોલીસ નામે સિલોનના એક પ્રસિદ્ધ વેપારીના દીકરા શ્રી. ધર્મપાલ હિંદુસ્તાનમાં આવ્યા. અને બુદ્ધગયાના બૌદ્ધ મંદિરની દુર્દશા જોઈને તે સુધારવા માટે તેમણે એક સભા સ્થાપી. કલકત્તામાં જે સભાએ મને આશ્રય આપ્યો હતો તે જ આ મહાબોધિ સભા. આ સભાના પ્રમુખ શ્રી. સુમંગલાચાર્ય હતા અને શ્રી. ધર્મપાલ તેના મંત્રી હતા. મહાબોધિ સભાએ શું કામ કર્યું અને સભાના કામની લોકો ઉપર શી અસર થઈ તે વર્ણવવાનું આ સ્થળ નથી. વિદ્યોદય વિદ્યાલય અને તેના સંસ્થાપકની ઉપર આપેલી હકીકત જ અત્યારે તો વાચકને સારુ પૂરતી છે. હવે હું મુખ્ય વિષય ઉપર આવીશ.

ધર્મપાલ શિરોવ્યાધિથી પીડાતા હતા, એમ આગલા પ્રકરણમાં હું કહી ગયો છું. તેથી મારી સાથે વિદ્યોદય વિદ્યાલયમાં તેમનાથી આવી શકાય તેમ નહોતું. તેમણે અનવ-રત્ન નામના એક જુવાન સાથે મને તે દિવસે સાંજે શ્રી. સુમંગલાચાર્યને મળવા મોકલ્યો. કલકત્તાથી ધર્મપાલ ઉપર મેં આણેલા એ ભલામણપત્રો અનવરત્ને આચાર્યને વાંચી સંભળાવ્યા. પછી આચાર્યે સંસ્કૃત ભાષામાં મને કેટલાક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

केन्द्र, को
गांधीनगर, पिन-382009,

સવાલો પૂછ્યા. મારા જવાબોથી તેમને સંતોષ થયો હોય એમ લાગ્યું. તેમણે તેમના વિહારમાં આવી રહેવા કહ્યું તથા ત્યાં જમવાખાવાની સગવડ પોતે કરી આપશે એવું આશ્વાસન આપ્યું. બીજે દિવસે હું વિદ્યોદય વિદ્યાલયમાં રહેવા ગયો. ત્યાં બૌદ્ધ મંદિરના પાછલા ભાગમાં એક ઓરડી હતી તે દુરસ્ત કરાવી મને રહેવા માટે આપવામાં આવી.

તે દિવસે અમારા આચાર્યના પરિવેણ (રહેવાની જગ્યા)-ની પાછળની ઓશરીમાં મને એક ચિનાઈ રામપાત્રમાં જમવાનું આપવામાં આવ્યું. ઠીકરાના વાસણમાં જમવાનો આ પહેલો જ પ્રસંગ હોવાથી તે ભોજન તરફ જોતાં જ મને કમકમાટી છૂટી. બુદ્ધે રાજગૃહ નગરીમાંથી પહેલે જ દિવસે માગી આણેલું જુદી જુદી જાતનું ભિક્ષાનું અન્ન ખાતી વેળા તેણે પોતાના મનને જે બોધ આપ્યો હતો તે આ વખતે મને યાદ આવ્યો. હું મારા મનને કહેવા લાગ્યો, 'રાજકુળમાં જન્મેલા સિદ્ધાર્થકુમારથી ઢેડભંગીના ઘરનું અન્ન ખાતી વખતે મનનું દમન કરવું બની શક્યું, અને તેના જ ધર્મનો અભ્યાસ કરવા સારુ હું આટલે આવ્યો છું ત્યાં મને આશરો આપનારે પીરસેલા આ અન્નની મને સૂગ આવે એ સારું ન કહેવાય.' આમ ખૂબ આત્મસંયમ કરી મેં તે અન્ન ખાધું. ધીમે ધીમે આવું અન્ન ખાવાનો મને મહાવરો થયો અને બીજી તરફ મારે માટે દિવસ જતે કંઈક વિશેષ કાળજી પણ રખાવા લાગી.

સિંહલી લોકો પણ ગોવાના વતનીઓની માફક જ સવારે ચોખાની ઘેંસ પીએ છે, અને શાકભાજીમાં નાળિયેર ખૂબ વાપરે છે. પણ તેમનામાં એક ખાસ પ્રથા છે તે એ કે, ભાત,

ઘેંસ અને ગળ્યા પદાર્થો સિવાય બાકીની બધી ચીજોમાં તેઓ સુકવણી કરેલ મચ્છીના કટકા નાંખે છે. આને 'અંબલકાડા' કહે છે. ભિક્ષુઓને આપવા સારુ લોકો જે બધું લાવ્યા હોય તેમાંથી દાલ વગેરે માંસમચ્છી વગરની ચીજો મારે માટે જુદી કાઢી રાખવામાં આવતી. પણ આ બધામાં 'અંબલકાડા' તો હોય જ; તેથી તેનું પૃથક્કરણ મારે જાતે પ્રથમ કરવું પડતું અને ત્યાર પછી જ મારાથી ખવાતું. આમ છતાં કોઈવાર ભૂલમાં અંબલકાડાનો એકાદ કટકો મોઢામાં ચાલ્યો જાય અને

सार्द्धं कथंचिदुचितैः पिचुमंदपत्रैरास्यान्तरालगतमाम्रदलं म्रदीयः ।
दासेरकः सपदि संवलितं निषादैर्विप्रं पुरा पतगराडिव निर्जगार ॥*

આ માઘ કવિનો શ્લોક યાદ આવે અને મારે મોઢામાંનો કોળિયો થૂંકી નાંખવો પડે! અંતે એમાં પણ ધીરે ધીરે હું ટેવાયો અને આખો કોળિયો બહાર ન કાઢી નાંખતાં ફક્ત અંબલ-કાડાનો કટકો જ કાઢી નાંખવાની મને ટેવ પડી!

બીજે દિવસે એટલે તા. ૨૩મી માર્ચ ૧૯૦૨ને દિવસે ફાગણ સુદ પૂનમનો ઉપોસથ હતો. ખ્રિસ્તી લોકોમાં જેમ રવિવારનો દિવસ પવિત્ર મનાય છે, અથવા તો હિંદુ લોકોમાં જેમ અગિયારશ પવિત્ર ગણાય છે, તેવી જ રીતે બૌદ્ધ લોકો ઉપોસથના દિવસને પવિત્ર માને છે. બંને પક્ષની આઠમ, વદ ચૌદશ અને પૂનમ, એમ મહિનામાં ચાર ઉપોસથના દિવસો

---

* 'પૂર્વના કાળમાં ગરુડે નિષાદ લોકોનું ભક્ષણ કરવા માંડયું, તેમાં દૈવજોગે એક બ્રાહ્મણ આવી ગયો અને તેથી ગરુડને ખાધેલું ઓકી નાંખવું પડયું! તે જ પ્રમાણે ઊંટ પોતાને પ્રિય એવો લીમડાનો પાલો ખાતો હતો તેમાં ભોગજોગે એક આંબાનું કુમળું પાન આવી ગયું, તેથી તેણે પણ ખાધેલું બધું ઓકી કાઢયું'.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય છે. પણ એ બધામાં પૂનમનું માહાત્મ્ય સૌથી વિશેષ ગણાય છે. આનું કારણ એ જ હશે કે બુદ્ધભગવાન એ જ દિવસે બુદ્ધ થયા, એ જ દિવસે તેમણે કાશીમાં નવા ધર્મનો પહેલવહેલો ઉપદેશ કર્યો અને કુશિનારામાં તેમનું મહાપરિનિર્વાણ (દેહાવસાન) પણ તે જ દિવસે થયું હતું. ગમે તે હો, પણ પૂનમને દિવસે વિહારમાં અનેક બૌદ્ધ ઉપાસકો ભેગા થઈ ધર્મચિંતનમાં વખત ગાળે છે. મને આ બાબતની ખબર નહોતી. મને ઉપર કહેલ દિવસે સવારે એક અરધુંપરધું સંસ્કૃત બોલનાર વિદ્યાર્થી મારફત એવી ખબર મળી કે સિયામના રાજાનો કોઈ ભાઈ ભિક્ષુ હોઈ નજીકના જ એક વિહારમાં રહે છે. તેમને મળવાનું બની શકે કે કેમ એમ પૂછતાં જવાબમાં 'હા' કહી તેણે મને સાંજે ત્યાં લઈ જવા વચન આપ્યું.

સિયામના રાજકુમાર રહેતા હતા તે વિહાર વિદ્યોદય વિદ્યાલયથી બહુ દૂર નહોતો. લગભગ ત્રણ ચાર મિનિટમાં અમે ત્યાં પહોંચી ગયા. પહેલાં તો અમે તે વિહારના મુખ્ય સ્થવિર વાસ્કડુવે સુભૂતિને મળ્યા. પાલિ ભાષાના સમર્થ પંડિત તરીકે તેમની ખ્યાતિ હતી. પણ તેમને સંસ્કૃત બોલતાં નહોતું આવડતું. છતાં હું જે કાંઈ બોલ્યો તે તેમને સમજાયું હશે. છેવટે તેમણે મને સુધારીને છાપેલી 'અભિધાનપ્રદીપિકા'ની એક નકલ આપી અને જ્યાં સિયામના રાજકુમાર રહેતા હતા તે પરિવેણ તરફ અમને મોકલ્યા. રાજકુમાર ભિક્ષુને પાલિ કે સંસ્કૃત એમાંથી એકે ભાષામાં બોલતાં નહોતું આવડતું તેમ સમજતા પણ નહિ. તેમને અંગ્રેજી તેમ જ ફ્રેંચ એ બે ભાષાઓ સરસ આવડતી. સિલોનમાં તેમનો બધો વ્યવહાર અંગ્રેજીમાં ચાલતો. મારી સાથે આવેલા વિદ્યાર્થીને થોડું અંગ્રેજી બોલતાં આવડતું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતું. હું જે કાંઈ સંસ્કૃતમાં બોલું તે એ યથાશક્તિ અંગ્રેજીમાં ભાષાંતર કરી રાજકુમારને સમજાવે અને રાજકુમારના કહેવાનો સાર મને ભાંગ્યાતૂટ્યા સંસ્કૃતમાં કહે. તેણે મને સમજાવ્યું કે રાજકુમાર મને મળીને ખૂબ રાજી થયા છે. પણ સંસ્કૃત ન સમજતા હોવાને લીધે તેમને બહુ દુઃખ થાય છે. આવતા જન્મમાં હિંદુસ્તાનમાં કાશી જેવા સ્થળમાં જન્મ લઈ સંસ્કૃતમાં પ્રવીણતા મેળવી મારી સાથે વાત કરવા પોતે શક્તિવાન થશે એવી તેમને આશા છે.

રાજકુમારની અને મારી વાત પૂરી થઈ તે વખતે સૂર્યાસ્તનો વખત થયો હતો. વિદ્યોદય વિદ્યાલયમાં આવીને જોઉં છું તો ચોમેર લોકોની ભારે ભીડ. મેં પેલા વિદ્યાર્થીને પૂછ્યું, 'આ બધા અહીં કેમ ભેગા થયા છે?' તેણે જવાબ આપ્યો, 'આજે પૂનમનો ઉપોસથ છે. શ્રી. ધર્મપાલનું વ્યાખ્યાન થનાર છે એમ મેં સાંભળ્યું હતું. પણ હવે તો તે પૂરું થઈ ગયું હશે.' વિદ્યોદય વિદ્યાલયની ધર્મશાળા (ધર્મોપદેશ કરવાની જગ્યા)માં હું પેલા વિદ્યાર્થીની સાથે હજુ દાખલ થાઉં છું તેટલામાં તો પેલા લોકોની મારા ઉપર નજર પડી. 'હિન્દુ પંડિત,' 'હિન્દુસ્તાનમાંથી આવેલ બ્રાહ્મણ,' એમ સૌ કોઈ ગણગણવા લાગ્યા. ધર્મપાલે મારી પાસે આવી કહ્યું, 'આ અમારી સભામાં તમે સંસ્કૃતમાં બે બોલ કહો.' તેમનું કહેવું હું બરોબર સમજી ન શક્યો. પણ વિદ્યોદય વિદ્યાલયના બીજા આચાર્ય શ્રી. દેવમિત્ર સ્થવિરે મને બરાબર સમજાવ્યું. મેં કહ્યું કે, 'વ્યાખ્યાન આપવા જેવી મારી તૈયારી નથી.' પણ બધાનો ખૂબ આગ્રહ થવાથી અંતે નિરુપાયે હું તૈયાર થયો. દેવમિત્ર સ્થવિરની સાથે વ્યાસપીઠ ઉપર ઊભા રહી મેં સંસ્કૃતમાં એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નાનું સરખું ભાષણ કર્યું. સ્થવિરે સભાને તેનો અર્થ સિંહલી ભાષામાં કહી સંભળાવ્યો.

મારા કહેવાનો સારાંશ આ પ્રમાણે હતો. 'જે ઝાડ નીચે બુદ્ધભગવાન બેઠા હતા તે ઝાડનો બુદ્ધધર્મનો દ્વેષ કરનાર ત્યાંના રાજા તરફથી નાશ કરવામાં આવ્યો, પણ મહેન્દ્રે (અશોક રાજાના દીકરાએ) તે ઝાડની એક ડાળી આ બેટમાં આણી રોપી તે આજે બે હજાર વરસ થયા છતાં અહીં નિર્વિઘ્ને ફાલી રહી છે! બુદ્ધધર્મરૂપી વૃક્ષની સ્થિતિ પણ આજે તેવી જ છે. મૂળ ઝાડ હિંદુસ્તાનમાં ફાલ્યું. પણ વિષમ બુદ્ધિના રાજા અને મુત્સદ્દીઓએ તેનો નાશ કર્યો. પણ આ ધર્મવૃક્ષની જે શાખા મહેન્દ્ર સ્થવિરે અહીં આણી તે આજ બે હજારથી પણ વધુ વર્ષો થયાં ટકી રહેલ છે. બૌદ્ધધર્મ વિષે વધુ બોલવાની મારામાં લાયકાત નથી. અત્યારે તો હું એક જિજ્ઞાસુ છું. પણ શ્રી. સુમંગલાચાર્ય સરખાને ચરણે બેસીને જલદી જ હું બૌદ્ધધર્મનું જ્ઞાન સંપાદન કરીશ એવી મને સબળ આશા છે,' વગેરે.

મારા આ ભાષણની સભા ઉપર શી અસર થઈ તે હું સમજી શકું એમ નહોતું. એ લોકો સિંહલી ભાષામાં શું બોલ્યા તે હું સમજી શક્યો નહિ. પણ મારું ભાષણ પૂરું થયા પછી થોડી વારે શ્રી. ધર્મપાલ કંઈક બોલ્યા અને અનવરત્ન પોતાની વિલાયતી ટોપી હાથમાં લઈ આગળ આવ્યા. જે તે અનવરત્નની ટોપીમાં પૈસા નાંખવા લાગ્યા! આ બધું શું ચાલી રહ્યું છે એ વડીક તો હું કશું ન સમજ્યો. છેવટે તેણે બધા પૈસા ભેગા કરી એક કાગળમાં બાંધી ધર્મપાલને હવાલે કર્યાં, અને તેમણે તે મને આપવા મારી આગળ ધર્યા. હું મૂંઝવણમાં પડ્યો. એટલામાં દેવમિત્ર સ્થવિર આગળ આવી મને કહેવા લાગ્યા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ પૈસા તમારે માટે ભેગા થયા છે. અહીં ભેગા થયેલા લોકોએ તમારે માટે આ ઉઘરાણું કર્યું છે તેથી જો તમે તે નહિ સ્વીકારો તો તેમને ખોટું લાગશે.' હું તે પૈસા લઈને શ્રી. સુમંગલાચાર્ય પાસે ગયો. તેમની આગળ પૈસાનું પડીકું મૂકી મેં કહ્યું: 'મને બ્રાહ્મણ જાણીને આપના લોકોએ આ દક્ષિણા આપી છે, પણ મેં કોઈ દિવસ ભિક્ષાવૃત્તિ કરી નથી. તેથી આનો સ્વીકાર કરવો કે નહિ એ મૂંઝવણમાં પડ્યો છું.' તેમણે જવાબ આપ્યો, 'તું ગરીબ વિદ્યાર્થી છે તેથી આ પૈસા લેતાં અચકાવાનું કારણ નથી. તને તે પુસ્તકો લેવામાં ખપ લાગશે.' ઘેર જઈ મેં ખુરદો ગણી જોયો તો લગભગ અઢીથી ત્રણ રૂપિયા જેટલો થયો.

વિદ્યોદય વિદ્યાલયમાં રહેવા ગયા પછી બીજે જ દિવસથી મેં સિંહલી ભાષા શીખવાની શરૂઆત કરી. અહીંના બધા પાલિ ગ્રંથો સિંહલી ભાષામાં લખેલા કે છાપેલા હોવાથી તે ભાષા મને આવડવી જરૂરી હતી. એક અઠવાડિયામાં તો બધા અક્ષરો મને વાંચતાં આવડી ગયા, અને ધીરે ધીરે એ ભાષામાં લખાયેલાં પાલિ પુસ્તકો પણ હું વાંચવા લાગ્યો. માર્ચ આખરે કે એપ્રિલની શરૂઆતમાં શ્રી. સુમંગલાચાર્ય ગાલ્લે શહેરમાં કંઈ કામસર જતા હતા. તેમણે મારી જોડે જવાની મરજી છે કે કેમ એમ મને પૂછ્યું. સિલોનની સૃષ્ટિશોભા જોવાની મને ખૂબ ઇચ્છા હોવાથી મેં તત્કાળ આચાર્યની સાથે જવા હા કહી.

કોલંબોથી ગાલ્લે સુધી સમુદ્રને કિનારે કિનારે જ આગગાડીનો રસ્તો છે. અમે આ મુસાફરી દિવસે જ કરી. આગગાડીમાં બેઠાં બેઠાં, ગોવાથી મુરગાંવ અને રામની ભૂશિર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વચ્ચેનો સાસષ્ટ પ્રાંતનો સમુદ્રકિનારો મને યાદ આવ્યો. ગાલ્લેમાં અમે બે કે ત્રણ દિવસ રહ્યા. અંહીં મેં એક ચમત્કાર જોયો. ગોવામાં જેમ કાજુનાં ઝાડ ડુંગર ઉપર ઊગે છે તેમ અહીં સોપારીનાં ઝાડ વગર પાણી પાયે ઊગતાં મેં જોયાં. તપાસ કરતાં માલૂમ પડયું કે, આ દેશમાં બારે માસ વરસાદ પડતો હોવાથી કેળ, સોપારી અને એવાં જ બીજાં ઝાડોને પાણી પાવાની કશી જ જરૂર નથી રહેતી. ગાલ્લેથી અમે આચાર્યના હિક્કડુવે ગામે ગયા અને ત્યાં એક દિવસ રહી પાછા કોલંબો આવ્યા. આ મુસાફરીમાં મને અનેક વિદ્વાન ભિક્ષુઓનો સમાગમ થયો. અને કેટલાકે તો પોતે સુધારીને છપાવેલ પાલિગ્રંથો મને આદરપૂર્વક ભેટ આપ્યા.

તા. ૨૨મી મે ૧૯૦૨ને રોજ વૈશાખી પૂનમ હતી. આ દિવસને બૌદ્ધ લોકો બહુ પવિત્ર માને છે. કેમકે આ જ દિવસે રાજકુમાર સિદ્ધાર્થને ગયા આગળ નૈરંજરા નદીને કાંઠે એક પીપળાના ઝાડ નીચે ખરા ધર્મમાર્ગનું જ્ઞાન થયું અને તેઓ બુદ્ધ થયા. પૂનમ પહેલાં બે ચાર દિવસ અગાઉથી વિદ્યોદય વિહારને શણગારવા માટે બૌદ્ધ ઉપાસકો મારફત ભારે તૈયારીઓ ચાલી. સભામંડપ, ગ્રંથસંગ્રહાલય વગેરે સ્થાનો ધજાપતાકાઓથી શણગારવામાં આવ્યાં. આ દિવસે બોલવા સારુ મેં એક સંસ્કૃત કાવ્ય* લખીને શ્રી. સુમંગલાચાર્યને

---

* આ કાવ્ય ફરીથી મે, ૧૯૨૬ના 'વિદ્યોદય' માસિકના અંકમાં વૈશાખી પૂનમ નિમિત્તે પ્રસિદ્ધ થયું છે. એ કાવ્ય તેમાંથી ઉદ્ધૃત કરી પાછળ પરિશિષ્ટરૂપે આપ્યું છે. આજે પણ આ કાવ્ય ખૂબ પ્રેમપૂર્વક સિલોનમાં ગવાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બતાવ્યું. તેમને તે ઘણું જ ગમ્યું. ‘સિંહલ સમય’ના તંત્રીએ તે સિંહલી ભાષામાં ઉતારી લઈ પોતાનાં પત્રમાં પ્રગટ કર્યું. આથી અનેક લોકોને મારી જાણ થઈ અને સંસ્કૃત ભાષા થોડીઘણી જાણનારા ગૃહસ્થો અને ભિક્ષુઓએ મારી ખૂબ તારીફ કરી.

આમ સિંહલી લોકોએ મારું જે ગૌરવ કર્યું તેની તેમ જ મારી એકંદર પરિસ્થિતિની મારા મન ઉપર સારી અસર ન થઈ. મારું મન દુનિયાદારી તરફ ખેંચાવા લાગ્યું. સંસ્કૃત ભાષા શીખવવાનો ધંધો કર્યો હોય તો સહેજે મને દર મહિને સાઠ સિત્તેર રૂપિયા મળે એમ હતું. અને તેટલા પર સિલોનના એકાદ ગામમાં રહીને મારા કુટુંબનો નિર્વાહ મારાથી ભલીભાતે થઈ શકત; પણ તેમ કરવામાં પાલિ ભાષાનો અભ્યાસ મેલી દેવો પડત અને ફરી સ્વદેશ પાછા જઈ વસવાનો વિચાર પણ હંમેશને માટે છોડી દેવો પડત.

પૂનાથી નીકળતી વખતે મેં બે સંકલ્પ કર્યા હતા. એક તો, દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી બૌદ્ધધર્મનું જ્ઞાન સંપાદન કરવાના પ્રયત્નમાં પાછા હઠવું નહિ, અને બીજો, જો એ ધર્મનું જ્ઞાન સંપાદન કરી શકાય તો મારા મહારાષ્ટ્રબંધુઓને તેની લહાણી કરવી. પણ સિલોનમાં જ ઘરસંસાર માંડી રહેવાના વિચારે મારા આ બેઉ સંકલ્પો ઉપર એકાએક છાપો માર્યો. અને મારી અંતઃકરણરૂપી રણભૂમિ ઉપર ભીષણ યુદ્ધ ચાલ્યું. આ લડાઈની વિગતો દશ્ય લડાઈઓના જેવી રમ્ય ન હોવાથી તે બધી અહીં વર્ણવીને હું વાચકોને કંટાળો નહિ આપું. એટલું જ કહેવું બસ થશે કે, અંતે પૂનામાં કરેલા નિશ્ચયનો જય થયો અને દુનિયાદારીના વિચારો માત થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના માવળાઓ સાથે સિંહગઢ ઉપર ચઢી ગયા પછી સૂર્યાજીએ કિલ્લાની રાંગમાં ભેરવેલી દોરનિસરણીઓ કાપી નાંખી, અને લડાઈમાંથી પાછા ભાગવા માગનાર કોઈ રડ્યાખડ્યાને સારુ પણ ઔરંગઝેબના માણસો સાથે લડીને માર્યા કે મર્યા સિવાય બીજો કશો રસ્તો રહેવા દીધો નહોતો, એ વાત મરાઠા ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. કરેલા નિશ્ચયથી ચળવા માગનારી મનોવૃત્તિઓને પણ આવી જ કંઈ ને કંઈ યુક્તિથી ઠેકાણે આણ્યા વગર ઉપાય નહોતો. દીક્ષા લઈ ભિક્ષુ થઈ જાઉં તો આ પ્રશ્નનો નિકાલ થઈ જાય એમ હતું. દુનિયાદારી તરફ વળતી મનોવૃત્તિઓની નિસરણી કાપી નાંખવાને આ સિવાય બીજો એકે ઉપાય નહોતો. ભિક્ષુ થવાથી વિહારમાં પણ છૂટથી રહેવું બની શકે એમ હતું. અને વિનયાદિ ગ્રંથો શીખવાનું પણ સહેલું થઈ પડત. પણ આ કામમાં અનેક મુસ્કેલીઓ હતી. બૌદ્ધ પ્રથા મુજબ દીક્ષા લેનારે પ્રથમ માની રજા મેળવવી જોઈએ. તે મળે એમ નહોતું. જેણે મને સિલોન મોકલ્યો તેની પણ મંજૂરી જોઈએ. છેવટે શ્રી. સુમંગલાચાર્યે બાબુ નરેન્દ્રનાથ સેનને કાગળ લખી આ બાબત તેમની મંજૂરી માગી. નરેન્દ્રબાબુએ પોતાના કાગળમાં મારી ખૂબ સિફારસ કરી પોતાની સંમતિ આપી. માની રજા બાબતમાં પણ બીજા એક શાસ્ત્રનો આધાર ખોળી કાઢવામાં આવ્યો અને શ્રી. સુમંગલાચાર્યે મને શ્રામણેરની દીક્ષા આપી.

બૌદ્ધધર્મમાં એક વાર દીક્ષા લીધેલા ભિક્ષુએ આખી જિંદગી સંન્યાસી રહેવું જ જોઈએ એવો નિયમ નથી. માત્ર જ્યાં સુધી ભિક્ષુ તરીકે રહે ત્યાં સુધી તેણે સંઘના તમામ નિયમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાળવા જોઈએ. તેમાં સ્ખલન ચાલે નહિ. શ્રામણેરને માત્ર દસ નિયમ પાળવા પડે છે.* અને જોકે સંઘને લગતાં કામોમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર તેને નથી હોતો, તથાપિ વિહારમાં બીજી અનેક સગવડો મળી શકે છે. અધ્યયનની ખાસ સગવડ મળે છે. શ્રામણેર થયા પછી બીજી કશી ભાંજગડમાં ન પડતાં હું બધો વખત પાલિગ્રંથો વાંચવામાં ગાળવા લાગ્યો. થોડા જ દિવસમાં કેટલાયે ભિક્ષુઓ સંસ્કૃત શીખવા માટે મારી પાછળ લાગ્યા. તેમને રાત્રે એક કે બે કલાક હું 'કૌમુદી' અને 'તર્કસંગ્રહ' શીખવતો ને બાકીનો બધો વખત પાલિ ભાષાના અભ્યાસમાં ગાળતો.

જમવાખાવાની વ્યવસ્થા આશ્રમમાં થતી હતી એટલું જ નહિ, પણ મારે જરૂરનાં પુસ્તકો પણ ગૃહસ્થો અને ભિક્ષુઓ પાસેથી મળી રહેતાં. પણ આમાં અચાનક વિઘ્ન આવ્યું. તે આ પ્રમાણે. મદ્રાસની મહાબોધિ સભાના મંત્રી શ્રી. સિંગારવેલૂ કંઈ કામસર વિલાયત ગયા હતા. તે જતી વખતે કે આવતી વખતે એક દિવસ કોલંબો રોકાયા અને અમારા આચાર્યને મળવા વિદ્યોદય આશ્રમમાં આવ્યા. શ્રી. સુમંગલાચાર્યને તો તેઓ ન મળી શકયા પણ બીજા આચાર્ય દેવમિત્ર સ્થવિરની તેમણે મુલાકાત લીધી. તેમની સાથે કોઈ અંગ્રેજી જાણનાર

---

* ૧. અહિંસા; ૨. અસ્તેય; ૩. બ્રહ્મચર્ય; ૪. સત્ય; ૫. માદક ચીજોનું સેવન ન કરવું; ૬. મધ્યાહ્ન પછી ન જમવું; ૭. મનોવિકાર જગાડનાર નૃત્ય, ગીત, તેમ જ વાદ્યથી દૂર રહેવું; ૮. માલા, ગંધ, અલંકાર ઇ૦નો ઉપયોગ ન કરવો; ૯. ઊંચાં અને કીમતી બિછાનાંઓ પર ન સૂવું; અને ૧૦. સોનું, રૂપું ગ્રહણ ન કરવું.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સિલોની ગૃહસ્થ આવ્યા હોવા જોઈએ. કારણ તે વગર તેમની એકબીજા વચ્ચે વાતચીત થઈ શકી ન હોત. ઇધરતિધરની વાતો થયા પછી દેવમિત્ર સ્થવિરે તેમની આગળ મારાં વખાણ કર્યાં હશે. આ સાંભળી સિંગારવેલૂએ એવી મતલબની સલાહ આપી કે, 'હિંદુસ્તાનના બ્રાહ્મણો મહાજૂઠા અને લબાડ હોય છે. તેમનો કંઈ વિશ્વાસ નહિ. આ માણસ સાવ બાળો-ભોળો દેખાતો હોય તોપણ તેનો વિશ્વાસ નહિ કરતા. એ બ્રાહ્મણ છે એટલું હમેશાં યાદ રાખજો.' તે જ દિવસે દેવમિત્ર સ્થવિરે સિંગારવેલૂના—મહાબોધિ સભાના મંત્રીના—આ મતથી સૌ કોઈને વાકેફ કરી દીધા. શ્રી. સુમંગલાચાર્ય ઉપર તો તેની કશી અસર ન થઈ, પણ કેટલાક લોકોનો વિશ્વાસ મારા ઉપરથી ઊઠી ગયો ખરો.

મારે કાને જ્યારે આ વાત આવી ત્યારે મને તરત જ લાગ્યું કે હવે મને અહીં નિતનવી મુસ્કેલીઓ આવવાની. મુસ્કેલીઓની તો મને જરાય ફિકર ન લાગી, પણ સિંગારવેલૂ જેવો કેળવાયેલો હિંદી આવું આત્મઘાતી વર્તન ચલાવે એ વાતનું મને અતિ દુઃખ થયું. જે ગૃહસ્થે મને આદરપૂર્વક પોતાને ઘેર સત્કારેલો, જમાડેલો, જેણે તુતિકોરીનના દા. મુદલિયાર ઉપર કાગળ આપી મને ક્વૉરૅન્ટીનમાંથી બચાવેલો, તે જ માણસ, કેવળ હું બ્રાહ્મણ છું, એટલા જ સારુ મારે વિષે સિલોની લોકોમાં ખોટી છાપ પાડે એનું મને સખેદાશ્ચર્ય થયું. આ જ અરસામાં બીજો એક બનાવ બન્યો. જનરલ પોકુશિમા કરીને એક પ્રખ્યાત જાપાની યોદ્ધા જર્મનીથી સ્વદેશ જતાં કોલંબો ઊતર્યા. અમારા આશ્રમમાં કેટલાક ગરીબ જાપાની વિદ્યાર્થી પાલિ ભાષાનો અભ્યાસ કરે છે એવી તેને ખબર


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળતાં તે ખાસ શ્રી. સુમંગલાચાર્યને મળવા આવ્યા. આ વખતે વિદ્યોદયં ત્રિદ્યાલયમાં કૌન્ડિન્ય નામનો એક જ જાપાની વિદ્યાર્થી હતો. બીજા ચાર પશ્ચિમ કિનારે જુદાં જુદાં ગામોમાં રહેતા હતા. પોકુશિમાએ આચાર્યને મળી ગરીબ જાપાની વિદ્યાથીઓની આવડી સહાય કર્યા માટે શ્રી. સુમંગલાચાર્યનો ભારે ઉપકાર માન્યો. અને પોતે ખાસ એટલા જ ખાતર આશ્રમમાં આવ્યા છે એમ કહ્યું. આમ એક બાજુ એક સુશિક્ષિત હિંદી ગૃહસ્થ મારા જેવા વિદ્યાર્થીને વિષે વગર લેવેદેવે ખાસ ગેરસમજ ઉત્પન્ન કરાવે, અને બીજી બાજુ એક મોટો જાપાની લશ્કરી, પોતે જેનું કોઈ કાળે મોં પણ જોયું નથી એવા ગરીબ જાપાની વિદ્યાર્થી ઉત્તેજન પામે એટલા ખાતર, વિદ્યાલયની ખાસ મુલાકાત લઈ આચાર્યનો અનેક રીતે આભાર માની પોતાના દેશના વિદ્યાર્થીઓ માટે ભલામણો કરે, આ બે વસ્તુઓની તુલના કરીએ ત્યારે જ આપણને સમજાય છે કે આપણા કેળવાયેલા વર્ગમાં પણ જાતિભેદ કેવો સ્વદેશપ્રેમની આડે આવે છે.

શ્રી. સિંગારવેલૂની મુલાકાત પછી થોડા જ દિવસમાં વિહારના ભોજન ઉપર આધાર ન રાખતાં મેં ભિક્ષા ઉપર મારો નિર્વાહ ચલાવવા માંડ્યો. ભિક્ષુનો એ ધર્મ હોવાથી આચાર્યે કશો વાંધો ન લીધો. ભિક્ષામાં રાંધેલું અન્ન — ખાસ કરીને — ભાત જ મળતો. શાકભાજી વગેરે વિહારમાંથી અપાતું. ઉપરાંત સવારે દૂધ, ચોખાની રોટલી ( આને ‘ આપ્પ ’ કહે છે, ગોવામાં પોળા કરીને જે વસ્તુ બનાવે છે તેના જેવી આ હોય છે. ) અને એક બે કેળાં વિહારમાંથી જ આપવામાં આવતાં. પણ સિલોની લોકોનો મુખ્ય ખોરાક જે એવડો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાંધેલો ભાત,* તે મને બિલકુલ પચતો નહિ. આ ખોરાકથી મારો સંધિવા ખૂબ વધી પડયો અને ફરી વેળા અન્ન ઉપરથી રુચિ ઊઠી ગઈ. હું તદ્દન કંટાળી ગયો. આ દિવસોમાં વાચન એ જ મારો એકમાત્ર આરામ હતો. વિહારમાં વ્યાયામની કશીયે સગવડ નહોતી તેને લીધે પણ મારી તબિયતને ધક્કો લાગ્યો.

આવી સ્થિતિમાં જ મેં અંગ્રેજી શીખવાની શરૂઆત કરી. મુંબઈથી 'સેલ્ફ ટીચર' નામનું પુસ્તક મંગાવી તેમાંથી કેટલાક અંગ્રેજી શબ્દો મોઢે કર્યા. પછી આગળ અભ્યાસ વધારવાના ઉદ્દેશથી સૂર્યગોડ સુમંગલ નામના ભિક્ષુના શ્રીવર્ધનારામમાં રહેવા ગયો. સૂર્યગોડ ભિક્ષુ મને અંગ્રેજી શીખવતા અને પોતે મારી પાસેથી સંસ્કૃત શીખતા. પણ આ ક્રમ એક અઠવાડિયાથી વધુ ન ચાલ્યો. તેમને વ્યવસાય બહુ, તેથી મને શીખવવાની ફુરસદ તેમને નહોતી. બીજા એક અંગ્રેજી જાણનાર વિદ્યાર્થીની મદદથી થોડા દિવસ અભ્યાસ ચલાવ્યો. પણ તે સુધ્ધાં બીજા એક અઠવાડિયાથી વધુ આગળ ન ચાલ્યો. હું બે કે ત્રણ મહિના શ્રીવર્ધનારામમાં રહ્યો. ત્યાંથી દરિયો નજીક જ છે. એટલે થોડા દિવસ દરિયામાં નાહવાનું કરી જોયું. પણ તેથી તો તબિયત ઊલટી વધુ બગડી. પાસે જ એક દેશી વૈદું જાણનાર ભિક્ષુ રહેતા. તેમણે અરિષ્ટ કે આસવ જેવું કંઈક તૈયાર કરી આપ્યું. પણ તેથીયે મારો રોગ વધ્યો જ. છેવટે સિલોન છોડી કલકત્તે ચાલ્યા જવું એવો મેં નિશ્ચય કર્યો.

* સિલોનમાં લોકો ડાંગર રાંધીને સૂકવી નાંખે છે અને તેનાં છોડાં કાઢી નાંખી જે ચોખા નીકળે તે રાંધીને ખાય છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૧૩

# મદ્રાસ અને બ્રહ્મદેશ

ઉત્તર હિંદુસ્તાનમાં ભોજપુરનો રહીશ કોઈ મહાવીર નામનો ક્ષત્રિય ગૃહસ્થ મલ્હારરાવ ગાયકવાડની પાસે હતો. તેને કુસ્તી વગેરે મર્દાની ખેલો સરસ આવડતા; અને તેથી જ મલ્હારરાવની મહેરબાની તેના ઉપર થયેલી. આગળ જતાં મલ્હારરાવને મદ્રાસ લઈ ગયા બાદ મહાવીરે વડોદરા છોડયું અને બીજા એક સોબતી સાથે તે ફરતો ફરતો સિલોન આવ્યો. મહાવીર સિલોનમાં સાત આઠ વર્ષથી રહેતો હતો. ત્યાં તેને કેટલાક ભિક્ષુઓનો સમાગમ થયો. પરિણામે મહાવીરે ભિક્ષુની દીક્ષા લીધી અને પોતે સ્વદેશ પાછો ફર્યો. કલકત્તામાં તેની એક મઠી હતી. કલકત્તામાં રહેતા એક સિંહલી સદ્‌ગૃહસ્થે, આ કુટીમાં રહેનારા ભિક્ષુના ખરચ માટે દર મહિને વીસ રૂપિયા આપવા, એવું પોતાના મૃત્યુપત્રમાં લખ્યું હતું. આ રકમ કેટલાંય વર્ષ સુધી સરકારી તિજોરીમાં ભેગી થતી રહી; અને મૃત્યુપત્રનો ફેંસલો થયો ત્યારે સામટી મહાવીર ભિક્ષુના હાથમાં આવી. ભિક્ષુ વિમાસણમાં પડયો કે હવે આ પૈસાનું શું કરવું? અંતે તેણે બૌદ્ધોના ઉપયોગ સારુ તેનો વિનિયોગ કરવાનું ઠરાવી બુદ્ધગયા અથવા કાશી જેવા ધામમાં બૌદ્ધ જાત્રાળુઓને ઊતરવા સારુ એકાદ ધર્મશાળા બાંધવાનો વિચાર કર્યો. પણ આ બંને સ્થાનોમાં બૌદ્ધોનાં સ્થાનની આસપાસ ક્યાંયે તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જમીન ન મળી. છેવટે જ્યાં બુદ્ધભગવાન પરિનિર્વાણ પામ્યા (આ સ્થાન ગોરખપુર જિલ્લામાં કસયા નામે તાલુકાના ગામ નજીક છે.) તે સ્થાને એક ખેતર ખરીદી ત્યાં ધર્મશાળા બાંધવાની શરૂઆત કરી. પણ મહાવીરને મળેલા પૈસા ધર્મશાળા માટે પૂરતા નહોતા. એટલામાં સદ્ભાગ્યે કલકત્તાના ખેજારી નામના એક બરમી વેપારીએ આ પરમાર્થના કામમાં મન પરોવ્યું અને પોતાના પદરના બાર તેર હજાર રૂપિયા ખરચી આ ધર્મશાળા પૂરી કરાવી આપી. ત્યારથી મહાવીર ભિક્ષુએ ત્યાં જ રહેવા માંડ્યું.

યોગસૂત્રો હું કાશીમાં હતો ત્યારે જ ભણ્યો હતો. બૌદ્ધ વાઙ્મયમાં એવું યોગશાસ્ત્રને લગતું કોઈ પુસ્તક છે કે નહિ એ જાણવા મને તીવ્ર ઇચ્છા હતી. વિદ્યોદય વિદ્યાલયના પ્રિયરત્ન ભિક્ષુએ વિશુદ્ધિમાર્ગની એક પ્રત આપી મને કહ્યું હતું કે આમાં યોગશાસ્ત્રનું સરસ વિવેચન છે. પણ તે વખતે પાલિ ભાષા સાથે મારો ઝાઝો પરિચય ન હોવાથી એ ગ્રંથ હું મુદ્દલ સમજી શક્યો નહિ. આ પછી ચાર મહિને આ ગ્રંથની બરમી ભાષામાં છાપેલી એક પ્રત મારા હાથમાં આવી. મેં આ ગ્રંથ માત્ર બરમી લિપિ શીખવાના ઉદ્દેશથી વાંચ્યો. પણ તે મને એટલો તો ગમી ગયો કે તેના શરૂઆતના કેટલાક ભાગ હું બે વાર વાંચી ગયો. અને તેમાંના ધ્યાનભાવનાદિ પ્રકાર જાતે કરી જોવા એવી મને તીવ્ર ઇચ્છા થઈ. પણ તેમાં લખ્યા મુજબનું અનુકૂળ નિવાસસ્થાન સિલોનમાં મળવું મુસ્કેલ હતું. સિલોનમાં અનેક રમણીય વિહારો છે. સૃષ્ટિસૌંદર્યની અનુપમ શોભા જોવી હોય તો તે સિલોનમાં જ; પણ આવા રમ્ય વિહારોમાં હું રહેવા ગયો હોત તો ત્યાં હિંદીઓને અનુકૂળ ખોરાક મળત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહિ, તેમ પાલિ ભાષામાં બોલનારા ભિક્ષુઓ સુધ્ધાં જડવા મુશ્કેલ, તેથી બોલવાચાલવાની જ મોટી મુશ્કેલી થઈ પડત.

ઉપર કહેલા મહાવીર ભિક્ષુનો ધર્મદાસ નામે એક પંજાબી શિષ્ય બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા સિલોનમાં આવ્યો. આવતાં વેંત તે સિંહલી લોકોના ખાણાથી કંટાળી ગયો. તેણે મને મહાવીર ભિક્ષુની અને કુશિનારાની ધર્મશાળાની માહિતી આપી. હું ત્યાં જાઉં તો મારી બધી સગવડ થશે એટલું જ નહિ, પણ ધ્યાનભાવનાદિને માટે મને પૂરતો વખત પણ મળશે એમ તેનું કહેવું હતું. તેથી પહેલાં કલકત્તે જઈ ત્યાંથી કુશિનારા જવાનો મેં મનસૂબો કર્યો.

પણ મારા દૈવની મહેરનજર હજુ મારા પર ફરી નહોતી તેથી મારે નવે જ ઠેકાણે કેમ જવું પડયું, તે આ પ્રકરણમાં કહેવાનું છે.

શ્રી. સુમંગલાચાર્યને મેં મારો વિચાર જણાવ્યો. મારી વાત સાંભળી તેમને બહુ દુઃખ થયું અને નાખુશીપૂર્વક જ તેમણે મને રજા આપી. પાસે પૈસા ન રાખવા એવો મારો નિશ્ચય હતો. તે મુજબ સાથે કંઈ પણ ન લેતાં ફક્ત ત્રણ ચીવરો (ભિક્ષુનાં વસ્ત્રો) અને ભિક્ષાપાત્ર લઈ તા. ૨૬મી માર્ચ ૧૯૦૩ને રોજ હું નીકળ્યો. ધર્મપાલના પિતાએ મને મદ્રાસ સુધીની બીજા વર્ગની ટિકિટ કઢાવી આપી. બીજા એક મિત્રે રસ્તામાં ભાતા માટે બિસ્કૂટ વગેરે ચીજો આપી. મદ્રાસના એગ્મોર સ્ટેશનથી શ્રી. સિંગારવેલૂના ઘર સુધી હું ચાલતો ગયો. થોડું થોડું અંગ્રેજી સમજતો થયો હોવાથી સિંગારવેલૂનું કહેવું સમજવામાં મને બહુ અડચણ ન પડી. તેમણે મને જમાડયો તો ખરો, પણ કલકત્તાની ટિકિટ આપવાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાફ ના કહી. તેમણે કહ્યું : ‘ અહીંની સભા તદ્દન મુફલિસ છે તે તમને મદદ કરી શકશે નહિ.’ માત્ર સિલોનથી પૈસા આવે ત્યાં સુધી મને પોતાને ત્યાં રહેવા દેવાની તેમણે હા કહી. પણ બીજે કે ત્રીજે દિવસે તેમનો આ વિચાર પણ બદલાયો અને મદ્રાસમાં એક નવી સંસ્થા ઉઘાડી મને ત્યાં જ રાખવાની નવી જ કલ્પના તેમણે કાઢી.

મેં તો સિલોનના અનેક મિત્રોને કલકત્તે જવાની ખરચી સારુ કાગળો લખ્યા, પણ કોઈના તરફથી કાગળનો જવાબ સરખો ન મળ્યો. અગર તો જવાબ આવ્યો તેમના તરફથી પણ પૈસા સંબંધી કશી જ મદદ ન મળી. હવે સિંગારવેલૂની વાત કબૂલ કર્યા સિવાય છૂટકો રહ્યો નહિ. તે વખતે તેના ઘરની પડખે જ એક કાનડી બ્રાહ્મણનું ઘર ખાલી હતું. ત્યાં તેણે મારા રહેવાની વ્યવસ્થા કરી. જમવાનું તો તેમને જ ઘેર થતું. પણ આ મદ્રાસી ખોરાકથી મારી તબિયત સિલોનના કરતાં પણ વધુ બગડી. મારા શરીરમાંથી શક્તિ દિવસે દિવસે ઘટવા માંડી. છતાં મેં અહીં મહેનત કરીને અંગ્રેજીનો અભ્યાસ ચલાવ્યો. કોઈ શીખવનાર નહોતું; મેં જાતે જ શબ્દકોશની મદદથી પ્રયત્ન ચાલુ રાખ્યો.

મદ્રાસમાં તે વખતે ‘ મદ્રાસ મહાબોધિ સભા ’ નામની એક બૌદ્ધ સંસ્થા હતી. પ્રો. લક્ષ્મીનરસુ નાયડુ તેના પ્રમુખ અને સિંગારવેલૂ મંત્રી હતા. વૈશાખી પૂનમને દિવસે બુદ્ધને બુદ્ધપદ પ્રાપ્ત થયું, તેથી તે દિવસે ઊજવવા ઉપરાંત બીજું કંઈ પણ કામ આ સભા કરતી નહિ. આ ઉત્સવનો ખરચ બ્રહ્મદેશના પ્રસિદ્ધ વેપારી મોંગશ્વે આપતા. મદ્રાસમાં પારિયા ( અસ્પૃશ્ય) જાતના અનેક લોકોએ બૌદ્ધધર્મ સ્વીકાર્યો હતો. તેમના આગેવાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પંડિત અયોધિદાસ હતા. પણ મહાબોધિ સભાના સભાસદોને અને પંડિત અયોધિદાસને બનતું નહિ. હું મદ્રાસ આવ્યો પછી દોઢ બે મહિને આ બધા બૌદ્ધો વચ્ચે સમાધાની થઈ. અને તેમણે રાયપેઠમાં એક નાનકડું ઘર ભાડે લઈ તેને 'બૌદ્ધાશ્રમ' નામ આપ્યું અને મને ત્યાં ગોઠવ્યો. ત્યારથી દર રવિવારે સાંજે બુદ્ધધર્મ ઉપર પ્રવચન કે ભાષણો થતાં. ખાસ કરીને પાલિ ભાષાનું એકાદ સૂત્ર વાંચી તેનો અર્થ હું મારા ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં સમજાવતો, અને સિંગારવેલૂ તેના ઉપર તામિલમાં પ્રવચન કરતા. પ્રો. લક્ષ્મીનરસુ પણ કોઈ વાર ભાષણો આપતા અને વચ્ચે વચ્ચે બહારના કોઈ વક્તાને નોતરવામાં આવતો.

કોઈ પણ બુદ્ધ ધર્મોપદેશકને આનંદ થાય એવી રીતે આ સંસ્થાનું કામ ચાલવા લાગ્યું. દર રવિવારે અનેક હિન્દુ તેમ જ ખ્રિસ્તી લોકો અમારાં પ્રવચનો અને વ્યાખ્યાનો સાંભળવા આવતા. એટલું જ નહિ પણ કર્મઠ મદ્રાસી બ્રાહ્મણોની પણ અમારી સંસ્થાને સહાનુભૂતિ મળવા લાગી. છતાં મારું મન આ બધામાં બિલકુલ રમતું નહિ. તે તો અરણ્યવાસ તરફ જ દોડ્યાં કરતું. અધૂરામાં પૂરું મદ્રાસી ખોરાકથી મારી તબિયત હવે છેક જ લથડી, અને બૌદ્ધાશ્રમમાં જમીન ઉપર સૂવાથી મારો સંધિવા પણ વધી ગયો. એક વાર સભાસદોએ મારે સારુ એક ખાટલો લઈ આપવાનો વિચાર કરેલો પણ તે અમલમાં ન આવ્યો. ભેજ હોય તોપણ એટકમાંની શેતરંજી પાથરીને હું સૂતો. આ સ્થિતિમાં અંતે હું મદ્રાસથી કંટાળ્યો. સિંગારવેલૂનો સ્વભાવ પણ મૂળથી જ વિચિત્ર. સાહેબસવારી ચિડાય ત્યારે પછી પોતે શું બોલે છે એનું પણ પૂરું ભાન ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહે. એક વખત કંઈ વાત ઉપરથી વાત નીકળતાં ભાઈસાહેબ ભિક્ષુઓ ઉપર ઊતરી પડ્યા. ભિક્ષુ માત્ર નકામા, નર્યાં ઈજિપ્તનાં મમી, (ઈજિપ્તમાં મસાલો ભરીને રાખી મૂકેલ મડાંઓને 'મમી' કહે છે.) એવું કંઈ કંઈ બોલ્યા. હું પણ તેણે મને કેદીની માફક રાખ્યાને સારુ તેની સાથે વઢી પડ્યો. આ બોલાચાલીને લીધે અમારી મૈત્રી તો ન તૂટી, પણ મેં મદ્રાસ છોડવાનો નિશ્ચય કરી નાખ્યો.

મદ્રાસી લોકો તરફથી બીજે જવા સારુ મદદ મળવી મુશ્કેલ હતી. કારણ સિંગારવેલૂ આડા આવે. તેથી બીજો કંઈ ને કંઈ ઉપાય શોધવો જરૂરનો હતો. મદ્રાસમાં કેટલાક બરમી વિદ્યાર્થીઓ રહેતા હતા. તેઓ એક બે વખત મને મળવા આવેલા. તેમનું કહેવું એમ હતું કે, 'બીજા કોઈ ભિક્ષુઓ નહિ એવી સ્થિતિમાં હું એકલો મદ્રાસમાં રહું એ બરોબર નથી. બ્રહ્મદેશમાં અસંખ્ય વિહારો છે. ત્યાં જવાથી મારા અભ્યાસને પણ મદદ થશે.' આ વિદ્યાર્થીઓ મને કલકત્તા જવામાં મદદ નહિ કરે એવી મને ખાતરી હતી. પણ બ્રહ્મદેશ જવા સારુ મદદ કરે ખરા એમ લાગ્યું; આથી પંડિત અયોધિદાસના છોકરાને મોકલી આ બાબત તપાસ કરાવી. તેમણે ફાળો કરી આગબોટનું ભાડું કરી આપવા વચન આપ્યું. એટલે તરત જ મેં બ્રહ્મદેશ જવાની તૈયારી કરી.

મદ્રાસમાં એકાદ દેશનિકાલ થયેલા કેદીની માફક મારા દિવસો ગયા. દુ:ખમાં સુખ એટલું જ કે પ્રો. લક્ષ્મીનરસુના સહવાસથી મને કંઈક લાભ થયો. પ્રો. નરસુ દર શુક્રવારે સાંજે પાંચ વાગ્યે બૌદ્ધાશ્રમમાં આવતા અને મને વાંચવા આપવા સારુ થોડાં પુસ્તકો સાથે લાવતા. તુલનાત્મક અભ્યાસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેમ કરવો તે હું પહેલી જ વાર તેમની પાસેથી શીખ્યો. ઋગ્વેદ વગેરે પુસ્તકો તેમણે મને પોતાની કોલેજના પુસ્તકાલયમાંથી વાંચવા લાવી આપ્યાં. અને વાતચીત દ્વારા પોતાના વાંચનનો મને સારો લાભ આપ્યો. આ ઉપરાંત તેમનું વર્તન બહુ સરસ, પોતાને કોઈ પણ જાતનું વ્યસન નહિ અને તદ્દન નિખાલસ દિલનો માણસ. ચાવવાના એક દેખાડવાના જુદા, એવા વર્તન પ્રત્યે તેમને ભારે તિરસ્કાર હતો. અગ્રેસર મદ્રાસી સુધારકોમાં તેઓ ગણાતા. આવા ગૃહસ્થ પ્રત્યે હરકોઈને માન ઊપજે.

મારા સિલોનના મિત્રોએ મને પૈસાની મદદ મુદ્દલ ન કરી એ અગાઉ કહ્યું છે. પણ પ્રેમાનંદ સ્થવિરે મારાં તમામ પુસ્તકો પાર્સલ કરી મને મદ્રાસ મોકલી આપ્યાં. ફક્ત આ પુસ્તકો જ મદ્રાસમાં મારાં ખાસ મિત્ર હતાં તેથી મદ્રાસમાં મને તેનો ઠીક ઉપયોગ થયો. પણ બ્રહ્મદેશ જતી વખતે તે ક્યાં સાચવવાં એ સવાલ થઈ પડ્યો. સાથે લઈ જવાં મુશ્કેલ હતાં, તથાપિ મેં તે સાથે લઈ જવાનું ઠરાવ્યું.

ઑક્ટોબર (૧૯૦૩) મહિનાની અધવચમાં (૧૨મી તારીખ હશે) હું બ્રહ્મદેશ જવા ઊપડ્યો. પંડિત અયોધ્યિદાસ વગેરે મને બંદરે વળાવવા આવ્યા. તેમના ઓળખીતા કોઈ મદ્રાસી ગૃહસ્થ એ જ આગબોટમાં જતા હતા. પંડિત અયોધ્યિદાસે તેમની જોડે મારી ઓળખાણ કરાવી દીધી, અને તે મને સંભાળીને લઈ જશે એમ કહ્યું. અમારી આગબોટ બપોરે બે વાગ્યાને સુમારે ઊપડી. બોટમાં બ્રહ્મદેશ જનારા મજૂરોની એટલી તો ભીડ હતી કે ત્રીજા વર્ગમાં એક તસુ પણ જગ્યા ખાલી નહોતી. હવા મળવી પણ મુશ્કેલ હતી. મદ્રાસી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મજૂરો તો ખાસા આનંદથી ગાતા હતા અને એકબીજાની ઠઠ્ઠામશ્કરી કરતા હતા. પણ આગબોટ ઊપડયાને એકાદ કલાક થયો હશે એટલામાં તો મારી સાથે આવેલા મદ્રાસી ગૃહસ્થને ઊલટી થવા માંડી ને બિચારાની મહાદશા થઈ પડી. તેમનું દુઃખ મારાથી જોયું જાય તેમ ન હતું. મેં આગબોટના મૅનેજરને મળી અમારે બંનેને માટે ઉપરની ડેક પર બેસવાની પરવાનગી મેળવી. ત્યાં ગયા પછી પેલા ગૃહસ્થને કાંઈક આરામ જણાયો. પછીની સફરમાં અમને ઝાઝું વેઠવું ન પડયું.

ચોથે કે પાંચમે દિવસે અમે રંગૂન પહોંચ્યા. ઇરાવતીના મુખ આગળ આવતાં અમને શ્વેદાગૂન (સ્વર્ણચૈત્ય) સ્તૂપનો ચળકતો કળશ દેખાવા લાગ્યો. આ સ્તૂપનાં વર્ણન મેં ખૂબ સાંભળ્યાં હતાં. અને તે જોવા માટે હું ઉત્સુક બન્યો હતો. પણ સૌ પહેલાં તો ઉતારાનો જોગ કરવાનો હતો, તેથી બારોબાર આ ચૈત્ય જોવા જવાય એમ નહોતું.

બંદરે ઊતરીને પ્રથમ હું કયા વિહારમાં ગયો તે અત્યારે યાદ નથી, પણ ગોઈવિનરોડ ઉપર આવેલ વિચિત્ર સ્થવિરના 'અમ્બરુકખારામ' નામના વિહારમાં ગયેલો એમ લાગે છે.

જે દિવસે હું રંગૂન પહોંચ્યો તે જ દિવસે કે તેને બીજે દિવસે હું શ્રીમતી લાઓંગ નામની બરમી વિદુષીને મળવા ગયો. આ બાઈ મરહૂમ લાઓંગ એકાઉન્ટન્ટ જનરલનાં પત્ની હતાં. બરમી પુરુષોમાં સૌથી પહેલા અંગ્રેજી ભણી આગળ આવનારા શ્રી. લાઓંગ હતા. તેમ તેમનાં પત્ની પણ અંગ્રેજી સરસ જાણવાવાળાં પહેલાં જ બરમી બાનુ હતાં. આ બાઈને બૌદ્ધધર્મ ઉપર ખૂબ શ્રદ્ધા હતી. અંગ્રેજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભણવાથી તેની શ્રદ્ધા કલુષિત થવાને બદલે ઊલટી ઉજ્જવળ થઈ હતી. શ્રી. લાઓંગને ધર્મજિજ્ઞાસા વિશેષ નહોતી. છતાં તેઓ પોતાની પત્નીને ધર્મના કામમાં છૂટે હાથે પૈસો વાપરતાં વારતા નહિ. શ્રીમતી લાઓંગે એક છોકરીઓની નિશાળ કાઢી, અને તેમાં બૌદ્ધ છોકરીઓને સારુ ધાર્મિક શિક્ષણની પણ વ્યવસ્થા કરી હતી. ભિક્ષુઓને તે પુષ્કળ દાન આપતી. તેમાંયે પરદેશી ભિક્ષુ હોય તેને વિશેષ મદદ કરતી. આનંદમૈત્રેય નામનો સ્કૉટલેન્ડનો એક વિદ્વાન ભિક્ષુ રંગૂનમાં રહેતો હતો. તેને શ્રીમતી લાઓંગ તરફની ઘણી મદદ હતી. બીજા ઍન્ટની ગ્યુટે નામના એક જર્મન ગૃહસ્થ ખાસ બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા આવ્યા હતા. તેને પણ આ બાઈએ ખૂબ મદદ આપી. પાછળથી એ ગૃહસ્થ શ્રામણેર થઈ રંગૂન પાસે ચિમિડાઇન ગામ છે ત્યાં ચુંડોચાઉન નામના વિહારમાં રહેતા હતા. શ્રીમતી લાઓંગે મને પણ તે જ વિહારમાં વિદાય કર્યો. કારણ કે જર્મન શ્રામણેર જ્ઞાનત્રિલોક (પાલિ ઞાણતિલોક) તે વખતે શાકાહારી હતા તેથી મને તેમની સાથે ઠીક ફાવશે એમ તેને લાગ્યું.

ચોમાસું લગભગ પૂરું થવા આવ્યું હતું. તોય વચ્ચે વચ્ચે એકાદ ઝાપટું પડતું. આ ઋતુમાં બ્રહ્મદેશના સૃષ્ટિ-સૌંદર્યની શોભા અલૌકિક હોય છે. જ્યાં જુઓ ત્યાં લીલાછમ ડાંગરના ક્યારડાઓ દેખાય. એકાદ ટેકરી ઉપર ચડી આસપાસનો રમ્ય પ્રદેશ જોઈને કયા પરદેશી માણસનું મન આનંદમાં લીન ન થાય? ઉપરાંત બરમી લોકોની બૌદ્ધધર્મ ઉપરની શ્રદ્ધા જોવી હોય તો તે આ જ દિવસોમાં. શરદ પૂનમથી દેવદિવાળીની પૂનમ સુધી જુદે જુદે ઠેકાણે ભિક્ષુઓને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખંતપૂર્વક દાન દેવાય છે. જે રસ્તે થઈને ભિક્ષુઓ ભિક્ષા કરવા નીકળનાર હોય છે તે રસ્તાને ધજાપતાકાથી શણગારવામાં આવે છે અને ઠેકઠેકાણે બરમી સંગીત, વાદ્ય ઇત્યાદિના સૂર કાને પડે છે. સ્તૂપ, ચૈત્ય, બૌદ્ધ મંદિરો, વિહાર વગેરે આ દિવસોમાં ધોળાય છે, મરામત થાય છે, અને દરેક ધાર્મિક બાબતમાં એક જાતની નવીનતા નજરે પડે છે. કહેવાની જરૂર નથી કે આ બધું જોઈને મારામાં ભારે પ્રસન્નતા આવી.

પરંતુ મારા આનંદને સીમા હતી. કુશિનારા જવા ન મળતાં બ્રહ્મદેશ આવવું પડયું તેનો મને મુદ્દલ ખેદ નહોતો. પણ રંગૂનમાં પગ મૂકયો ત્યારથી અનુકૂળ ખોરાક મળવાની પંચાત પડવા લાગી. ગૃહસ્થ શું, ભિક્ષુ શું, તમામ બરમી લોકો ખાસા માંસાહારી હોય છે. અગાઉ તો બરમી રાજ્યમાં ગોમાંસની મનાઈ હતી. પણ અંગ્રેજી અમલ દરમ્યાન આ પ્રતિબંધ ન રહ્યાથી ઘણાખરા લોકો ગોમાંસ પણ ખાય છે. જ્યાં જાઉં ત્યાં માંસ સિવાય બીજી કંઈ પણ વસ્તુ એટલે ભાત જ મળે. આથી ડબ્બાનું જમાવેલું દૂધ (કન્ડેન્સ્ડ મિલ્ક) અને ભાત ઉપર જ ભોજન ચલાવવું પડતું. સુંડોચાઉન વિહારમાં મારી અને જ્ઞાનત્રિલોકની બંનેની એકસામટા બે મહિના સુધી સરખી જ દશા હતી. અમારા વિહારમાં ભિક્ષુઓને ગામમાંથી ઉપાસકજન જે અન્ન મોકલતા તેમાંથી ભાત સિવાય અમને બીજી એક પણ વસ્તુ ખાવાલાયક ન મળતી. આથી અમારે વિહારનાં ઝાડનો પાલો કાઢી, તેને ડુંગળી સાથે સીઝવી, તેનો ઉકાળો અને ભાત ખાવાનો ક્રમ રાખવો પડયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચુંડોચાઉનના આચાર્ય કુમારસ્થવિરની મારા ઉપર ઠીક મહેરબાની હતી. બરમામાં શ્રામણેરની કંઈ ગણતરી નથી. નાનાં છોકરાંઓ શ્રામણેર થાય અને બે ચાર દિવસમાં પાછાં ઘેર આવી રહે. વળી પાછા મનમાં આવે તો આઠ દસ દિવસમાં શ્રામણેર થાય. મારું પાલિનું જ્ઞાન જોઈ કુમારસ્થવિરને મને શ્રામણેર રહેવા દેવો એ ઠીક ન લાગ્યું. મોંગશ્વે નામના બરમી ગૃહસ્થને કહી તેણે મારી ઉપસંપદાની તૈયારી કરી અને મને ભિક્ષુ બનાવ્યો. ભિક્ષુ થયા પછી બે જ મહિના હું બરમામાં રહ્યો.

હવે મારા મિત્ર જ્ઞાનત્રિલોક (જર્મન શ્રામણેર) વિષે બે શબ્દ કહી આ પ્રકરણ પૂરું કરું. આ ગૃહસ્થ એક ઊંચા કુળમાં જન્મ્યા હતા. નાની ઉંમરમાં તેનું વલણ ધર્મ તરફ વળ્યાથી એક વખત પોતે કૅથલિક પાદરીના મઠમાં ભાગી ગયા હતા. પછી જુવાનીમાં ભૌતિકશાસ્ત્રના અભ્યાસથી તે તદ્દન નાસ્તિક બની ગયા. તેને સંગીતશાસ્ત્રનો ભારે શોખ હતો, અને નિશાળનું ભણતર પૂરું થયા પછી તેણે આ શાસ્ત્રમાં પ્રવીણતા મેળવી. ખાસ કરીને સારંગી (વાયોલિન) તેને બહુ જ સરસ વગાડતાં આવડતી. બરમાના પ્રવાસ દરમ્યાન તેને આ કળા ખૂબ ઉપયોગી થઈ પડી. કૉન્સ્ટંટિનોપલ, પોર્ટસૈયદ, મુંબઈ વગેરે જગ્યાએ વાયોલિન બજાવી તે પર પૈસા મેળવી લે અને આગળ જાય. એક વખત મુંબઈમાં બૅન્ડસ્ટૅન્ડ ઉપર તેણે અરધો કલાક વાયોલિન બજાવી ત્યારે ત્યાં સાંભળવા ભેગા થયેલ ગોરાઓએ તેના ઉપર નોટો વરસાવી. અરધા કલાકમાં તેણે ૪૦ રૂપિયા મેળવી લીધા. ઉત્તર હિન્દુસ્તાનમાં તેને કોઈ સ્થળે આઠસોએક રૂપિયાના દરમાયાની નોકરી મળતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી; પણ તેનું બધું લક્ષ બૌદ્ધધર્મ તરફ લાગેલું હોવાથી તેણે તેની દરકાર ન કરી. જ્ઞાનત્રિલોકનું ચિત્ત બૌદ્ધધર્મ તરફ કેવી રીતે વળ્યું તેનો ઇતિહાસ તેણે મને ન કહ્યો, પણ શોપેનહાર વગેરે જર્મન તત્ત્વવેત્તાઓનાં પુસ્તકો વાંચી બૌદ્ધધર્મ વિષે તેના મનમાં પ્રેમ ઉત્પન્ન થયો હોવો જોઈએ એમ લાગે છે.

રંગૂન પહોંચતાં વેંત એન્ટની ગ્યુટેને (જ્ઞાનત્રિલોકે) પોતાની વાયોલિન અને એક પેટી ભરીને ગીતો ફેંકી દીધાં, અને ચુંડોચાઉનમાં શ્રામણેર થઈને રહ્યો. તેની બુદ્ધિ સતેજ હોવાથી ફક્ત શબ્દકોશ અને વ્યાકરણની મદદથી તેણે ધીમે ધીમે પાલિ ભાષાનું જ્ઞાન મેળવી લીધું. આ કામમાં તેને મારી પણ થોડી મદદ મળી. પણ તેના પોતાના પ્રયત્ન આગળ મારી મદદ કંઈ વિસાતની નહોતી. ઘણી વાર તે મારો પક્ષ લેતો. બરમી લોકો હિન્દીઓને કલા * (પરદેશી) કહે છે. મને કોઈ એમ કહેતું તો તે તપી ઊઠતો. જે બુદ્ધના તમે ઉપાસક છો તે પણ કલા હતો એમ તે કહેતો. એક દિવસ અમે બેઉ શ્વેદાગૂન ચૈત્યનાં દર્શને ગયા હતા ત્યાં એક બરમી ગૃહસ્થે અમને અંગ્રેજીમાં પૂછ્યું, 'તમે અમારો ધર્મ ક્યારે સ્વીકાર્યો?' જ્ઞાનત્રિલોકે તેને પૂછ્યું, 'તમારો ધર્મ એટલે?' તેણે કહ્યું, 'અમારો બરમી ધર્મ.'

* પરદેશીઓને બરમી લોકો 'કલા' કહે છે, પણ પાછળથી આ શબ્દ હિન્દીઓ માટે જ વપરાવા લાગ્યો. અંગ્રેજોને તેઓ 'ગોરા' કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ ઉપરથી જ્ઞાનત્રિલોકે કહ્યું, 'બૌદ્ધધર્મ બરમી નથી પણ હિન્દી છે. બુદ્ધ હિન્દુસ્તાનમાં જન્મ્યા એટલું જ નહિ, પણ તેના ધર્મનો પ્રચાર હિન્દુસ્તાનમાં હિન્દી લોકોએ જ કર્યો છે. બધું પ્રાચીન પાલિ સાહિત્ય હિન્દીઓએ જ તૈયાર કર્યું છે. આમ હોવાથી તમે બૌદ્ધધર્મને બરમી ધર્મ કહો છો તે તમારી ભારે ભૂલ છે.'

સાધારણ રીતે બરમી લોકોમાં ઇતિહાસનું એટલું તો અજ્ઞાન છે કે બૌદ્ધધર્મની ઉત્પત્તિનું પણ તેમને ભાન નથી હોતું. આવા લોકોની સાથે વાદમાં ન ઊતરવા હું જ્ઞાનત્રિલોકને વારંવાર કહેતો, પણ તેનો સ્વભાવ જાય નહિ. બરમી લોકોના પાલિ ઉચ્ચારોની પણ તે ખૂબ મશ્કરી કરતો. મારી ઉપસંપદાની પહેલાં (જ્યારે હું શ્રામણેર હતો ત્યારે) એક દિવસ અમારે વિહારના એક ભિક્ષુ પાસેથી દશ શિક્ષાપદો ગ્રહણ કરવાનાં હતાં. તેના પાલિ ઉચ્ચારની જ્ઞાનત્રિલોકને ખબર હતી, તેથી તે અગાઉથી જ હસવા લાગ્યો. આથી મેં કહ્યું, 'જુઓ, તમે તે ભિક્ષુના ઉચ્ચાર સાંભળી તેની સામે હસશો તો તેને બહુ જ માઠું લાગશે અને તેથી આપણા વિહારના મુખ્ય સ્થવિર પણ કદાચ ગુસ્સે થાય.' જ્ઞાનત્રિલોકે ન હસવાની કબૂલાત આપી અને અમે બન્ને પેલા ભિક્ષુ આગળ ગયા. રિવાજ પ્રમાણે નમસ્કાર વગેરે વિધિ થયા બાદ તેણે શરણગમન કહેવાની શરૂઆત કરી.

'बुद्धं सरणं गच्छामि'

'धम्मं सरणं गच्छामि'

'संघं सरणं गच्छामि'

આને શરણગમન કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભિક્ષુએ વાંકુંચૂકું મોં કરી ખૂબ મોટેથી પહેલું વાક્ય 'બુદ્ધચમ્ થયયણુમ્ ગિસામિ' એમ ઉચ્ચાર્યું. પછી તો ક્યાં જઈશ! જ્ઞાનત્રિલોકે તો પોતે આ શબ્દોની અનુવૃત્તિ કરવાને બદલે હસીહસીને પેટ દુઃખવા આણ્યું. બિચારો ભિક્ષુ ખૂબ શરમિંદો થઈ ગયો. થોડી વાર પછી જેમ તેમ ભિક્ષુના મુખમાંથી નીકળેલ દશ શિક્ષાપદો લઈ અમે અમારી ઓરડીએ આવ્યા અને ફરી શિક્ષાપદો લેવાની ભાંજગડમાં પડ્યા જ નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૧૪

# બૌદ્ધક્ષેત્રોની યાત્રા

ખોરાકની હાડમારીને કારણે મારી તબિયતને ભારે ધક્કો પહોંચ્યો. અતિસારનો રોગ વારંવાર લાગુ પડવા લાગ્યો; તેથી બ્રહ્મદેશ છોડી વળી કુશિનારા જવાનો પ્રયત્ન કરી જોવો એવો વિચાર આવવા લાગ્યો. જ્ઞાનત્રિલોકને મારો વિચાર પસંદ હતો. પણ કુમારસ્થવિરને તે મુદ્દલ રુચ્યો નહિ. પાંચ વર્ષ સુધી ગુરુ પાસે રહ્યા સિવાય ભિક્ષુને બીજી જગ્યાએ જવાનો નિષેધ છે, એવી માન્યતા પ્રચલિત થઈ પડી છે. મૂળ ત્રિપિટક ગ્રંથમાં આને આધાર નથી. શિષ્ય પાંચ વર્ષ ગુરુના વિહારમાં રહી અધ્યયન પૂરું કરે તે પછી બીજે જતા, એવો ઉલ્લેખ ટીકાકારે અનેક સ્થળે કર્યો છે. છતાં એને પણ ઘણા અપવાદો છે. મુદ્દાનો વિષય અધ્યયન છે. અને મારો વિનય વગેરે ગ્રંથોનો અભ્યાસ ઠીક થઈ ગયો હોવાથી, ચિત્તને સ્વાસ્થ્ય રહે એવે સ્થળે જઈ રહેવામાં આચાર્યની અડચણ ન જ હોય, એમ મારું કહેવું હતું. પણ બ્રહ્મદેશમાંના ઘણાખરા સ્થવિરો શાસ્ત્રા- દ્રૂઢિર્બલીયસી એ ન્યાયના પૂજારી હોવાથી અને અમારા ગુરુ તેમાં અપવાદરૂપ ન હોવાથી, તેમણે મને ખુલ્લા દિલથી કુશિનારા જવાની રજા ન આપી. 'તારે જવું હોય તો જા,' એમ તેમણે કહ્યું. પણ તેમની મદદ વગર બરમી ગૃહસ્થો પાસેથી મને આગબોટનું ભાડું મળવું તદ્દન અશક્ય હતું. મને સંઘમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાખલ કરવાનો વિધિ થયો તે વખતે મોલમીનના પ્રસિદ્ધ બરમી વેપારી મોંગશ્વે હોએ ખૂબ પૈસો ખરચ્યો હતો, પણ આ વખતે કુમારસ્થવિરની મંજૂરી વગર એક રાતી પાઈ પણ તે નહિ ખરચે એવી મને ખાતરી હતી. આથી ટિકિટના પૈસાને સારુ હું તેમની પાસે ન ગયો. ચિત્તગાંવના કેટલાક બૌદ્ધ વેપારી રંગૂનમાં રહેતા હતા. આ લોકોના બધા આચારવિચાર બંગાળી લોકોના જેવા હતા. માત્ર ધર્મે જ તેઓ બૌદ્ધ હતા. તેમની જોડે મારે સાધારણ ઓળખાણ હતી. એક દિવસ તેમની પાસે જઈ મેં તેમને મારો કુશિનારા જવાનો વિચાર જણાવ્યો અને તેમણે ખુશીપૂર્વક આગબોટનું ત્રીજા વર્ગનું ભાડું આપવા કબૂલ કર્યું.

ત્યાર પછી થોડે જ દિવસે મારાં પુસ્તકો વગેરે સામાન સાથે લઈ હું રંગૂનથી કલકત્તે આવ્યો. કયે દિવસે કલકત્તે પહોંચ્યો તે અત્યારે યાદ નથી. પણ ૧૯૦૪ના જાન્યુઆરીની શરૂઆત હશે. તે વખતે ધર્મપાલ જાપાન, અમેરિકા વગેરે દેશોના પ્રવાસે નીકળ્યા હતા. અને તેમની ગેરહાજરીમાં મહાબોધિ સભાનું કામ અનવરત્ન નામના એક સિંહલી યુવકને હસ્તક હતું. આ ગૃહસ્થ બહુ અવ્યવસ્થિત હતા એવા ખબર મને પાછળથી મળ્યા. પણ આ વખતે તેના સ્વભાવનું પારખું થવાનું સાધન નહોતું. હું સભાગૃહમાં ઊતર્યો. પણ જમવાખાવાની અગવડ તે જ દિવસથી જણાવા લાગી. અનવરત્ને મારી કશાયે સગવડ કરી નહિ. મને પણ આ વખતે અગાઉની પેઠે 'મારું શું થશે' એવી મુદ્દલ પરવા નહોતી. હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીનું જરૂરજોગું જ્ઞાન થઈ ગયું હોવાથી, ઉત્તર હિન્દુસ્તાનમાં કોઈ પણ જગ્યાએ મુસાફરી કરવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી તૈયારી હતી. અને ભિક્ષા ઉપર નિર્વાહ કરવાની પણ મારી તેટલી જ તૈયારી હોવાથી રસ્તે ઉદરપૂર્તિ કરવામાં પણ કશી જ અડચણ નહિ આવે, એવી મને ખાતરી હતી. કદાચ એવો વખત આવ્યો જ તો તે પણ સહન કરી લેવા હું તૈયાર હતો. આથી કલકત્તાના શ્રીમંત લોકો પાસે યાચના કરવાની તરખડમાં ન પડતાં, બીજે કે ત્રીજે જ દિવસે કલકત્તા છોડી પગરસ્તે જ મુંબઈ સુધી મુસાફરી કરવાનું મેં ઠરાવ્યું. રસ્તે કોઈ ટિકિટ કઢાવી આપે તો આગગાડીમાં જવું, નહિ તો પગે ચાલવું એવો વિચાર હતો. અમુક જ દિવસે અમુક ઠેકાણે પહોંચી જવું એવો તો કંઈ નિશ્ચય હતો જ નહિ. દેશાટન કરતાં દેશદેશના લોકોના રીતરિવાજ વગેરે જાણવા મળે અને હિન્દુસ્તાનના જુદા જુદા પ્રાંતનું જ્ઞાન મળે એ જ ઉદ્દેશ હતો.

કલકત્તે આવ્યાને બીજે જ દિવસે એક ઝોળી તથા એક સખલાદ (પટ્ટુ)નું મોટું ચીવર (વસ્ત્ર) મેં હાથે સીવી તૈયાર કર્યું. મારાં બધાં પુસ્તકો અનવરત્નને સોંપ્યાં. આમાં મારી મેં ગોવા છોડયું ત્યારથી લખેલી નોંધપોથી પણ હતી. મારે હાથે કાગળમાં બરોબર બાંધી સીલ કરીને મેં તે અનવરત્નને સોંપી અને બરાબર સાચવી મૂકવા વળીવળીને ભલામણ કરી. પણ હું આ પુસ્તકના આરંભમાં કહી ગયો તેમ તેની બેદરકારીથી આ નોંધપોથી ખોવાઈ ગઈ! બાકીનાં પુસ્તકોમાંથી ઘણાંખરાં ૧૯૦૭માં ધર્મપાલ તરફથી મને પાછાં મળેલાં. આ બધી તૈયારી પછી એક બે દિવસમાં જ એક દિવસે સવારે સૂર્યોદય પહેલાં મેં કલકત્તા છોડયું અને રસ્તો પૂછતો પૂછતો હાવરા સ્ટેશન પહોંચ્યો. ત્યાંથી બંગાળ નાગપુર રેલવેને રસ્તે મેં ધીમે ધીમે ચાલવા માંડયું. તે દિવસ મેં મારી ઝોળીમાં ભરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીધેલાં કેળાં અને પાંઉ ઉપર કાઢયો; રાત કયાં ગાળી એ અત્યારે યાદ નથી. બીજે દિવસે સવારે આંદુલ સ્ટેશન આગળ પહોંચ્યો. ઝોળીમાં કાંઈ બાકી ન હોવાથી પ્રથમ જમવાની કંઈક સગવડ શોધવાનો વિચાર કરી હું ગામમાં ગયો.

ગામમાં શીતલપ્રસાદ નામના એક ઉદાર વકીલ રહે છે એમ કોઈને મોઢે મેં સાંભળ્યું હતું. ઘણું કરીને આંદુલના સ્ટેશનમાસ્તરે જ મને કહેલું. સવારે આઠને સુમારે હું ગામમાં ગયો. શીતલપ્રસાદ પોતાની ઓશરીમાં અસીલો સાથે વાતો કરી રહ્યા હતા. 'કેમ આવ્યા છો?' એમ તેમણે મને હિન્દીમાં પૂછ્યું. મેં જવાબ આપ્યો, 'જમવા સારુ.' તેમને આ મશ્કરી લાગી હશે. કંઈ પૈસાની મદદ જોઈએ છે કે કેમ, વગેરે સવાલો તેમણે પૂછ્યા, પણ 'મને બીજું કંઈ જ નહિ, ફક્ત એક ટંકનું ભોજન જ જોઈએ છે, અને તે મારા નિયમ પ્રમાણે બાર વાગ્યા પહેલાં મળે તો જ,' એમ મેં ચોખ્ખું કહ્યું. તેમણે ઘણી જ ખુશીથી મને ભોજન કરાવવા હા પાડી અને કહ્યું, 'એટલું જ જોઈતું હોય તો અહીંથી હવે બીજે કયાંય જવાની બિલકુલ જરૂર નથી. અહીં નિરાંતે બેસો. બાર વાગ્યાની અંદર તમને મારા ગરીબ ઘરમાં મળશે તે ભોજન હું આપને કરાવીશ.' તેના કહેવા પ્રમાણે ગામમાં બીજે ઘેર ન જતાં હું ત્યાં જ બેઠો. અગિયારેક વાગ્યે જજમાને મને નોકરની સાથે નવા બાંધેલા તળાવ ઉપર નાહવા મોકલ્યો. અને તેમાંથી પરવારતાં તેમણે મારા જમવાની ગોઠવણ પંડે કરી. બંગાળી રીત પ્રમાણે અનેક શાકભાજી વગેરે વસ્તુઓ હતી. જમી લીધા પછી તેમણે 'કંઈ દ્રવ્ય લેશો?' એમ મને ફરી વાર પૂછ્યું. પણ દ્રવ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે ન રાખવું એવો મારો સંકલ્પ હતો તે જણાવી અને મને જમાડ્યા માટે તેમનો ઉપકાર માની મેં આંદુલ સ્ટેશનનો રસ્તો પકડ્યો.

આંદુલના સ્ટેશનમાસ્તર તેમ જ તેમના મદદનીશ બંને ખ્રિસ્તી હતા. પણ તેઓ મારી સાથે ખૂબ ઉદારતાથી વર્ત્યા. તે દિવસે સવારે આસિસ્ટંટ સ્ટેશનમાસ્તર સાથે મારે વાત થઈ હતી, ત્યારે મેં તેને પૂછેલું કે, 'કોઈ ગાડીના ગાર્ડના ડબ્બામાં બેસી મારાથી મિદનાપુર જઈ શકાય ખરું ?' તેણે કહ્યું, 'તમે પેસેન્જર ટ્રેનમાં જશો તો મિદનાપૂરને સ્ટેશને તમને કોઈ નહિ પૂછે. સાધુસંન્યાસી છે એમ જાણી જવા દેશે. ઉપરાંત મારા કોઈ ઓળખીતા ગાર્ડને તમારે માટે કહી મૂકીશ.' પણ આમ ટિકિટ વગર મુસાફરી કરવી એ મને યોગ્ય ન લાગ્યું. મેં તેને કહ્યું, 'ગાર્ડ મને જો તેના ડબ્બામાં બેસાડીને લઈ જાય તો જ હું જાઉં, વગર ટિકિટે પેસેન્જર ટ્રેનમાં તો હું ન જાઉં.' અંતે તેણે સ્ટેશનમાસ્તરને વાત કરી. તેણે પણ મારી તરફ સારી પેઠે સહાનુભૂતિ બતાવી. પણ પેસેન્જર ટ્રેનના ગાર્ડ પોતાના ખાનામાં નહિ લઈ જાય એમ કહ્યું. તે જ દિવસે બપોરે એક માલગાડી આંદુલ સ્ટેશનથી મિદનાપુર જનાર હતી. તેના ગાર્ડની સાથે સ્ટેશન-માસ્તરને સારી ઓળખાણ હતી. માલગાડીમાં જવા હું તૈયાર છું એમ જોઈ ગાર્ડ મને મિદનાપુર સુધી ખુશીથી લઈ જશે એમ તેણે મને કહ્યું. મને પણ આ વાત ગમી. અને હું તે ગાડીમાં મિદનાપુર આવ્યો. તે ગાડીનો ગાર્ડ પણ ખ્રિસ્તી જ જણાયો. તે મારી સાથે અત્યંત સ્નેહભાવથી વર્ત્યો. પોતાની બેઠક તેણે મને આપી અને પંડે બધો રસ્તો ઊભો રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિદનાપુર પહોંચ્યા પછી સ્ટેશન ઉપર રહેતા બે ત્રણ દક્ષિણી રેલવે કારકુનોને હું મળ્યો. પણ તેમની પાસેથી આગળ મુસાફરી કરવામાં કશી મદદ મળે એમ ન લાગવાથી સ્ટેશન છોડી મિદનાપુર શહેર તરફ મેં ધીમે ધીમે ચાલવા માંડયું. શહેર નજીક પહોંચ્યો ત્યાં મેં રસ્તાની ડાબી બાજુએ એક ગાડી ઊભેલી જોઈ. ત્યાં બે ત્રણ બંગાળી ગૃહસ્થો ઊભા હતા. તેમને 'શહેરમાં જવાનો રસ્તો આ જ કે?' એમ મેં હિન્દીમાં પૂછયું. તેમણે હા કહી એટલે હું આગળ ચાલવા લાગ્યો. તેવામાં તેમનામાંનો એક ગૃહસ્થ ઉતાવળો ઉતાવળો મારી પાછળ આવ્યો અને મને પૂછવા લાગ્યો, 'તમને સંસ્કૃતમાં વાત કરતાં આવડે છે?' મેં કહ્યું, 'હા, સંસ્કૃતમાં હું સારી રીતે બોલી શકું છું. અંગ્રેજી પણ જાણું છું.' તે કહે, 'પેલી ગાડી ઊભી છે તે અમારા રાજાસાહેબની છે. તેમણે સંસ્કૃતમાં એક ગ્રંથ પણ લખ્યો છે.' મેં કહ્યું, 'તમારા રાજાસાહેબ જોડે મારે કશું પ્રયોજન નથી, તોપણ તેમની મરજી હોય તો સંસ્કૃતમાં બોલવા મને હરકત નથી.'

એટલામાં રાજાસાહેબ ત્યાં આવ્યા. તેઓ બ્રાહ્મણ હતા અને તેમનું નામ કૃષ્ણપ્રસાદ કે એવું જ કંઈ હતું. મિદનાપુર જિલ્લામાં તેમની મોટી જમીનદારી હતી અને તળ મિદનાપુર શહેરમાં એક મોટું ઘર (જેને બંગાળીઓ કચેરી કહે છે) હતું. થોડી વાર સંસ્કૃતમાં વાતો થયા પછી રાજાએ મને પોતાની ગાડીમાં કચેરીએ આવવા કહ્યું. પણ 'મને પગે ચાલતો જ જવા દો' એમ મેં કહ્યું. તેણે વધુ આગ્રહ ન કર્યો. પોતાની સાથેના એક ગૃહસ્થને મારી સાથે રાખી તેઓ ગયા. રાત પડયા પછી હું રાજાસાહેબની કચેરીમાં જઈ પહોંચ્યો. બીજે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસે તેઓ ગામ જવાના હોવાથી તેમને તે જ રાત્રે ઘણાં કામ આટોપવાનાં હતાં. હું તેમને ન મળતાં નજીકના એક-ઢાળિયામાં મારું ચીવર પાથરી તેનો બીજો છેડો ઓઢી નિરાંતે ઊંઘી ગયો. મુસાફરીના થાકને લીધે હું ઘસઘસાટ ઊંઘવા લાગ્યો. અગિયાર વાગ્યાને સુમારે ઘોષ નામના એક વકીલે મારી પાસે આવી મને જગાડ્યો. રાત્રે ભોજન કરવા સારુ રાજાસાહેબે મને ખૂબ આગ્રહ કર્યો. પણ 'બપોરે બાર વાગ્યા પછી હું જમતો નથી' એમ કહી તેમના મનનું સમાધાન કર્યું. બીજે દિવસ પોતાની જોડે ગામ આવવાનો તેમણે મને ખૂબ આગ્રહ કર્યો. પણ મારા પ્રવાસનો ક્રમ મેં અગાઉથી નક્કી કર્યો હોવાથી તેમની વિનંતીને હું માન આપી શક્યો નહિ. પોતાનાં માણસોને કહી મને નાગપુરની ટિકિટ કઢાવી આપવાની વ્યવસ્થા કરી તેઓ પોતાને ગામ ગયા. બીજે દિવસે હું ઘોષ વકીલને ઘેર જમ્યો અને રાજાસાહેબના ઓળખીતા ગૃહસ્થ સાથે સ્ટેશને આવ્યો. રાજાસાહેબ અને તેમના મિત્રોએ કરેલ રકમમાંથી મારી ટિકિટ લેવામાં આવી, અને વધ્યા તે પૈસામાંથી પેલા ગૃહસ્થે મને રસ્તામાં ખાવા સારુ ભાતું બંધાવ્યું.

બીજે દિવસે બપોરે નાગપુર પહોંચ્યો. વાટમાં ભાતું ખાઈ લીધું હતું તેથી જમવાની ફિકર નહોતી. પરંતુ રહેવું ક્યાં અને આવતી કાલનું શું, એ સવાલ હતો જ. એમ ને એમ સ્ટેશનથી શહેરમાં આવ્યો. શહેરમાં પ્લેગનો કેર વર્તી રહ્યો હતો. લોકો ઘરબાર છોડી બહાર રહેવા ચાલ્યા ગયા હતા અને ઊતરવાનું સ્થાન મળવું મુશ્કેલ હતું. બે ચાર વાણિયા કે એવા જ કોઈ મળ્યા તે અંદર અંદર કહેવા લાગ્યા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'કોઈ આર્યસમાજી લાગે છે! અહીં એને ભળતા ગૃહસ્થનું ઘર હોવાનું? આપે તો કદાચ માધવરાવ પાધ્યે આમને આશરો આપે.' અંતે તેમાંનો એક જણ મારી તરફ વળીને કહે, 'તમે માધવરાવ વકીલ શહેર બહાર રહે છે તેમને ત્યાં જાઓ. તે તમારી બધી વ્યવસ્થા કરશે.' પાધ્યે વકીલની તપાસ કરતો કરતો લગભગ સાંજે છ વાગ્યે તેમના તંબૂ પર પહોંચ્યો. તેઓ કોઈ કેસ ચલાવવા સારુ બહારગામ ગયા હતા અને રાતની ગાડીએ પાછા આવનાર હતા. મને તેમના નાના ભાઈએ, 'તેમનું તમારે શું કામ છે?' વગેરે અનેક સવાલો પૂછ્યા. પણ તેના સવિસ્તર જવાબ આપવાની ભાંજગડમાં ન પડતાં મેં ટૂંકમાં જ જણાવ્યું, 'મારે કશું ખાસ કામ નથી. માત્ર એક દિવસ અહીં રહેવાનું મળે અને માધવરાવને મળાય એથી વિશેષ મારો કશો હેતુ નથી.' રાત્રે તેમણે મને જમવા વિષે પૂછ્યું. પણ 'હું રાત્રે જમતો નથી,' એમ કહી તેમના તંબૂમાં ચીવરની પથારી ઉપર હું નિરાંતે સૂઈ ગયો.

શ્રી. પાધ્યે વકીલ રાતની ગાડીએ જ આવ્યા. આવ્યા કે તરત તેમને મારા ખબર મળ્યા હશે. પણ તેમણે મને જગાડ્યો નહિ. બીજે દિવસે તે જરા મોડા ઊઠ્યા એટલે તે પછી મારી અને તેમની મુલાકાત થઈ. મેં કશો પડદો ન રાખતાં 'હું બૌદ્ધ છું' વગેરે હકીકત તેમને જણાવી. તેઓ સુધારાના હિમાયતી હોવાથી મારાં ધર્માંતરનું તેમને કશું ખાસ ખોટું ન લાગ્યું. તેમણે કહ્યું, 'બુદ્ધ પણ આખરે હતા તો અમારા પ્રાચીન મહર્ષિઓમાંના જ એક, તેના મતને અનુસરવાથી માણસ વટલાઈ જાય છે એમ હું બિલકુલ માનતો નથી. શ્રી..

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓકાકુરા નામના એક જાપાની બૌદ્ધ અહીં આવ્યા હતા. તે મારે જ ઘેર રહ્યા હતા. હવે તમે નકામા ઇધરતિધર ન ભટકતાં. અહીં જ નિરાંતે રહો અને જે કંઈ ધર્મચિંતન કરવું હોય તે અહીં રહ્યાં કરો.'

થોડા દિવસ નાગપુરમાં રહેવું મને ઠીક લાગ્યું. શ્રી. પાધ્યેએ મારે માટે એક નાનો તંબૂ ઇલાયદો તણાવી આપ્યો. નીચે ઘાસની પથારી કરી તે ઉપર હું સૂતો. શ્રી. પાધ્યેના તંબૂ આગળ બીજા પણ બે ચાર ડેરા હતા. તે બધાંને ત્યાંથી મને થોડી થોડી ભિક્ષા મળતી. શ્રી. પાધ્યેએ એક માટીનું છીછરું રામપાત્ર મને આણી આપ્યું હતું તેમાં હું જમતો. અને નાહવા સારુ તેમ જ પાણી ભરી રાખવા સારુ એક બીજો માટીનો ઘડો હતો અને હાથ ધોવા માટે એક ડીબ હતી. ટૂંકમાં :

मृत्पात्रमात्रविभवश्चोरासंभोगचीवर: ।
निर्भयो विहरिष्यामि कदा कायमगोपयन् ॥*

આ શાંતિદેવાચાર્યની અભળખાનો એ થોડા દિવસ મેં ઠીક અનુભવ લીધો.

શ્રી. પાધ્યેના તેમ જ બીજાના તંબૂઓથી મારો તંબૂ સારી પેઠે દૂર હતો. ત્યાં એરુઝાંઝરુની તેમ જ ચોરની બહુ બીક રહેતી. પણ હું તો બેધડક રાતવરત બધે ફરતો, અને ભોંયે ઘાસ ઉપર સૂઈ રહેતો. લગભગ અઠવાડિયું કે દોઢ અઠવાડિયું કાઢ્યું. પણ કાયમને માટે અહીં રહેવું અશક્ય હતું. વળી

---

* માટીનું શકોરું એ જ મારો વૈભવ અને ચોરને પણ કામ ન આવે એવું ચીવર (પાસે રાખીને) હું દેહની પરવા ન કરતાં નિર્ભય થઈને ક્યારે વિચરીશ ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી. પાધ્યે ગામમાં રહેવા જાય તે પછી આ વગડામાં મારાથી ન જ રહેવાત. કારણ રોજ ભિક્ષાને સારુ ચાર પાંચ માઈલ ચાલતા જવું અને ચાર પાંચ માઈલ આવવું પડત. તેથી નાગપુર છોડી મુંબઈ થઈ બનારસ અને ત્યાંથી કુશિનારા જવું એવો મેં વિચાર કર્યો. શ્રી. પાધ્યેને મેં મારો વિચાર જણાવ્યો. તેમનું કહેવું એમ હતું કે, મારે નાગપુરથી સીધા બનારસ જવું. પણ મેં કહ્યું, 'આ વખત મારે મુંબઈની બાજુ એક વાર જોવી છે. હું પૂનામાં હતો પણ મુંબઈ જોયું નથી. અહીંથી ઉમરાવતી પાસે જ છે તે પણ જોવા ઇચ્છા છે.' પાધ્યેએ વિશેષ હા ના ન કરતાં ઉમરાવતીના વકીલ શ્રી. ગોવિંદ નારાયણ કાણે ઉપર મને ભલામણપત્ર લખી આપ્યો અને બીજે દિવસે સ્ટેશન પર આવી ઉમરાવતીની ટિકિટ કઢાવી આપી.

ઉમરાવતી હું મધરાતે પહોંચ્યો. એવે વખતે શ્રી. કાણેને ઘેર જઈ બારણાં ઉઘડાવવાં ઠીક નહિ, એમ ધારી સ્ટેશને જ ત્રીજા વર્ગની વેઇટિંગ રૂમમાં ફરશ પર સૂઈ રહ્યો. આથી બીજે દિવસે મને મરડો થઈ તબિયત એકાએક બગડી. સવારે કાણે વકીલના ઘરનો પત્તો મેળવ્યો. તેમણે મારો ઘણો સારો સત્કાર કર્યો. એટલું જ નહિ, પણ શ્રી. દાદાસાહેબ ખાપર્ડે વગેરે ગૃહસ્થો જોડે તેમણે મારી ઓળખાણ કરાવી. ત્યાં બૌદ્ધધર્મ વિષે એક વ્યાખ્યાન મારે આપવું, એમ સૌનો આગ્રહ થવાથી મેં બુદ્ધના મધ્યમ માર્ગ વિષે ત્યાંના થિયૉસૉફિકલ લૉજમાં વ્યાખ્યાન આપ્યું. શ્રી. ખાપર્ડે પ્રમુખ હતા. તેમણે બૌદ્ધધર્મ ઉપર અનુકૂળ વિવેચન કર્યું અને એકંદરે મારું વ્યાખ્યાન બધાને ગમ્યું હોય એમ જણાયું. પણ મરાઠીમાં બોલવાનો મને આ પહેલો જ પ્રસંગ હતો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેથી વ્યાખ્યાન કેવુંક નીવડશે એની ચિંતા મને છેવટ સુધી રહી.

શ્રી. કાણેએ મારો બધો ભાર ઉપાડી લીધો. ટિકિટના પૈસા બધા તેમણે આપ્યા કે ફાળો કરી ભેગા કર્યા એની મને ખબર ન પડી. તેમણે મુંબઈમાં શ્રી. હરિ સીતારામ દીક્ષિત સૉલિસિટરને કાગળ લખી મારા આવવાની ખબર આપી, અને ઉમરાવતીથી નીકળતાં પહેલાં તાર પણ કર્યો. આટલેથી પણ તેમને સંતોષ ન થયો. મને કહે, 'જો તમે ન કચવાઓ તો તમારી સ્ત્રી તેમ જ પુત્રી માટે હું યથાશક્તિ થોડી રકમ મોકલતો રહું.' તેમની આ ઉદારતા માટે મેં તેમનો અત્યંત ઉપકાર માન્યો. પણ તેવી દેણગી રકમ લેવા મેં ના પાડી. મેં વિનયપૂર્વક કહ્યું, 'મારા સાળા દાક્તર છે અને પોતાની બહેનનો ભાર સહન કરવા જેવી તેમની આયપત છે. એટલે તમે નાહક ચિંતા ન કરો.' આમ કહી તેમના મનનું સમાધાન કર્યું.

માત્ર ત્રણ કે ચાર દિવસ હું ઉમરાવતીમાં રહ્યો હોઈશ. ત્યાંથી મુંબઈ આવ્યો. દાદર ગાડી બદલી સીધો વાંદરા ગયો. શ્રી. દીક્ષિતે ગાડી તથા એક માણસને સ્ટેશન ઉપર મોકલ્યો હતો તે મને તેમને ઘેર લઈ ગયો. તે દિવસે દીક્ષિતને ઘેર કંઈક પ્રસંગ હતો કે પછી રવિવાર હોવાથી ઇષ્ટમિત્રોને જમવા તેડ્યા હતા, પણ ત્યાં શ્રી. દામોદર ગણેશ પાધ્યે વગેરે લોકો આવ્યા હતા. વેદાંત ઉપર મારે તેમની સાથે લાંબો વખત સુધી ચર્ચા થઈ. શ્રી. દાભોળકર કરીને એક ગૃહસ્થ પણ ત્યાં આવ્યા હતા. તેમણે મેં ધર્માંતર કર્યું તેને વિષે ભારે ખેદ પ્રદર્શિત કર્યો. ખાસ કરીને સારસ્વતની નાતે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારા જેવા એક હોશિયાર માણસને ખોયો અને મેં સારસ્વત જેવી જાતિ ખોઈ, એ વાત એમના દિલને અત્યંત અકારી થઈ પડી!

દીક્ષિત મને બીજે દિવસે પોતાની સાથે મુંબઈ લઈ ગયા. અને એક ભાડૂતી ગાડી કરી આપી તેના કોઈ નાતાવાળાને સાથે મોકલ્યો; તેણે મને મુંબઈનાં કેટલાંક જોવા-લાયક સ્થળો બતાવ્યાં. હવે મારે મુંબઈમાં વધુ વખત રહેવાની જરૂર ન રહી. તેથી તે જ રાત્રે નીકળી વડોદરા ગયો. શ્રી. દીક્ષિતે વડોદરાના તેમના એક મિત્ર શ્રી. રામચંદ્ર હરિ ગોખલેને આગળથી મારે વિષે લખ્યું. રાત્રે અગિયાર વાગ્યે સ્ટેશને આવી મને ટિકિટ કઢાવી આપી અને ગાડીએ બેસાડ્યો.

બીજે દિવસે સવારે શ્રી. ગોખલે વડોદરાને સ્ટેશને હાજર હતા. મારા વેશ ઉપરથી તેમણે મને ઓળખ્યો, અને પોતાની ગાડીમાં મને ઘેર લઈ ગયા. તેમને ઘેર જમવાખાવાની સગવડ સારી હતી. પણ ત્યાં મારે એક દિવસથી વધારે રહેવું નહોતું. તેથી મેં તે જ દિવસે રાતની ગાડીએ બેસી ઉજ્જન જવાનું ઠરાવ્યું. ગોખલેએ સ્ટેશને આવી ઉજ્જનની ટિકિટ કઢાવી આપી. બીજા પણ થોડા રૂપિયા તેમણે આપવા માંડ્યા પણ તે મેં લીધા નહિ.

ઉજ્જનમાં પ્લેગ ચાલતો હતો. મારા જૂના મિત્ર કેળકર માસ્તર વગેરે ગામ બહાર રહેતા હતા. મેં તેમના ઘરનો માંડ માંડ પત્તો મેળવ્યો. માધવકૉલેજના તે વખતના પ્રિન્સિપાલ શ્રી. ઢંકણેના તંબૂમાં કે પછી શ્રી. કેળકરની ઝૂંપડીમાં ક્યાંક રહ્યો. અત્યારે ચોક્કસ યાદ નથી. શાલનાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામના કોઈ એક વેરાગી તે વખતે દેવાસમાં રહેતા હતા તેમને આ બધા મંડળે ગુરુ કર્યા હતા. તેમને મારે જરૂર મળવું એવો સહુનો ભારે આગ્રહ થયો. આથી ઉજ્જનથી દેવાસ સુધી ચોવીસ માઈલ હું ચાલતો ગયો. પણ આ ગ્રેજ્યુએટ મંડળે મને કહ્યો હતો તેવો ભારે ધર્મસાક્ષાત્કાર આ બાવામાં મને દેખાયો નહિ!

એક નાનીશી ટેકરી ઉપર બાવાજીની ગુફા હતી. અને ગુફાના મોં આગળ એક ધૂણી ધખતી હતી. બાવાજીને નમસ્કાર બમસ્કાર કર્યા વગર જ હું તેમની પાસે જઈને બેઠો! બાવાજીને તેમ જ તેના શિષ્યમંડળને આ ગમ્યું ન હોવું જોઈએ! મેં બાવાજીને થોડા પ્રશ્નો પૂછ્યા પણ બાવાજીએ તેના આડાઅવળા જવાબ આપી ઉડાડી દીધા. બાવાજી તે વખતે ભાંગના નિશામાં ચકચૂર હોય એમ લાગ્યું! તે દિવસે તો મારી સાથે હું ભાતું બાંધી લાવ્યો હતો અને બાર વાગ્યા પહેલાં રસ્તામાં જ ખાઈ લીધું હતું તેથી રાત્રે જમવું નહોતું. લગભગ સાત વાગ્યે શીલનાથના શિષ્યવૃંદે ધૂણીની પૂજા કરી શંખ ફૂંક્યા. આ પૂજા વખતે આરતી વગેરે બધું શીલનાથ બાવાજીના નામનું થતું! શીલનાથ જ જાણે પૂરણપુરુષોત્તમ, એવી જ તેમના શિષ્ય-મંડળની દૃઢ માન્યતા હોય એમ લાગ્યું! ગમે તેમ હોય પણ મને આ બધું કંઈ રુચ્યું નહિ.

બીજે દિવસે શ્રી. ગંગાધર શાસ્ત્રી જોડે મારી ભેટ થઈ. એઓ દેવાસની અંગ્રેજી નિશાળના હેડમાસ્તર હતા, અને વિદ્યાવ્યાસંગી હતા. તેમની મારી ઓળખાણ ક્યાં અને કેવી રીતે થઈ એ ચોક્કસ યાદ નથી આવતું; પણ તેમણે મને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાને ઘેર જમવા આવવા આગ્રહ કર્યો અને ખાતરી આપી કે મારા નિયમ મુજબ બાર વાગ્યાની અંદર બધું તૈયાર થઈ જશે. તે દિવસે અગિયાર સાડા અગિયાર વાગ્યે હું તેમને ત્યાં જમ્યો, અને બપોરે તેમની નિશાળમાં મારું એક વ્યાખ્યાન થયું. એકંદરે દેવાસ આવવામાં શીલનાથની મુલાકાત કરતાં ગંગાધર શાસ્ત્રીની મુલાકાતનો લાભ જ મને તો વિશેષ લાગ્યો!

દેવાસથી હું ઇન્દોર ગયો. જવાનું તો ઉજ્જનમાં જ નક્કી કર્યું હતું. શ્રી. કેળકરે ઇન્દોરમાં શ્રી. કેતકર હેડમાસ્તરને મારે વિષે લખ્યું હતું. તે પ્રમાણે તેમણે મને એક દિવસ પોતાને ત્યાં રાખી ઉજ્જનની ટિકિટ કઢાવી આપી રવાના કર્યો. ત્યાં પ્રિ. ઢેંકણે, શ્રી. કેળકર, વગેરે ગૃહસ્થોએ ફાળો કરી મને ગ્વાલિયર રવાના કર્યો. ગ્વાલિયરમાં હું દા. વાગળેને ત્યાં જ ઊતર્યો. ચાર વર્ષે અમે મળ્યા તેથી દા. વાગળે અત્યંત રાજી થયા. મારો સંન્યાસીનો વેશ તેમને ગમ્યો નહિ. છતાં મારા આદરસત્કારમાં તેમણે કોઈ જાતની ઊણપ આવવા દીધી નહિ. એક કે બે દિવસ તેમને ત્યાં રહીને કાશી જવા નીકળ્યો. દા. વાગળેને તે દિવસ દરબારમાં જરૂરી કામ હોવાથી મને સ્ટેશને મૂકવા આવી શક્યા નહિ. પણ મને ટિકિટ કઢાવી આપવા અને ગાડીએ બેસાડવા તેમણે પોતાના ભાણેજને મોકલ્યો. તેણે ટિકિટ કઢાવી આપી અને મૂઠી ભરીને રૂપિયા મારી આગળ ધર્યા. રૂપિયા કેટલા હતા તે વગેરે કશું ન પૂછતાં મેં તેને એટલું જ કહ્યું કે, 'એ રૂપિયા હું કોઈ રીતે લઈ શકું એમ નથી. હું એનો સ્પર્શ નહિ કરું. તમે તે લઈ જાઓ અને તમારા મામાને પાછા સોંપજો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાશીમાં સારનાથ આગળ બૌદ્ધ લોકો માટે એક નાનું વસતિગૃહ બંધાયાનું મારા સાંભળવામાં આવ્યું હતું. તે મુજબ કેન્ટોન્મેન્ટને સ્ટેશને ઊતરી મેં તે તરફનો રસ્તો પકડ્યો. ત્યાં સુમેધંકર નામનો એક શ્રામણેર રહેતો હતો. તેણે મને ખવરાવ્યું. પણ આ વસતિગૃહ નાનું હોવાથી મારા રહેવાની સગવડ ત્યાં થાય એમ નહોતું એમ તેણે જણાવ્યું. મેં તેને પૂછ્યું, 'અહીંથી કુશિનારા જવાનું કેટલું ભાડું પડે છે? તેટલું ગાડીભાડું મને અહીં કોઈ રીતે મળી શકે?' કુશિનારા નજીકના 'તહસીલ દૌરિયા' સ્ટેશનનું ભાડું અહીંથી એક રૂપિયો ને ઉપર કંઈ આના થતું હતું. તેટલા પૈસા સુમેધંકરે પોતાની પાસેથી આપ્યા અને મને ત્યાં રવાના કર્યો.

તહસીલ દૌરિયા હું સવારે પહોંચ્યો. ત્યાંથી કુશિનારા ત્રેવીશ માઈલ થાય. રસ્તો સીધો છે, પણ વાટમાં જમવાનું શું તેની ફિકર હતી જ. છતાં સ્ટેશને બેસી રહેવામાં તો કંઈ સાર નથી એમ વિચારી મેં તરત જ ચાલવા માંડ્યું. પાંચ છ માઈલ ચાલ્યો ત્યાં બપોર થવા આવ્યા. તેથી નજીકના એક ગામમાં ત્યાંના કોઈ ક્ષત્રિય જમીનદારને ઘેર હું ગયો. તેણે મારું સારી રીતે આતિથ્ય કર્યું. જમ્યા પછી મેં આગળ ચાલવા માંડ્યું. રાત્રે વાટમાં જ એક લુહારને ઘેર સૂતો અને બીજે દિવસે સવારે કુશિનારા જઈ પહોંચ્યો.

આ સ્થાન ગોરખપુર જિલ્લાના કસયા તાલુકાના ગામથી બે માઈલ છે. હાલ એને 'માયા કુંવર કા કોટ' કહે છે. આસપાસના અનાડી લોકોને અહીંની બુદ્ધની મૂર્તિ જોઈને ભારે આશ્ચર્ય થાય છે! તે વિષેના ઇતિહાસની તેમને બિલકુલ ખબર નથી! પાછળ કહી ગયો છું કે મહાવીર ભિક્ષુએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી. ખેજારી નામના બરમી વેપારીની મદદથી અહીં એક ધર્મ-શાળા બાંધી છે. મહાવીર ભિક્ષુ એ જ ધર્મશાળામાં રહેતા હતા. તેની સાથે ઉત્તર તરફનો કોઈ વૃદ્ધ બ્રાહ્મણ ભિક્ષુ રહેતો હતો. શ્રી. ખેજારીએ એક બરમી ગૃહસ્થને ભિક્ષુઓની સંભાળ લેવા અને ધર્મશાળા સાચવવા ત્યાં રાખ્યો હતો. મહાવીર ભિક્ષુએ મારું સ્વાગત સારું કર્યું અને મને રહેવાને એક ઓરડી આપી. આઠ પંદર દિવસ હું તે ઓરડીમાં રહ્યો, પણ મારાં ધ્યાન-સમાધિમાં ત્યાં બહુ ખલેલ પહોંચવા લાગી.

મારી ઓરડીની બહાર વિશ્વામિત્રમેનકાનું (રવિવર્માનું દોરેલું) એક ચિત્ર ટાંગેલું હતું. અડખેપડખેનાં ગામડાંઓમાંથી લોકો ધર્મશાળા જોવા આવતા અને આ ચિત્ર તરફ જોઈને ખડખડાટ હસતા. તેમ ન કરવા મેં તેમને અનેક વાર કહ્યું. પણ રોજ નવા નવા માણસો આવે તેથી તેની કાંઈ અસર ન થઈ. આથી મેં મહાવીર ભિક્ષુને કહ્યું, 'તમે આ ચિત્ર અહીંથી કાઢી નાંખો અથવા તો છેવટ અહીંથી તો તેને ખસેડો જ અને બીજે ક્યાંક લટકાવો, એટલે મને તેનો ત્રાસ થતો અટકે.' પણ ચિત્ર ખેજારીના માણસે મૂકેલું હોવાથી મહાવીર ભિક્ષુને તે કાઢી નાંખવું ઠીક ન લાગ્યું! અંતે મેં તેને અવળું કરી મૂક્યું. પણ પેલા બરમીએ તે પાછું ચત્તું કરીને મૂક્યું! કુશિનારા આવવાનો મુખ્ય હેતુ મનને શાંતિ મળે એ જ હતો. પણ આ એક નાનકડા ચિત્રે તેમાં બેહદ ખલેલ કરી. હવે ધર્મશાળા છોડી જવા સિવાય બીજો ઉપાય રહ્યો નહિ!

એક દિવસ મહાવીર ભિક્ષુની સાથે મારે આ વિષે સારી પેઠે બોલાચાલી થઈ અને એ બહાનાનો લાભ લઈ મેં


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મશાળા છોડી. બુદ્ધના મંદિરની પાછળના ખંડેરમાં ઊગેલું એક જંગલી ઝાડ હતું તેની નીચે થોડીએક જગ્યા સાફ કરી હું ત્યાં રહેવા લાગ્યો. એક દિવસ તો કસયા ગામમાં જઈ એક વકીલને ઘેરથી ભિક્ષા લાવ્યો. પણ બીજા દિવસથી મહાવીર ભિક્ષુએ મારું ભોજન હું જ્યાં બેઠો હતો ત્યાં મોકલવા માંડ્યું. આમ ભિક્ષા મેળવવાની ફિકર રહી નહિ.

૧૯૦૪ના જાન્યુઆરીની ૨૫મી તારીખે હું કુશિનારા પહોંચ્યો હતો. એક બે અઠવાડિયાં ધર્મશાળાની ઓરડીમાં ગાળ્યાં. અને બીજા બે અઢી મહિના પેલા ઝાડ નીચે ગયા. મારી જિંદગીના એકાંતવાસમાં ગાળેલા પહેલા દિવસો તે આ જ. ભગવાન બુદ્ધે ભયભૈરવ સૂત્રમાં કહેલા ભયભૈરવનો મેં આ ઠેકાણે પહેલી જ વાર અનુભવ કર્યો. આ સૂત્રમાં ભગવાન બુદ્ધ કહે છે, 'હે ભિક્ષુઓ! હું ચૌદશ, અમાસ, પૂનમ અને આઠમને દિવસે, જ્યાં ભૂતપિશાચાદિનો બહુ ભય હોય છે એમ કહેવાય છે, ત્યાં જઈને રહેતો. રાતે એકાદ મોર ઝાડ ઉપરથી સૂકી ડાંખળી નીચે પાડતો હોય, એકાદું જાનવર નજીક આવતું હોય અથવા તો પવનથી ઝાડનાં પાંદડાં ખડખડે તેવો જ મારા શરીરમાં ભયનો સંચાર થતો. તે વખતે જો હું અહીંથી તહીં ફરતો હોઉં તો ફરતાં ફરતાં જ તે ભયનો નાશ કરતો. ઊભો હોઉં ને મને બીક લાગે તો ઊભાં ઊભાં જ હું બીકનો નાશ કરતો; બેઠો હોઉં ને બીક મારી પાસે આવે તો હું બેઠાં બેઠાં તે બીકનો નાશ કરતો, અને બિછાનામાં પડ્યો હોઉં ને જો મને ભય લાગે તો તે જ સ્થિતિમાં હું તેનું દમન કરતો.' આ અને એવાં જ બીજાં સૂત્રોમાં કહેલી બાબતોનો અનુભવ લેવાની મને અહીં તક મળી. રાતે નોળિયા,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વરુ, વગેરે જનાવર સૂકાં પાંદડાં ઉપર થઈને દોડયાં જાય અને તે વખતે મારું શરીર ભીતિથી કંપી ઊઠે. પણ તે ક્ષણે જે સ્થિતિમાં હું હોઉં તે જ સ્થિતિમાં રહીને તે બીકનું હું દમન કરતો.

મહાવીર ભિક્ષુએ મને પાથરવા સારુ એક પાથરણું આપ્યું હતું. એક દિવસ મારા રહેઠાણના ઝાડ પાસે ખેતરમાં તે પાથરણું પાથરીને હું સૂતો હતો. મધરાતને સુમારે ઊઠીને હું શૌચ કરવા ગયો. પાછો આવીને જોઉં છું તો પાથરણાની કોર ઉપર કંઈ લાકડું પડયું હોય એવી વસ્તુ જોઈ. મને શંકા આવી અને મેં ચપટી વગાડી. એટલે ત્યાં પડેલો સાપ ધીરે ધીરે ચાલ્યો ગયો. તે દિવસથી બુદ્ધમંદિરની બહારના ઓટા ઉપર હું સૂવા લાગ્યો. આ ઓટો જમીનથી ઊંચો હોવાથી એરુઝાંઝરું પથારીમાં આવવાનો સંભવ થોડો હતો. પરંતુ ઓટા ઉપર ઝાડની કે એવી કશી ઓથ ન હોવાથી રાતે ઝાકળ પડે અને મારી પથારી ભીંજાઈ જાય. ઉપરાંત ઓટાની જમીન છોની હોવાથી ટાઢ પણ ખૂબ વાય.

મૂર્તિ નામનો એક કબીરપંથી સાધુ પાસેના જ એક ગામમાં રહેતો હતો. તે વખતોવખત મારી પાસે આવતો અને ધર્મચર્ચા કરતો. હું પણ તેને બુદ્ધની ભાવના વગેરેના પ્રકાર કહેતો. એક દિવસ મારા રહેઠાણથી બે માઈલ દૂર આવેલા એક મસાણમાં જવાનું અમે ઠરાવ્યું; અને તે પ્રમાણે અમે આખી રાત ત્યાં ગાળી. શિયાળ, વરુ, વગેરે જનાવરો તો આ મસાણમાં હતાં જ, પણ તે કરતાંયે મૃતશરીરના અવયવો, હાડકાં વગેરે ચોમેર પડેલાં હોવાથી આ જગ્યા અધિક બિહામણી લાગતી હતી. ત્યાંથી માણસની ખોપરી વગેરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનેક હાડકાં ભેગાં કરી આણી તે ઉપર મેં કેટલાક દિવસ સુધી ધ્યાન કર્યું!

આ પહેલાં મને વેરાન જંગલમાં ફરવાની ટેવ નહોતી એમ નહિ. અમારું સાંખવળ ગામ હજી વેરાન જંગલ જ છે. હજુ આજે પણ ત્યાં સૂર્યાસ્ત પછી વાઘની બરાડ વર્ષમાં ઘણી વાર સાંભળવા મળે છે. અને ત્યાં રાતમધરાત અનેક વેળા હું ફર્યો છું. મસાણ આગળ થઈને એકલા જવાઆવવામાં મને મુદ્દલ બીક ન લાગતી. પણ તે વખતે મનની વૃત્તિ જુદી હતી. સાપ, વાઘ, ભૂત, પિશાચ કે ચોર આવે તોપણ તેની સામે થવા હાથમાં દંડૂકો અને ધારિયું રહેતાં. વાઘ ઉપર હુમલો કરવાની પણ મારામાં હરહમેશ ધમક રહેતી. અહીંની વાત જુદી જ હતી. અહીં શિયાળ વગેરે બાહ્ય શત્રુઓનો પ્રતિકાર માત્ર વૈરાગ્ય અને શાંતિથી કરવાનો હતો. આથી રાતે વરુ આવ્યું લાગે કે તેને ભગાડવા હું દોડતો નહિ. મારા શરીરથી જો આ પ્રાણી તૃપ્ત થતું હોય તો ભલે તે તૃપ્ત થાઓ, એવો સંકલ્પ કરી હું ચૂપ રહેતો. મતલબ કે કુશિનારાની આસપાસ મને જે એક જાતનો ધાર્મિક અનુભવ લેવા મળ્યો તે અપૂર્વ હતો એમ કહેવું જોઈએ.

૧૯૦૪ના એપ્રિલમાં ધર્મપાલ જાપાન, અમેરિકા વગેરે દેશ ફરી કલકત્તા આવ્યા, અને ત્યાંથી કાશી આવ્યા. ત્યાં તેમણે એક ઔદ્યોગિક શાળા સ્થાપવા પ્રયત્ન કર્યો. મને તેમના એક બે કાગળ આવ્યા એટલે કાશી જઈ તેમને મળવું એમ મેં નક્કી કર્યું. એપ્રિલની આખરે હું કાશી ગયો, અને ત્યાં બૌદ્ધ ધર્મશાળાની નજીકના એક વડ નીચે મેં એક બે અઠવાડિયાં ગાળ્યાં. ધર્મપાલ મને મળવા શહેરમાંથી આવ્યા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે જ દિવસે ત્યાં સારનાથનો મેળો ભરાયો હતો. જ્યાં બેસી બુદ્ધગુરુએ ઉપદેશ કર્યો તે જ ઠેકાણે અશોક રાજાએ બંધાવેલ એક મોટો સ્તૂપ છે. મેળામાં આવેલા અનેક લોકો આ જગ્યા જોવા આવ્યા. આથી ધર્મપાલે મને કહ્યું: 'આ લોકોને આ જગ્યાની પ્રાચીન માહિતી નહિ હોય તેથી તમે તે તેમને કહો.' મેં કહ્યું, 'એમાં હું સફળ નહિ થાઉં. નાહકનો ત્રાસ થશે.' પણ તેમણે ખૂબ આગ્રહ કર્યો તેથી છેવટે સ્તૂપ આગળની ઊંચી જગ્યા ઉપર ચડી લોકોને ઉદ્દેશીને હું આ પ્રમાણે બોલ્યો:

'આ સ્તૂપનો ઇતિહાસ આપનામાંના ઘણાખરાને માલૂમ નહિ હોય. સાર્વભૌમ અશોક રાજાએ આ સ્તૂપ પહેલવહેલો બાંધ્યો —' આ વાતો કહેવાની મેં શરૂઆત કરી પણ વચમાં જ એક જણ હિન્દીમાં બોલી ઊઠ્યો, 'અરે આ બધાં નાહકનાં ગપ્પાં શેનાં માર્યે જાઓ છો? આ તો 'ઘાંચીનો ટોપ' છે એમ અમે જિંદગી આખી સાંભળતા આવ્યા છીએ!' ઘાંચીનો ટોપ આવડો મોટો હોઈ જ ન શકે, અને એમ હોવા વિષે ઇતિહાસમાં કશોયે પુરાવો નથી મળતો વગેરે વિચારો જણાવી મેં એ માણસને સમજાવવા મહેનત કરી. એટલામાં વળી બીજો તેનો કોઈ સોબતી તપી ઊઠ્યો ને બોલ્યો, 'તમે બકો છો! અમારા બાપદાદા આટલા કાળ કહેતા આવ્યા તે બધું ખોટું અને તમારો ઇતિહાસ એક સાચો ખરું ને? ઘાંચીએ આ ટોપ ચણાવેલો અને એક ઠેકડે તે તેની ઉપર ચડતો! ('કૂદ પડતા થા') ખબર છે?' ખલાસ થયું! મારું વ્યાખ્યાન ત્યાં જ સમાપ્ત થયું! શ્રોતૃવૃંદમાં હસાહસ મચી રહી અને મારી સંપૂર્ણ હાર થઈ એમ સૌ કોઈને ખાતરી થઈ ચૂકી!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંતે તેમનામાં ઇજનેરનું કામ કરી પેન્શને પહોંચેલ એક ગૃહસ્થ હતા તેમણે ધર્મપાલને કહ્યું, 'અમારા લોકોને જૂના ઇતિહાસની વાત કરવામાં કશો સાર નથી. તમે અમેરિકા, જાપાન, વગેરે દેશ ફરી આવ્યા છો, ત્યાંના લોકો વિષે તેમ જ ઉદ્યોગધંધાઓ વિષે કંઈ માહિતી આ લોકો આગળ કહેશો તો તેનો કંઈક ઉપયોગ થશે.' ધર્મપાલે તેમ કરવાની હા કહી, એટલે તે ગૃહસ્થ માટીના ટેકરા ઉપર ચડી ગયા અને પ્રાસ્તાવિક ભાષણ કરી શ્રોતૃસમુદાયને ધર્મપાલની ઓળખાણ કરાવી. પછી ધર્મપાલે આપેલું ભાષણ તેણે હિન્દીમાં સમજાવ્યું. પણ તેનુંયે પરિણામ જેવું જોઈએ તેવું ન થયું એમ મારું માનવું છે. છતાં ઘોંઘાટ કર્યા વગર લોકોએ સાંભળ્યું એ જ અહોભાગ્ય!

જે દેશમાં બૌદ્ધધર્મનો પ્રચાર થયો, જ્યાંના લોકોએ ચીન વગેરે હિન્દ બહારના દેશોમાં પણ તે ધર્મની ધજા ફરકાવી, તે જ દેશના લોકોનું આવું શોચનીય અજ્ઞાન જોઈને મારું મન ઉદાસ થઈ ગયું. બૌદ્ધધર્મના તેમના અજ્ઞાનનું તો કંઈ નહિ, પણ બીજી બાબતોમાં પણ મહારાષ્ટ્ર કે બંગાળ કરતાં કાશી, કુશિનારા વગેરે પ્રદેશના લોકો અત્યંત પછાત છે. તળ કાશીમાં જે થોડાઘણા શાસ્ત્રીપંડિતો છે તેટલા જ. પણ કાશી છોડી બે ચાર માઈલ પણ બહાર નીકળો કે ગામડાંઓમાં નર્યું અજ્ઞાન જ અજ્ઞાન વ્યાપી રહ્યું છે. આ દશ બાર વર્ષમાં કંઈ સુધારો થયો હોય તો પ્રભુ જાણે, પણ હું જ્યારની વાત કરી રહ્યો છું તે વખતે તો આપણી બાજુના કરતાં ઉત્તર હિન્દુસ્તાનના લોકો અતિ પછાત હતા. અને મોટાં મોટાં ગામોમાં પણ પ્રાથમિક કેળવણીની સુધ્ધાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સગવડ નહોતી. આ ગામડાંના બ્રાહ્મણોને સુધ્ધાં લખતાં વાંચતાં ન આવડે ! સહી કરતાં આવડવું એ તો જાણે ભારે વિદ્યા મનાય ! પ્રાચીન કાળમાં બધા સુધારાઓમાં અગ્રેસર તરીકે પંકાયેલા આ મધ્યદેશની આવી ખેદજનક સ્થિતિ જોઈને કયા દેશહિતેચ્છુને લાગી નહિ આવે !

હું જે વડના ઝાડ નીચે રહેતો હતો, તેની પાસે જ એક જૈન દેરાસર હતું. તેની બહારની બાજુએ લાંબા લાંબા ઓટા હતા. રાતે હું એ ઓટા ઉપર સૂતો. જૈન મંદિરનો પૂજારી ત્યાંથી થોડે દૂર એક ધર્મશાળામાં રહેતો. અને પુરાણ-વસ્તુસંશોધક ખાતાએ નજીકના ગામના એક માણસને, ત્યાંથી કોઈ પાણોપથરો ઉપાડી ન જાય તેટલા ખાતર, ચાર સાડા ચાર રૂપિયાને દરમાયે ચોકીદાર રાખ્યો હતો. આ માણસ કોઈ વાર મને કહેતો કે, દેરાસરની આસપાસ ભયંકર ભૂત-પિશાચોનો વાસ છે અને સૂરજ આથમ્યા પછી ત્યાં થઈને જતાંઆવતાં લોકો બહુ બીએ છે. ત્યાં સૂવાનું છોડી ધર્મશાળામાં સૂવાનો મને તેણે ઘણી વાર ઉપદેશ કર્યો, પણ મેં તે જગ્યા છોડી નહિ.

ઉત્તર હિન્દુસ્તાનમાં ઉનાળો બહુ સખત હોય છે. એક દિવસ બપોરે હું પેલા વડ નીચે બેઠો હતો ત્યાં દેરાસરની પાછળની બાજુએ ખોદકામ કરનારો એક મજૂર જૈન ધર્મશાળામાંથી માટીના ઘડામાં પાણી ભરીને આવતો હતો. તેને મેં મારા કમંડળમાં થોડું પાણી નાંખવા કહ્યું. પણ તેણે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, 'મહારાજ, તમે કહો છો તેમ હું કેમ કરું ?' મને લાગ્યું કે આસપાસ પાણીની અતિ તંગીને લીધે, આ પ્રમાણે થોડું પાણી મને આપે તો, બીજા મજૂરો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના ઉપર ગુસ્સે થાય એ બીકે તે મને પાણી નહિ આપતો હોય. તેથી મેં તેને કહ્યું, 'મને પાણી આપવાથી જો તને કોઈ રીતે હરકત આવે એમ હોય તો ન આપતો.' તેણે ઘડો નીચે મેલી મારે પગે પડીને કહ્યું : 'મહારાજ, પાવળું પાણી આપવામાં મારું શું લૂંટાઈ જવાનું હતું? પણ હવે તમને સાચી વાત કરી દઉં છું. હું જાતે મોચી છું અને તેથી જ આપના જેવા ઊંચ વરણને મારા હાથનું પાણી આપી પાપનો ભાગી કેમ થાઉં?' મેં કહ્યું, 'રોહીદાસ સંત પણ ચમાર હતા છતાં તેને બધા લોકો માન આપતા. તે જ પ્રમાણે હું પણ જાતિભેદમાં માનનારો માણસ નથી. તું કઈ જાત છે એ જોડે મારે નિસબત નથી. મારે તો ફક્ત પાણી જોઈએ છે અને તે તું આપ એટલે બસ.' આ પ્રમાણે મેં તેને ખૂબ ઉપદેશ આપ્યો. તે કંઈ જવાબ ન આપી શક્યો. માત્ર ફરી મારે પગે પડીને બોલ્યો, 'આપ ગમે તેટલો ઉપદેશ કરો, અથવા તો હું જો આપને ગુનેગાર દેખાતો હોઉં તો મારું અહીં ને અહીં ગળું વાઢી નાંખો, પણ આવા પાપમાં પડવા મને કહેશો નહિ!' છેવટે એ ખરા તડકામાં જૈન ધર્મશાળાના બાગને કૂવે જઈ ત્યાંના પૂજારી પાસેથી મારે પાણી લેવું પડ્યું!

આ એક જ બાબત ઉપરથી યુરોપ, અમેરિકા, વગેરે દેશોના હલકા વર્ગોની અને અહીંના ઢેડ, ચમાર વગેરે લોકોની સ્થિતિમાં કેટલો ફેર છે, અને ત્યાંના જેટલો સુધારો આ દેશમાં કરતાં કેટલી તકલીફ પડે એમ છે, એ સહેજે દેખાઈ આવે છે. ઈશ્વરના સૃષ્ટિનિયમને આધારે જ પોતે નીચ સરજાયેલ છે, એવી ભાવના પશ્ચિમના ગરીબ વર્ગોમાં બિલકુલ નથી. સમાજની ખોટી રચનાને લીધે પોતે નીચા દરજ્જાના બન્યા છે અને તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી મહાવીર ... કેન્દ્ર,
જિ. ગાંધીનગર, પિન-382009

રચનામાં ફેરફાર કરાવવાની સાથે જ પોતાની ઉન્નતિ થવાની, એવી તેમની દૃઢ માન્યતા છે. પણ આપણે ત્યાં તો અંત્યજો વગેરેમાં પોતે જે સ્થિતિમાં જન્મ્યા તે તેમને યોગ્ય લાગે છે, એટલું જ નહિ પણ કોઈ સુધારાનો હિમાયતી તેમની વચ્ચે જઈ ચડે તો તે અધર્માચરણ કરે છે એવી ગાંડી સમજણ ઘર કરી બેઠી છે! કેળવણીનો પ્રચાર કર્યા વગર હજારો વર્ષથી મૂળ ઘાલી બેઠેલા આ સંસ્કારો પર હુમલો કરવા મથવું નિરર્થક છે. ફરજિયાત કેળવણી જેવું કંઈ ને કંઈ હિન્દુસ્તાનમાં શરૂ થયા વગર આ પછાત વર્ગોની ઉન્નતિની આશા રાખવી ફોગટ છે.

પેલા ઝાડ નીચે એક બે અઠવાડિયાં ગાળી હું કેન્ટોન્મેન્ટમાં જે બંગલામાં ધર્મપાલ રહેતા હતા ત્યાં રહેવા ગયો. ત્યાં પણ હું બે અઠવાડિયાં રહ્યો. અને જૂન મહિનાની શરૂઆતમાં ધર્મપાલના કહેવાથી બુદ્ધગયા ગયો. ત્યાંવાળા સુમંગલ ભિક્ષુ બીજે ક્યાંક ગયા હતા. ધર્મપાલને તેના ખાનગી વર્તન વિષે શંકા પેદા થવાથી તેને ત્યાંથી ખસેડી એક સિંહલી ઉપાસકને ત્યાંની વ્યવસ્થા સોંપી હતી. તેણે મારી ઠીક બરદાસ રાખી. ધર્મપાલ દર મહિને ખર્ચના પૈસા તે ઉપાસકને જ મોકલતા અને તે જ બધો હિસાબ રાખતો. મારે કંશી ફિકર કરવી ન પડતી. જમીને ત્રણેક વાગ્યે હું નિરંજરા નદીની રેતમાં એકાદ ઝાડ નીચે બેસતો અને બૌદ્ધ ગ્રંથમાં કહેલ ધ્યાનભાવનાદિક પ્રકાર કરતો.

અહીં આ સ્થાન વિષે કેટલીક માહિતી આપવી અયોગ્ય નહિ ગણાય. બુદ્ધ ભગવાને બોધિસત્ત્વ અવસ્થામાં બુદ્ધગયાની પડોશમાં છ વરસ સુધી ઘોર તપ કર્યું. માત્ર મગનો કે કળથીનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉકાળો પીને તે ઘણા દિવસ રહ્યા, ઉપવાસ કર્યા, બધું કર્યું પણ નિર્વાણપ્રાપ્તિ ન થઈ. અંતે દેહદમનનો માર્ગ મેલી તેમણે ધીમે ધીમે ખોરાક લેવો શરૂ કર્યો. પણ આથી તેમની સાથે જે પાંચ ભિક્ષુ રહેતા હતા તેમને ખૂબ ખોટું લાગ્યું, અને જેને પોતે ગુરુ સમાન ગણતા હતા તે આ ગૌતમબુદ્ધ ઢોંગી નીકળ્યો એમ કહી બુદ્ધગુરુનો ત્યાગ કરી તેઓ વારાણસી ચાલ્યા આવ્યા. પછી તો બોધિસત્ત્વ ત્યાં જ રહ્યા અને દેહને જરૂરી તેટલું અન્ન ગ્રહણ કરી તેમણે પોતાનું ધર્મચિંતન ચલાવ્યું. વૈશાખી પૂનમને દિવસે સુજાતા નામની ક્ષત્રિય કન્યાએ આપેલી ખીર ખાઈને, રાતની વેળાયે બુદ્ધગયાના મંદિરની લગોલગ ઊગેલા પીપળાના ઝાડ* નીચે આવીને બેઠા હતા, તે રાતે બોધિસત્ત્વને તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ બોધ થયો. અને મારની તમામ સેનાનો પરાજય કરી પો ફાટયા પહેલાં પોતે સંબુદ્ધ થયા. પુસ્તકોમાં પણ બોધિસત્ત્વની માર જોડેની લડાઈનાં રસિક વર્ણનો છે. ગમે તેમ હો, પણ બુદ્ધગુરુના પરિનિર્વાણ પછી આ સ્થળને ખૂબ મહત્ત્વ મળ્યું. અનેક રાજાઓ અને શ્રીમંત લોકોએ અહીં અનેક મંદિરો, સ્તૂપો, અને વિહાર બંધાવ્યાં. આમાંથી ફક્ત મુખ્ય મંદિર સિવાય બાકીનાં બધાં મકાનો આજે માટીમાં મળી ગયાં છે. ઈસ્વીસનના પાંચમા સૈકામાં સિલોનના સુવિખ્યાત મહાનામ રાજાએ અહીં એક મોટો વિહાર બાંધી તેમાં સોનાનું નકશીકામ કરાવ્યું હતું અને

---

* જે ઝાડ નીચે બુદ્ધ બેઠા હતા તે ઝાડ એક દુષ્ટ રાજાએ કાપી નાંખ્યું એવી લોકવાયકા છે. પણ તે જ ઠેકાણે ઊગેલ તે ઝાડની એક શાખા અત્યારે ત્યાં છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમાં મોતી અને માણેકનાં જડતર હતાં એમ કહેવાય છે. આ વિહારવાળી જગ્યા આજે પણ બતાવવામાં આવે છે. પણ ત્યાં આજે માટીના ઢગલા સિવાય કંઈ જ નજરે પડતું નથી.

મૂળ મંદિરની આવી જ દુર્દશા હતી. મંદિર ઉપર વડ વગેરે ઝાડો ઊગીઊગીને શિખરનો એક ભાગ ધસી પડ્યો હતો, અને આસપાસનું મેદાન પુરાતાં પુરાતાં મંદિર ધરતીમાં ઢંકાઈ જવાની તૈયારીમાં હતું. પરંતુ ૧૮૭૬ના શિયાળામાં બરમાના મિંદોમિન રાજાએ આ મંદિરના જીર્ણોદ્ધાર સારુ ત્રણ બરમી અમલદારોની એક સમિતિ બુદ્ધગયા મોકલી. એ સમિતિએ અહીંના મહંતની અનુમતિથી આ મંદિરની મરામત શરૂ કરી. પણ બ્રિટિશ સરકારને આ વાત પસંદ ન પડી! બરમાનો રાજા પુષ્કળ પૈસો વાપરી કંઈ અવનવા ફેરફારો કરી મૂકે, એવી બ્રિટિશ સરકારને બીક લાગી. આથી સરકારે મિંદોમિન રાજાએ મોકલેલ પ્રતિનિધિઓના કામમાં દખલ કરી. પછી બંને સરકારો વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યો અને અંતે એવો ઠરાવ થયો કે, બ્રિટિશ સરકારે જ જૂની કળાનો નાશ થવા ન દેતાં મંદિરની મરામત કરાવવી, અને તેમાં ખર્ચ થાય તે બરમી રાજાએ ઉપાડવો! આ મુજબ એક અંગ્રેજ ઇજનેરની દેખરેખ હેઠળ આ મંદિરની મરામત કરવામાં આવી. આ પ્રસંગે સરકારે ડૉ. રાજેન્દ્રલાલ મિત્રને રોકીને તેમની પાસે બુદ્ધગયાને લગતી તમામ હકીકત ભેગી કરાવી અને તે પુસ્તકરૂપે પ્રગટ કરી. વળી ત્યાંની મૂર્તિ અને બીજી પુરાતન વસ્તુઓની દેખરેખ રાખવા એક રખેવાળ પણ નીમ્યો.

મિંદોમિન રાજાએ એક નાની ધર્મશાળા બાંધી ત્યાં પોતા તરફથી બે ત્રણ બરમી ભિક્ષુ રાખ્યા અને બુદ્ધ ભગવાનની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂજા સારુ પુષ્કળ રત્નજડિત સામગ્રી બ્રહ્મદેશથી મોકલી. મંદિરની જમીન ઉપર અહીંના મહંતનો કબજો હતો. પણ બરમી ભિક્ષુઓ અને તેની વચ્ચે કોઈ દિવસ અણબનાવ નહોતો. અંગ્રેજ સરકારે ૧૮૮૬ના જાન્યુઆરીમાં થિબો રાજાને પદભ્રષ્ટ કરી બ્રહ્મદેશને હિંદ સાથે જોડી દીધો. તે વખતે બુદ્ધગયાના ભિક્ષુઓ નિરાશ્રિત થવાથી દેશ ગયા અને મિંદોમિન રાજા તરફથી આવેલ ઝવેરાત મહંતના કબજામાં આવ્યું તે હજુ સુધી તેની પાસે જ છે. ત્યારથી મહંતને આ વેરાન મંદિરની કિંમત જણાઈ આવી, અને તે ઉપર પોતાની માલિકી વધારે ને વધારે મજબૂત કરવા તેણે શરૂઆત કરી.

૧૮૯૧માં કર્નલ આલકોટની સાથે ધર્મપાલ સિલોનથી બૌદ્ધક્ષેત્રોની યાત્રા કરવા આવ્યા. ગયાના મંદિરની દુર્દશા જોઈને તેમનું મન ઉદ્વેગ પામ્યું. બૌદ્ધ મંદિરની સંભાળ લેનારું હવે ત્યાં કોઈ ન રહ્યું હોવાથી ચોગાનમાં જંગલ થવા માંડયું હતું અને આ જગ્યા ગામના લોકોને શૌચવિધિ કરવાનું સ્થાન થઈ પડી હતી! ગામનાં છોકરાં દિવસ બધો મંદિરમાં ઘૂસી બુદ્ધની મૂર્તિના ચોતરા ઉપર રમતાં અને પથરા ફેંકી ત્યાંની શોભાનો નાશ કરતાં. મહંતે નામનો એક ચોકીદાર રાખ્યો હતો, પણ તે મંદિરનું રક્ષણ કરવા તરફ લગીરે ધ્યાન નં આપતો. તે તો બૌદ્ધ જાત્રાળુઓ તરફથી બુદ્ધની મૂર્તિ આગળ ધરવામાં આવતી વસ્તુઓ તરફ જ વિશેષ ધ્યાન રાખતો! આવી દુર્દશા જોઈને ધર્મપાલનું ચિત્ત બૌદ્ધોના આ પવિત્ર સ્થળ તરફ વળ્યું. અને સ્વદેશ પાછા જઈ આ મંદિરના પુનરુદ્ધાર સારુ તેણે એક સભા સ્થાપી. તેનું જ નામ 'મહાબોધિ સભા'.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૮૯૩માં મહાબોધિ સભાના મંત્રી તરીકે અમેરિકામાં શિકાગો ખાતે મળેલી સર્વધર્મપરિષદમાં ધર્મપાલે હાજરી આપી. આને લીધે હિંદી તેમ જ યુરોપિયન લોકોમાં તેનું માન ખૂબ વધ્યું. અમેરિકાથી પાછા ફરતાં તે જાપાન ઊતર્યા અને ત્યાંના કોઈ પ્રાચીન મંદિરમાંથી એક સુંદર બુદ્ધમૂર્તિ લાવ્યા. તેમનો ઇરાદો એવો હતો કે આ મૂર્તિને બુદ્ધગયાના મંદિરમાં ઉપલે માળે સ્થાપવી. પણ મહંતને આ વાતની ખબર પડી કે તરત તેણે તે સામે વાંધો લીધો. આ મૂર્તિ ગયા શહેરમાં વરસ સવા વરસ પડી રહી. છેવટે ધર્મપાલે એક દિવસ મળસકે તેને ત્યાંથી ઉઠાવી બુદ્ધગયા લઈ જઈને ઉપરને માળે સ્થાપી દીધી, અને બે ભિક્ષુને ત્યાં મૂકી પૂજાની શરૂઆત કરી. આ વાતની મહંતને ખબર પડતાં તેણે પોતાના શિષ્યો મોકલી બખેડો કરાવ્યો અને મૂર્તિને ત્યાંથી ઉપાડીને બહારના આંગણામાં ફેંકી દીધી! આથી બુદ્ધગયામાં જ નહિ પણ ગયા શહેરમાંયે ખૂબ શોર મચી ગયો. ગયાના મૅજિસ્ટ્રેટ મિ. મેકફર્સને ધર્મપાલના અને મૂર્તિના રક્ષણ સારુ પોલીસ મોકલી આપી.

આ બધા બખેડા દરમ્યાન ધર્મપાલને તેના કેટલાક મિત્રોએ મહંત ઉપર ફરિયાદ માંડવાની સલાહ આપી. પણ સિલોનવાળા અમારા ગુરુ શ્રી. સુમંગલાચાર્ય (મહાબોધિ સભાના પ્રમુખ) વગેરે વિચારી લોકો આવી ફરિયાદ માંડવાની વિરુદ્ધ હતા. તોપણ તેમણે તપાસ કરવા સારુ એક સિંહલી બૅરિસ્ટરને સિલોનથી મોકલ્યો. તેણે પણ એવો જ મત આપ્યો કે ફરિયાદ ન કરવી. છતાં ધર્મપાલે પોતાના હિંદી અને અંગ્રેજ મિત્રોની સલાહથી મહંત ઉપર ફરિયાદ માંડી. મહંત ખૂબ પૈસાવાળો માણસ હોવાથી તેણે કલકત્તાના સુપ્રસિદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બૅરિસ્ટર મનમોહન ઘોષને પોતાની તરફથી રોકયા. પણ આખરે મૅકફર્સન સાહેબે બૌદ્ધોનો હક સાચો ઠરાવી મહંતના ચાર શિષ્યોને સજા કરી. મહંતે જિલ્લા જજને ત્યાં અપીલ કરી. ત્યાં થોડી સજા કાયમ રહી અને થોડીમાં ફેરફાર થયો. ત્યાંથી મનમોહન ઘોષ આ કેસ કલકત્તાની હાઈકોર્ટમાં લઈ ગયા. અને કલકત્તાનાં દેશી તેમ જ અંગ્રેજી છાપાંઓમાં ખૂબ ચળવળ કરી. બુદ્ધગયાના મજિસ્ટ્રેટે અને જજે આપેલા ચુકાદાથી હિંદુધર્મ ઉપર ભારે ફટકો પડવા સંભવ છે એવી બૅરિસ્ટર ઘોષની દલીલ હતી. તે વખતે બૌદ્ધધર્મ વિષે લોકોમાં ભ્રામક ખ્યાલ હોવાથી ધર્મપાલ વિરુદ્ધ ધિક્કારની લાગણી ઉત્પન્ન થવામાં વાર ન લાગી. છેવટે હાઈકોર્ટનો કેસ ન્યાયમૂર્તિ બેનરજી અને વડા ન્યાયમૂર્તિ સમક્ષ આવ્યો. તેમણે પોતાના ચુકાદામાં એટલું તો કબૂલ રાખ્યું કે બુદ્ધગયાના મંદિરમાં પૂજા વગેરે કરવાનો બૌદ્ધોનો હક ચાલ્યો આવે છે. પણ મહંતની રજા વગર ત્યાં નવી મૂર્તિની સ્થાપના કરવાનો બૌદ્ધ લોકોને અધિકાર નથી એમ કહી નીચલી અદાલતોના ચુકાદાને ફેરવી નાંખ્યો અને મહંતના શિષ્યોને છોડી મૂક્યા.

આ કેસમાં ધર્મપાલને પુષ્કળ ખર્ચ થઈ ગયું. મહાબોધિ સભાએ ભેગું કરેલ ત્રીસથી ચાળીસ હજારનું ભંડોળ આ કેસમાં વપરાઈ ગયું. આથી સિલોન વગેરેમાં ધર્મપાલ સામે લોકોનાં મન ખાટાં થયાં અને મહાબોધિ સભાના કાર્ય માટે સિલોનમાંથી તેને પૈસા મેળવવા મુશ્કેલ થઈ પડયા. માત્ર બરમી લોકોની શ્રદ્ધા તેના ઉપરથી ઓછી ન થઈ. આ કેસ પછી પણ તેમના તરફથી તેને ખૂબ મદદ મળતી. આ બાજુ મહંતની પણ ધર્મપાલ ઉપર અત્યંત વક્રદૃષ્ટિ થઈ. નવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મશાળા બાંધવા થોડી જમીન ધર્મપાલને આપવાનું મહંતે કબૂલ્યું હતું. વેચાણખત પણ તૈયાર થઈ ગયું હતું. પણ ધર્મપાલ પોતાની સામે પડવાનો છે એમ જાણતાં જ મહંતે ખતને રજિસ્ટર થવા ન દીધું. પછી તો અણબનાવ વધતો ગયો અને પરિણામે ઉપર કહ્યો તે દાવો થયો.

હવે આ બુદ્ધગયાના શૈવ મહંતને બૌદ્ધ મંદિરનો હક કેવી રીતે મળ્યો, તે વિષે થોડું કહેવું અસ્થાને નહિ ગણાય. બાદશાહ શાહજહાન ગાદીએ આવ્યો તે અગાઉ ગીરી નામનો કોઈ એક શિવપંથી પંજાબી સંન્યાસી આ મંદિરની પડોશમાં આવીને રહ્યો. તે વખતે અહીં બિલકુલ વસ્તી નહોતી. આજુબાજુના વિહારો તેમ જ બીજાં મકાનો ખંડેર થઈ પડ્યાં હતાં ને ઉપર ઘાસ તેમ જ કાંટાનાં ઝાડ ઊગી નીકળી જંગલ બન્યું હતું. આવા સ્થાનમાં સાપ વગેરે તો હોય જ. પણ તે ઉપરાંત વાઘ ઇત્યાદિ હિંસક પશુઓ પણ ત્યાં વસતાં એમ કહેવાય છે. પેલા સંન્યાસીએ આવા આ નિર્જન સ્થાનમાં પોતાની મઢૂલી બાંધી. ધીમે ધીમે તેની કીર્તિ આસપાસનાં ગામોમાં ફેલાઈ અને તેના શિષ્યો પણ વધવા લાગ્યા. એવો જ એનો કોઈ એક સેવક શાહજહાનના દરબારમાં હશે તેની વગથી આ સંન્યાસીને મંદિરની પડોશમાં આવેલાં બે ગામ ઇનામ મળ્યાં. ત્યારથી તેના મુખ્ય શિષ્યને સૌ મહંત કહેવા લાગ્યા. મંદિરની આસપાસનાં ખંડેરોની ઈંટો અને પાણા ભેગા કરી મહંતે પોતાને સારુ અને પોતાના શિષ્યોને સારુ એક મોટો મઠ બાંધ્યો. મંદિર ફરતી અશોક રાજાએ કોરેલા થાંભલાઓની જે વાડ કરાવી હતી તેમાંના ઘણાખરા થાંભલાઓ મહંતે પોતાનો મઠ બાંધવામાં વાપર્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને બુદ્ધની કેટલીયે મૂર્તિઓને અવળાં મોં કરી મઠની ભીંતોમાં તેમ જ મઠની બહારની દીવાલોમાં ચણી દીધી! લોર્ડ કર્ઝને જૂની ઇમારતોના રક્ષણનો કાયદો પસાર કરી મહંતને અશોકના સ્તંભો પાછા તેની મૂળ જગ્યા ઉપર મૂકવા ફરજ પાડી. પણ બુદ્ધની તેમ જ બોધિસત્ત્વની કેટલીયે મૂર્તિઓ હજુયે મહંતના મઠની ભીંતોમાં દટાયેલી પડી છે! કાળચક્રનો ફેરો કેવો વિલક્ષણ છે તેનો આ જગ્યાએ બરોબર અનુભવ થાય છે.

આ પ્રમાણે આ જગ્યા ઉપર મહંતનો હક સ્થાપિત થયાથી અહીંની પરિસ્થિતિ બહુ વિચિત્ર થઈ પડી છે. બૌદ્ધ લોકો સરકારની મદદથી પોતાનો હક છીનવી લેશે એવી બીકને લીધે મહંત બૌદ્ધો તરફ હમેશાં શંકાની નજરે જુએ છે. સરકાર પણ આ બાબતમાં માથું મારવા નથી માગતી અને કશું ચોક્કસ ધોરણ રાખતી નથી! બૌદ્ધ લોકો બુદ્ધની મૂર્તિની પૂજા કરે છે એટલે મહંતે મંદિરમાંની બુદ્ધમૂર્તિને કપાળે એક મોટું ત્રિપુંડ કરી તેને વિષ્ણુનો નવમો અવતાર બનાવ્યો! * અને તેની શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા કરવાને એક બ્રાહ્મણ પૂજારી નીમ્યો! આમ કરીને બૌદ્ધ લોકોને અંદર આવવાની બંધી કરવી એવો મહંતનો ઘાટ હતો. પણ સરકારે તેની આ તદબીર ચાલવા ન દેતાં બૌદ્ધોને માટે મંદિર હરહમેશ મુક્તદ્વાર રાખવા મહંતને ફરજ પાડી! છતાં મૂર્તિને ત્રિપુંડ વગેરે કરવાની

* આ મૂર્તિની વિષ્ણુના નવમા અવતાર તરીકે કોઈ હિન્દુ તરફથી પૂજા થતી નહોતી. આજે પણ મહંતે રાખેલ પૂજારી સિવાય કોઈ હિંદુ નવમા અવતાર તરીકે તેની પૂજા કરતું નથી. ભા. ક.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહંતની વિધિ જેમની તેમ ચાલુ રહેવા દીધી. બુદ્ધ સંન્યાસી હતા, અને તે કોઈ દિવસ ગંધમાલાદિક ધારણ ન કરતા. આથી મૂર્તિને ત્રિપુંડ કરેલું જોઈને બૌદ્ધ લોકોની લાગણી દુઃખાય છે. મહંતને પણ પોતાનો મનોરથ પૂરો ન થયો એ મનમાં સાલે છે. અને સરકારને કોઈ વાર એક પક્ષ તરફથી તો કોઈ વાર બીજા પક્ષ તરફથી ટીકા દ્વારા કે એવા જ બીજા કોઈ ને કોઈ કારણસર ત્રાસ થાય છે જ. મહંતે સરકાર ઉપર ચિડાઈને પેલી બરમી ધર્મશાળા પોતાના કબજામાં લેવા હિન્દી પ્રધાન ઉપર તથા ધર્મપાલ ઉપર અદાલતમાં દાવો માંડ્યો હતો. સામે ધર્મપાલ પણ, સરકારે મહંતને ત્રિપુંડ કરવાની બાબત છૂટ આપ્યા માટે, છાપાંઓમાં સરકાર વિરુદ્ધ અવારનવાર કડક ટીકાઓ કરે છે. ટૂંકમાં, આ સ્થળે મહંત, બૌદ્ધ અને સરકાર એમ ત્રણ સત્તાઓનો ત્રિભેટો થતો હોવાથી, બુદ્ધના વખતમાં અને તે પછી સૈકાઓ સુધી જે શાંતિ અહીં વર્તી રહી હતી, તેવી શાંતિ ફરી પાછી વર્તવી આજે અશક્ય થઈ પડી છે.

મહંતને મળવા હું એક બે વાર ગયો. તેણે મારી ઠીક આગતાસ્વાગતા કરી. પોતે મને રોજ સીધુંસામગ્રી મોકલશે એમ તેણે કહ્યું, પણ તેના દાનની મને જરૂર નહોતી. મેં તેને કહ્યું: 'તમારી આ ઉદારતાને સારુ હું તમારો આભારી છું પણ મને હાલ તેની જરૂર નથી. આ ગામના લોકો સાવ અજ્ઞાન છે, તેથી તેમને શિક્ષણ આપવાની બાબતમાં આપે તેમને મદદ કરવી, એ ધર્મગુરુ તરીકે આપની ફરજ છે. રાજા-રજવાડાંઓએ આપને જે જાગીરો આપી છે તે કેવળ યાચકોને સંતોષવા સારુ નહિ, પણ દેશમાં વિદ્યા અને જ્ઞાનનો પ્રચાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય એટલા સારુ આપેલ છે. જાપાનમાં બૌદ્ધ ભિક્ષુઓ વિદ્યાના પ્રચાર માટે ખૂબ મહેનત લે છે. 'સિંગાનજી' નામના બૌદ્ધપંથના ધર્માધિકારીએ ખુદ પોતાના દીકરાને જ્ઞાન મેળવવા માટે વિલાયત મોકલ્યો છે. પરંતુ આપના શિષ્યો ગૃહત્યાગ કરી સંન્યાસી બનીને ખેતરોનાં રખોપાં સિવાય બીજું કંઈ જ કામ કરતા હોય એમ દેખાતું નથી! તે પણ જાણે કે ઠીક, પણ આ આપના રહેઠાણના સ્થળમાં ગરીબ લોકોને સારુ એક હિન્દી નિશાળ પણ નથી! આ સ્થિતિ શોચનીય નથી? જાપાન, યુરોપ, અમેરિકા વગેરે દેશોના શ્રીમંત લોકો આ સ્થળ જોવા આવે છે, તે વખતે અહીંના લોકો તેમની પાસે હાથ લાંબા કરી ભીખ માગે છે અને પેટ કૂટી તેમને પગે પડે છે, તેમની આગળ લાંબા થઈ સૂઈ જાય છે, આ બધું આપણને હિન્દી લોકોને અત્યંત શરમભરેલું લાગવું જોઈએ. ખાસ કરીને આપ અહીંના કુલમુખત્યાર કહેવાઓ છો, તો પછી આ છોકરાઓના વર્તનની ઘણી જોખમદારી આપના જ ઉપર આવે છે; એ ઉપર હું આપનું ધ્યાન ખેંચું છું'

આવી મતલબની વાતચીત ઘણી વાર સુધી થઈ. મહંતને મારા કહ્યાનું જરાય ખોટું ન લાગતાં મારી સૂચના વિષે પોતાની અનુમતિ જ દર્શાવી. પોતે એકાદ નિશાળ ઉઘાડવામાં મદદ કરશે; છેવટે એ બાબત વિચાર તો કરશે જ, એમ તેણે કહ્યું. પણ લગભગ મહિનો વીત્યો છતાં તેણે હા કે ના કંઈ જ જવાબ ન વાળ્યો. અંતે બોઝ નામે એક સરકારી રખેવાળ તે વખતે ત્યાં હતો તેને મેં આ બાબત મહંત પાસે પૂછપરછ કરવા કહ્યું. તપાસને અંતે મહંતે જે ખુલાસો કર્યો તે આ પ્રમાણે :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'અહીંના લોકોને માટે નિશાળ કાઢવી એ મહંતને યોગ્ય નથી લાગતું. કારણ કે આ લોકો ભણીગણીને હોશિયાર થાય તો મજૂરી કરતાં શરમાતાં શીખે. અને તેમ થાય તો મહંતને મોટી અડચણ ઊભી થાય અને આસપાસનાં ખેતરો ખેડવા સારુ બહારગામથી લોક લાવવા પડે.'

અંતે આ કામમાં મહંતની મદદની આશા છોડી જાતે જ બને તે મહેનત કરી જોવી, એવો વિચાર કરી ખરચમાં કરકસર કરીને થોડી બચત કરવા મેં પેલા સિંહલી ઉપાસકને કહ્યું. તેમ જ આ નિશાળના કામમાં બનતી મદદ કરવા ધર્મપાલને પણ મેં લખ્યું. એ જ અરસામાં એક મહેતાજી પણ અમને મળી ગયો. ગરીબ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવાનું જો તે કબૂલ કરે તો તેને અમારે માસિક પાંચ રૂપિયા આપવા, એવો અમે ઠરાવ કર્યો. તેણે પણ આ વાત કબૂલ રાખી. પરંતુ છોકરાંઓનાં વાલી તદ્દન મુફલિસ હોવાથી પોતાનાં છોકરાંઓને પેન, પાટી કે ચોપડીઓ પણ અપાવે નહિ. અમે ઉપાસકને ગયા મોકલી પ્રાથમિક પુસ્તકો વગેરે મંગાવ્યાં. આ વાતની મહંતને ખબર પડતાં તેણે ખૂબ વિરોધ માંડ્યો. પેલા મહેતાજીનો ભાઈ મહંતને ત્યાં કારકુન હતો, તેને મહંતે ધમકી આપી કે, 'જો તમારો ભાઈ અહીંનાં છોકરાંઓને મફત ભણાવવાનું કામ કરશે તો તમને તેમ જ તમારા ભાઈને બંનેને બુદ્ધગયા મેલી ભાગવું પડશે!' બિચારો મહેતાજી ગભરાયો, અને અમારી સાથે કરેલો કરાર પોતે કોઈ રીતે પાળી શકે એમ નથી, એવું અમને ચોખ્ખું જણાવી દીધું. આખરે અમે આણેલાં પાટી, પેન અને પુસ્તકો નિશાળનાં છોકરાંઓને વહેંચી દઈ અમે ચૂપ રહ્યા!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક હરણને શિકારીનું બાણ વાગ્યું. તેણે તે મહા-મહેનતે બહાર ખેંચી કાઢી જંગલ તરફ નાસવા માંડયું. પણ જખમમાંથી લોહીની જે ધાર ચાલી તેની નિશાનીથી શિકારીએ તેનો પત્તો મેળવી અંતે તેને પકડયું. મોતની વેળાએ હરણ બોલ્યું, 'જે લોહીએ આજ સુધી મારું પોષણ કર્યું તે જ લોહી મારા કમનસીબે મારા મોતનું કારણ થઈ પડયું !' સંન્યાસી વગેરે આપણા ધર્મપ્રચારક ગણાતા લોકો વિષે વાત કરવાનો પ્રસંગ આવે છે ત્યારે આવી જ જાતના ઉદ્દગારો મોઢામાંથી નીકળ્યા વિના રહેતા નથી. જે કાળે છાપવાની કળા નીકળી નહોતી તે વખતે સાધુસંન્યાસી જ દેશનાં ચાલતાં બોલતાં પુસ્તકો હતાં. સ્ત્રીપુત્રાદિકની જંજાળ ન હોવાથી તેઓ દેશાટન દ્વારા સર્વત્ર સંચાર કરી જ્ઞાન મેળવતા અને નિર્વ્યાજ વૃત્તિથી અને મહેનતાણું લીધા વગર તેનું વિતરણ કરતા. આવા લોકોના પ્રયત્નથી ભારતવાસીઓનું શીલ કેટલું ઉજ્જવળ બન્યું હતું તેની સાક્ષી હ્યુએનસંગ, ફાહેન વગેરે ચીની મુસાફરોએ પોતાની યાત્રાની તવારીખમાં આપેલ છે. પણ આજે એ જ સાધુસંન્યાસીઓ આપણી પ્રગતિમાં આડે આવે છે! એટલું જ નહિ, પણ કેટલેક અંશે આપણી આજની દુર્દશાનું કારણ તેઓ જ છે એમ કહેવું અયુક્ત નહિ ગણાય.

હવે મહંતે શિરસ્તાની રૂએ સ્થાપેલા પોતાના હકથી ઊભી થયેલી વિચિત્ર પરિસ્થિતિ હેઠળ લાંબો વખત રહેવું મને ગમ્યું નહિ. તોપણ ચાતુર્માસ હોવાથી તુરત હું બીજે ક્યાંય જઈ શકું એમ નહોતું. તેથી આ બે ત્રણ મહિના મેં સિયામી લિપિમાં છાપેલ ત્રિપિટક ગ્રંથ વાંચવામાં ગાળ્યા. માત્ર સાંજને વખતે ઘણુંખરું હું નિરંજરા નદીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાંઠે જઈને બેસતો, અને બાકીનો બધો વખત વાંચનમાં ગાળતો.

ચાતુર્માસ પૂરો થતાં હું, ઉપાસક અને અનવરત્ન — અમે ત્રણે જણા રાજગૃહ જોવા ગયા. આ જગ્યા ઇસ્ટ ઇન્ડિયા રેલવેના તિલય્યા સ્ટેશનથી સોળ માઈલ છે. બુદ્ધના વખતમાં એ મગધ દેશની રાજધાનીનું શહેર હતું. આસપાસ ગૃધ્રકૂટ, પાંડવ, વૈભાર વગેરે ટેકરીઓ આવેલ છે. અંદર દાખલ થવાના રસ્તામાં એક ગરમ પાણીનો ઝરો આવે છે. બુદ્ધના વખતમાં તેને તપોદા કહેતા. આગળ જતાં થોડે છેટે સપ્તપર્ણી ગુફા છે. બુદ્ધના પરિનિર્વાણ પછી મહાકાશ્યપ સ્થવિરે અહીં જ પાંચસો ભિક્ષુઓની સભા ભરી ધર્મવિનયાદિ બુદ્ધના ઉપદેશનો સંગ્રહ કર્યો. ભિક્ષુઓની સભા સારુ અજાતશત્રુ રાજાએ આ ગુફાના મોં આગળ મોટો મંડપ તૈયાર કરાવ્યો હતો એમ કહેવાય છે. બુદ્ધ પછી થોડે જ વર્ષે રાજગૃહને ઊતરતી કળા બેઠી. નંદે પોતાની રાજધાની પાટલીપુત્રમાં સ્થાપી એટલે રાજગૃહ સૂનું થઈ પડયું. આજે પણ આ સ્થાન વેરાન પડયું છે. એક ઉદાસીપંથના સંન્યાસીએ પાડોશના ગામમાં પોતાનો મઠ બાંધ્યો છે, તોપણ બુદ્ધગયાના મહંતની પેઠે તેણે આ સ્થળ ઉપર કબજો નથી જમાવ્યો. અહીં મગધરાજાનો રાજ-મહેલ હતો. મૂળ એ જગ્યા જરાસંધના મહેલની છે એમ કહેવાય છે. અને આજે તો ગરમ પાણીનો ઝરો અને એવાં જ બીજાં સ્થળોને પૌરાણિક સ્વરૂપ આપીને બ્રાહ્મણો જાત્રાળુઓ પાસેથી પૈસા કઢાવે છે! છતાં ગયાના જેટલું આ સ્થળને મહત્ત્વ નથી મળ્યું. અમે એક દિવસ ત્યાં ગાળી પાછા બુદ્ધગયા આવ્યા. ત્યાંથી હું અને ઉપાસક કુશિનારા ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ શિયાળાની શરૂઆત હતી, એટલે મેં મારા અગાઉના સ્થાન ઉપર ચીવરની એક નાની ઝૂંપડી બનાવી અને તેમાં એક ખાટલો રખાવી રહેવા લાગ્યો. ચાતુર્માસ બુદ્ધગયામાં ગાળ્યાથી મારા એકાંતવાસમાં ભંગ પડ્યો હતો. મહંત અને તેના શિષ્યોનાં અનેક દુષ્કર્મ કાને પડવાથી શાંતિનો ભંગ થતો. આથી ફરી સાત આઠ મહિના એકાંતમાં રહેવું એવી પ્રબળ ઇચ્છા થઈ. ચંદ્રમુનિ નામે તરુણ બરમી ભિક્ષુ હાલ કુશિનારામાં હતો. ખેજારીએ તેને સંસ્કૃત અને હિંદી ભાષા શીખવા સારુ પુષ્કળ પૈસો ખર્ચી મદદ કરી હતી. અને મહાવીર ભિક્ષુ પછી કુશિનારાની ધર્મશાળાની વ્યવસ્થા તેના જ હાથમાં આવનાર હતી. તેણે મને એવી સલાહ આપી કે જો મારે એકાંતવાસ કરવો હોય તો માંડલે જવું. ત્યાં સગાઈ કરીને એક પર્વત છે. તેના ઉપર પુષ્કળ ગુફાઓ હોવાથી ધ્યાનભાવનાદિ કરનારા ઘણા ભિક્ષુઓ ત્યાં રહે છે. ચંદ્રમુનિ બ્રહ્મદેશથી તાજો જ આવેલ હોવાથી મને તેના કથન ઉપર વિશ્વાસ બેઠો અને ફરી એક વાર બ્રહ્મદેશ જવાનો મેં વિચાર કર્યો. આમ છતાં કુશિનારામાં એક મહિનો તો રહેવું જ પડયું.

અહીંના લોકો બહુ ચોરટા. મહાવીર ભિક્ષુ ધર્મશાળાને સારુ ૧૫૦૦ રૂપિયા સાથે લઈને તહસીલ દૌરિયાથી આવતા હતા, ત્યાં રસ્તામાં તેમની ગાડી ઊંધી વાળી ચોરોએ તેમની પૈસાથી ભરેલી થેલી પડાવી! ધર્મશાળા બંધાયા પહેલાં મહાવીર ભિક્ષુ અને તેનો એક શિષ્ય ઝૂંપડીમાં રહેતા. રાતને વખતે ચોરોએ ઝૂંપડીની એક બાજુમાં કાણું પાડી મહાવીર ભિક્ષુના ઓશીકા નીચેથી રેશમી ચીવર કાઢી લીધું! બીજે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક પ્રસંગે તો તેમણે બુદ્ધમંદિરનાં તાળાં તોડી કાંબોડિયાના રાજકુમારે બુદ્ધની મૂર્તિને ચડાવેલ કીમતી વાઘા સિક્કે ચોરી જઈ ખેતરમાં દાટયા! પાછળથી પાંચ છ મહિને પોલીસે આ ચોરી પકડેલી.

આવા આ લોકો હોઈ બૌદ્ધ લોકો સામે તેમનો વિરોધ દેખાઈ આવતો; છતાં મેં જોયું કે મારી સાથેનું તેમનું વર્તન જુદા જ પ્રકારનું હતું. મારાં ચીવર અને ભિક્ષાપાત્ર હું ગમે ત્યાં નાંખીને ચાલ્યો જાઉં, તેને કોઈ હાથ અડાડતું નહિ. આ વખતે કુશિનારામાં આવીને રહ્યો ત્યારે ગામના લોકો મને ખૂબ પ્રેમભાવથી પોતાને ત્યાં બોલાવે અને જમાડે પણ ખરા. મારી સાથે આમ વર્તવાનું તેમને શું પ્રયોજન, એનો ઉકેલ હું ઘણા દિવસ સુધી કરી શક્યો નહિ. એક દિવસ ગામના એક ખેડૂતને ઘેરથી જમીને પાછા વળતાં મારો હાથ લૂછવાનો નાનો ટુવાલ રસ્તામાં પડી ગયો. એક છોકરાએ ઉપાડી ઘેર લઈ જઈ તે પોતાની માને આપ્યો. આ વાતની આજુબાજુના લોકોને જાણ થતાં જ તેઓ તે બિચારી બાઈ પર કોપ્યા. 'પેલા બાવાનું કપડું ચોરી લાવી ઘરમાં રાખીને તારે આ ગામ ઉપર આફત આણવી છે કે શું?' એમ કહી તેનો પીછો પકડયો! બિચારી બાઈ એમ ને એમ ધોમ તડકામાં દોડતી હાંફતી મારી પાસે આવી અને મારે પગે પડીને કહેવા લાગી કે, 'આ રસ્તામાં પડેલું તમારું કપડું મારો છોકરો અજાણતાં ઉપાડીને ઘેર લાવ્યો. આટલો આ મારો ગુનો થયો. મને માફ કરો. મારા ગામના લોકોએ નાહક મારા ઉપર ચોરીનું આળ ચડાવ્યું છે.' મેં વસ્ત્ર એ બિચારી બાઈને જ આપી દીધું, અને ત્યાંના એક ખેડૂતને કહ્યું કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ બિચારી ડોશીને કે તેના દીકરાને કોઈ સતાવશો નહિ, મેં તેને મારી રાજીખુશીથી એ કપડું આપ્યું છે.' બીજો એક ખેડૂત મારી પાસે આવી મને કહેવા લાગ્યો, 'તમે આ જંગલમાં રાતની વેળાએ એકલા રહો છો, એને તે શું કહેવું? દી આથમ્યા પછી એકલા જવાની અમારી તો છાતી નથી ચાલતી. આ જગ્યાએ તો ભયંકર દેવતાઓનાં થાનક છે.' મેં જવાબ આપ્યો, 'એ દેવતાઓ મારું કશું જ અકલ્યાણ કરે એમ નથી. કરશે તો મારું રક્ષણ જ કરશે; નહિ તો ચૂપ રહેશે! મને કશી હરકત નહિ કરે.' આ બે બનાવો ઉપરથી મારા તરફની ગામલોકની લાગણીના મૂળમાં બીક હતી એમ મારા મનમાં શંકા થઈ, અને તપાસ કરતાં એ વાત સાચી નીકળી.

આ ગામમાં પુષ્કળ ભૂતપિશાચ અને ઉપદ્રવ કરનાર દેવતાઓનો વાસો હતો. તેમને નસાડવા સારુ ગામલોકો એક નામીચા ભૂવાને લાવ્યા. તે મંતરેલા ચોખા ખોળામાં લઈ ખાટલા ઉપર બેઠો અને ખાટલાને ચાર માણસ પાસે ઉપડાવી જ્યાં જ્યાં ભૂતપિશાચનાં થાનક મનાતાં હતાં ત્યાં ત્યાં તે ખાટલો તેણે ફેરવાવ્યો. ભૂવો મંત્રના જપ કરતો જાય અને ચારે દિશામાં ચોખા ફેંકતો જાય. પણ જેવો તે મારા સ્થાન આગળ આવ્યો તેવો જ તે એકાએક ખાટલા ઉપરથી હેઠો ઊછળી પડ્યો! પાછળથી મંત્રો ભણવાનું પૂરું કર્યા પછી તેણે એવો ખુલાસો કર્યો કે, 'બધા યક્ષપિશાચ વગેરેનું તો હું દમન કરી શક્યો, પણ બુદ્ધમંદિરની પાછળ જે દેવતા રહે છે તેની આગળ મારું કંઈ ચાલ્યું નહિ!' આથી આવા ભયંકર દેવતાના સ્થાનકમાં રહેનારો જે હું તે નાનાંસૂનાં ભૂતપ્રેત ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આણ વર્તાવતો હોવો જ જોઈએ; તેથી આવા માણસના માલની ચોરી વગેરે કરીને જો તેના ગુનામાં આવીશું, તો તે તો કદાચ કોક દિવસ બધી મહાભયંકર દેવતાઓને ગામ ઉપર છોડી મૂકે અને પરિણામે ગામમાં ગમે તેવો રોગચાળો ફાટી નીકળી ગામ બધું ખેદાનમેદાન થઈ જાય એમાં શી નવાઈ? આવી જ બીકથી ડરીને ગામના લોકો મારી સાથે અત્યંત નમ્રતાથી વર્તતા અને મારા ગુનામાં આવ્યાથી આફત આવશે એમ માનતા!

મહાવીર ભિક્ષુનો પેલો બ્રાહ્મણ ભિક્ષુ શિષ્ય આંખે આંધળો થયો. બંને આંખમાં મોતિયા આવવાથી તેની આંખો એકદમ જવા જેવી થઈ ગઈ. તેને કસયા લઈ જઈ ત્યાંના બંગાળી દાક્તર પાસે મેં તેની આંખો તપાસાવડાવી. તેણે કહ્યું કે, 'આંખમાં મોતિયા આવ્યા છે અને તે ઉતારવા સારુ એમને ગોરખપુર લઈ જવા જોઈશે.' આથી એક છોકરો, હું અને તે વૃદ્ધ ભિક્ષુ એમ અમે ત્રણ જણા ગોરખપુર ગયા. કમનસીબે જે દાક્તર મોતિયાના કામને સારુ પંકાતે તેની ત્યાંથી બદલી થઈ ગઈ હતી અને તેની જગ્યાએ બીજો એક સિવિલ સર્જન આવ્યો હતો. સંયુક્ત પ્રાંતોમાં ઇસ્પિતાલો કેવી ગંદી હોય છે તે હું અગાઉના એક પ્રકરણમાં વર્ણવી ગયો છું. આ ઇસ્પિતાલમાં પણ રોગીઓની બહુ ગેરવ્યવસ્થા હતી. આ તરફના લોકો પણ ભારે અનાડી. એકને બીજાનું રાંધેલું ખપે નહિ. બ્રાહ્મણ રસોઇયો રાખ્યો હોય તોપણ તેના હાથનું રાંધેલું ન ખાનારા તેના જ જાતભાઈઓ થોડા ન નીકળે. આથી જ્યાં ને ત્યાં ચૂલા માંડીને ઇસ્પિતાલમાં ગંદકી કરી મૂકેલી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમે પહોંચ્યા તે જ દિવસે વૃદ્ધ ભિક્ષુની આંખનો એક મોતિયો ઉતાર્યો. પણ મોતિયો ઉતારવા પહેલાં જે સંભાળ લેવાવી જોઈએ તે લેવાઈ નહિ. હું પણ એ બાબતમાં તદ્દન અજાણ્યો તેથી કંઈ કહી શક્યો નહિ. આસિસ્ટંટ સર્જન તેના સાહેબની વિરુદ્ધ બબડતો, પણ સાહેબ અમલદાર રહ્યા તેથી તે પણ કંઈ બોલી શકતો નહિ. મારે તેની જોડે ઠીક દોસ્તી થઈ ગઈ અને ગોરખપુરમાં રહ્યો તે દરમ્યાન હું તેને જ ઘેર જમતો.

અમારી જોડેના છોકરાને વૃદ્ધ ભિક્ષુની સેવા કરવા મૂકી તથા આસિસ્ટંટ સિવિલ સર્જનને તેની સંભાળ લેવાનું કહી હું શ્રાવસ્તી વગેરે બૌદ્ધ તીર્થક્ષેત્રો જોવા ગયો. સાથે પૈસા તો કાંઈ રાખવા નહોતા. તેથી ટપાલની ટિકિટો રૂપિયા દોઢ રૂપિયાની પાસે રાખી અને પેલા છોકરા મારફત આગગાડીની ટિકિટ મંગાવી હું બલરામપુર ગયો. ત્યાં હું સવારે પહોંચ્યો. આ જગ્યાના કોઈ મહારાજ જમીનદાર છે. તેને વરસે દહાડે સાઠથી સિત્તેર લાખની ઊપજ છે. મારે તો તેની પાસેથી કશું લેવાનું નહોતું. પણ ઉત્તર હિંદુસ્તાનના બીજા રાજારજવાડાની માફક આમણે પણ મુસાફરો માટે કંઈ સગવડ રાખી હશે, એમ વિચાર કરી હું છેક રાજમહેલ સુધી પહોંચ્યો. ચોકીદારે તો મને રોક્યો જ, પણ બીજા કોઈએ પણ ત્યાં મારી ભાળ લીધી નહિ. અંતે રાજાના પુરોહિતનો દીકરો મને મળ્યો અને તેણે મને પોતાને ઘેર તેડી જઈ જમાડ્યો. જમ્યા પછી મેં શ્રાવસ્તીનો રસ્તો પકડ્યો. આજે આ સ્થળને સહટ મહટ કહે છે. આ જગ્યા બલરામપુરથી દસ માઈલને છેટે છે. હું સાંજે પાંચને સુમારે ત્યાં પહોંચ્યો. હાલમાં ત્યાં મનુષ્યની વસ્તી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બિલકુલ નથી. ચોમેર ઘોર જંગલ થઈ પડ્યું છે. નજીક જ અચિરવતી નદી (જેને હાલ લોકો રાપ્તી કહે છે) વહે છે. અને આસપાસનું સૃષ્ટિસૌંદર્ય ભારે છે. અહીં મેં અનાથપિંડિકના આરામ (વિહાર)ની જગ્યા જોઈ. હાલ તો આ જગ્યાએ મોટી મોટી ઇમારતોની ઈંટો અને માટીના ઢગલા વળ્યા છે. પુરાણવસ્તુસંશોધન ખાતાએ કેટલાંક ખંડેરો ખોદી પુષ્કળ ઉપયોગી શિલાલેખો, બુદ્ધમૂર્તિઓ વગેરે વસ્તુઓ ભેગી કરી છે. પણ આ બાજુ ક્યાંય સંગ્રહસ્થાન ન હોવાથી તે બધું કલકત્તાના સંગ્રહસ્થાનમાં મોકલી દેવામાં આવ્યું છે.

આ જગ્યા જોયા પછી રસ્તા ઉપરના એક ગામમાં જઈ રાત રહ્યો, અને બીજે દિવસે સવારે વાટમાં એક બ્રાહ્મણને ઘેર જમ્યા પછી સાથે રાખેલી (ટપાલની) ટિકિટોમાંથી થોડી એક ગૃહસ્થને આપી ઉસ્કાબજારની ટિકિટ ખરીદી. આ સ્ટેશન નેપાળની સરહદ નજીક આવેલું છે. અહીંથી બુદ્ધનું જન્મસ્થાન લગભગ છવ્વીસ માઈલ પર છે. હું સવારમાં જ આ સ્ટેશને પહોંચ્યો. મારા પગમાં બરમી સપાટ હતાં તેનો મુસાફરીમાં ઉપયોગ થવાને બદલે અડચણ થવા લાગી. તેથી સ્ટેશનમાસ્તરને તેની ઑફિસમાં મૂકવા દેવા મેં વિનંતિ કરી. સ્ટેશનમાસ્તર બંગાળી ગૃહસ્થ હતાં. તેમણે કહ્યું, 'સપાટ મૂકવાની ના નથી, પણ તમે ક્યાં જાઓ છો? ક્યાંથી આવો છો? વગેરે જાણવાની મારી ઇચ્છા છે. આ ઘડીએ મારે સ્ટેશનનું જરૂરી કામ છે, પંદર વીસ મિનિટમાં હું પાછો આવીને આપને મળું છું. એટલી વાર થોભશો તો હું આપનો આભારી થઈશ.' મેં હા પાડી. તેણે અંદર જઈને પોતાનું કામ ઉતાવળે આટોપવા માંડ્યું. હું બહાર બાંકડા ઉપર બેસી રહ્યો. અર્ધો કલાકમાં તે પાછા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહાર આવ્યા અને મને કહ્યું: ‘હું પરવાર્યો. હવે મને આપની હકીકત કહો.’ મેં મારો ઉદ્દેશ ટૂંકમાં જણાવ્યો. તેણે કહ્યું: ‘બ્રહ્મદેશથી કેટલાક જાત્રાળુઓ અગાઉ અહીં આવ્યા હતા. અહીંથી બુદ્ધજન્મસ્થાન ઘણું દૂર છે એમ મેં સાંભળ્યું છે. એ જાત્રાળુઓની વાત તો જુદી હતી કારણ કે તેમની પાસે પૈસા હોવાથી ગાડાં ભાડે કરી તેઓ ગયેલા, પણ તમારાથી પગે ત્યાં સુધી પહોંચવું મુશ્કેલ છે. છતાં બીજી એક સગવડ થાય એમ છે, અને તેથી જ મેં તમને થોભવા કહ્યું. અહીંથી સોહરતગંજ સુધી નવી રેલવે લાઇન નીકળી છે. ઉતારુગાડીઓ હજુ ચાલુ નથી થઈ; ફક્ત માલગાડી વચ્ચે વચ્ચે આવે જાય છે. અહીં એક કાયસ્થ જાતિનો રેલવે સ્ટોરકીપર છે, તેને આજકાલ કોઈ ગાડી જવાની છે કે નહિ તેની ખબર હશે. જો ગાડી મળે એમ હોય તો તમે સોહરતગંજ સુધી માલગાડીમાં જાઓ. ત્યાં સોહરતસિંગ કરીને એક ક્ષત્રિય જમીનદાર છે તે સરસ માણસ છે અને મુસાફરોને ખૂબ મદદ કરે છે. મારું નામ લેશો એટલે તે તમને નેપાળની તરાઈ* સુધી મુસાફરીની બધી સગવડ કરી આપશે.’

સ્ટેશનમાસ્તરની આ સલાહ મને ગમી. તેણે પેલા સ્ટોરકીપરને બોલાવી મારી ગોઠવણ થઈ શકશે કે કેમ એ વિષે તપાસ કરી. સ્ટોરકીપર બહુ જ ભલો માણસ હતો. તેણે મને ઠેઠ સોહરતગંજ સુધી આરામપૂર્વક પહોંચાડવાનું માથે લીધું એટલું જ નહિ, પણ તે દિવસની મારી જમવાની

---

* હિમાલયના તળેટીનો પ્રદેશ, જે બ્રિટિશ સરકાર તરફથી નેપાળને મળ્યો છે, તેને તરાઈ કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગોઠવણ પણ તેણે પોતાને ઘેર કરી. જમ્યા પછી એક લારી સોહરતગંજ જતી હતી તેમાં તેણે મને ત્યાં પહોંચાડયો. સાંજે પાંચને સુમારે હું સોહરતગંજ પહોંચ્યો, અને ત્યાંથી તરત જ સોહરતસિંગ બાબુને ઘેર ગયો. બાબુએ પોતાના રિવાજ મુજબ મારો સારો આદરસત્કાર કર્યો. અને પોતાની પાસેના એક બે બૌદ્ધ ગ્રંથો પણ મને બતાવ્યા. આ ગ્રંથ બૌદ્ધ જાત્રાળુઓએ તેને ભેટ આપ્યા હતા. આ ઉપરાંત તેની પાસે બૌદ્ધધર્મને લગતાં એક બે બીજાં પણ પુસ્તકો હતાં. રાતે મારે જમવું નહોતું. તોપણ તેણે પોતાના આશ્રિત એક પંડિતને ઘેર મારે માટે ગોઠવણ કરી આપી. પંડિતજીને સંસ્કૃત ભાષા સાધારણ આવડતી હતી. પણ હું કાશીમાં ભણીને આવેલો તેથી તેમણે મારી સાથે વાગ્યુદ્ધ માંડવાની હિંમત ન કરી! વળી તેના આશ્રયદાતાએ મને તેમને ત્યાં મોકલેલો તેથી મને કોઈ પણ રીતે માઠું લાગે એવું વર્તન કરવામાં તેનો લાભ નહોતો. બીજે દિવસે પંડિતજીએ 'પક્કી' રસોઈ* કરાવી મને જમાડયો. મને તો 'કચ્ચી' રસોઈ હોત તોપણ ચાલે એમ હતું, પણ આ બ્રાહ્મણ પંડિતને તેમ કરવું યોગ્ય ન લાગ્યું.

જમ્યા પછી હું કપિલવસ્તુ જવા નીકળ્યો. સોહરતસિંગ બાબુનો થોડા દિવસ ત્યાં રોકાઈ જવાનો ઘણો આગ્રહ હતો

---

* દૂધ, પૂરી, અને લોટ વગેરે ન અડકાડયાં હોય તેવું શાક, એને ઉત્તર હિન્દુસ્તાનમાં 'પક્કી' રસોઈ કહે છે. ભાત અગર ચોખાની બનાવેલી બીજી કોઈ વસ્તુ હોય તો તે 'કચ્ચી' રસોઈ ગણાય અને તે પવિત્ર માણસને ખપે નહિ!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ પેલા વૃદ્ધ ભિક્ષુને ગોરખપુર મૂકી આવેલો તેથી તેને ખાતર મારે વધુ દિવસ ન ભાંગતાં ઉતાવળે પાછા જવું જોઈએ એમ કહી મેં તેને મનાવ્યો; પણ નેપાળની તરાઈમાં મને ખૂબ હાડમારી પડશે એમ જાણી તેણે પોતાના વસવાયામાંથી એક વાળંદને મારી જોડે મોકલ્યો. બાબુએ વાળંદને સીધું-સામાન તથા વાટખરચી માટે એક રૂપિયો પણ આપ્યો. અહીંથી કપિલવસ્તુવાળી જગ્યા સાત માઈલ થાય; પણ તે સ્થાન વેરાન હોઈ તેના ઉપર શાલવૃક્ષનું જંગલ ઊગી ગયું છે. પાસે જનિગ્લિવા નામનું એક ગામ વસ્યું છે. આ ગામની પાસે અશોકે કોણાગમન બુદ્ધના સ્મારક તરીકે બંધાવેલો એક પથ્થરનો સ્તંભ ભાંગીને પડ્યો છે. આને અહીંના લોકો નિગાલી કહે છે, અને તે ઉપરથી જ આ ગામનું નામ નિગ્લિવા પડ્યું છે.

સોહરતગંજથી બે માઈલને છેટેથી નેપાળની સરહદ શરૂ થાય છે. અને ત્યાંથી પાંચ માઈલ ઉપર આ નિગ્લિવા ગામ આવેલું છે. પણ નેપાળની તરાઈમાં રસ્તા એટલા તો ખરાબ કે કંઈ કહેવાની વાત નહિ. ખેતરોમાં નાના નાના બંધ ઉપર થઈને ચાલવાનું. આ વખતે ખેતરમાં ખૂબ પાણી ભરાયાં હતાં. થોડુંક ચાલીએ ને બંધ તૂટી તણાઈ ગયો હોય એટલે પાણીમાં થઈને ચાલવું પડે. આવા વિકટ માર્ગને લીધે અમે સોહરતગંજથી વહેલા નીકળ્યા હતા છતાં સૂર્યાસ્તને અર્ધો કલાક બાકી હશે ત્યારે નિગ્લિવા પહોંચ્યા. મારાં પીળાં વસ્ત્રો જોઈને ત્યાંના લોક કોઈ અમને ઊભા પણ રહેવા ન દે. છેવટે પેલો વાળંદ કહે, 'તમે આ લોકો પાસે કંઈ માગવું કે કહેવું રહેવા દો, હું જાતે જઈને પેલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘરમાં તપાસ કરી આવું છું, તમે અહીં રસ્તા પર જ ઊભા રહો.'

એની સલાહ માન્યા વગર બીજો રસ્તો ન હતો. સામે જ એક ખેડૂતનું ઘર હતું. ત્યાં જઈને તેણે બેઠેલા લોકોને કહ્યું કે, હું સોહરતબાબુનો મહેમાન હતો અને તેમણે જ અહીં મોકલ્યો છે તથા પોતાને મારી બરદાસને સારુ સાથે મોકલ્યો છે. સોહરતબાબુની પુષ્કળ જમીનદારી નેપાળની તરાઈમાં હોવાથી સોહરતબાબુને આ લોકો સારી પેઠે માનતા. આથી તેનું નામ સાંભળતાં જ તેમણે મને બોલાવીને મારો ખૂબ આદરસત્કાર કર્યો. મેં કહ્યું: 'ગૃહસ્થો, થોડા વખત પહેલાં તો તમે મારી સાથે બોલવા પણ નહોતા માગતા અને હવે એના એ જ તમે મારો આટલો બધો સત્કાર કરો છો.' તેમનામાંનો એક જણ બોલ્યો, 'મહારાજ, તમારો આ વિચિત્ર વેશ જોઈને અમે ગભરાયા. આવા માણસને અમે આશ્રય આપીએ તો નેપાળી સરકાર અમને હેરાન કરે એવી અમને બીક લાગી! તમારા અંગ્રેજી રાજ જેવું અમારે ત્યાં નથી. અહીં તો નજીવી બાબતમાંયે અમારે બીને ચાલવું જોઈએ! શેને સારુ અમે દંડાઈએ અને શેને સારુ નહિ, એનું કંઈ જ ઠેકાણું નહિ. પણ જ્યારે અમે સોહરતબાબુનું નામ સાંભળ્યું ત્યારે અમારી બીક જતી રહી. નેપાળી સરકારમાં સોહરતબાબુનું વજન જબ્બર, તેથી તેમની તરફથી આવેલ માણસને આશ્રય આપવામાં અમારે લગીરે બીવાપણું ન હોય, એવી અમને પાકી ખાતરી થવાથી અમે આપનો સત્કાર કરવા તૈયાર થયા.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ લોકોના કહેવા પ્રમાણે નેપાળી અમલદારો તરફથી આ લોકોને જુલમ સહન કરવો પડતો હશે કે કેમ તે કંઈ હું કહી શકતો નથી. એકાદ અજાણ્યા માણસને આશ્રય આપવામાં તેમના ઉપર એટલું બધું વીતે એ જરા ન માનવા જેવું તો ખરું જ. પણ નેપાળ સરકારનો મુખ્ય વાંક તો એ જ છે કે આ લોકોમાં કેળવણીનો પ્રચાર મુદ્દલ નથી થયો. આ તરાઈના લોકો અયોધ્યા વગેરે તરફના લોકો જેવા હતા, નેપાળી લોકો જેવા નહિ. હિંદુસ્તાની લોકો જ અહીં વસ્યા છે, પણ ઉત્તર હિંદુસ્તાનના તેમના જાતભાઈઓના જેટલા આ લોકો સુધરેલા નથી. કેળવણીની બાબતમાં આખું ઉત્તર હિંદુસ્તાન પછાત છે એમ અગાઉ કહી ગયો છું. તોપણ હિંદુસ્તાની લોકો અતિથિસત્કાર કરી જાણે છે. પણ આ નેપાળી તરાઈના લોકોમાં એ ગુણ દેખાતો નથી. આ લોકો ખાસા નિર્દય છે, બીજાને ખપ લાગવાનું તેઓ જાણતા જ નથી, એમ મારી સાથેનો વાળંદ કેટલીયે વેળા કહેતો. જોકે તે પોતે પણ નેપાળી સરહદ ઉપર જ રહેનારો હતો. કદાચ તેનાં સગાંસંબંધીઓ પણ આ ભાગમાં વસતાં હોય. છતાં તેને આ લોકોની એક જાતની બીક લાગતી. ગમે તેમ હો, પણ અમને સોહરતસિંગનું નામ ઠીક ઉપયોગી થઈ પડ્યું. જ્યાં જઈએ ત્યાં પેલો વાળંદ અગાઉથી એકાદ સારા ખેડૂત આસામીને ઘેર જઈને કહે કે, હું સોહરતબાબુ પાસેથી આવું છું અને અમારી સાથે સીધુંસામાન વગેરે છે, માત્ર આશરો જોઈએ છે, એટલે એની મેળે જ બધી ગોઠવણ થઈ જતી !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિગ્લિવા ગામથી લુંબિન્દેવી પૂર્વ તરફ ચૌદ માઈલ ઉપર આવેલ છે. રાતે એક ખેડૂતને ઘેર સૂઈ રહી બીજે દિવસે અમે સવારે જ લુંબિન્દેવી પહોંચ્યા. બુદ્ધભગવાનના જન્મ-સ્થાનથી દક્ષિણ તરફ બે માઈલને છેટે લુંબિન્દેવી ગામ વસ્યું છે. પહેલાં અમે ગામમાં જવાને બદલે આ સ્થાનનાં દર્શન કરવા જ ગયા. બૌદ્ધ ગ્રંથોમાં આ સ્થાનને લુંબિનિવન કહ્યું છે. અહીં છૂટાંછવાયાં ખંડેરો અને તે ઉપર ઊગી નીકળેલ ઝાડોનાં ઝૂંડ સિવાય બીજું કંઈ જ દૂરથી નજરે પડતું નથી. અમે અશોકનો સ્તંભ જોવા ગયા. 'ભગવાન બુદ્ધ આ સ્થળે જન્મ્યા તેથી મેં જાતે આવીને આ સ્થાનની પૂજા કરી અને આ શિલાસ્તંભ બંધાવ્યો છે,' એવી મતલબનું લખાણ અશોક રાજાએ આ પાષાણસ્તંભ ઉપર કોતરાવેલ છે. કેટલાંક વર્ષો પહેલાં પુરાણવસ્તુસંશોધન ખાતાએ ખંડેરોનાં દટ્ટણમાંથી આ પાષાણસ્તંભ ખોદી કાઢ્યો. તેનો ઉપરનો ભાગ તૂટેલો છે અને નીચલો ફક્ત આઠથી દસ ફૂટનો ભાગ ઊભો છે. ખાડામાં ઊતરી જ્યારે તે શિલાલેખ મેં વાંચ્યો ત્યારે મારી આંખમાંથી દડ દડ આંસુ ખરવા લાગ્યાં. વાળંદ બિચારો મારી તરફ વિસ્મિત થઈને જોયા કરતો હતો! પાંચ દસ મિનિટ હું તે સ્તંભ આગળ ઊભો રહ્યો. આ સ્થળનું આવી વિપન્ના-વસ્થામાં પણ—દર્શન થયું તેને સારુ મને અત્યંત આનંદ થયો. પણ તે બહુ વખત ન ટકી શક્યો.

આ માટી અને ઈંટના ઢગલાઓમાંથી માયાદેવીની મૂર્તિ શોધી કાઢી તેના ઉપર એક નાનું મંદિર બાંધવામાં આવ્યું છે. આ મંદિર નેપાળી સરકારે બાંધ્યું છે કે બીજા કોઈએ એની મને ભાળ ન લાગી. નેપાળી રાજ્યમાંથી એક તિબેટી લામા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં રહેતો હતો. તેણે ભીંત ઉપર કાઢેલ કેટલાંક ચિત્રો અને લખેલા મંત્રો મેં જોયા. માયાદેવીની મૂર્તિ તદ્દન ખંડિત થઈ ગઈ છે, તોપણ બૌદ્ધ પુરાણોમાં વર્ણવ્યા પ્રમાણે બુદ્ધજન્મનો દેખાવ આ મૂર્તિમાં દેખાડવામાં આવ્યો છે. બ્રહ્મા જાતે આવી જન્મેલા બાળકનું ગ્રહણ કરે છે, ઇ૦ બનાવો આ મૂર્તિમાં કોરેલા છે. પણ દુઃખની વાત તો એ છે કે આજે આને લુંબિન્દેવી નામ આપી એના મોં આગળ લોકો પશુઓના ભોગ ચડાવે છે! હું ગયો ત્યારે મંદિરની બહારની જગ્યા બધી લોહીથી તરબોળ હતી! આ દેખાવ જોઈ મને કમકમાટી છૂટી અને ચિત્ત ઉદ્વિગ્ન થઈ ગયું. જેણે દુનિયાનાં દુઃખોનું શમન કરનાર અને પ્રાણીમાત્રને વિષે કરુણા બતાવનાર હિંદુસ્તાનના શ્રેષ્ઠ પુરુષને જન્મ આપ્યો, તે જ દયાળુ માતાની મૂર્તિ આગળ સેંકડો મૂગાં પ્રાણીઓનો ભોગ અપાય, એના જેવું અજ્ઞાન, અવિચાર કે દુઃખદાયક વાત બીજી કઈ હોય? પણ આ સ્થિતિ બદલવાનો કશો જ ઉપાય મારા હાથમાં નહોતો. અને તેથી ચિત્તક્ષોભથી કશું જ ફળ નીપજે એમ નહોતું. તેથી ફરી એક વાર આ સ્થળને નિહાળી, જેમતેમ મનનું સાંત્વન કરતો હું લુંબિન્દેવી ગામમાં ગયો.

લુંબિન્દેવીમાં કોને ઘેર જમ્યો, અને પછીની મુસાફરી કેવી રીતે કરી, એ મને બિલકુલ યાદ નથી રહ્યું. આનું કારણ એ કે માયાદેવીના મંદિર આગળ જોયેલ દેખાવ મારા મનમાંથી કેમે કર્યો ખસે નહિ. અને તેથી એક જાતનું નિરાશામય દુઃખ મને થયા કરતું. ભગવાનપુરથી ઉસ્કાબજાર સુધી વાળંદ અને હું પગરસ્તે ચાલતા આવ્યા. વાળંદ પાસેના પૈસા કે સીધાસામગ્રીમાંથી કંઈ જ વપરાયું નહોતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગોરખપુર જવાની ટિકિટને માટે જોઈતાં નાણાં પૂરતી ટપાલની ટિકિટો સ્ટેશનમાસ્તરને આગળથી જ આપી રાખી હતી. આથી પૈસાની મને જરૂર નહોતી. તેથી વાળંદ પાસેનો રૂપિયો તથા બધો સામાન તેને જ આપી દઈને સ્ટેશને આવી હું ગોરખપુર ગયો.

પેલા વૃદ્ધ ભિક્ષુની આંખ તદ્દન બગડી ગઈ. અને તે સારુ તેણે ડાકટરને જ નહિ, પણ મને સંપૂર્ણ દોષ દીધો. પણ બન્યું ન બન્યું થાય એમ નહોતું. તેને લઈને હું કુશિનારા આવ્યો અને તેને ધર્મશાળામાં મૂકી બ્રહ્મદેશની સફરની તૈયારીમાં ગૂંથાયો.

આ એક વર્ષમાં મેં ઠીક દેશાટન તીર્થાટન કર્યાં. જુદા જુદા લોકોના સંબંધમાં આવ્યો. તેમાંયે ખાસ કરીને ઉપર વર્ણવ્યા પ્રમાણે કુશિનારા, બુદ્ધગયા, રાજગૃહ, શ્રાવસ્તી, કપિલવસ્તુ અને લુંબિનિવન એટલાં સ્થળોની યાત્રા મેં કરી. આથી આ પ્રકરણનું નામ 'બૌદ્ધક્ષેત્રોની યાત્રા' આપ્યું છે. આ બધાં ક્ષેત્રોમાં બુદ્ધનું જન્મસ્થાન લુંબિન્દેવી, ભગવાન બુદ્ધને બુદ્ધપદનો લાભ થયો તે બુદ્ધગયા, ભગવાને પહેલો ઉપદેશ આપ્યો તે સારનાથનું સ્થાન અને પરિનિર્વાણ પામ્યા તે કુશિનારા, આ ચાર ક્ષેત્રોને બૌદ્ધલોકો અત્યંત પવિત્ર ગણે છે. *

---

* इध तथागतो जातोति...इध तथागतो अनुत्तरं सम्मासंबोधिं अभिसंबुद्धोति...इध तथागतेन अनुत्तरं धम्मचक्कं पवत्तितंति...इध तथागतो अनुपादिसेसाय निब्बानधातुया परिनिब्बुतोति आनंद सद्धस्स कुलपुत्तस्स दस्सनीयं संवेजनीयं ठानं ॥

—महापरिनिब्बानसुत्त

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

# ૧૫

## વળી બ્રહ્મદેશ

ચંદ્રમુનિએ ખેજારીને કાગળ લખી કલકત્તાથી બરમા જવાને જોઈતાં નાણાંની મને અગાઉથી જ ગોઠવણ કરી દીધી હતી. મારી સાથે બુદ્ધગયાવાળા સિંહલી ઉપાસક હતા એમ લાગે છે. તે કુશિનારા આવ્યા હતા, અને ત્યાંથી તેમને પણ બરમા જવું હતું. તહસીલદૌરિયાથી કલકત્તાની ટિકિટના પૈસા મહાવીર ભિક્ષુએ અપાવ્યા. આ વખતે હું કલકત્તામાં એક કે બે દિવસ જ હતો. ત્યાંથી રંગૂન ગયો. રંગૂનમાં મને જ્ઞાનત્રિલોકનો મેળાપ થયો. તેને પણ માંડલે જઈ થોડા દિવસ સગાઈના ડુંગર પર રહેવું હતું. તે મુજબ અમે બંને માંડલે ગયા, અને સગાઈ જઈ ઊ* રાજેન્દ્રના વિહારમાં રહેવા લાગ્યા.

અહીં સંખ્યાબંધ નાની મઠીઓ અને ઉપરાંત ચાર પાંચ ગુફાઓ હતી. આવી જાતના વિહાર આ ડુંગરમાં ઓછામાં ઓછા પચાસ સાઠ હશે. માંડલે અને સગાઈ ગામના લોકો પાસેથી ભિક્ષુઓને અન્નસામગ્રી પહોંચાડવામાં આવતી. અહીં કેટલીક દશશીલધારિણી સંન્યાસિનીઓ પણ વસે છે. તેઓ ગૃહસ્થો પાસેથી અન્નસામગ્રી મેળવી ભિક્ષુઓને રાંધેલું ભોજન આપે છે. કોઈ જગ્યાએ વળી વિહારમાં જ એકાદ ઉપાસક

---

* બરમી ભાષામાં ઊ માનવાચક શબ્દ છે. તે ભિક્ષુના કે મોટા પુરુષોના નામ આગળ લગાડવામાં આવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોજન તૈયાર કરી ભિક્ષુઓને આપે છે અને પોતાનું પણ ઉદરપોષણ કરે છે. સંન્યાસિનીઓનો આશ્રમ ભિક્ષુઓના આશ્રમથી ઘણે દૂર છે અને ત્યાં ભિક્ષુઓને જ નહિ પણ બીજા પુરુષોને પણ ગમે તે વખતે જવાની મનાઈ હોય છે. આવા એક આશ્રમમાં ૨૫૦ થી ૩૦૦ સંન્યાસિનીઓ રહે છે એમ કહેવાય છે. હું સગાઈ ડુંગર પર હતો તે વખતે આ આશ્રમની મુખ્ય સંન્યાસિની બરમાના એક પ્રખ્યાત કુટુંબની બાઈ હતી. તેને ત્રિપિટક — ખાસ કરીને અભિધર્મ પિટક — ગ્રંથ બહુ જ સરસ આવડતો. છેલ્લા ગ્રંથનાં તો કેટલાંક પ્રકરણનાં પ્રકરણ તેને મોઢે હતાં! આથી બૌદ્ધ તત્ત્વજ્ઞાન વિષે તેની સાથે ચર્ચા કરતાં સાધારણ ભિક્ષુઓ અચકાતા.

આવો એક સંન્યાસિનીઓનો આશ્રમ અમારા આશ્રમથી ખૂબ આઘે નદીને તીરે હતો. હું અને જ્ઞાનત્રિલોક ત્યાં ભિક્ષા લેવા જતા. ખાવાનું સવારે દશ પહેલાં પતી જતું. અને દિવસનો બાકીનો ભાગ અમને ધ્યાનભાવનાદિ માટે મળતો. ઉત્તર નામે એક ધ્યાન કરતાં શીખવનાર સ્થવિર અહીં રહેતો હતો. તેની પાસે જઈ અમે રોજ ધ્યાનનો માર્ગ (કર્મસ્થાન) શીખવાનું શરૂ કર્યું. પણ તે અમારી ભાષા ન સમજી શકે તેમ તેને પાલિ પણ પૂરું બોલતાં ન આવડે. આથી અમારી બાજુના વિહારમાંથી પાલિભાષા જાણનાર એક જુવાન ભિક્ષુને અમે સાથે લઈ જતા. સ્થવિર બરમી ભાષામાં કહે તેનું ભાષાંતર પેલો તરુણ ભિક્ષુ પાલિભાષામાં કરે અને પછી હું જ્ઞાનત્રિલોકને તે અંગ્રેજીમાં સમજાવું!

પહેલાં તો ઉત્તરાચાર્યે અમને 'અરહં' શબ્દ બરમી લિપિમાં આંખ સામે રાખી તે ઉપર ધ્યાન કરવા કહ્યું. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણે અમે જુદી જુદી જગ્યાએ બેસી ધ્યાનની શરૂઆત કરી. બે દિવસ પછી અમારો અનુભવ આચાર્યને જણાવવાનો હતો. અમારા વિહારની આગળની બાજુએ એક ખૂબ ઊંચી ટેકરી હતી અને તે ટેકરીની ટોચ ઉપર એક નાનીશી ભાગલી ગુફા હતી. ત્યાં જઈને હું આખો દિવસ ધ્યાન કરતો. અહીંથી નીચે ઇરાવતી નદીનો મોટો પટ અને તેની આસ-પાસનો રમણીય પ્રદેશ દેખાતો. સૂર્યાસ્તને વખતે પણ અહીંથી અત્યંત સુંદર દેખાવ જોવા મળતો. જ્ઞાનત્રિલોક બીજે આવે જ ઠેકાણે બેસતા. પણ તેનું ચિત્ત ધ્યાનમાં ચોટે નહિ. 'અરહં'નો 'અ' તેની આંખ આગળ બરોબર હરે. પણ 'ર' આંખ સામે લાવતાની સાથે જ 'ર'ને પૂંછડાં ફૂટી તેના સર્પ બની જાય અને પછી ધ્યાનમાં વિઘ્ન આવે! માત્ર મને આ શબ્દનું ધ્યાન બરોબર કરતાં આવડ્યું. આચાર્યને અમે અમારો અનુભવ કહ્યો, એટલે તેમણે અમને પછીનું પગલું બતાવ્યું. તે એમ હતું કે, આંખો મીંચીને આ શબ્દ ઉપર ધ્યાન કરતાં કરતાં જે જે કંઈ દેખાવો દેખાય તેનું બરોબર અવલોકન કરી તે અમારે આચાર્યને કહેવા. મારી આંખ આગળ શરૂઆતમાં તો બે ધોળાં કમળ અને પાછળથી આથમતો સૂર્ય દેખાવા લાગ્યાં. આચાર્યે આ દેખાવો સારા છે એમ કહી તેના ઉપર જ ધ્યાન કરવાનું ચાલુ રાખવા કહ્યું. પણ જ્ઞાનત્રિલોકની આંખ આગળ દેખાવો કેમે કર્યા ઠરે નહિ અને તે સારા પણ ન હતા. કોઈ કોઈ વાર તેને ખાવાની વસ્તુ દેખાય, તો કોઈ વાર સર્પ દેખાય! તે વખતે જમવાની બાબતમાં અમારે વેઠવું પડતું અને એકંદર સંજોગોથી તેનું ચિત્ત જરા ભ્રમિત જેવું થઈ ગયું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આના ઉદાહરણ તરીકે એક વાત અહીં રજૂ કરું. જે ગુફામાં અમે રહેતા તેને બારણું નહોતું અને હોત તોપણ તે બંધ કરીને સૂવાનું બને એમ નહોતું. કારણ કે હવા આવવાને સારુ દરવાજા સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો. આ ગુફાના બે ભાગ હતા. એક અંદરનો અને બીજો આગળનો. બંને એટલા તો સાંકડા કે અંદર બે ખાટલાથી વધુ કશું રહી શકે એમ નહોતું. બહારનો ભાગ જરા પહોળો હતો. ત્યાં એક ખાટલો નાખી હું સૂતો અને અંદરના ભાગમાં બીજા એક ખાટલા ઉપર જ્ઞાનત્રિલોક સૂતો. તે અંદર એટલા સારુ સૂતો કે વાઘ વગેરે હિંસક પ્રાણીઓની તેને બીક લાગતી. એક દિવસ રાતે સૂતા પહેલાં મારાથી મશ્કરીમાં સહેજે કહેવાઈ ગયું: 'ધારો કે આ ગુફાનું મોં નીચે તૂટી પડે અને આપણે અહીં દબાઈ જઈએ તો આપણી શી દશા થાય! બે ત્રણ દિવસે આપણને ખોદીને બહાર કાઢે. પણ તેટલો વખત આ અંધારી ઓરડીમાં ગોંધાઈ ગૂંગળાઈ મરવું પડે! તારા ભાગને તો મારા કરતાંયે વળી વધુ જોખમ છે. કેમકે તું ગુફાના પેટમાં ઊંડે પેઠેલો છે!' મારી આ વાતની જ્ઞાનત્રિલોકના ભ્રમિત ચિત્ત ઉપર બહુ વિચિત્ર અસર થઈ! તેણે એની એ અંદરની ઓરડીમાં સૂવાની સાફ ના પાડી! અને મને કહે, 'જો તમે તમારી જગ્યા મને આપશો તો જ હું અહીં રહીશ, નહિ તો મારે આ ગુફા છોડી જવી રહી. આ ગુફાની અંદરના ભાગમાં તો હું કદી રહેનાર નથી.' મેં મારી આગલી જગ્યા તેને આપી અને બંનેએ પોતાના ખાટલા બદલી નાંખ્યા. આમ જ્ઞાનત્રિલોકનું ચિત્ત ધ્યાનમાં ન ચોટવાથી તે સગાઈ છોડી રંગૂન ગયા. પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેં તો સગાઈમાં જ રહેવાનો નિશ્ચય કર્યો. કુશિનારાથી ૧૯૦૪ના ડિસેંબરમાં હું પ્રથમ સગાઈ આવેલો. મેં અને જ્ઞાનત્રિલોકે ત્યાં બે ત્રણ મહિના કાઢ્યા. ૧૯૦૫ના જાન્યુઆરીમાં જ્ઞાનત્રિલોક રંગૂન પાછો ગયો. આ જ અરસામાં મને જમવાની વધુ ને વધુ મુસ્કેલી પડવા લાગી. અમને અન્ન આપનારી સંન્યાસિનીઓ ત્યાંથી ધીરે ધીરે બીજે ઠેકાણે ગઈ. આ સ્ત્રીઓ અને કેટલાક ભિક્ષુઓ અહીં શિયાળો ગાળવા પૂરતા જ આવી વસે છે. શિયાળામાં આ પ્રદેશ સુખકારી લાગે છે. ટાઢનો ઝાઝો ત્રાસ હોતો નથી. પણ ઉનાળો થયો કે અહીંના ખડકો તાપને લીધે ધખી ઊઠે છે અને ભારે ત્રાસ થવા લાગે છે. પાણીની પણ ખૂબ હાડમારી હતી. અમારા વિહારના એક બે ભિક્ષુ સિવાય બાકીના માર્ચ મહિનાના અરસામાં બીજી તરફ ગયા અને જે બાકી રહ્યા તેમને ભિક્ષા સારુ સગાઈ શહેરમાં જવું પડતું. અમારા વિહારથી શહેર અઢી ત્રણ માઈલ હતું. ત્યાં પણ ઘેર ઘેર ફરીને પૂરતું અન્ન મેળવતાં મુસ્કેલી પડતી અને જવાઆવવાનો થાક પણ મારાથી સહન થઈ શકે એમ નહોતો.

અમારી પડોશમાં પાંડવ સ્થવિરનો વિહાર હતો. ત્યાં મને એક નાની ઝૂંપડી મળે એમ હતી અને તે સ્થવિરના અનેક શિષ્યો હોવાથી જમવાને લગતી હાડમારી પણ મટે એમ હતું. ઉપરાંત, સ્થવિર અને તેના શિષ્યો શાકાહારી હતા અને બધું અન્ન વિહારમાં જ રંધાતું. તેથી મેં સ્થવિર પાસે જઈ આશ્રયને માટે પૂછ્યું. આ સ્થવિર પાલિભાષાના જ્ઞાનમાં ખૂબ પંકાતા. પણ મારી પાલિભાષા તેને સમજાય નહિ, અને છતાં એ વાત કબૂલ કરવી તેને ગમે નહિ! આથી તે ગુસ્સે થઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધકચરી પાલિમાં મને કહે, 'તમારા પાલિ ઉચ્ચાર બહુ જ ખરાબ છે. 'ચ' વર્ગનો ઉચ્ચાર સંસ્કૃતના નિયમ પ્રમાણે કરવાને બદલે તમે બરમી* ઢબે કરતા જાઓ.' મેં કહ્યું: 'મહારાજ, મારા ઉચ્ચાર પ્રમાણે જ સિલોની લોકોના ઉચ્ચાર હોય છે. તેથી બરમી ઉચ્ચાર જ ઉત્તમ છે એમ જ કંઈ ન કહેવાય. પણ ઉચ્ચારની બાબતમાં વાદવિવાદ કરવાનું પ્રયોજન નથી; અર્થ ઉપર નજર રાખીને જ વર્તવું, એવો બુદ્ધગુરુનો ઉપદેશ× છે. આથી મારા ઉચ્ચાર આપને પસંદ ન હોય તો તે સામું ન જોતાં મારા કહેવાની મતલબ તરફ જુઓ એટલે થયું.' આથી તો પાંડવ સ્થવિર ધૂંઆપૂંઆ થઈ ગયા અને તાડૂકી ઊઠયા: 'તમારા અને સિંહલી લોકોના ઉચ્ચાર મળતા આવે એમાં શી નવાઈ? આવા ઉચ્ચારને લીધે જ હિંદી અને સિંહલી લોકો બૌદ્ધધર્મથી ભ્રષ્ટ થવા લાગ્યા છે! હિંદુસ્તાનમાં ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મોનો પ્રચાર ધમધોકાર વધતો જાય છે, અને બૌદ્ધધર્મ જુઓ તો એકેએક હિંદીએ તજી દીધો છે. સિલોનમાં પણ ખ્રિસ્તીધર્મનો પ્રચાર જોસભેર વધતો જાય છે!'

આ સ્થવિર સાથે પાલિ શબ્દોના ઉચ્ચાર વિષે વધારે વાદમાં ઊતરવું વ્યર્થ છે એમ જોઈ મેં તેમની રજા લીધી.

---

* દાખલા તરીકે બરમી લોકો 'સચ્ચ' શબ્દનો ઉચ્ચાર 'તિસ્સા' કરે છે.

×अत्थं हि नाथो सरणं अवोच न व्यंजनं लोकहितो महेसि ।
तस्मा अकत्वा रतिमक्खरेसु अत्थे निवेसेय्य मतिं मुतीमा ॥
— कंखावितरणी

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ જતાં જતાં મને રહેવા સારુ ઝૂંપડી મળી શકશે કે કેમ એ ફરી એકવાર પૂછી જોયું. સ્થવિરે, પોતે વિચાર કરી બીજે દિવસે જવાબ આપશે, કહી મને વિદાય કર્યો. બીજે દિવસે જગ્યા મળી શકે તેમ નથી એમ તેમણે કહેવરાવ્યું. ખલાસ! મારા 'ચ' વર્ગના ઉચ્ચારે બધો મામલો બગાડ્યો.

હવે બીજે કંઈ શોધ કરી જોવી એમ ધારી કોઈની ઓળખાણથી હું એક ટેકરી પર આવેલા વિહારમાં ગયો. ત્યાં એક મધ્યમ વયનો ભિક્ષુ અને બે ત્રણ નાના શ્રામણેર રહેતા હતા. તેમણે જગ્યા આપવા હા પાડી, માત્ર જમવાની ગોઠવણ નથી એમ કહ્યું! ત્યાંથી એક માઈલ છેટે ઇરાવતીને તીરે કેટલીક સંન્યાસિનીઓ રહેતી, અને નદીને ઉપરવાસ એક ગામ પણ હતું. બને તો આ જગ્યાએ રહી મારી સાધના આગળ ચલાવવી એમ મેં ઠરાવ્યું. પંદર વીસ દિવસ તો જેમ તેમ કરીને ચલાવ્યું. પણ ડુંગર ચડવા ઊતરવાની મહેનત અને બરમી લોકોના તેલમાં વઘારેલા તળેલા પદાર્થો ખાઈ ખાઈ મને એકાએક ભયંકર તાવ ચડ્યો. વળી આ વિહારનું પાણી પણ તદ્દન ગંદું હતું. એક મોટા હોજમાં વરસાદનું પાણી ભરી લેવામાં આવતું, તે જ બીજું ચોમાસું આવે ત્યાં સુધી વપરાતું. નીચે ઊતરવાની મારામાં જ્યાં સુધી શક્તિ હતી ત્યાં સુધી તો ઇરાવતીનું જ પાણી હું પીવાને સારુ લઈ આવતો. પણ તાવને લીધે માંદો પડ્યાથી હોજનું પાણી પીધા વગર છૂટકો ન રહ્યો. એટલે આ પાણીને ઉકાળી ગાળીને પીવા લાગ્યો. તોપણ મારાથી તે પિવાય નહિ! ચાર પાંચ દિવસ આમ હેરાન થયા બાદ હું આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જગ્યાથી ખૂબ કંટાળ્યો. અને સહેજ સુવાણ થતાં જ મેં શરીરને ઉપાડી માંડલે શહેરમાં લઈ જઈ નાંખ્યું.

માંડલેમાં હું ઊ ત્રિલોક સ્થવિરના આશ્રમમાં રહેતો. તેમને શુદ્ધ પાલિભાષા બોલતાં આવડતું. અને સદ્‌ભાગ્યે તેમના ઉચ્ચાર અને મારા ઉચ્ચાર સરખા હતા! વ્રતનિયમાદિ પાળવાની બાબતમાં પોતે ખૂબ પંકાતા. કોઈ ભિક્ષુ સવારે મોડો ઊઠતો તો તેને કહેતા: 'આ માંડલે શહેરમાં નાની નાની છોકરીઓ પરોઢિયામાં ઊઠી તમારે સારુ રાંધી રહી છે, અને તમે તે અન્ન ઉપર જીવનારા નિરાંતે ઘોરો છો એની શરમ નથી આવતી?' મોડા ઊઠનાર ભિક્ષુઓ માટે તેમણે સજા ઠરાવી હતી. તે એ કે, તેણે આશ્રમનાં ઝાડોને પાણી પાવું અને બુદ્ધમૂર્તિ પાસે અમુક ઘડા પાણીના ભરીને રાખવા. એક દિવસ સવારે ત્રિલોકાચાર્યને પોતાને મેં આ કામ કરતા જોયા. મેં આશ્ચર્યથી પૂછ્યું: 'ગુરુજી, આજ આપ આ સજાનું કામ કરો છો એ શું?' તેમણે કહ્યું, 'આજ હું મોડો ઊઠ્યો.' મેં કહ્યું, 'પણ આ નિયમ તો આપે શિષ્યોને પાળવા સારુ કર્યો છે; તે આપને પોતાને શી રીતે લાગુ પડે?' આચાર્ય કહે, 'આયુષ્મન્! આપણે જે કાયદા કરીએ તે કંઈ તોડવા સારુ નથી કરતા. જ્યાં સુધી સારા કાયદાઓને માન આપીને આપણે ચાલીએ ત્યાં સુધી જ આપણી ઉન્નતિ થાય છે. કાયદો આપણા બધાના કરતાં ઉચ્ચ સ્થાને છે, એમ માનીને આપણે બધાએ અંતઃકરણપૂર્વક તેને અનુસરવું જોઈએ.'

બીજે એક દિવસે મેં ત્રિલોકાચાર્યને માંડલે શહેરમાં કાદવવાળા રસ્તામાં ભિક્ષાને સારુ ફરતા જોયા. સાઠ વર્ષની ઉમરે પહોંચેલા આ વૃદ્ધ સ્થવિરને વરસતે વરસાદે ગારાકીચડમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરતા જોઈને મને ખૂબ આશ્ચર્ય થયું! વિહારમાં આવ્યા પછી મેં તેમને પૂછ્યું: 'ગુરુજી, આજે વરસાદ હતો છતાં આપ ભિક્ષાને સારુ ગયા એ કેમ?' તેમણે જવાબ આપ્યો: 'આયુષ્મન્! જો હું જાતે ન જાઉં તો વિહારના બધા ભિક્ષુઓને પૂરું થાય એટલું શાકભાજી વગેરે ન મળે. તરુણ ભિક્ષુઓને ગામમાં કોઈ ઓળખતું ન હોવાથી તેમની કોઈ દરકાર કરતું નથી અને નર્યો ભાત આપી તેમને વદાય કરે છે. તેથી વરસાદ કે કાદવકીચડ છતાં જાતે ભિક્ષા સારુ નીકળું છું. હું ચારે ચીજ જમું અને ભિક્ષુઓ લૂખો ભાત ખાય એ મારાથી કેમ જોવાય?' આ વાત અહીં કહેવાનું કારણ એટલું જ કે, ત્રિક્ષોકાચાર્ય જેટલા કડક હતા તેટલા જ દયાળુ હતા તે વાચકો સમજી શકે.

ત્રિક્ષોકાચાર્યની મારા ઉપર પૂરી કૃપા હતી. મને મહેમાન ગણી તેમણે વહેલા ઊઠવાનો નિયમ મને લાગુ ન પાડયો. વિહારમાંથી વાળવાઝૂડવાનું કામ પણ મને નહોતું આપ્યું. ઉપરાંત ગામના કેટલાક ગૃહસ્થોને ખાસ કહેવરાવી હિન્દી રીત પ્રમાણે બનાવેલાં શાકભાજી મને મળે એવી પણ તેમણે ગોઠવણ કરી! લગભગ દસ બાર ગૃહસ્થોને ઘેર હું જતો અને થોડી થોડી ભિક્ષા લઈ વિહારમાં પાછો આવતો. એક માંડલે શહેરમાં દસ હજાર ભિક્ષુઓ અને ત્યાંના લોકો કંઈ એવા શ્રીમંત નહિ. તેથી ઘણા ભિક્ષુઓને ભિક્ષા મેળવવી મુશ્કેલ થઈ પડતી. સોએક ઘર ફરે ત્યારે માંડ પેટપૂરતો ભાત મળે. નવા ભિક્ષુને તો દાળશાક મેળવવાનું લગભગ અશક્ય જ હતું. તોપણ હું પરદેશી તેમ જ નવો ભિક્ષુ છતાં મને અહીં ઠીક ફાવતું. માંડલેનું પાણી પણ સારું હતું એટલે એકંદરે મને સગાઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરતાં અહીં ઠીક ગોઠતું. પણ કેટલાક દિવસ પછી બરમી લોકોનું રાંધેલું અન્ન મારી તબિયતને માફક ન જ આવ્યું. એક તો દૂધ, ઘી વગેરે લગભગ મળતાં જ નહિ, શાકમાં તેલ હોય અને તે પણ કેટલીક ચીજોમાં તો કાચું. આથી મને ભારે ત્રાસ થવા લાગ્યો. અધૂરામાં પૂરું માંડલેની હવા પણ બે મહિના લગભગમાં બહુ સખત હોય છે. તેથી મેં ત્યાંથી મોલમિન જવાનું નક્કી કર્યું.

બૌદ્ધધર્મના પ્રચાર માટે તે વખતે માંડલેમાં એક સભા સ્થપાઈ હતી. ભિક્ષુઓને મદદ કરવી, વ્યાખ્યાનો આપવાં, બરમીભાષામાં બૌદ્ધધર્મ વિષે પુસ્તકો પ્રસિદ્ધ કરવાં, વગેરે કામ આ સભા કરતી. આ સભાએ રંગૂન સુધીની ટિકિટ મને કઢાવી આપી. પછીની મુસાફરી મેં આગબોટ રસ્તે કરી. માંડલે અને મોલમિન શહેરના વિહારોમાં જમીનઆસમાનનો ફેર છે. મોલમિનના કેટલાક વિહારો માંડલેના બરમી રાજાઓના વખતના વિહારોને પણ આંટે એવા છે. અહીંના વેપારીઓ ખૂબ શ્રીમંત હોવાથી તેમણે મોટા મોટા વિહારો બંધાવ્યા છે. આ વિહારોમાં સોનાના વરખનાં નકશીકામો કરેલાં છે. માત્ર અહીં માંડલે જેટલા ભિક્ષુઓ નથી. મોટો વિશાળ વિહાર હોય પણ તેમાં ચાર પાંચ ભિક્ષુ રહેતા હોય! અહીં ભિક્ષુઓને દાન પણ ખૂબ મળતાં. ચાતુર્માસમાં તો અનેક સ્થળે સાર્વજનિક દાન અપાય. આવે વખતે તો ભિક્ષુઓને એક એક મજૂરને સાથે લઈને જવું પડે!

અહીં હું ઊ સાગર સ્થવિરના વિજયંત વિહારમાં રહેતો હતો. આ વિહાર ખૂબ મોટો છે. પણ હું તો સ્તૂપને પડખે એક નાની ઓરડી હતી તેમાં રહેતો. જે દિવસે વરસાદ ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય તે દિવસે બપોરે હું પડોશમાં આવેલી ટેકરી ઉપર જઈને બેસતો. અહીંથી નીચેના પ્રદેશનો દેખાવ બહુ રમણીય દેખાતો. આ વિહારમાં પણ મારી જમવાની હાડમારી એવી ને એવી જ ચાલુ રહી! માંસમાછલી વિનાનું ભોજન મળવું અશક્ય હોવાથી બાફેલા મગ, ભાત અને ડબ્બાના માખણ પર મારે દિવસો કાઢવા પડતા. કોઈ વાર દહીં મળતું. અને કેટલાક દિવસ સુધી એક હિન્દુસ્તાની સિપાઈ મારે સારુ દાળ મોકલતો. આટલી હાડમારી છતાં માંડલે કરતાં અહીં મારા દિવસો ઠીક ગયા. ચાતુર્માસ પૂરો થયા પછી પ્રજ્ઞાસ્વામી સ્થવિરે મને પોતાના વિહારમાં રહેવા બોલાવ્યો. સાગર સ્થવિરની રજાથી હું ત્યાં રહેવા ગયો. પ્રજ્ઞાસ્વામી સ્થવિરને હું 'મુગ્ધબોધ' વ્યાકરણ શીખવતો, અને તે મને અભિધર્માર્થસંગ્રહ શીખવતા. પરંતુ અહીં સુધ્ધાં તેલવાળો ખોરાક ખાવો પડતો, તેથી મારી તબિયત વળી પાછી બગડી. એક પારસી દાકતરની દવા કરી જોઈ પણ કંઈ ફાયદો ન થયો. હવે હું સાવ કંટાળ્યો. જીવવું અકારું થઈ પડ્યું. એક દિવસ તો દાક્તરે પગે ચોળવા દવા આપેલી તે પર ઝેર (Poison) એમ લખ્યું હતું. તે રાત્રે આ દવા પીને જીવનો અંત આણવાનો વિચાર મારા મનમાં કેટલીયે વાર આવ્યો! અંતે તે બાટલીને બારી વાટે બહાર ઢોળી નાંખી હું ઊંઘી ગયો!

થોડા દિવસ હવાફેર કરવાનો વિચાર કરી હું મોલમિનની પેલી મેર આવેલ 'બિલૂચાઊન' નામે બેટમાં રહેવા ગયો. ત્યાં ઘીચ જંગલવાળી એક ટેકરી પર એક નાની ઝૂંપડીમાં હું રહેતો. થોડેક છેટે કેટલાક ભિક્ષુઓ રહેતા હતા. પણ રાતે હું મારી ઝૂંપડીમાં એકલો જ સૂતો. અહીં પણ મારી તબિયત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સારી ન રહી. મોલમિનથી પાંચ છ માઈલને છેટે એક જંગલમાં લાકડાની કેટલીક સુંદર ઝૂંપડીઓ હતી. ત્યાં કેટલાક ભિક્ષુઓ રહેતા. ત્યાં આગળ પાણીના ઝરા પણ બહુ સુંદર છે. ત્યાં જઈને હુ પંદર વીસ દિવસ રહ્યો. મારી ઝૂંપડી બીજી ઝૂંપડીઓથી ખૂબ દૂર હતી. વળી આ જંગલમાં વાઘનો ભો પણ ઠીક હતો. પણ મને આ હિંસક પશુઓ તરફથી કશી હેરાનગતિ ન થઈ. માત્ર જમવાની બાબતમાં મારી હાડમારી ટળી નહિ. ભિક્ષા માટે રોજ બે અઢી માઈલ જવું પડતું અને તેમ કરીને પણ ભાત ઉપરાંત બીજું કંઈ ભાગ્યે જ મળતું. માંસ માછલી વગેરે મળતાં, પણ મને તે શા ખપનાં?

મતલબ કે બ્રહ્મદેશમાં ભિક્ષુ બનીને વસવું મને લગભગ અશકય જણાયું. ભિક્ષુથી પોતાનું રંધાય નહિ, અને બીજાનું આપેલું ભિક્ષાન્ન ખાઈને રહેવું મારે સારુ હવે અશકય હતું. આ સ્થિતિમાં બાકીના દિવસો હિંદુસ્તાનમાં જ કયાંક ગાળવા એવો મેં વિચાર કર્યો. પણ પ્રજ્ઞાસ્વામી વગેરે સ્થવિરોનું કહેવું એમ હતું કે, હિન્દુસ્તાનમાં બૌદ્ધ ભિક્ષુઓ ન હોવાથી ત્યાં એકલા ભિક્ષુથી વિનયાદિ નિયમોને અનુસરીને રહેવું કપરું છે. જમવાની બાબતમાં હવે વધુ વખત ભિક્ષુત્વને વળગી રહેવામાં સાર નથી એમ જોઈ મને તે મૂકી દેવાની છૂટ આપવા મેં સ્થવિરોને વિનંતિ કરી. મારે પાસે પૈસા રાખવા પડે, કોઈ વાર હાથે રસોઈ કરી લેવાનો પણ વખત આવે, કદી બાર વાગી ગયા પછી જમવાનો પ્રસંગ આવે, આમ ભિક્ષુના બધા નિયમો પાળવાનું મારાથી બની ન શકે. તેથી વિધિસર ભિક્ષુત્વનો ત્યાગ કરી મને જવા દો એમ મેં કહ્યું. પ્રજ્ઞાસ્વામી સ્થવિરે આ બાબતમાં મને ટેકો આપ્યો. અને મારે સારુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાંક ભગવાં કપડાં તૈયાર કરવાની પણ તૈયારી કરી. પણ પાછળથી તેમનો વિચાર બદલાયો અને તેમણે મને કહ્યું, 'તમારું કહેવું ખરું છે, પણ અમારી આંખ સામે તમે ભિક્ષુઅવસ્થા છોડો તે અમને આઘાત આપનારું થઈ પડે. માટે તમે કલકત્તા જઈ ત્યાં સંઘબહાર થવાનો વિધિ કરજો.' સ્થવિરનું આ કહેવું કંઈક નિરુપાયને કારણે અને કંઈક તેમના ઉપરના મારા પ્રેમને લીધે મારે માનવું પડ્યું.

બ્રહ્મદેશથી કલકત્તા આવતાં મને મુદ્દલ હાડમારી ન પડી. આગબોટનું ભાડું વગેરે સહેજે મળી ગયું. રંગૂનથી આગબોટની સફર બીજા વર્ગમાં કરી.

૧૯૦૪ના જાન્યુઆરીથી ૧૯૦૬ના જાન્યુઆરી સુધીનાં જે બે વર્ષ મેં દેશાટનમાં વીતાવ્યાં તેમાં અનેક વેળા શરીર-દુઃખ વેઠવું પડ્યું એ તો ઉપર કહ્યું જ છે. પણ માનસિક ઉન્નતિ પુષ્કળ થઈ. ચિત્તની એકાગ્રતા કરવાનો ધીરે ધીરે મહાવરો થવાથી અભિધર્મ જેવા અઘરા ગ્રંથો પણ ભણી જવામાં મને વાર ન લાગી. ફુરસદના વખતમાં અનેક પાલિ ગ્રંથો મેં વાંચ્યા. વિશુદ્ધિમાર્ગના આરંભના એક બે ભાગ તો મેં બે ત્રણ વખત વાંચ્યા. આ ઉપરાંત અનેક દેશ જોવાની અને અનેક સ્થવિરોના સમાગમની મને તક મળી અને તે દ્વારા દુનિયાનો ઠીક અનુભવ મળ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૧૬

# પરાવર્તન

ગોવા છોડયું ત્યારથી તે બ્રહ્મદેશ છોડી ૧૯૦૬ની સાલના જાન્યુઆરીમાં કલકત્તે આવ્યો ત્યાં સુધીના મારા દિવસો શિક્ષણમાં જ વીત્યા એમ કહેવું જોઈએ. આ બધો સમય બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવું એ જ એક ધ્યેય મારી આંખ સામે હતું. પણ હવે બને તો બૌદ્ધધર્મના જ્ઞાનનો પ્રચાર કરવા સારુ કંઈક મહેનત કરવી એવી ઇચ્છા થવા લાગી. તોપણ કયે રસ્તે હિન્દુસ્તાનને મારો કંઈ કે ઉપયોગ થાય, એ બરોબર સમજાતું નહિ. કલકત્તે આવ્યા પછી ઉમરાવતી જઈ ત્યાં થોડો વખત રહેવું અને પછી બને તો પૂના તરફ જઈ કંઈ મહેનત કરી જોવી એવો વિચાર હતો. પરંતુ એક આકસ્મિક કારણને લીધે મારા પરાવર્તનને અણધારી દિશા મળી. આ કઈ રીતે બન્યું તે આ પ્રકરણમાં કહેવા ધારું છું.

કલકત્તામાં કપાલીતોલા કરીને એક અત્યંત ગંદા લત્તામાં બૌદ્ધધર્માંકુર નામે એક વિહાર તરતમાં જ બંધાયો હતો. બુદ્ધની મૂર્તિની અહીં સ્થાપના થઈ હતી, એટલા ઉપરથી જ આ જગ્યાને વિહાર નામ અપાયું હશે! પણ મારી સમજણ પ્રમાણે આ જગ્યા વિહાર નામને તદ્દન અયોગ્ય હતી. કલકત્તામાં બીજે ક્યાંયે ઊતરવાની સગવડ ન હોવાથી જ હું આ વિહારમાં ઊતર્યો. (મહાબોધિ સભાએ પોતાની ભાડાની


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જગ્યા ખાલી કરી હતી અને તેનો બધો સામાન કાશી લઈ જવામાં આવ્યો હતો. તેથી તે સ્થાનમાં ઊતરાય તેમ ન હતું. આથી આ વિહારમાં હું ઊતર્યો.) બે દિવસ આરામ લઈ આગળ જવું એવા વિચારથી હું ત્યાં રહ્યો. કૃપાચરણ અને ગુણાલંકાર કરીને ચિત્તગાંવના બે ભિક્ષુ અહીં રહેતા હતા. તેમને અને હરિનાથ દે નામના ગૃહસ્થને સારી ઓળખાણ હતી. હરિનાથ દે પાલિભાષા શીખવા પ્રયાસ કરી રહ્યા હતા અને તેથી જ તેઓ વચ્ચે વચ્ચે આ વિહારમાં આવતા. પૂર્ણ કરીને બીજા એક બરમી ભિક્ષુ પડોશમાં જ એક ભાડૂતી ઘરમાં રહેતા હતા. તેને અને હરિનાથ દેને પણ ઠીક પરિચય હતો. આ ભિક્ષુને હું સિલોનમાં હતો ત્યારે મળેલો, અને પાછળથી હું બરમામાં હતો ત્યારે પણ મારી હકીકતથી તે વાકેફ હતો.

હું ધર્માંકુર વિહારમાં એક દિવસ રહ્યો ન રહ્યો ત્યાં તો કૃપાચરણ અને ગુણાલંકાર ભિક્ષુ મારા જવા માટે આતુર જણાવા લાગ્યા. મેં તેમને કહ્યું કે મને તેમની પાસેથી પૈસા વગેરેની કશી અપેક્ષા નહોતી. માત્ર આરામને સારુ હું એકાદ બે દિવસ ત્યાં રહેવા માગતો હતો. કદાચ થોડા વધુ દિવસ રહેવા વિચાર થઈ આવત પણ તેમની આતુરતા જોઈ જલદી વિહાર છોડી જવાનો મેં સંકલ્પ કર્યો. અને સોમવારનો દિવસ રહી મંગળવારની ગાડીમાં નાગપુર તરફ જવાનું ઠરાવ્યું. પણ દૈવજોગે મારા આ નિર્ણયની પૂર્ણ ભિક્ષુને ખબર પડી. ઘણું કરીને તે જ દિવસે કલકત્તામાં મારી અને તેમની પહેલી વાર મુલાકાત થયેલી. તેણે તરત જ જઈને હરિનાથ દેને કહ્યું કે, 'તમારે પાલિ શીખવું હોય તો સિલોન કે બરમામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્યાંયે ન મળે એવો એક માણસ અહીં આવેલ છે. પણ તે આવતી કાલે જ જનાર છે.'

હરિનાથ દેને ઘેર તે દિવસે તેના ભાઈનાં લગ્ન હતાં અને તેમાં પોતે જ કરતાકારવતા હતા. આમ લગ્નના કામમાં રોકાયેલા છતાં આ ખબર મળતાં જરા નવરાશ મળી કે લાગલા જ મારી પાસે આવ્યા અને મને કહેવા લાગ્યા કે, 'આપ ગમે તેમ કરી બીજા એક બે દિવસ રોકાઈ જાઓ. મારે જે કંઈ જરૂર છે તે બધું હું આપને પાછળથી કહીશ. આજે હું મારા ભાઈનાં લગનની ધાંધલમાં છું. કાલે જ આપ બીજી તરફ જનાર છો એમ ખબર મળ્યા તેથી દોડાદોડ અહીં આવ્યો છું. આટલું મારું સાંભળો જ એવી મારી વિનંતિ છે.'

હરિનાથ દેએ બીજી પણ વાતો મને કરી. પોતે કલકત્તા યુનિવર્સિટીની સેનેટના સભાસદ હતા, અંગ્રેજીના અધ્યાપક હતા અને પાલિભાષાનો પ્રચાર કરવાની તેમને ભારે ઉત્કંઠા હતી વગેરે વાતો તેમણે કરી: તે ઉપરથી તો મારા ઉપર ઝાઝી અસર ન થઈ! બંગાળીઓ ઘણુંખરું ભારે બોલકા હોય છે પણ તેમની મારફત કશું કામ પાર પડવું મુશ્કેલ હોય છે! ખાસ કરીને બૌદ્ધધર્મ વિષે તેમને આસ્થા હોય એ તો કેમે કર્યું મારે હૈયે બેસે નહિ. તોપણ આવડી લાયકાતવાળા ગૃહસ્થ એક દિવસ રોકાઈ જવા વિનંતિ કરે છે તો આવતી કાલ જવાને બદલે બે દિવસ પછી જવું, એવો વિચાર કરી હું મંગળવારનો દિવસ ધર્માંકુર વિહારમાં રહ્યો.

અહીં શ્રી. હરિનાથ દે વિષે થોડી હકીકત આપવી અસ્થાને નહિ થાય. જોકે આ હકીકત મને તો પાછળથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળી છતાં વાચકની અનુકૂળતાને ખાતર તે અહીં જ આપવી યોગ્ય માનું છું. ભૂતનાથ દે નામના કાયસ્થ જ્ઞાતિના એક બંગાળી ગૃહસ્થ પોતાની જાતમહેનતથી બી. એલ. ની પરીક્ષા પાસ કરીને રાયપુર (મધ્યપ્રાંત)માં વકીલાત કરતા હતા. હરિનાથ તેમના વડીલ પુત્ર. નાનપણમાં આ છોકરો બહુ નબળો હોવાથી બાપે દીકરાની કેળવણી પાછળ જરા પણ ધ્યાન ન આપ્યું. પણ તેને પોતાને શીખવાની ભારે હોંશ. મા પાસે બંગાળી બારાખડી શીખીને બંગાળી ચોપડીઓ વાંચવાની તેણે શરૂઆત કરી. માને થોડું હિન્દી આવડતું. તે પણ શીખ્યો. પછી એક પાદરી પાસે જઈ અંગ્રેજી શીખવા માંડયું. આઠ વર્ષનો થયો એટલે બાપે નિશાળે મૂકવાનો વિચાર કર્યો. પણ જુએ છે તો છોકરાએ ઉમરના પ્રમાણમાં આ ત્રણે ભાષામાં ખૂબ પ્રગતિ કરેલી. આથી બાપે ઘેર શિક્ષક રાખી અને પોતે પણ શીખવી છોકરાને આગળ ધપાવ્યો. બાર વર્ષનો ન થયો ત્યાં તો હરિનાથે અંગ્રેજી ભાષામાં ખૂબ પ્રગતિ કરી અને તેરમા કે ચૌદમા વર્ષમાં કલકત્તા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં પાસ થઈ સ્કૅાલરશીપ મેળવી. પછી ભૂતનાથ દેએ તેને સેન્ટ ઝેવિયર કૅાલેજમાં મૂકયો. યુનિવર્સિટીની બધી પરીક્ષાઓમાં ભાષાના વિષયમાં હરિનાથે નામના મેળવી.

એમ. એ. થયા પછી હરિનાથને હિન્દી સરકાર તરફથી સ્કૅાલરશીપ મળી અને તે ઇંગ્લંડ ગયા. પહેલાં તો તેણે સિવિલ સર્વિસની પરીક્ષામાં પાસ થવા મહેનત કરી. પણ ગણિત અને કાયદાના વિષયમાં સહેજ કાચા હોવાથી અને કદાચ દારૂનો છંદ વળગ્યો તેથી આ પરીક્ષામાં નાપાસ થયા. પણ ધીરજ ન છોડતાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની બી. એ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ડિગ્રી મેળવવા તેણે મહેનત કરી. કલકત્તા યુનિવર્સિટીમાં લૅટિન ભાષા લઈ પોતે પાસ થયા હતા. અહીંયાં ગ્રીક, લૅટિન અને અંગ્રેજી ભાષામાં પહેલો નંબર મેળવ્યો. ઉપરાંત ફ્રેંચ, જર્મન અને અરબી ભાષાનું પણ તેણે સરસ જ્ઞાન મેળવ્યું. કોઈ પણ ભાષા શીખી લેતાં તેને વાર જ ન લાગતી. અરબી ભાષાનો કોષ તેણે લગભગ મોઢે કરેલો એમ એક ગૃહસ્થે મને કહ્યું! અંગ્રેજી ભાષામાં તે ગદ્ય અને પદ્ય બંને બહુ સરસ લખતા.

કેમ્બ્રિજની બી. એ. ની પરીક્ષા પાસ કર્યા પછી તેમને ઇન્ડિયન એજ્યુકેશનલ સર્વિસમાં નોકરી મળી, અને શરૂઆતમાં તેને ઢાકા કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર નીમવામાં આવ્યા. આ પછી લગભગ એક વર્ષે તેમના પિતા ગુજરી ગયા. હું કલકત્તે આવ્યો તે પહેલાં હરિનાથ દેની પ્રેસિડન્સી કૉલેજમાં બદલી થઈ હતી. અને ધરમતોલા સ્ટ્રીટમાં એક ભાડાના ઘરમાં તે રહેતા હતા.

કરાર પ્રમાણે બીજે દિવસે હરિનાથ મને ફરી મળ્યા અને મારે કલકત્તામાં ત્રણ મહિના તો રહેવું જ એવો આગ્રહ માંડ્યો. તેમણે કહ્યું: 'પાલિભાષા લઈને એમ. એ. થવાની મારી ખૂબ ઇચ્છા છે. આ પરીક્ષાના ઘણાખરા ગ્રંથો મેં વાંચ્યા છે. પણ 'અટ્ઠસાલિની' ગ્રંથ મને બિલકુલ નથી સમજાતો. અનેક ભિક્ષુઓને મેં પૂછી જોયું, જર્મની વગેરેમાં અનેક પંડિતોને લખ્યું, પણ આ કામમાં કોઈની મદદ મળી શકી નથી; અને અત્યારે અહીં પણ કોઈ કરે એવું નથી. માટે ગમે તેમ કરી અહીં બે મહિના રહી જાઓ અને મને આટલો ગ્રંથ ભણાવો. પછી મરજી પડે ત્યાં જજો. હું તમારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હમેશને સારુ ઓશિંગણુ રહીશ. તમારે અહીં જે કંઈ જોઈતું કરતું હશે તે બધાની તજવીજ હું કરી લઈશ.'

મેં કહ્યું: 'તમને મદદ કરવા હું ઇચ્છું, પરંતુ આ વિહારમાં રહીને તે કામ કરવું અશક્ય છે. મને એકાંતમાં રહેવાની ટેવ પડી ગઈ છે, અને અહીં તો રાતદહાડો લોકોની ધમાલ ચાલુ હોય છે. તેથી ઘોંઘાટ વગરની કોઈ જગ્યાએ મને રાખી શકતા હો તો હું તમારે સારુ બે મહિના અહીં રહીશ.'

હરિનાથ દેએ આ તરત જ કબૂલ રાખ્યું. તેમના સસરાનું ઘર તેમના ઘરની નજીકમાં જ હતું. તેના કમ્પાઉન્ડમાં બે ઇલાયદી ઓરડીઓ હતી. મને તેમણે તે બતાવી. તે પસંદ ન હોય તો બીજું પણ એક જુદું ઘર મારે સારુ ભાડે લેવા પોતે તૈયાર છે એમ જણાવ્યું. પણ એવો નકામો ખર્ચનો બોજો તેમની ઉપર ન નાંખવા ખાતર મેં ઓરડીઓ પસંદ કરી, અને લાગલો જ ત્યાં રહેવા ગયો. હરિનાથ દેનું ઘર નજીક જ હોવાથી હું જમવા તેમને ત્યાં જ જતો. ૧૯૦૬ના માર્ચ મહિનાની ૧૫મી તારીખ સુધી હું અહીં રહ્યો. આટલા વખતમાં હરિનાથ દેને 'અટ્ઠસાલિની ગ્રંથ' બરાબર સમજાવી દીધો. 'પાલિ ટેક્સ્ટ સોસાયટી'એ છાપેલ આવૃત્તિની અનેક ભૂલો પણ મેં તેમને બતાવી. તેઓ ખૂબ રાજી થયા અને કલકત્તામાં જ રહી જવા મને આગ્રહ કરવા લાગ્યા.

આ અરસામાં બીજા એક ગૃહસ્થની સાથે હરિનાથ દેને ઘેર મારે મૈત્રી થઈ. આ ગૃહસ્થ પ્રેસિડન્સી કૉલેજના અંગ્રેજી ભાષાના અધ્યાપક શ્રી. મનમોહન ઘોષ. બંગાળના જાણીતા સુધારક રાજનારાયણ બસૂના તે દૌહિત્ર થાય. તેમના પિતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇંડિયન મેડિકલ સર્વિસમાં હતા. મોટા ભાઈ કૂચબિહારના મહારાજાના સેક્રેટરી હતા. અને નાના ભાઈ શ્રી. અરવિન્દ ઘોષ વડોદરા રાજ્યમાં મોટી પાયરીએ હતા, જે પાછળથી કલકત્તાની નેશનલ કૉલેજના આચાર્ય થયા. છેલ્લા ભાઈ બારીન્દ્ર ઘોષને માણિકતોલા બૉંબના કેસમાં આજન્મ કાળા-પાણીની સજા થઈ હતી. મનમોહન ઘોષ અંગ્રેજી ભાષામાં એવા તો પ્રવીણ હતા કે તેમની કવિતા ખુદ વિલાયતમાં ખૂબ વખણાઈ હતી. ૧૯૦૬ની સાલમાં આ ગૃહસ્થ ઉપર મોટી આફત આવી પડી હતી. તેમની સ્ત્રી ગાંડી થઈ જવાથી બહુ ખરાબ હાલતમાં હતી. ઘોષબાબુ બિચારા સ્વભાવે કવિ તેથી આ પ્રસંગ તેમને અસહ્ય થઈ પડ્યો. આવી સ્થિતિમાં અમારી વચ્ચે મૈત્રી થઈ. મેં તેમને મારી પાસેના કેટલાક બૌદ્ધગ્રંથો વાંચવા આપ્યા. તે તેમને ખૂબ ગમ્યા, અને ત્યારથી બૌદ્ધધર્મ વિષે તે મારી સાથે ચર્ચા કરવા લાગ્યા.

માર્ચની ૧૫મી તારીખ પછી કલકત્તા છોડી સિક્કીમ જવા મારો વિચાર થયો. આમાં મારો ખાસ હેતુ એ હતો કે, જેમ દક્ષિણ તરફના બૌદ્ધધર્મની મેં માહિતી મેળવી તેવી જ રીતે ઉત્તર તરફના બૌદ્ધધર્મથી પણ પરિચિત થવું. હરિનાથ દે આ કામમાં મને મદદરૂપ થયા. ૧૯૦૫ના ડિસેમ્બરમાં તાશી લામા કલકત્તે આવ્યા. તે વખતે બૌદ્ધધર્માંકુર સભા તરફથી તેમનું સારું સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે બધાં કામમાં હરિનાથ દેએ આગળપડતો ભાગ લીધો હતો. અને કેપ્ટન ઓકોનર, સિક્કીમના રેસિડન્ટ મિ. વ્હાઈટ વગેરે ગૃહસ્થો સાથે તેમને સારો પરિચય થયો. બૌદ્ધધર્માંકુર સભા મારફત સિક્કીમના મહારાજ કુમાર ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તથા પોતે મિ. વ્હાઈટ ઉપર એવા બે ભલામણપત્રો તેમણે મને આપ્યા. મનમોહન ઘોષે દાર્જિલિંગની સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તરને અગાઉથી કાગળ લખી મારા ઊતરવાની ગોઠવણ કરી આપી. કપડાંલત્તાંનું ખર્ચ બધું હરિનાથ દેએ જ ઉપાડ્યું.

માર્ચની ૨૦મી તારીખ લગભગ હું કલકત્તેથી નીકળ્યો. હવે પાસે પૈસા રાખવા પડે એમ હતું. તથા વેળાકવેળા જમવું પણ પડે. તેથી નીકળવાને આગલે દિવસે મેં વિધિપૂર્વક ભિક્ષુત્વનો ત્યાગ કર્યો.

દાર્જિલિંગ સુધી આગગાડીની મુસાફરી હોવાથી મને કશી અડચણ પડી નહિ. પરંતુ દાર્જિલિંગથી સિક્કીમ સુધી પગરસ્તે જવાનું હતું, અને વળી પ્રદેશ તદ્દન અપરિચિત; તેથી એકલા તિબેટી મજૂરોને ભરોસે મુસાફરી કરવી મને ઠીક ન લાગ્યું. આથી મને સિક્કીમ સુધી પહોંચાડી આવવા સારુ દાર્જિલિંગના હેડમાસ્તરે પોતાનો માળી સાથે આપ્યો. મારાં કપડાં, પુસ્તકો વગેરે સામાન ઉપાડવા સારુ બે ભોટિયા મજૂરો કર્યા, અને એમ હું, હેડમાસ્તરનો માળી તથા બે મજૂરો અમે સિક્કીમને રસ્તે પડ્યા. વાટમાં રસોઈ ઇત્યાદિ તૈયાર કરવામાં હેડમાસ્તરનો માળી મને ખૂબ કામ આવ્યો.

એક વર્ષ પહેલાં યંગ હસબંડનું મિશન તિબેટ ગયું હતું. અને તેને સારુ સિક્કીમ થઈને જનારી એક સાધારણ સડક તૈયાર કરવામાં આવી હતી. આથી રસ્તે અમને બહુ વેઠવું ન પડ્યું. માત્ર એક ઠેકાણે એક તિબેટીનું ખૂન થયું હતું તેનું શબ સડકની બાજુએ પડ્યું હતું. અમે સાંજે આ જગ્યાએ પહોંચ્યા. તિબેટી લોકોનાં કેટલાંક ઝૂંપડાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આસપાસ હતાં. પણ તેમાં રાતવાસો રહેવું જોખમભરેલું લાગવાથી હું સરકારી ડાકબંગલા તરફ ગયો. પણ ત્યાંના ચોકીદારે બંગલામાં જવા દેવાની સાફ ના પાડી. તે બોલ્યો, 'આજની રાત જોઈએ તો તમે બહારને ઓટલે સૂઈ રહો. પણ સિક્કીમ સરકારની રજા વગર તમને અંદર રહેવા ન દઈ શકું.' મેં કહ્યું, 'હું સિક્કીમના રાજાને ત્યાં જ ઊતરનાર છું. સિક્કીમમાં જઈને ત્યાંના દરબારગઢમાં રહેવાનો છું. તો પછી આ ડાકબંગલામાં રાત રહેવા દેવામાં તને શો વાંધો છે?' બિચારો સિપાઈ મહારાજ કુમાર વગેરે મોટા લોકોનાં નામ સાંભળતાં જ ગળી ગયો, અને તરત ડાકબંગલો ઉઘાડી આપ્યો! રાત્રે મેં પેલા ભોટિયા મજૂરોને બહારની ઓસરીમાં સુવાડી, માળીને અંદર સુવાડ્યો, અને હું થાકી ગયો હોવાથી નિરાંતે ઊંઘી ગયો. આ એક પ્રસંગ સિવાય રસ્તે બીજો કાંઈ ઉલ્લેખનીય પ્રસંગ બન્યો ન હતો.

સિક્કીમ પહોંચતાં જ હું સીધો રાજકુમારને બંગલે પહોંચ્યો, અને બૌદ્ધધર્માંકુર સભાનો કાગળ આપ્યો. કાગળ વાંચીને તેણે પોતાના બંગલામાં જ એક બાજુએ મારા ઉતારાની ગોઠવણ કરી. તેમનો એક નોકર મારું જમવાનું મારી દેખરેખ નીચે બનાવતો. અહીં એક એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ તરતમાં જ નીકળી હતી. તેના હેડમાસ્તર દાવ સાંદપ્ કાજી નામના એક ભોટિયા ગૃહસ્થ હતા. તેમની પાસેથી મેં તિબેટની ભાષા શીખવા પ્રયત્ન કર્યો. પરંતુ તેમને વિશેષ ફુરસદ ન હોવાથી અને મારામાં પણ અગાઉ જેટલી ચિત્ત લગાડીને મહેનત કરવાની શક્તિ રહી ન હોવાથી, તિબેટી અક્ષરોની ઓળખાણ ઉપરાંત મારાથી વધુ પ્રગતિ થઈ શકી નહિ. ખરું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોતાં અહીં રહેવાનો જ મને એક રીતે કંટાળો આવ્યો. જ્યારે હું હરિનાથ દેનો કાગળ લઈને અહીંના રેસિડન્ટ મિ. વ્હાઈટને મળવા ગયો ત્યારે તેમણે કહ્યું હતું કે, 'અહીંની પરિસ્થિતિનો તમને જલદી જ કંટાળો આવશે. અહીંના બૌદ્ધધર્મમાં સિલોનના બૌદ્ધધર્મના જેવું ઊજળું કશું જ નથી, બલ્કે અહીંના લોકોને બૌદ્ધ કહી શકાય કે કેમ એ જ સવાલ છે.' મને પણ જલદી જ આનો અનુભવ થયો. સિક્કીમના મઠમાં ગાયો મારીને તેનું માંસ ભિક્ષુઓને આપવાની પ્રથા હતી તે થોડા જ વખત પર બંધ કરવામાં આવી હતી. પણ ભુંડ વગેરે પશુઓને મારી તેના ઉપર નિર્વાહ ચલાવવામાં અહીંના લામાઓને બિલકુલ સંકોચ થતો નથી. ઉપરાંત, અહીંના લોકોની રહેણી એવી તો ગંદી છે કે તેમના હાથનું રાંધેલું ખાવું મને ગમતું નહિ.

સિક્કીમના રાજાએ બાંધેલા એક બૌદ્ધ મઠમાં ખાસ તિબેટથી એક લામા આવીને રહ્યો હતો. આ લામા જબરો વિદ્વાન હતો એવી તેની ખ્યાતિ હતી. તેને હિંદુસ્તાની ભાષા પણ બોલતાં આવડતી. તેના શિષ્યને તો સરસ આવડતી. એક દિવસ તેના શિષ્યે ગુરુની વતી મને જમવાનું નોતરું દીધું. મેં તેને કહ્યું, 'માછલાં કે માંસ કશું મને નહિ ખપે. તમે નાહક આગ્રહ ન કરો.' તેણે કહ્યું, 'એ પાંતીની મુદ્દલ ચિંતા ન કરશો, અમે બધી ગોઠવણ કરીશું.' અંતે મેં તેનું આમંત્રણ સ્વીકાર્યું અને બપોરે તેમના મઠમાં જમવા ગયો. આસનો માંડી પેલા લામાગુરુ આગળ અને મારા આગળ એમ બે મોટા થાળ મૂકવામાં આવ્યા. બાજુએ બબ્બે ચિનાઈ માટીનાં ચલાણાંમાં કંઈક પીરસેલું હતું. તે જોતાં જ મને માંસ જેવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

... કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર ... જૈન આરાધના કેન્દ્ર, કોબા ... 2009.

લાગ્યું તેથી હું બોલ્યો, 'લામાસાહેબ, આ માંસ હોય—એવું લાગે છે!' લામાએ આવડી જીભ* બહાર કાઢી મને કહ્યું, 'આપ માંસમાછલી કશું જ નથી ખાતા એવું મારા શિષ્ય સાથે આપે કહેવરાવ્યું અને પછી હું એવી ચીજ કદી તૈયાર કરાવું ખરો? આ તો આપને માટે ખાસ શાક તૈયાર કરાવ્યું છે.' મેં કહ્યું, 'પણ એ શાક શાનું છે તે તો કહો.' પેલો કહે, 'એકલાં દેડકાંનું છે. તમે જરાય શંકા ન કરતા. તમારા હિંદુસ્તાનનાં મોટાં દેડકાંની માફક અહીંનાં દેડકાં ગંધાતાં નથી હોતાં. અને આજે તો મેં આ દેડકાં તમારે ખાતર મુદ્દામ માણસ જંગલમાં મોકલી ખાસ પકડાવી મંગાવ્યાં છે.' હું તો દિગ્મૂઢ બની ગયો. બિચારો લામા પણ ચકિત થઈ ખિસિયાણો પડી ગયો! આવડી મહેનતે તૈયાર કરાવેલું શાક મહેમાનને પસંદ ન આવે એ કેવી વાત! આ ગૂંચ તેનાથી કેમે કરી ઊકલે નહિ! અંતે તેના માનને ખાતર થોડાં દૂધભાત ખાધાં. પણ તેય ઓસડની માફક ખાવાં પડ્યાં. લામાગુરુએ તો દેડકાંના શાક ઉપર અચ્છી રીતે હાથ માર્યો! માત્ર આવી તોફા વાનીનો સ્વાદ હું ન લઈ શક્યો તેને સારુ રહી રહીને તે દુ:ખ પ્રદર્શિત કરતો હતો! બે ચાર દિવસ પછી ત્યાંની મહારાણીએ મને જમવા નોતર્યો. તે વખતે મારે વળી વળીને સમજાવવું પડ્યું કે હું માંસ, માછલાં કે દેડકાં સુધ્ધાં ખાતો નથી! એટલું જ નહિ, પણ કોઈ પણ પ્રાણીનું માંસ ખાતો નથી! કોણ જાણે, દેડકાં નથી ખાતો એટલું જ

---

* માફી માગવી હોય કે આશ્ચર્ય બતાવવું હોય ત્યારે તિબેટી લોકોમાં જીભ બહાર કાઢવાનો રિવાજ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહી રાખું તો કદાચ કોઈ ઉંદર કે એવું જ બીજું ભાણામાં આવી પડે!

મારા સિક્કીમ આવ્યા પછી એપ્રિલ મહિનામાં હરિનાથ દે બરદ્વાનના મહારાજા સાથે વિલાયત ગયા. જતાં જતાં એડનથી તેમણે મને કલકત્તે પાછા આવવા કાગળ લખ્યો, પણ તેની ખાસ અસર મારા ઉપર ન થઈ. પછી શ્રી. મનમોહન ઘોષનો બીજો એક કાગળ આવ્યો. તેમાં તેમણે સિક્કીમમાં રહેવાથી દેશનું કંઈ ભલું નહિ થઈ શકે અને કલકત્તે આવી રહેવાથી પ્રજામાં બૌદ્ધધર્મના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી નવી જાગૃતિને સારું વલણ મળશે, એવી મતલબનું લખ્યું હતું. આ કાગળની મારા મન ઉપર વિલક્ષણ અસર થઈ. આટલા દિવસ વનજંગલમાં અને બૌદ્ધ વિહારોમાં ગાળ્યા એટલા બસ થયા, હવે પછી કંઈક દેશસેવા બને તો યથા-શક્તિ કરવી, એવો હું અંતઃકરણપૂર્વક વિચાર કરવા લાગ્યો.

પણ સ્વદેશસેવા કંઈ સહેલ નથી. લોકહિતનો દાખલો ડોળ કરવામાં કંઈ સાર નહિ. હું વળી કોઈ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ પણ નહિ, તેમ કોઈ ધરખમ કે જામેલ સંસ્થાનો મને ટેકો નહિ, આ સ્થિતિમાં મારે હાથે કેટલું લોકહિત થઈ શકે એ સવાલ હતો. લોકહિત તો રહ્યું, પણ આત્મહિત પણ સાધી શકાશે કે નહિ એની મને શંકા હતી. કલકત્તામાં હતો ત્યારે દા. પી. કે. રાય વગેરે મોટા લોકોને મળી કલકત્તામાં એકાદ પાલિવર્ગ ખોલવાનો મારો વિચાર મેં તેમને જણાવેલો. તે વખતે મને જમવારહેવાની જગ્યા સિવાય બીજી કોઈ ચીજની જરૂર નહોતી. ચીવર વગેરે કપડાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખરમાથી મળી શકે એમ હતું. પણ આટલી બાબતમાં પણ મને તેમની સહાનુભૂતિ નહિ મળેલી. ઊલટું, બૌદ્ધધર્મ વિષે તેમના મનમાં એક જાતનો તિરસ્કાર જ દેખાયેલો. હરિનાથ દેની મને મદદ હતી. પણ તેમને તો કોઈ જ ધર્મ ઉપર વિશ્વાસ ન હોવાથી કેવળ સ્વાર્થ પૂરતો તે મારો ઉપયોગ કરી લેત. તેમના બે મહિનાના પરિચયથી આ વિષે મારી ખાતરી થઈ ચૂકી હતી! હવે તો ભિક્ષુત્વ છોડેલું હોવાથી મને પૈસા વગેરે લેવામાં કશી હરકત રહી નહોતી. તેથી જાતે મહેનત કરીને જ, બંગાળના થોડાઘણા પ્રમુખ ગૃહસ્થોની સહાનુભૂતિ મેળવી, સેવાવૃત્તિને ધોરી માર્ગે પાલિભાષાના પ્રચારની કંઈ મહેનત કરી જોવી એવો મેં નિશ્ચય કર્યો.

હવે જો સેવા જ કરવી તો પછી કુટુંબને પણ યથાશક્તિ મદદ કાં ન કરવી એમ મને લાગ્યું, અને કુટુંબની સ્થિતિ શી છે એ જાણવા મેં ગોવે એક બે કાગળો લખ્યા. પિતાના કરજના ચૌદસો રૂપિયાનો દસ્તાવેજ શ્રી. વિષ્ણુ નાયકને આપ્યાનું પાછળના એક પ્રકરણમાં હું કહી ગયો છું. આ કરજનું શું થયું વગેરે બાબતો મેં તેમને પહેલા કાગળમાં પૂછી. તેનો જવાબ આવ્યો કે, 'કરજ ફીટયું નથી એટલું જ નહિ, પણ તે ઉપર કેટલાંય વર્ષોનું વ્યાજ ચડયું છે. છતાં મારા ઘરનાં માણસોને આટલે વર્ષે મારો કાગળ આવ્યાથી ખૂબ આનંદ થયો છે — ઇ૦ ઇ૦.' મદ્રાસ છોડયા પછી મેં ઘેર એક પણ કાગળ લખ્યો નહોતો. તેથી હું મરી ગયો હોઈશ એમ જ સહુ કોઈ માનવા લાગ્યા હતા. મારા કાગળથી તે ખોટું ઠર્યાથી બધાંને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૯૦૬ના જુલાઈ મહિનામાં હરિનાથ દે વિલાયતથી પાછા આવ્યા. અને મને ફરી એક વાર કલકત્તા આવી જવા આગ્રહભર્યો કાગળ લખ્યો. મેં પણ ઘણા સંકલ્પવિકલ્પ પછી, લોકપ્રવાહમાં એક વાર પડી જોવું જ, એવો છેવટનો નિશ્ચય કર્યો અને જુલાઈની આખરમાં હું કલકત્તે આવ્યો. આવતાં વેંત હરિનાથ દેની સાથે એમ. એ. ના અભ્યાસમાં નીમેલો 'થેરગાથા' નામનો ગ્રંથ વાંચવાની શરૂઆત કરી. પણ હવે તેમના ઉપર જ આધાર રાખીને રહેવાની જરૂર રહી નહોતી. સર ગુરુદાસ બેનરજી, ડા. રાસબિહારી ઘોષ વગેરે લોકોએ આ જ અરસામાં કલકત્તામાં નેશનલ કૉલેજ ઉઘાડવાની યોજના ઘડી હતી. તે કૉલેજ ઑગસ્ટની ૧૫મી તારીખે ખૂલવાની હતી. આ કૉલેજમાં પાલિભાષા દાખલ કરાવવા મેં ખૂબ પ્રયાસ કર્યો. શ્રી. મનમોહન ઘોષે મને આ કામમાં ખૂબ મદદ કરી. તેમણે મને શ્રી. સત્યેન્દ્રનાથ ટાગોર જોડે મુલાકાત કરાવી દીધી, અને શ્રી. ટાગોરે મુદત થોડી હતી છતાં નેશનલ કૉલેજના વિષયપત્રકમાં પાલિભાષા પણ દાખલ કરાવી દીધી. મને પગાર ફક્ત બહુ થોડો એટલે દર મહિને માત્ર ૩૦ રૂપિયા આપવાનું ઠરાવ્યું. પણ પગાર ગમે તેટલો નજીવો હોય તથાપિ કામ કરી બતાવવાની તક મળી એટલી વાતથી જ મને બહુ આનંદ થયો, અને ૧૯૦૬ના ઑગસ્ટ મહિનાની ૧૫મી તારીખથી એટલે નેશનલ કૉલેજ ઊઘડી ત્યારથી હું ત્યાં પાલિના અધ્યાપકનું કામ કરવા લાગ્યો.

પરંતુ હરિનાથ દેને આ બિલકુલ રુચ્યું નહિ. તેમને પૂછ્યા વગર કે તેમની જાણ વગર હું આ નવી સંસ્થામાં ભળ્યો એ તેમને ગમ્યું નહિ હોય! તેમણે કહ્યું, 'નેશનલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કૉલેજની સંસ્થા સરકાર વિરુદ્ધ છે અને હું તો સરકારી નોકર છું; આથી મારો તમારો કેમ મેળ ખાશે? જો તમારે નોકરી જ કરવી હોત તો હું આથી કેટલીયે સરસ નોકરી તમને ગોતી દેત, પણ તમે આ સંસ્થા સાથે સંબંધ બાંધ્યો એટલે હવે મારાથી કંઈ જ થઈ શકે નહિ.' મેં કહ્યું, 'નોકરી મેળવવી એ કંઈ મારો મુખ્ય હેતુ નથી. દુનિયાના પ્રવાહમાં ભળી કંઈક કામ કરવું, અને સીધે રસ્તે ચાલીને બને તો કુટુંબને મદદ કરવી એવા ઉદ્દેશથી મેં આ નોકરી સ્વીકારી છે. સર ગુરુદાસ બૅનરજી, દા. રાસબિહારી ઘોષ વગેરે સરકારના માનીતા લોકો આ સંસ્થાના વ્યવસ્થાપકોમાં છે. આ સ્થિતિમાં સરકારને મારે વિષે વહેમ આવવાનું કંઈ જ કારણ નથી. વળી કોઈ સંસ્થા ગમે એટલી આકરા મતવાળી હોય તોપણ પાલિભાષા મારફત આકરાપણું શીખવવાનો મુદ્દલ સંભવ નથી. છતાં મારી દોસ્તીને લીધે તમારા ભવિષ્યને ધક્કો પહોંચવાનો સંભવ હોય તો હું આજે જ તમારું ઘર છોડી જવા તૈયાર છું. તમારું અન્ન થોડા દિવસ પણ મેં ખાધું છે અને એક મહારાષ્ટ્રીય તરીકે તમને નુકસાન પહોંચે એવું કંઈ પણ વર્તન કરવું, એ મારે મન ભારેમાં ભારે નીચાજોણું છે.'

વાત આટલી હદે આવી ગઈ તેથી હરિનાથ વિમાસણમાં પડ્યા, અને મને કહ્યું, 'હમણાં તમે મારે ત્યાંથી ન જાઓ, પહેલાં તો હું મારા મિત્રો મારફત તપાસ કરી જોઉં છું, અને જો સરકારની ઇતરાજી થાય એવું કંઈ હશે તો હું તમને કહીશ.' પણ તેના આ દિલાસામાં ઝાઝું વજૂદ નહોતું. સરકારની ઇતરાજી ન થાય એ એને તો ચોક્કસ માલૂમ હોવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઈએ તેવું હતું. તે દિવસે તો હું તેમના કહેવા પ્રમાણે તેમને ત્યાં જ રહ્યો. બીજે દિવસે તેમણે મને કહ્યું, 'ગઈ કાલે તમને ખોટું લાગે એવી રીતે હું વર્ત્યો તેનું મને બહુ દુઃખ થાય છે. તપાસ કરતાં નેશનલ કોલેજ સાથેનો તમારો સંબંધ મને કોઈ પણ રીતે હરકતકર્તા થઈ પડે એમ નથી એવા મને ખબર મળ્યા છે. માટે તમે મારે ઘેર રહીને ખુશીથી નેશનલ કોલેજમાં કામ કરતા રહો.' આટલેથી જ બસ ન કરતાં હરિનાથ તે દિવસથી પ્રેસિડન્સી કોલેજમાં જતી વખતે મને પોતાની ગાડીમાં લઈ જઈ નેશનલ કોલેજમાં પહોંચાડતા!

નેશનલ કોલેજમાં કંઈ મને બહુ વિદ્યાર્થી ન મળ્યા. તોપણ જે પાંચ છ વિદ્યાર્થી હતા તેમાંના ઘણાખરા મહેનતુ હતા. તેમાંના બે ૧૯૧૫ની સાલમાં હાવર્ડ યુનિવર્સિટીની ડિગ્રી મેળવી આવ્યા છે. દ્રવ્યોપાર્જનની દિશાએ કંઈ વિશેષ લાભ ન થયો. ઘર માંડીને રહેવા વખત આવ્યો હોત તો તો માસિક ત્રીસ રૂપિયા મને એકલાને પણ પૂરા થાત કે કેમ એ જ સવાલ છે.

આરંભમાં કોલેજના પ્રિન્સિપાલ શ્રી. અરવિંદ ઘોષ હતા. પણ ટૂંકમાં જ 'વન્દેમાતરમ્' પત્રના કેસમાં તેઓ પકડાયા તેથી તેમણે પોતાની જગ્યાનું રાજીનામું આપ્યું, અને પ્રિન્સિપાલ તરીકેનું બધું કામ શ્રી. સતીશચંદ્ર મુકરજી પાસે આવ્યું. મારે વિષે શ્રી. મુકરજીનો મત સારો નહોતો. મારી નિમણુક વખતે પણ તેમણે ખૂબ વિરોધ કરેલો એમ મેં સાંભળ્યું હતું. પ્રિન્સિપાલ થયા પછી તેમણે મને વર્ગમાં વિદ્યાર્થીઓને બૌદ્ધધર્મ વિષે કંઈ પણ શીખવવાની સખત મના કરી! મેં કહ્યું: 'જો એમ જ હોય તો પાલિનો વર્ગ જેમ જલદી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બંધ કરો તેમ સારું. કારણ બૌદ્ધધર્મ સાથે સંબંધ ન હોય એવો ગ્રંથ પાલિભાષામાં જવલ્લે જ હશે.' આ ઉપરથી તેમણે કહ્યું: 'ગ્રંથમાં હોય તે શીખવવાને વાંધો નથી પણ વિદ્યાર્થીઓને બૌદ્ધ થવાનો ઉપદેશ તમારે કરવો નહિ.' મેં જવાબ આપ્યો, 'હું કંઈ બૌદ્ધ પ્રચારક તરીકે આ કૉલેજમાં નથી આવ્યો. જો મારે ઉપદેશ કરવો હશે તો તેને સારુ હું જુદી જગ્યા શોધી લઈશ. પણ ગ્રંથમાં જે આવતું હશે તે તો મારે બરોબર સમજાવવું જ પડવાનું; અને તમે જો એની પણ વિરુદ્ધ હો તો હું આજે જ રાજીનામું આપી છૂટો થવા રાજી છું.' આ પછી પ્રિન્સિપાલ મુકરજી અને મારી વચ્ચે ખટરાગ થવાનો ફરી પ્રસંગ ન આવ્યો. કૉલેજના વિદ્યાર્થીઓમાં માત્ર મારે વિષે બહુ જ સારો મત બંધાયો હતો અને તેથી અંતે પ્રિન્સિપાલ મુકરજીને પણ પોતાનો મત ફેરવવો પડ્યો. છેલ્લે છેલ્લે તો 'બૌદ્ધધર્મ વિષે વિદ્યાર્થીઓને એકાદ વ્યાખ્યાન-માળા આપો' એવો પણ તેમણે આગ્રહ માંડ્યો હતો!

૧૯૦૬ના ઑક્ટોબરમાં મેં ગોવા જવાનો વિચાર કર્યો. પાલિત નામના એક ગૃહસ્થ મારી સાથે મુંબઈ આવ્યા. પણ ત્યાં એકાએક તેમની તબિયત નરમ થઈ જવાથી ગોવા જવાનું માંડી વાળી તે પાછા કલકત્તે ગયા. મુંબઈ આવતાં વાટમાં અમે નાગપુરમાં શ્રી. માધવરાવ પાધ્યેને ત્યાં બે દિવસ ઊતર્યા હતા. અને ત્યાંથી શ્રી. ગોવિંદરાવ કાણેને મળવા ઉમરાવતી ગયા. શ્રી. કાણેએ મને કહ્યું કે, 'દા. ભાંડારકર તમને મળવા ઉત્સુક છે.' મેં કહ્યું, 'એ વાત અસંભવનીય લાગે છે. કેમકે મારા ઉપર તો તેઓ ખૂબ ગુસ્સે થયા હતા.' ગોવિંદરાવ બોલ્યા, "એ સાચું. તમે ૧૯૦૪માં અહીં આવી ગયા તે પછી તેઓ મને


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાનોલીમાં મળેલા. તે વખતે તમારી વાત નીકળી. દાક્તર સાહેબ બોલ્યા 'અરે તે છોકરો તો સાવ ગાંડો છે. એની વાત શું કરવા કરો છો ?' પછી મેં તમારા બધા સમાચાર કહ્યા. અને તમે પાલિભાષાનો સરસ અભ્યાસ કર્યો છે, એમ જાણતાં તેઓ તમને મળવા ખૂબ ઉત્સુક થયા છે અને મને કહી રાખ્યું છે કે, જો તમે ફરી આ તરફ આવો તો તેમને જરૂર મળવા મારે તમને કહેવું."

દા. ભાંડારકરને મળવા હું નાખુશ તો હતો જ નહિ. તેમની મારા ઉપર ગમે એટલી ઇતરાજી હોત તોપણ પૂને જાત તો હું તેમને મળ્યા વગર કદાપિ રહેત નહિ. પણ આ વખતે પૂને જવું અશક્ય હતું. તેથી મેં શ્રી. કાણેને કહ્યું, 'મારે મુંબઈથી બારોબાર ગોવા જવું છે એટલે આ વખતે તો હું તેમને કઈ રીતે મળું ?' પરંતુ આ જ દિવસોમાં મુંબઈના પ્રાર્થનાસમાજનો વાર્ષિક ઉત્સવ ચાલતો હતો એની શ્રી. કાણેને ખબર હતી. આથી દા. ભાંડારકર ત્યાં હોવા જોઈએ એવું અનુમાન કરી તેમણે પ્રાર્થનાસમાજને સરનામે તાર કર્યો. ઉમરાવતીમાં આ વખતે વ્યાખ્યાન વગેરે કશું આપવાની ભાંજગડમાં ન પડતાં હું સીધો મુંબઈ આવ્યો. શ્રી. (હવે દાક્તર) દેવદત્તરાવ ભાંડારકર મને મળવા સારુ સ્ટેશને આવ્યા હતા, પણ સ્ટેશન પર તેમની અને મારી નજરચૂક થઈ ગઈ અને અમારી મુલાકાત ન થઈ. તેથી હું અને મારા મિત્ર પાલિત ગિરગામ ફિરંગીના દેવળ આગળ આવેલા સુખ-નિવાસમાં ઊતર્યા અને ઝટ જમવા કરવાનું આટોપી હું એકલો પ્રો. શ્રીધરપંત ભાંડારકરને ઘેર ગયો. દાક્તરસાહેબ આ વખતે નાહવા ગયા હતા. પાંચ દશ મિનિટમાં નાહવાનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઝભ્ભો (બાથ-રોબ) પહેરીને બહાર આવ્યા અને તરત જ વાત કરવા માંડી. પ્રાર્થનાસમાજ તરફથી તે દિવસે જુદા જુદા ગૃહસ્થોનાં જુદાં જુદાં સંતોનાં ચરિત્રો ઉપર ચાર વ્યાખ્યાનો થવાનાં હતાં. દાક્તરસાહેબે મને પણ આ તકે બુદ્ધચરિત્રની કથા કરવા કહ્યું. ઘણાં વર્ષોથી મરાઠીમાં બોલવાનો મને મહાવરો રહ્યો નહોતો, છતાં તેમના આગ્રહને લીધે બુદ્ધચરિત્ર ઉપર બે શબ્દ બોલવા હું કબૂલ થયો. સાંજે ભાષણ વખતે શ્રોતાઓ પાસે મારી ઓળખાણ કરાવતાં દાકતરસાહેબે મારો પૂર્વ ઇતિહાસ કહી પૂનામાં પોતે મને ઉત્સાહી યુવાનમાં ગણી કાઢેલો વગેરે વાત કહી સંભળાવી અને ઉમેર્યું કે, 'પણ આટલી ખંત અને આટલો આગ્રહ આમનામાં હશે તેની તે વખતે મને કલ્પના સરખી નહોતી.' મારું ભાષણ કેવું થયું એ હું કહી શકતો નથી. પણ દા. ભાંડારકરે કરેલી મારી પ્રસ્તાવનાને લીધે મુંબઈના લોકોમાં— ખાસ કરીને પ્રાર્થનાસમાજના સભાસદોમાં — હું સારી રીતે ઓળખીતો થઈ ગયો. આ પછી હું જ્યારે જ્યારે મુંબઈ આવતો ત્યારે સમાજના રામમોહન આશ્રમમાં જ ઊતરતો.

એ દિવસ મુંબઈમાં રહી હું આગબોટ રસ્તે પણજી અને ત્યાંથી મછવામાં રાતે મુરગાંવ ગયો. બીજે દિવસે સવારે સીધો સાંખવળ ન જતાં મડગાંવ ગયો. મારા જૂના સંબંધી ભિકુનાયકે આ વખતે મારો ખૂબ સત્કાર કર્યો. શ્રી. વિષ્ણુનાયક પણ પ્રેમથી વર્ત્યા. અમે ગાડી કરી સાંખવળ ગયા. ત્યાં તો મારા આગમનના સમાચાર અગાઉથી જ પહોંચી ગયા હતા. મારી સ્ત્રીએ તો મને બંગાળી વેશમાં જોઈને એકદમ રડવા જ માંડ્યું! આખરે શ્રી. વિષ્ણુ નાયકે બધાંનું સાંત્વન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘેર મારાથી બહુ દિવસ રોકાવાય એમ ન હતું. ઓકટોબર મહિનામાં દુર્ગાપૂજાની રજા પૂરી થાય તે પહેલાં મારે પાછું કલકત્તા પહોંચવું જોઈએ, આથી ઘેર બે ત્રણ દિવસ રોકાઈ મડગાંવ આવ્યો. મારી સ્ત્રી મારી સાથે કલકત્તે આવવા તૈયાર થઈ, પણ મારી દીકરી મારી દાઢીથી એવી તો ડરતી કે તે કેમે કરી અમારી સાથે આવવા તૈયાર ન થાય! આખરે તેને મડગાંવથી ચીખલીમાં તેની નાનીને ઘેર મોકલી આપી અને હું તથા મારી સ્ત્રી કલકત્તે આવ્યાં.

અમારા આવવાની મેં હરિનાથ દેને તારથી ખબર આપી હતી, તેથી તેમણે પોતાના જ ઘરમાં જુદી જગ્યા સાફસૂફ કરાવી અમારે સારુ રસોઈ વગેરેની તૈયારી કરાવી રાખી હતી. તેમને ત્યાં જ અમારા રહેવાની પણ તેમણે ગોઠવણ કરી. દર મહિને ત્રીસ રૂપિયા પગાર સાવ ઓછો હતો, છતાં ઘરભાડું, બાળવાના કોલસા વગેરેનું અમારે કશું જ ખર્ચ ન હોવાથી અમારું જેમતેમ નભ્યે જતું. પણ ડિસેમ્બર મહિનામાં મારી સ્ત્રી માંદી પડી અને તેને ગોવા પાછી પહોંચાડવી પડી. આને અંગે થયેલો બધો ખર્ચ હરિનાથ દેએ પોતાની પાસેથી આપ્યો.

૧૯૦૬ની આખરમાં એમ. એ.ની પરીક્ષાનું પરિણામ આવ્યું તેમાં હરિનાથ દે પાલિભાષામાં પહેલા વર્ગમાં પાસ થયા. પછી ન્યાયમૂર્તિ મુકરજીની મદદથી યુનિવર્સિટીની સિંડિકેટમાં દાખલ થયા. યુનિવર્સિટીના નવા કાયદા પ્રમાણે કેટલાક વ્યાખ્યાતાઓ નીમવામાં આવનાર હતા. તેમાં પાલિભાષાના વ્યાખ્યાતા તરીકે મારી નિમણુક કરાવવા હરિનાથ દેએ પ્રયાસ માંડ્યો, અને યુનિવર્સિટીમાં તેમનું વજન ખૂબ તેથી તેમાં તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સફળ થયા. ઘણાખરા વ્યાખ્યાતાઓ વગર પગારે કામ કરનારા હતા. માત્ર હું અને સત્યવ્રત સામાશ્રમી એને માસિક સો રૂપિયા આપવા એવો ઠરાવ થયો. ૧૯૦૭ના જુલાઈ મહિનાથી હું આ જગ્યાએ નિમાયો. પણ અગાઉથી જ ન્યાયમૂર્તિ આશુતોષ મુકરજીને મળીને, 'હું યુનિવર્સિટીનું કામ કરું તોપણ નેશનલ કૉલેજ સાથેનો સંબંધ નહિ તોડું,' એમ મેં તેમને કહ્યું હતું. તેમણે એ બાબત કશો વાંધો ન લીધો. તેમણે કહ્યું, 'અમારી યુનિવર્સિટીનું કામ તમે નિયમિતપણે કરો એટલે થયું. બીજે ક્યાં ક્યાં તમે કેટલો વખત આપો છો એનો વિચાર કરવાની સિંડિકેટને જરૂર નથી.' આ નોકરી મળી ત્યારથી નેશનલ કૉલેજનું કામ મેં વગર પગારે કરવા માંડ્યું અને કલકત્તામાં રહ્યો ત્યાં સુધી તે છોડ્યું નહિ.

કલકત્તા યુનિવર્સિટીમાં મેં નોકરી સ્વીકારી તેથી મને ઠીક ફાયદો થયો. માસિક પગાર ઉપરાંત પરીક્ષક તરીકે મને ૬૦૦ થી ૯૦૦ રૂપિયા મળતા. માત્ર મારાથી ધાર્યાં મુજબ મારું કામ અહીં થઈ શક્યું નહિ.

વ્યાખ્યાતા તરીકે મારે અઠવાડિયામાં ત્રણ જ કલાક કામ કરવું પડતું. તેમાંયે જે બે ત્રણ વિદ્યાર્થીઓ હતા તેમને પાલિભાષામાં પારંગત થવા વિષે બહુ ઉત્સાહ નહોતો. જેમતેમ કરીને પાસ થઈ ડિગ્રી મેળવવી અને પોતાનો પગાર વધારવો અથવા તો કોઈ નવી નોકરી મેળવવી, એ તરફ જ મેં તેમનું વલણ જોયું. એકંદરે કલકત્તામાં રહીને થોડી પ્રસિદ્ધિ મેળવવા ઉપરાંત મને કશો ખરો લાભ થયો ન કહેવાય. મહામહેનતે મેળવેલું પાલિભાષાનું જ્ઞાન હિન્દુસ્તાનમાં ફેલાવવું, એ જ મારા જીવનનું મુખ્ય કાર્ય હું માનતો અને હજી માનું છું. તેથી કલકત્તામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહેવાથી બીજા લાભો અનેક થાય એમ હતું છતાં મારું મન તે તરફ વધ્યું નહિ.

વળી, પિતાના જે ઋણમાંથી અંશતઃ પણ છૂટવા સારુ મેં આ સેવાધર્મ સ્વીકાર્યો હતો તે ફેડવાની બાબતમાં હું જરાય સફળ ન થયો. પહેલાં તો જે કંઈ પૈસા મળ્યા, તે થોડાં વર્ષનું વ્યાજ ચડયું હતું તે પતાવવામાં ગયા. તે પછી એટલે ૧૯૦૭ના ઑગસ્ટ મહિનામાં પિતાની જમીનની બાબતમાં એક કેસ ઊભો થયો. ચાળીસ વર્ષ ઉપર એક સોની અને મારા પિતા વચ્ચે જમીન સંબંધે વાંધો પડેલો. પણ છેલ્લાં ચાળીસ વર્ષમાં કોઈ દિવસ તેનું કોઈએ સ્મરણ સરખું કરેલું અમારી જાણમાં નહોતું. ૧૯૦૭માં અમારી પડોશના ગામવાળા શ્રી. રામનાયક બાણવલીકરે સોનીના તમામ હક તેના વારસો પાસેથી મેળવી લઈ મોટો કેસ ઊભો કર્યો. ૧૯૦૭ના ડિસેમ્બરમાં સુરત ખાતે મળેલી મહાસભામાં હાજરી આપી આ કેસની માંડવાળ કરાવવાના ઉદ્દેશથી હું ગોવા ગયો. પણ દુઃખની વાત એટલી જ કે રામનાયકે અગાઉથી જ મારા મોટા ભાઈ ઉપર ફોજદારી માંડી હતી, અને સરકારમાંથી જમીનનો કબજો મેળવ્યો હતો. મારાં સગાંસંબંધીઓ બધાં વિરુદ્ધ છતાં, તેને ઘેર જઈ મેં કેસનો ઘરમેળે નિકાલ કરવા તેના મોટા ભાઈને વિનંતી કરી. પણ તેની કશી જ અસર થઈ નહિ. ઊલટું રામનાયકે એ જમીનની ભળતી જ કિંમત આંકવા માંડી. આથી નિરુપાયે, અમારે અમારો પક્ષ જ ખરો હતો એ, કોર્ટ મારફત પુરવાર કરવાની ફરજ પડી. ગામના ઘણાખરા જમીનદારોએ અમારા તરફથી સાક્ષીઓ આપી. સામાવાળાના સાક્ષીઓમાં માત્ર ચાર પાંચ મજૂરો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. આથી જિલ્લા જડજે અને હાઈકોર્ટે અમારી તરફેણમાં ચુકાદો* આપ્યો. મારા મોટા ભાઈ ઉપર માંડેલ ફોજદારી કેસ પણ કોર્ટમાં તરકટી ઠર્યો. આ બધું તો યથાયોગ્ય જ થયું. પણ આ કામમાં, કલકત્તામાં રહી મેં જે કંઈ બચાવ્યું હતું, તે બધું જ ખરચાઈ ગયું. લગભગ ૧૦૦૦ રૂપિયા આ પાછળ ખોયા. આથી પિતાનું કરજ મારે હાથે કદી પણ ફીટશે કે કેમ એની મારા મનમાં ભારે શંકા ઊભી થઈ. મેં યુનિવર્સિટીમાં હજુ નોકરી લીધી ન લીધી એટલામાં તો મારા છેક નાનપણના મિત્રે પણ મારી સામે કેસ કર્યો અને સાવ ખોટા સાક્ષીઓને મારી સામે ઊભા કરી કોર્ટમાં લડતાં આઘુંપાછું જોયું નહિ! આ બધો વિચાર કરતાં ચિત્ત અત્યંત ખિન્ન બની ગયું. ગોવાની હાલની સ્થિતિ એવી તો વિચિત્ર થઈ પડી છે કે ત્યાંના હિંદુ લોકોને પોતાનું હિતઅહિત શેમાં છે એટલું પણ સમજાવું મુશ્કેલ થઈ પડયું છે. આવી સ્થિતિમાં પિતાનું કરજ પતાવી જમીન છોડાવું તોપણ તે ઉપર શા શા સંસ્કાર ન થાય અને તેના ઉપર કેટલા નવા કજિયા ઊભા થાય તે કેમ કહી શકાય? આવા વિચારોથી આ બાબતમાં હું લગભગ ઉદાસીન બની ગયો.

હરિનાથ દેનો મારા ઉપર પ્રેમ હતો એમાં તો શંકા જ નહિ. ૧૯૦૬ની સાલમાં હું જ્યારે તેમને ઘેર રહેતો ત્યારે ફક્ત મારા માનની ખાતર તેમણે દારૂ પીવાનું છોડયું હતું. આ સુધારો મારા આવવાથી થયો એમ માની તેમની મા મારો બહુ ઉપકાર માનતી. બૌદ્ધધર્મના અભ્યાસથી પોતાનો દીકરો સુધરશે એવું કોઈ જોશીએ પણ તેને કહેલું. અને તે ઉપર

* આ બંને ચુકાદા હું અમેરિકામાં હતો ત્યારે અપાયા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેની. શ્રદ્ધા હતી. પરંતુ ૧૯૦૭ની સાલમાં હરિનાથ દેની બદલી હુગલી કૉલેજના પ્રિન્સિપાલની જગ્યાએ થઈ અને ત્યાં તેમનું વ્યસન પાછું ચાલુ થયું. આગળ ઉપર ઇમ્પિરિયલ લાયબ્રેરીના મુખ્ય અધિકારીની પણ જગ્યા તેમને મળી. એ વખતે તેમનો પગાર વધીને માસિક ૧૧૦૦ રૂપિયા થયો. આ જગ્યા મળવામાં મુખ્ય કારણ હું જ હતો એમ તે કહેતા. પાલિભાષામાં પ્રવીણતા મેળવ્યાથી કલકત્તાના લૉર્ડ બિશપ કોપલસ્ટનની હરિનાથ ઉપર મહેરબાની થઈ. બિશપ કોપલસ્ટન પોતે પાલિભાષાના સારા જાણકાર હતા અને ક્યાંક અટકતા ત્યારે તરત હરિનાથ દેને પુછાવતા. તેમની મહેનતથી હરિનાથને આવડી મોટી જગ્યા મળી. હરિનાથની ઉન્નતિ જોઈને હું ખૂબ આનંદિત થતો. પણ સાથે સાથે તેનું વ્યસન પણ વધતું સાંભળીને ખેદ પામતો. તેઓ હુગલીથી પાછા આવ્યા પછી હું તમને ઘેર નહોતો રહેતો. ધર્મપાલે મહાબોધિ સભા માટે અગાઉની જ જગ્યા ભાડે રાખી હતી. ત્યાં હું થોડા દિવસ રહ્યો. અને પછી થોડા દિવસ બાલીગંજમાં શ્રી. અંબિકાચરણ સેનને ઘેર રહેતો. અહીં હતો તે દરમ્યાન એક દિવસ હરિનાથ દેને મળવા હું કલકત્તા ક્લબમાં ગયો. આ ક્લબમાં માસિક નેવું રૂપિયા ભાડાનો ઓરડો હરિનાથે રાખ્યો હતો. બે ત્રણ મહિના પછી જર્મનીથી દા. પિશલ આવનાર છે તેને સારુ આ જગા રાખી છે એમ તે કહેતા. હું ગયો ત્યારે બે ત્રણ બંગાળી પંડિતો તેમને મળવા આવેલા. તેમના બીજા બે દારૂડિયા મિત્રો પણ ત્યાં હતા. હરિનાથે તે દિવસ મારી સામે જ પોતાનું મદિરાપાન ચલાવ્યું. આમ કરીને તેણે મારું ઉઘાડું અપમાન કર્યું એમ કહેવાનો આશય નથી, પણ આટલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસ મારે વિષે તેને આંખની શરમ હતી તે આજે તેણે મેલી એટલું જ. આ બનાવની મારા ઉપર ઊંડી અસર થઈ. હવે જેમ બને તેમ જલદી કલકત્તા છોડવું એવો મેં ઠરાવ કર્યો.

કલકત્તામાં ઘણા લોકો જોડે મારે ઓળખાણ થઈ હતી. હરિનાથ દેના વિરુદ્ધ પક્ષવાળાઓમાંથી પણ કેટલાક મોટા માણસો મને ચાહતા, એવું મારા સાંભળવામાં આવ્યું હતું. છતાં મેં ખુલ્લી કે ખાનગી રીતે આ લોકો સાથે કદી સંબંધ રાખ્યો નહોતો. આ લોકોમાં કેટલાક ચારિત્ર્યવાન અને ઉદાર દિલના માણસો પણ હતા. પણ હરિનાથ દેને ખોટું લાગે એ આશંકાએ મેં તેમની સાથે મોઢાની પણ ઓળખાણ રાખેલી નહિ. હું તેમના પક્ષમાં ભળ્યો હોત તો કદાચ મને લાભ પણ થાત, છતાં એવી વડવાગળની વૃત્તિ પ્રત્યે મને મૂળથી જ તિરસ્કાર; તેથી એવો ખ્યાલ સરખો મારા મનમાં આવ્યો નહિ. હરિનાથ દેને રસ્તે આણી સુમાર્ગે દોરવા, એ કામ હવે શક્તિ બહારનું હતું. તેથી મારે માટે હવે એક જ રસ્તો ખુલ્લો હતો, તે એ કે કલકત્તા છોડી જવું. ટૂંકમાં, જે ઉદ્દેશથી મેં આ નોકરી સ્વીકારી હતી તે ઉદ્દેશ પાર ન પડ્યો. બંગાળી વિદ્યાર્થીઓનું પણ મારે હાથે ઝાઝું કલ્યાણ થવાનો મને સંભવ ન જણાયો, અને જે મિત્રે મને મદદ કરી આટલો આગળ આણ્યો, તેના પગ પણ કીચડમાં વધુ ને વધુ ખૂંચતા જતા જોઈ અને તેને તેમાંથી બહાર કાઢવાની મારી અશક્તિ જોઈ મારું મન ઉદ્વિગ્ન થઈ ગયું. અને કલકત્તા છોડી સ્વતંત્રપણે યથાશક્તિ સ્વકર્તવ્ય કરવાની ઉત્કંઠા થઈ. આ પ્રયત્નમાં અચાનક કેવી મદદ મળી એ આવતા પ્રકરણમાં કહીશું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૧૭

# શ્રીમંત મહારાજા ગાયકવાડનો આશ્રય

વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ વિદ્યાપ્રિય દેશીરાજાઓમાં અગ્રસ્થાને છે, એવી તેમની ખ્યાતિ અનેક વર્ષો પહેલાં મારા સાંભળવામાં આવી હતી. ૧૯૦૬ના ડિસેમ્બરમાં ઔદ્યોગિક પરિષદના પ્રમુખ તરીકે તેમનું કલકત્તામાં આગમન થયું. આ વખતે તેમને મળવાની મને ખાસ ઇચ્છા હતી. શ્રી. સત્યેન્દ્રનાથ ટાગોરની અને મારી નેશનલ કૉલેજ સ્થપાઈ ત્યારની સારી ઓળખાણ હતી. તેમાંય મહારાષ્ટ્રના લોકો વિષે તેમના મનમાં કંઈક ખાસ આદરભાવ હતો. આથી તેમની પાસે જઈ, 'મને મહારાજા ગાયકવાડની જોડે ઓળખાણ કરાવી આપશો ?' એવો મેં સવાલ કર્યો. તેમણે કહ્યું, 'મહારાજાને મળવા કરતાં તેમના દીવાન સર રોમેશચંદ્ર દત્તને જ મળો. તેમને ને મારે સારી પિછાન છે, અને તેમની મારફત તમારી અને મહારાજાની મુલાકાત થાય એ ઠીક છે.' આટલી વાત થયા પછી તે જ દિવસે કે બીજે દિવસ સત્યેન્દ્રબાબુ મને સાથે લઈને રોમેશચંદ્ર દત્તને ઘેર ગયા. પણ દત્ત સાહેબે કહ્યું, 'મહારાજાની જોડે મુલાકાત કર્યાથી ઝાઝું વળે એવી મને આશા નથી. બૌદ્ધધર્મનો વડોદરાને કંઈ ઉપયોગ નથી. અને મહારાજાને પણ એ વિષે બહુ આસ્થા નથી.' આમ ઉડાઉ જવાબ આપીને તેમણે અમને વિદાય કર્યા ! મને તો હવે મહારાજાની મુલાકાતની બિલકુલ આશા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન રહી. પરંતુ ટાગોરે મને કહ્યું, 'તમે નાસીપાસ ન થતા; હું પોતે મહારાજાને સારી પેઠે પિછાનું છું. તમે કાલે સવારે સાતને સુમારે મારે ત્યાં આવજો. હું પંડે તમને મહારાજા પાસે તેડી જઈશ.'

તેમના કહેવા મુજબ બીજે દિવસે બાલીગંજમાં આવેલા નંબર ૧૯ સ્ટોર રોડવાળે તેમને ઘેર હું ગયો. સત્યેન્દ્રબાબુ પોતાના રોજના જ પોશાકમાં નીકળ્યા. હું તેમને સારુ ગાડી આણવા જવા તૈયાર થયો, (તેમની ગાડી કાંઈ કામસર તે દિવસે રોકાયેલી હતી) પણ તેમણે ગાડીમાં જવાની ના પાડી. 'રોજ સવારે માઈલ દોઢ માઈલ ચાલવાની મને ટેવ છે, ચાલ્યા વગર ઠીક જ નથી પડતું.' એમ કહી મારી સાથે પગપાળા જ ચાલ્યા. તે દિવસે મહારાજા સવારના જ ક્યાંક બહાર નીકળી ગયા હતા. એટલે અમારી મુલાકાત ન થઈ. પણ શ્રીમંતના ખાનગી મંત્રી શ્રી. (હવે સર) મનુભાઈ મહેતાને મારે વિષે જે કંઈ કહેવાનું હતું તે કહી સત્યેન્દ્રબાબુ પગે ચાલતા જ પાછા ઘેર ગયા.

સત્યેન્દ્રબાબુની આ મહેનત પછી પણ કદાચ શ્રીમંત સયાજીરાવની અને મારી મુલાકાત ન થાત. પણ તેમના જ આશ્રિતોમાંથી એક બે ગૃહસ્થોએ શ્રી. મનુભાઈને વારંવાર યાદ દેવડાવીને બીજે કે ત્રીજે દિવસે મહારાજા સાહેબ જોડે મારી મુલાકાત કરાવી દીધી. મહારાજાને દસ પંદર મિનિટથી વધુ વખત નહોતો. તેથી મને વિદાય કરતા પહેલાં તેમણે કહ્યું, 'તમે એક વાર જરૂર વડોદરે આવજો, મારે તમારી જોડે ખૂબ વાતો કરવી છે. હમણાં તો હું ખૂબ રોકાયેલો છું અને પાંચ મિનિટ પણ કાઢવી મુશ્કેલ છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ મહારાજાએ તો મને વડોદરે બોલાવ્યો, પણ વીસ પચીસ દિવસ સુધી તો મારાથી કોઈ રીતે કલકત્તા છોડી શકાય એમ નહોતું. આગળ જતાં નેશનલ કોલેજમાંથી થોડાક દિવસની રજા લઈ મારી સ્ત્રીને મૂકવા હું ગોવા ગયો અને ત્યાંથી વડોદરા ગયો. શ્રી. રાવજી રઘુનાથ શિરગાંવકર જોડે કલકત્તાથી જ મારે ખાસી પિછાન થઈ હતી. હાલ (સને ૧૯૦૭માં) તેઓ આસિસ્ટંટ ખાનગી કારભારી હતા. વડોદરામાં બીજું કોઈ ઓળખીતું ન હોવાથી હું તેમને જ ઘેર ઊતર્યો. વડોદરામાં મારે ઘણા દિવસ રહેવું પડ્યું. પહેલાં તો મહારાજા દૂર શિકારે ગયા હતા, અને તે પછી તેમનાં કાકી કે કોઈ મરણ પામ્યું. આમ આઠ દસ દિવસ ભાંગ્યા તોય મહારાજાની મુલાકાત ન થઈ. પણ હું આટલા દિવસથી અહીં છું એમ જાણતાં જ કાકીના મરણને ત્રીજે દિવસે તેમણે મને રાજમહેલમાં મળવા બોલાવ્યો. ઘણી વાર સુધી અમારે વાતો થઈ. પછી તેમણે કહ્યું, 'સોગને લીધે જાહેર રીતે તમારું વ્યાખ્યાન વગેરે કશું રાજમહેલમાં કરાવાય એમ નથી. છતાં ફરી વાર આ બાજુ આવવાનું થાય તો મને મળ્યા વગર જતા નહિ.' ઊઠતી વેળાએ મારા જવા આવવાના ખરચ સારુ ૧૬૦ રૂપિયા તેમણે ખાનગીમાંથી અપાવ્યા અને મને વિદાય આપી.

કલકત્તે ગયા પછી વડોદરા સરકાર સાથે મારો કશો પત્રવ્યવહાર નહોતો, પણ લગભગ એક વર્ષે હજૂર કામદાર તરફથી એક કાગળ આવ્યો. તેમાં લખેલું કે, 'મહારાજા સાહેબ વખતે વખતે તમને યાદ કરે છે અને આ બાજુ આવો તો વડોદરે આવીને મહારાજા સાહેબને મળો એવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમની ઇચ્છા છે,' વગેરે. કૉલેજનું કામ છોડીને તે વખતે જવું બને એમ નહોતું, તેથી મેં લખ્યું કે, 'હમણાં તો મહારાજા સાહેબને મળવા આવવું બને એમ નથી, પણ ઉનાળાની રજાઓ પડયે આવીશ. તે પહેલાં મહારાજા સાહેબની સ્વારી કયાં છે તે પુછાવીશ.' ઉનાળાની રજામાં હું ગોવા ગયો અને ત્યાં જ ઘણીખરી રજા ગાળી. પછી વળતાં જુલાઈ મહિનામાં વડોદરે ગયો અને મહારાજાને મળ્યો. આ વખતે મહારાજાએ મને એક વ્યાખ્યાન આપવા કહ્યું અને તે પ્રમાણે ન્યાયમંદિરમાં મારું વ્યાખ્યાન થયું. વ્યાખ્યાનમાં મહારાજા પોતે હાજર રહેનાર હતા, પણ બરોબર તે જ વખતે તેમને બીજે રોકાવું પડયું અને હાજર રહી શકયા નહિ. મારા વ્યાખ્યાનની શ્રોતાઓ ઉપર ઠીક અસર થઈ, એમ પાછળ એક બે ગૃહસ્થોએ કરેલાં ભાષણો ઉપરથી જણાયું. તે પછી રાજમહેલમાં મહારાજા જોડે મુલાકાત થઈ. તે વખતે તેમણે કહ્યું, 'કલકત્તા છોડીને અહીં કંઈ કામ કરવાની તમારી ઇચ્છા છે?' મેં કહ્યું, 'પૈસો કમાઈને શ્રીમંત થવાની મને બિલકુલ ઇચ્છા નથી. મને ગમતું કામ કરવા મળે ને ગુજરાન પૂરતા પૈસા મળે એટલે મને સંતોષ છે.' તેમણે કહ્યું, 'તમે જો અહીં આવીને રહો તો હું તમને બધી રીતે મદદ કરવા તૈયાર છું.' મેં જવાબ આપ્યો, 'મારે વડોદરામાં જ રહેવું એવો આગ્રહ મહારાજાએ ન રાખવો. હું ગમે ત્યાં હોઈશ, તોપણ બૌદ્ધ-ધર્મનું જ્ઞાન મહારાષ્ટ્રની જનતાને કરાવવું એ કર્તવ્યને હું ભૂલવાનો નથી. તેથી મહારાજા સાહેબને પસંદ હોય તો પૂનો મુંબઈ જેવી હરકોઈ જગાએ રહી મારું કામ મને કરવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવું અને વડોદરા સરકાર તરફથી નિર્વાહ પૂરતી મને મદદ આપવી.'

તે વખતે મહારાજાએ કશો ચોક્કસ જવાબ આપ્યો નહિ, અને તે જ દિવસે કે વળતે દિવસે તેઓ પૂના તરફ ઊપડી ગયા. હું કલકત્તે ગયો. પંદર વીસ દિવસે પૂનાથી મહારાજાના ખાનગી કારભારીનો મારા પર અરજંટ તાર આવ્યો. તેમાં લખ્યું હતું કે, 'હુ મહારાષ્ટ્રમાં કોઈ પણ શહેરમાં રહી મારું કામ કરવા તૈયાર હોઉં તો વડોદરા સરકાર તરફથી માસિક ૫૦ રૂપિયા આપવામાં આવશે અને આ મદદ ત્રણ વર્ષ સુધી ચાલુ રહેશે. માત્ર મારે વરસમાં એકાદ પુસ્તક વડોદરા સરકારને સારુ લખીને તૈયાર કરી આપવું.' આ તાર ગોવે થઈ ત્યાંથી રખડતો રખડતો આવેલો તેથી બહુ મોડો મળ્યો. પાછળ જ કારભારી તરફથી, પહેલા તારનો જવાબ તરત મોકલો, એવો બીજો તાર આવ્યો. હું હરિનાથ દેને અને ન્યાયમૂર્તિ મુકરજીને મળ્યો અને તેમને મારો ઉદ્દેશ જણાવી મહારાજા સાહેબ તરફનું કહેણ મેં સ્વીકાર્યું, અને તારથી જ તેમનો ઉપકાર માન્યો. કાગળ પણ લખ્યો તેમાં જણાવ્યું કે હું મહિનો રહીને પૂને જઈશ. આ બાબતમાં મહારાજા સાહેબના કારભારી તરફથી સંમતિ દર્શાવનારો જવાબ પણ થોડા રોજમાં આવી ગયો.

કલકત્તામાં મારે ઑનરેબલ મોંગ બા ટુ નામના બરમી ગૃહસ્થ જોડે ઓળખાણ થઈ હતી. તેમણે મને ખાસ બ્રહ્મદેશ તેડાવ્યો હતો. જો હું ત્યાં જાઉં તો ત્રિપિટક ગ્રંથનો છપાઈને પ્રસિદ્ધ થયેલો બધો ભાગ મને આપવા તેમણે કબૂલ કર્યું હતું. સપ્ટેમ્બર મહિનામાં તેમને મળવા હું બ્રહ્મદેશ ગયો. કલકત્તા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યુનિવર્સિટીએ પણ પાલિભાષામાં છપાઈને પ્રસિદ્ધ થયેલ બધાં પુસ્તકો લાવવા મને ૩૦૦ થી ૪૦૦ રૂપિયાની રકમ આપી હતી. આ વખતે મોલમિનવાળા અમારા સ્થવિરોને મળવા હું ખાસ ગયો. હવે જોકે હું સંઘમાં નહોતો તોપણ તેમણે મારો સારો સત્કાર કર્યો. મોંગ બા ટુએ લગભગ ૨૫૦ રૂપિયાનાં પાલિ પુસ્તકો મને આપ્યાં. આ પુસ્તકો મને આજે પણ ખૂબ ખપ આવે છે. બલ્કે આ પુસ્તકો વગર મારું કામ ડગલે ને પગલે અટક્યું હોત અને પાલિભાષા શીખવવાના કામમાં મને હમેશ ખૂબ અડચણ આવી હોત.

સપ્ટેમ્બર આખરે હું બ્રહ્મદેશથી કલકત્તે પાછો આવ્યો. મારી ગેરહાજરી દરમ્યાન અહીં કંઇ જુદું જ ચાલી રહ્યું હતું. કલકત્તા યુનિવર્સિટીએ મારો પગાર માસિક ૧૦૦ રૂપિયા હતો તે વધારીને ૨૫૦ કર્યો, અને બદલામાં મારી તરફથી ત્રણ વરસ સુધી કલકત્તામાં રહેવાની બંધણી માગી! આ બધું હરિનાથ દે તેમ જ જસ્ટિસ મુકરજીની મહેનતનું પરિણામ હશે. આ વાતની ખબર પડતાં જ મેં હરિનાથ દેને કહ્યું, 'તમારી જ ઇચ્છાથી મેં વડોદરાનું વેતન સ્વીકાર્યું. અને હવે તમે જ મને મારા વચનની વિરુદ્ધ વર્તવા કહો છો એ કેવું?' ઘણી આનાકાની પછી છેવટે તે મને લઈને જસ્ટિસ મુકરજી પાસે ગયા. જસ્ટિસ મુકરજીને પણ મેં એ જ પ્રશ્ન કર્યો. તેમણે કહ્યું કે, 'તે વખતે તમારા જવા સામે અમે કંઈ વાંધો ન લીધો, પણ આજે અમને એમ જણાય છે કે તમારું કલકત્તામાં રહેવું થાય તો પાલિભાષાનો વધુ પ્રચાર થાય; અને એટલા જ સારુ અમે તમને અહીં રહેવા આગ્રહ કરીએ છીએ. મહારાજા ગાયકવાડને આપેલું વચન કેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તોડાય એમ જો તમને લાગતું હોય તો તમને બીજાં ત્રણ વર્ષ અહીં રહેવા દેવા સારુ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે મહારાજાને હું આજે જ તાર કરું; પણ અમારો બોલ ન રાખતાં તમે અહીંથી જાઓ એ ઠીક નહિ.' તે દિવસે ન્યાયમૂર્તિ મુકરજીને હા ના નો જવાબ ન આપતાં વિચાર માટે મુદત માગી લઈ હું ઘેર આવ્યો.

હવે મારા મનની સ્થિતિ એવી તો વિચિત્ર બની ગઈ કે કંઈ કહેવાની વાત નહિ. એક તરફ દર મહિને ૨૫૦ રૂપિયાના પગારનો લોભ અને બીજી તરફ ધર્મ ચૂકવાની બીક, આ બે વચ્ચે મારું મન ચકડોળે ચડ્યું. પણ છેવટે ફરજ ન ચૂકવાનો નિશ્ચય દૃઢ થયો અને મારા મનને નિરાંત વળી. બીજે દિવસ બધાં પુસ્તકો પેટીમાં ભરી શ્રી. આનંદરાવ માડગાંવકરની મારફત મુંબઈ રવાના કર્યાં. તેમના પિતા શ્રી. દીનાનાથ માડગાંવકરને મેં કહ્યું, 'આજે બુદ્ધની અને બોધિસત્ત્વની કૃપાથી મેં લોભ ઉપર વિજય મેળવ્યો છે અને એનો મને આનંદ થાય છે.!'

પણ હરિનાથ દેને કંઈક ને કંઈક જવાબ આપવો રહ્યો હતો. તેમને મળીને મેં કહ્યું, 'મહારાજા ગાયકવાડની રજા અહીં બેઠાં મંગાવવી એ મને બરોબર નથી લાગતું. હું તેમને એક વાર મળું અને પછી જે કંઈ થશે તે જણાવીશ. ત્યાં સુધી યુનિવર્સિટી સિન્ડિકેટને હું કંઈ નક્કી જવાબ આપતો નથી.' હરિનાથ દેએ મને શ્રીમંત ગાયકવાડ મહારાજાને આપવા સારુ એક કાગળ લખી આપ્યો. તેમાં મારા કલકત્તામાં રહેવાથી ખૂબ ફાયદો છે વગેરે બાબતો લખી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન્યાયમૂર્તિ મુકરજી અને હરિનાથ દેની રજા લઈ ૧૯૦૮-ના ઑક્ટોબર મહિનામાં હું મુંબઈ આવ્યો. અને અગાઉથી જ નિશ્ચય કર્યા પ્રમાણે કલકત્તા યુનિવર્સિટીના મહામાત્રને મારું રાજીનામું મોકલી .આપ્યું. હરિનાથ દે તેમ જ ન્યાયમૂર્તિ મુકરજીને પણ કાગળથી જણાવ્યું કે, 'હું આપનો અત્યંત આભારી છું, પણ ફક્ત પૈસાને ખાતર મેં યુનિવર્સિટીના નવા ઠરાવને સ્વીકાર્યો એમ કહેવાય એ બીકે રાજીનામું આપું છું. શ્રીમંત ગાયકવાડ સરકારે મને મનાઈ કરી હોત કે નહિ એ હું જાણતો નથી. આ બાબત તેમને પૂછવા સુધી જવાની મારી ઇચ્છા નથી, વગેરે.

મુંબઈમાં મારી અને ડૉ. વાસુદેવ અનંત સુખઠણકરની આ વખતે પહેલી જ ઓળખાણ થઈ. શ્રી. કૃષ્ણરાવ માડગાંવકર અને તેમના નાના ભાઈ શ્રી. બળવંતરાવ માડગાંવકરની પણ આ વખતે પિછાન થઈ. જોતજોતામાં તે દોસ્તીમાં પરિણમી. માડગાંવકરે પોતાનો બોરીવલીનો બંગલો મને રહેવા સારુ આપ્યો. ત્યાં હું એક બે મહિના સહકુટુંબ રહ્યો. આ જ વખતે અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. જેમ્સ એચ. વુડ્સ સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધારવાના ઉદ્દેશથી અહીં આવીને રહ્યા હતા. તેઓ જર્મનીમાં હતા ત્યારે ડૉ. સુખઠણકર એમની સાથે ભણેલા. ડૉ. સુખઠણકર અને તેમની વચ્ચે મારે વિષે વાતો થયેલી. આથી મને મળવાની તેમણે ઇચ્છા દેખાડી. હું મુંબઈ આવ્યો ત્યારે તેમનાં પત્નીની તબિયત નરમ હોવાથી તેઓ માથેરાન હતા. તેમની વિનંતીથી ડૉ. સુખઠણકર અને હું ત્યાં જઈને તેમને મળ્યા. પછી નવેમ્બર મહિનામાં તેઓ સહકુટુંબ તાજમહાલ હોટેલમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવીને રહ્યા અને ત્યાંથી રોજ પાલિ ભાષા શીખવા બોરીવલી આવતા.

પણ થોડા જ દિવસમાં તેમની પત્નીની તબિયત ફરી લથડી. આથી તેમની સગવડ ખાતર મેં પ્રાર્થનાસમાજની સામે એક ચાલીમાં ઓરડી ભાડે રાખી ઘર કર્યું. ભાડા વગેરેનું ખર્ચ તેમણે આપ્યું. મારે તાજમહાલ હોટેલમાં રોજ તેમને શીખવવા જવું એમ તેમણે દા. સુખઠણકર આગળ સૂચવ્યું. પણ દા. સુખઠણકરે જ તે સૂચના બારોબાર નામંજૂર કરી. હું કોઈ રીતે તેમને ત્યાં ભણાવવા નહિ જાઉં, અને એવી સૂચના કરવા જવામાં તેમના પોતાના જ હકમાં નુકસાન થશે એમ કહ્યું. દા. વુડ્સે મને આ સંબંધે સીધું તો કંઈ પૂછ્યું જ નહિ; ફક્ત મને મુંબઈ આવીને રહેવા વિનંતી કરી, અને તેટલી તેમની સગવડ ખાતર મેં પણ માન્ય રાખી. મારા નવા રહેઠાણની બધી વ્યવસ્થા દા. સુખઠણકરે જ કરી. મારે તો મારો સરસામાન બોરીવલીથી મુંબઈ લઈ આવવા ઉપરાંત બીજું કશું કરવું પડયું નહિ.

દા. વુડ્સ ૧૯૦૯ના ફેબ્રુઆરી આખર સુધી રહી જાપાન થઈને સ્વદેશ પાછા ગયા. માર્ચ મહિનામાં મારી સ્ત્રીને ગોવા મોકલી હું પૂનામાં કાયમનું રહેઠાણ કરવાના ઇરાદાથી આવ્યો. પ્રથમ તો સદાશિવ પેંઠમાં એક નાનું ઘર લઈ ત્યાં થોડા દિવસ ગાળ્યા; પછી રવિવાર પેંઠમાં એક મેડા પર થોડો વખત રહ્યો. દરમ્યાન મારે હાથે કશું જાણવાજોગ કામ થયું નહિ, છતાં 'વિશુદ્ધિમાર્ગ'નો ઘણો ભાગ મેં દેવનાગરી લિપિમાં લખી કાઢયો. 'બોધિચર્યા–અવતાર'નું મરાઠી ભાષાંતર તૈયાર કર્યું. એક નાનું પાલિ વ્યાકરણ સંસ્કૃત ભાષામાં લખ્યું,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને વડોદરામાં જુદી જુદી જગ્યાએ પાંચ વ્યાખ્યાનો આપ્યાં. તેમાંનાં ત્રણ વ્યાખ્યાનો 'બુદ્ધ, ધર્મ અને સંઘ' નામે પુસ્તકરૂપે છપાઇને પ્રસિદ્ધ થયાં છે.

૧૯૧૦ના ફેબ્રુઆરી મહિનામાં દા. વુડ્સ તરફથી મારા પર જરૂરી કાગળ આવ્યો કે, હાર્વર્ડ યુનિવર્સિટીમાં સ્વ. મિ. વોરને શરૂ કરેલ 'વિશુદ્ધિમાર્ગ'ના સંશોધનકાર્યને મારી મદદની જરૂર હોવાથી મારે તરત અમેરિકા આવવાની તૈયારી કરવી. આગબોટમાં કેવી રીતે આવવું એની બધી વિગતો તેમણે આ જ કાગળમાં લખી મોકલી હતી અને પોતાનું તારનું સરનામું અને અમુક રૂપિયાની રકમ માટે સંકેતશબ્દ (Code-word) પણ લખીને તારથી જ પૈસા મંગાવવા લખ્યું હતું. આ પ્રમાણે ૧૮૦૦ રૂપિયા મેં તારથી મંગાવ્યા અને શ્રીમંત ગાયકવાડની રજા લઈ હું અમેરિકા જવા તૈયાર થયો. મહારાજા પણ આ જ અરસામાં જાપાનથી અમેરિકા જનાર હતા. તેઓ મને પોતાની સાથે આવવા કહેતા હતા, પણ અમેરિકાથી પૈસા મારા હાથમાં આવી જવાથી અને ઇંગ્લંડથી આગળની મુસાફરી કરવાની ગોઠવણ દા. વુડ્સ પોતે કરનાર હોવાથી હું તેમ કરી શક્યો નહિ. મેં ઇંગ્લંડને જ રસ્તે જવાનો નિશ્ચય કર્યો. મહારાજા સાહેબે વધુ આગ્રહ ન કરતાં ભારે પ્રસન્નતાપૂર્વક મને અમેરિકા જવા રજા આપી. એટલું જ નહિ, પણ 'કંઈ મુશ્કેલી આવે તો તારથી જણાવજો, જરૂર મદદ કરીશું,' એવું અભયવચન પણ આપ્યું. આ ઉપરાંત 'બુદ્ધ, ધર્મ અને સંઘ'નું પુસ્તક છપાવવા સારુ તેમણે મને એકસાથે પાંચસો રૂપિયાની રકમ એનાયત કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માસિક ૨૫૦ રૂપિયાની નોકરી છોડી શ્રીમંત મહારાજા ગાયકવાડે આપેલા ૫૦ રૂપિયાનું વેતન સ્વીકાર્યા માટે મને કદી પણ પસ્તાવો થયો નથી. જો આ વેતન સ્વીકાર્યું ન હોત તો ડા. વુડ્સની મને ઓળખાણ ન થાત અને અમેરિકા જવાની તક પણ ન મળત. ઉપરાંત પૂને આવીને રહેવાથી ડા. ભાંડારકર સાથે મારો નિકટ સંબંધ બંધાયો, અને પરિણામે મુંબઈ યુનિવર્સિટીમાં પાલિ ભાષા દાખલ થઈ શકી.

વળી, મહારાષ્ટ્રમાં વસતા મારા દેશબંધુઓની સેવા કરવાની મારી ઇચ્છા કંઈ પણ અંશે પાર પડી હોય તો તે શ્રીમંત મહારાજા ગાયકવાડના આશ્રયને જ પ્રતાપે; અને મુંબઈ ઇલાકામાં પાલિ ભાષાનો પ્રચાર થઈ શક્યો તેનું પણ ઘણુંખરું શ્રેય તેમને જ આપવું ઘટે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૮

# અમેરિકાની સફર

જેના આયુષ્યનાં બાવીસ ત્રેવીસ વર્ષ ગોવા જેવા પછાત પ્રાંતમાં વીત્યાં અને તે પછી પણ ઘણાં વર્ષ કાશીના મઠોમાં કે બૌદ્ધ વિહારોમાં ગયાં, તેને એકાએક અમેરિકાની મુસાફરી કરવાનો પ્રસંગ એ જરા વિચિત્ર તો ખરું જ. જન્મારામાં કદી ઇજાર પહેરેલી નહિ, બૂટ પહેરવાની ટેવ નહિ, યુરોપિયન ઢબે ટેબલ ઉપર જમવાનો કદી પ્રસંગ નહિ,—આવી સ્થિતિમાં મારા મનની સ્થિતિ કેવી થઈ પડી હશે તેની કલ્પના વાચકે જ કરી લેવી. આમ છતાં અજાણ્યા મુલકમાં મુસાફરીના અનેક પ્રસંગો આવી ગયા હોવાથી અને કલકત્તાના વસવાટ દરમ્યાન ત્યાંના કેટલાક મિત્રોની સાહેબશાહી રહેણી જોયેલી તેથી આ નવી મુસાફરીથી હું ગભરાયો નહિ.

દા. સુખઠણકર હાલ લાહોરની દયાળસિંગ કૉલેજમાં અધ્યાપક હતા. મારું અમેરિકા જવાનું નક્કી થતાં તેઓ આવીને મને મળ્યા. હું સફરની તૈયારીમાં પડેલો તેથી 'બુદ્ધ, ધર્મ અને સંઘ' પુસ્તકનાં છેવટનાં પ્રૂફો પણ તેમણે જ તપાસ્યાં અને શુદ્ધિપત્રક તૈયાર કર્યું. વિલાયતની સફર દરમ્યાન જરૂરી વસ્તુઓની એક યાદી પણ તેમણે મારે સારુ તૈયાર કરી. આ યાદી પ્રમાણે શ્રી. બળવંતરાવ માડગાંવકરે બધી વસ્તુઓ ખરીદવામાં મને મદદ કરી. પૂનાના સ્ટેશને મારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુટુંબીઓની છેલ્લી વિદાય લઈ હું મુંબઈ આવ્યો અને ત્યાંથી તારીખ ૨૩મી એપ્રિલ ૧૯૧૦ને રોજ પી. ઓ. કંપનીની 'મેન્ચુઆ' બોટમાં ઇંગ્લંડ જવા ઊપડ્યો. બંદર ઉપર મારા મિત્ર શ્રી. બળવંતરાવ માડગાંવકર વગેરે મને વળોટાવવા આવ્યા હતા. આ જ સ્ટીમરમાં મહારાજા હોલકર વિલાયત જવા નીકળ્યા હતા. તેમની સાથે તેમનાં બહેન શ્રીમંત સૌ. સીતાબાઈ પણ હતાં; મને આ વાતની મુદ્દલ ખબર નહોતી અને હોત તોપણ તેથી કશો લાભ થયો હોત એમ નહિ. પણ મારા મિત્ર પ્રાર્થનાસમાજના ઉપદેશક શ્રી. વિઠ્ઠલ રામજી શિંદેને આ વાતની ખબર હતી અને સ્ટીમર ઉપર કશી અગવડ પડે તો મને આ શ્રીમંત લોકો તરફથી કંઈ મદદ થાય, એવા ઉદ્દેશથી તેમણે સૌ. સીતાબાઈ સાહેબ ઉપર લખેલો એક કાગળ મને બંદર ઉપર આપ્યો. દા. સુખઠણકરે ઇંગ્લંડના ઘણા ગૃહસ્થો ઉપર મારે વિષે લખી રાખ્યું હતું. ઉપરાંત દા. વુડ્સે લિવરપુલમાં એક માજી આર્ચડિકન (ખ્રિસ્તી પુરોહિત)ને મારી તજવીજ કરી આપવા લખ્યું હતું.

સ્ટીમર ઉપર મને જે બીજા વર્ગની કેબિન મળી હતી, તેમાં ઇંગ્લંડ જતો એક જૈન વિદ્યાર્થી અને તેની જ કોમનો પારીસમાં ઝવેરાતનો ધંધો કરનાર બીજો કોઈ વેપારી, એમ બે ઉતારુઓ હતા. પહેલે દિવસે તો કેટલાક લોકો દરિયાની હવા લાગવાથી 'સીક' થઈ પડ્યા; પણ હું તો મદ્રાસથી અને કલકત્તાથી રંગૂન જતાં આવતાં ત્રણ ત્રણ ચાર ચાર દિવસ સ્ટીમરમાં રહેલો તેથી મને જરા પણ અડચણ ન પડી એટલું જ નહિ, પણ મુંબઈમાં બે દિવસ વારંવાર શૌચ જવું પડ્યાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને સહેજ તાવ આવી ગયો હતો તે પણ અરબી સમુદ્રમાં ૨૪ કલાકની સફર થતાં જ જતો રહી તબિયતને સંપૂર્ણ આરામ લાગવા માંડ્યો. વળી સ્ટીમર ઉપરનો માખણ અને પાંઉ વગેરેનો સાદો ખોરાક પણ મારી તબિયતને અનુકૂળ થઈ પડ્યો. સવારે ઊઠતાવેંત ચા, થોડાં ફળ અને બિસ્કૂટ કે પાંઉના બે કટકા એટલું મળતું. પછી ૧૦ વાગ્યે જમવાનું (બ્રેકફાસ્ટ), ફરી ૧ વાગ્યે નાસ્તો (લંચ), પછી ૪ વાગ્યે ચા, સાંજે ૭ વાગ્યે સરસ ખાણું ( ડિનર ), અને રાત્રે ૧૦ વાગ્યે થોડું વાળુ,—એટલું અમને મળતું. કેટલાક યુરોપિયન મુસાફરો આ બધા ઉપર બરોબર હાથ મારતા. પણ હું જો એમ કરવા જાઉં તો મારો સંગ્રહણીનો રોગ પાછો ઊથલો ખાઈ મરણ જ આવે એમ હતું, તેથી હું તેમ જ બીજા હિંદુ મુસાફરો પણ દિવસમાં બે ત્રણ વખત ફક્ત જરૂર જેટલો જ ખોરાક લેતા. માત્ર અમારી જોડે એક જુવાન દેશસ્થ બ્રાહ્મણ હતો તે પેલા ગોરા મુસાફરોથી હાર ખાય એમ નહોતું. પહેલે જ દિવસે તેણે હેમ (ડુક્કરનું માંસ), બીફ (ગોમાંસ) ઇ. પર રીતસર હાથ મારવાની શરૂઆત કરી દીધી! એ જોઈ અમને સહુને બહુ જ નવાઈ લાગી! મેં તેને મરાઠીમાં પૂછ્યું, ‘તમે પોતાને દેશસ્થ બ્રાહ્મણ કહેવરાવો છો અને આ પહેલે જ દિવસે સ્ટીમર ઉપર આવું અભક્ષ્ય ભક્ષણ કરો છો એ કેવું?’ તેણે કહ્યું, ‘ત્રણ ચાર મહિના પર વિલાયત જવાનો મારો નિશ્ચય થયો ત્યારથી જ મુંબઈની હોટેલોમાં જઈ આ બધી ચીજો ખાવાનો મેં ઠીક મહાવરો કરી લીધો છે સમજ્યા કની?’ આ સાંભળી અમે ચૂપ થઈ ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી કેબિનમાંના પેલા જૈન વેપારી સ્ટીમર પરના ખોરાકને બિલકુલ અડતા નહિ. ચા, બિસ્કૂટ કે પાંઉ એટલી જ વસ્તુઓ પર તે રહેતા. બાકી, પોતાને સારુ હળદરનો ભૂકો નાંખીને બનાવેલ અનેક દિવસ રહે એવી ખાખરીઓ, બીજાં મેવામીઠાઈ, તેમ જ કેરી, સંતરાં, મોસંબી વગેરે ફળોના બે ત્રણ કંડિયા તેમની સાથે હતા તે ઉપર તે પોતાનું ચલાવતા. પેલો જૈન વિદ્યાર્થી એટલો ચુસ્ત નહોતો છતાં માંસની સૂગ તેને ચડતી જ. આ ઉપરાંત બીજા એક બાપના અટકવાળા હોલકર મહારાજાના કોઈ જૈન શિક્ષક પણ આ સ્ટીમર પર હતા. તેઓ પણ શાકાહારી હતા. મને પોતાને માછલી ખાવામાં વાંધો નહોતો; પણ સ્ટીમર પર તે કવચિત જ મળે. આથી જમવાની બાબતમાં અમને ત્રણે જણને ઠીક પડતું. બે ત્રણ દિવસ પછી મુખ્ય બબરચીને કહી અમે દાળભાત મેળવવાની પણ ગોઠવણ કરાવી લીધી. અને પાંઉ, માખણ, ફળ અને દાળભાત, એટલી વસ્તુઓ ઉપર અમારું ખાસું નભતું.

સ્ટીમર રાતા સમુદ્રમાં પહોંચી એ અરસામાં મારી સાથેનો શ્રી. શિંદેવાળો કાગળ શ્રી. બાપના મારફત મેં શ્રીમંત સૌ. સીતાબાઈને મોકલાવ્યો. વળતે જ દિવસે તેમણે મને મળવા બોલાવ્યો. સ્ટીમર ભૂમધ્ય સમુદ્રમાં દાખલ થઈ તે પહેલાં હું તેમને એક બે વખત મળ્યો. ઘડી ઘડી ફર્સ્ટ ક્લાસમાં જવું મને પસંદ ન હોવાથી મને ત્યાં જવાનો કંટાળો આવતો. પરંતુ એક દિવસ ભૂમધ્ય સમુદ્રમાં થોડું તોફાન થયું અને તેથી સીતાબાઈ સાહેબ બહુ ગભરાઈ ગયાં. અધૂરામાં પૂરું તેમને કોઈએ કહ્યું કે બિસ્કેના ઉપસાગરમાં આથી પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહુ વધારે ભયંકર તોફાનો થાય છે, અને તેમણે તો મારી પેઠે જ સીધી લંડનની ટિકિટ કઢાવેલી. તેથી હવે તે ટિકિટ બદલાવી નાંખીને માર્સેલ્સને રસ્તે જવાનો તેમણે વિચાર કર્યો. પણ આ કામમાં મોટી અડચણ એ હતી કે, મહારાજા હોલકર, ગોરો રક્ષક, અને બીજા રસાલાને માર્સેલ્સથી કેલે જનારી સ્પેશ્યલ ટ્રેનમાં મોકલવાની ગોઠવણ કરવામાં આવી હતી. આમાંના એકાદ જણને પાછળ રાખીને શ્રી. સીતાબાઈ જોડે રહેવાનું કરી શકાત. પરંતુ તે પ્રમાણે કેમ કરવામાં ન આવ્યું તે મને સમજાયું નહિ.

અડચણ માર્સેલ્સથી કેલે સુધીની જ હતી. ત્યાં મહારાજાની ખાસ ટ્રેન અને અમારી ટ્રેન ભેગી થવાની હતી. આથી સૌ. સીતાબાઈએ મહારાજાના રક્ષકને પોતાની ટિકિટ બદલાવી મંગાવવા કહ્યું, પણ તે ગૃહસ્થ તેમને એકલાં આવવા હા ન પાડે. અંતે સીતાબાઈએ મારું નામ સૂચવ્યું. સાહેબે મને પૂછ્યું કે, 'બાઈના સામાન વગેરેની જવાબદારી તમે લેવા તૈયાર છો?' મેં કહ્યું, 'હું સાવ નવોસવો માણસ છું, તોપણ મારાથી બનતી બધી મદદ હું કરીશ.' બીજો રસ્તો ન હોવાથી તેણે 'વાટમાં કંઈ અડચણ પડે તો તાર કરજો' એમ કહી માર્સેલ્સમાં મહારાજા સાથેની સ્પેશ્યલ ટ્રેન પકડી. સૌ. સીતાબાઈએ પોતાને પૈસે મારી ટિકિટ પણ બદલાવી લીધી હતી. આમ અનાયાસે ફ્રાંસ દેશમાં એક દિવસની ઊડતી મુસાફરી કરવાની તક મને મળી.

અમે માર્સેલ્સને બંદરે ઊતર્યાં તે જ દિવસે શહેનશાહ સાતમા એડવર્ડના મરણના સમાચાર સાંભળ્યા. સૌ. સીતાબાઈની સાથે તેમનાં એક દીકરી ઇંદિરાબાઈ પણ હતાં. આ બંને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાઈઓનો સામાન ખૂબ હતો. બંદર ઉપર જ એવી મુશ્કેલી ઊભી થઈ કે તેમનાં કીમતી કસબી કપડાં વગેરે માટે ભારે જકાત માગવા લાગ્યા. આખરે બધી પેટીઓ ન ઉઘાડતાં, એમ ને એમ બંધ કરી, થોમસ કુક મારફત ઠેઠ ઇંગ્લંડમાં જ્યાં સીતાબાઈ ઊતરનાર હતાં ત્યાં મોકલી દેવામાં આવી. મારી ટ્રંક પણ મને લિવરપુલમાં થોમસ કુકની ઓફિસમાંથી મળે એવી ગોઠવણ કરી. આટલું પત્યા પછી ગામમાં જઈને સૌ પહેલાં તો જમવાની સગવડ કરી. પછી અમે માર્સેલ્સ શહેર જોવા નીકળ્યાં. સીતાબાઈની હેન્ડબેગમાં કેટલુંક ઝવેરાત હતું આથી દરેક જગ્યાએ હેન્ડબેગની તેમને બહુ જ ચિંતા રહેતી. સંગ્રહસ્થાન વગેરે ઠેકાણે હેન્ડબેગ ઇ. બીજે નોકરોને સોંપીને અંદર જવું પડે તે વખતે તેમના મનને બહુ જ ફફડાટ રહેતો. અંતે તેમણે મને આ વાત કરી. મેં કહ્યું, 'બેગમાં કશું કીમતી છે એ વાતની કોઈને શંકા જ ન આવવા દેતાં, નહિ તો સુખે આગળ જવું મુશ્કેલ થઈ પડશે.'

થોમસ કુક મારફત માર્સેલ્સનાં જોવાલાયક સ્થળો જોઈને સાંજે અમે એક ઉપાહારગૃહમાં આવ્યાં. કુકનો દુભાષિયો સાથે જ હતો. તેણે હોટેલવાળાને કહીને અમારે સારુ લીલા વટાણા વગેરે તૈયાર કરવા કહ્યું. જમી રહ્યા પછી દુભાષિયાએ અમને સ્ટેશને પહોંચાડયાં અને કુકના બીજા એક આડતિયાને હવાલે કર્યાં. આ આડતિયાએ અમને ફર્સ્ટ ક્લાસના ડબામાં ગોઠવ્યાં. આ દુભાષિયા તથા આડતિયાએ અમારા ખીસાના દસ બાર ફ્રેંક સહેજે ઓછા કર્યા હશે! આપણા દેશમાં જેમ 'બક્ષિસ'ની પીડા છે તેવી જ તે ફ્રાન્સમાં પણ છે એમ અમે જોયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફ્રાન્સની આગગાડીઓ બહુ સગવડવાળી નથી હોતી. અમે પહેલા વર્ગનાં ઉતારુઓ હતાં તોપણ ડબામાં સૂવાની સગવડ બિલકુલ નહોતી! માંડ માંડ બેસવા જેટલી જગ્યા હતી. બીજા બે ત્રણ બેસારુ અમારા ડબામાં હતા. તેમાં એક મુસલમાન વિદ્યાર્થી હતો. તે ફ્રાન્સનો સારો માહિતગાર હોવાથી અમને ઠીક ખપ આવ્યો. હવે પછી થોમસ કુકનું શરણ શોધવાનો અમારે પ્રસંગ રહ્યો નહિ. બીજે દિવસે સવારે અમે પારીસ પહોંચ્યાં. એક સ્ટેશનથી બીજે સ્ટેશન જવા અમે મોટર ભાડે કરી અને પારીસ પર ઊડતી નજર નાખીને શહેર સોંસરાં અમારે સ્ટેશને પહોંચ્યાં. પેલા મુસલમાન વિદ્યાર્થીએ રસ્તામાં કેટલાંક સ્થળો બતાવ્યાં. પણ મોટરમાંથી ઊતરી એ બધું નિહાળીને જોવાની ફુરસદ અમને નહોતી. કેલે જતી ગાડીના સ્ટેશન આગળ જ પારીસમાં એક મોટી હોટેલ છે ત્યાં અમે બધાએ જમી લીધું. બધા પૈસા જો કે હું ચૂકવતો હતો છતાં પેલા જુવાન મુસલમાન વિદ્યાર્થીએ તે ન લેતાં પોતે જ બિલ ચૂકવ્યું. પારીસથી કેલે અમે કેટલા વાગ્યે પહોંચ્યાં તે અત્યારે બરોબર યાદ નથી. પણ ત્યાં મહારાજા હોલકરવાળી પી. ઓ. કંપનીની સ્પેશ્યલ ટ્રેન અને અમારી ટ્રેન ભેગી થનાર હતી એટલું યાદ છે. મહારાજા કદાચ અમારી પહેલાં જ ઇંગ્લિશ ચેનલ ઊતરી ગયા હોય પરંતુ ડોવરથી તો તેઓ જે ગાડીમાં જનાર હતા તે જ ગાડીમાં અમારે પણ જવાનું હતું. એટલે તે સ્ટેશને તેમનો ખાસ ડબ્બો શોધી કાઢી સૌ. સીતાબાઈ તથા તેમનાં દીકરીને મેં ત્યાં પહોંચતાં કર્યાં અને હું પાસેના બીજા એક ડબ્બામાં બેઠો. સ્ટેશને ભીડ ખૂબ હતી. મારો સામાન ઊંચકી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાવનાર મજૂરની અને મારી નજરચૂક થવાથી તે ભળતે જ ઠેકાણે ચડી ગયો અને આખી ગાડી ફરી વળીને અંતે ઘણી વારે મને શોધી કાઢી મારો સામાન મને સોંપ્યો, ને સામાન તપાસી લેવા કહી પોતાની મજૂરી માગી. મેં તે ચૂકવી આપી.

અહીંથી લંડનના ચેરિંગ ક્રોસ સ્ટેશન સુધી મેં એકલા મુસાફરી કરી. અહીં એક બે પંજાબી વિદ્યાર્થીઓ મળી ગયા. ચેરિંગ ક્રોસની હોટેલમાં ૧૮ શિલિંગ આપી હું એક રાત રહ્યો. બીજે દિવસે સવારે લિવરપુલ જવા ઊપડ્યો. કારણ દા. વુડ્સના મિત્ર લિવરપુલવાળા આર્ચડિકન પાસેથી ક્યાં રહેવું, અમેરિકા જનારી સ્ટીમર ક્યારે મળશે, વગેરે માહિતી મારે મેળવવી રહી હતી. લિવરપુલને સ્ટેશને ઊતર્યા પછી દા. વુડ્સનો કાગળ હાથમાં લઈ તેમાં લખેલ આર્ચ-ડિકનનું ઠેકાણું હું જેને તેને પૂછવા લાગ્યો. પણ તપાસ કરતાં જણાયું કે સદરહુ આર્ચડિકનને ગુજરી ગયે તો એક વર્ષ થઈ ગયું! અંતે એક ગાડીવાળો મને ઠેઠ લિવરપુલના બિશપને ઘેર લઈ જઈ, ત્યાં આર્ચડિકન કોણ છે વગેરે તપાસ કરી જોવા કહ્યું. બિશપ સાહેબ ફાટકમાં ગાડી આવતી જોતાં જ બહાર આવ્યા અને મને પોતાના દીવાનખાનામાં તેડી જઈ ખુરશી પર બેસાડી આવવાનું પ્રયોજન પૂછ્યું. મેં પેલા આર્ચડિકનનું ઠેકાણું પૂછ્યું એટલે તે બોલ્યા કે, 'આજે તેઓ હયાત નથી, પણ તેમને બદલે મારાથી તમને કશી મદદ થઈ શકે એમ હોય તો નિઃસંકોચે કહો.' મેં કહ્યું: 'આ દેશમાં હજી તાજો જ આવું છું તેથી મને અનુકૂળ પડે એવી કોઈ હોટેલ મને ઊતરવા સારુ બતાવો. અમે હિંદુઓ મોટે ભાગે શાકાહારી હોઈએ છીએ, એ તો આપ જાણતા જ હશો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બિશપ સાહેબે કહ્યું, 'હિંદુ લોકો વિષે મેં ખૂબ વાંચ્યું તેમ જ સાંભળ્યું છે અને તેથી તેમને વિષે મારા મનમાં ખૂબ આદર છે. મારા ઘરની પાસે જ એક ટેમ્પરન્સ હોટેલ છે. ત્યાં તમારી સરસ ગોઠવણ થઈ શકશે. છતાં કંઈ અડચણ પડે તો હું તમારી પાડોશમાં જ છું. મને કહેજો એટલે બીજી સગવડ જોઈ આપીશ.' આમ કહી અત્યંત વિનયપૂર્વક તેમણે મારો ઓવરકોટ મને પહેરાવ્યો અને બહાર આવી મને ટેમ્પરન્સ હોટેલમાં લઈ જવા ગાડીવાળાને ભલામણ કરી.

બિશપ સાહેબ ઘરમાં ગયા એટલે ગાડીવાળો ભારે આશ્ચર્ય પ્રગટ કરી બોલ્યો કે, 'એઓ આ શહેરના બિશપ છે. છતાં તેમણે તમને આટલું માન આપ્યું એ જોઈ મને બહુ નવાઈ લાગી!' મેં કહ્યું: 'મોટા માણસોનો સ્વભાવ જ એવો હોય છે.' પછી ગાડીવાળો મને ટેમ્પરન્સ હોટેલમાં લઈ ગયો. અને ત્યાંના મેનેજરને મને બિશપ સાહેબે મોકલ્યો છે વગેરે ભલામણ કરી, કશો વાંધો તકરાર ન કરતાં પ્રસન્નતાપૂર્વક ભાડું લઈ ચાલતો થયો.

સ્ટીમર ઉપર તો હિંદીઓની સોબત હતી એટલે આનંદ-વિનોદ થતાં. ઉપરાંત સાથે વાંચવાને પુસ્તકો પણ હતાં. પણ તે બધાં માર્સેલ્સથી પેટીમાં ભરી પેટી થોમસ કુકની ઓફિસમાં મોકલી આપેલ હોવાથી હવે મારી પાસે વિનોદનું કશું જ સાધન ન રહ્યું. અજાણ્યા ગામમાં હોવાથી બહાર ફરવા જવું પણ જરા જોખમકારક લાગ્યું. થોમસ કુકની ઓફિસ ગોતી સામાનની તપાસ કરી. પણ સામાન હજી આવ્યો નહોતો. હોટેલમાં થોડાં વાંચવાનાં પુસ્તકો રાખેલાં હતાં, પણ તેમાં મને ગમે એવું એક નહોતું. છાપાં વાંચતો પણ તેમાં ઘણાંખરાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શહેનશાહ એડવર્ડના મરણને લગતા લેખોથી ભરેલાં હોય, અને બીજા લેખો હું ઇંગ્લંડના રાજદ્વારી વાતાવરણથી માહિતગાર નહિ તેથી સમજું નહિ. ટૂંકમાં, આ હોટેલના એક બે દિવસ તો મેં કેદીની જેમ ગાળ્યા.

ત્રીજે કે ચોથે દિવસે હું હોટેલના દીવાનખાનામાં બેઠો હતો ત્યાં એક ગૃહસ્થે મને, 'કયાંથી આવો છો?' વગેરે સવાલો પૂછી મારી સાથે ઓળખાણ કરી. આવી રીતે ઓળખાણ કરી લેનાર હું ઇંગ્લંડમાં આવ્યો ત્યાર પછી આ પહેલા જ ગૃહસ્થ હતા, તેથી મને સાનંદાશ્ચર્ય થયું. પાછળથી મને ખબર પડી કે આ ગૃહસ્થ અંગ્રેજ નહિ પણ ડચ હતો અને વેપાર અર્થે લિવરપુલ આવ્યો હતો. બ્રસેલ્સની એક પેઢીનો પોતે મુનીમ હતો, અને ત્યાંથી ચોક્કસ કાગળપત્રો આવે ત્યાં સુધી તેને પણ લિવરપુલમાં દિવસ કાઢવાના હતા. આમ 'આવો ભાઈ હરખા ને આપણે બેઉ સરખા' એ ન્યાયે અમને બંનેને એક-બીજાની સોબત મળી. તેણે મને શહેરના જુદા જુદા ભાગો બતાવ્યા. કેટલાંક સસ્તાં છતાં સારાં ઉપાહારગૃહો પણ બતાવ્યાં. સવારનું ખાણું તો હોટેલમાં જ લેવું જોઈએ એવો એ હોટેલનો નિયમ હતો. બાકીને વખતે ગમે ત્યાં ખાઈ લેવામાં હરકત નહોતી. આથી વચ્ચે વચ્ચે એકાદ શાકાહાર મળે એવા ઉપાહારગૃહમાં જઈને અમે ક્ષુધાશાંતિ કરી આવતા.

એક દિવસ પેલા ડચ મિત્રે મને કહ્યું, 'અંગ્રેજો જોકે શ્રીમંત પ્રજા છે છતાં આ દેશમાં દારિદ્રય પણ ઘણું છે. મજૂરોની સ્થિતિ કંઈ બહુ સારી નથી. હું વેપારી છું, છતાં મને કાર્લ માકર્સ વગેરે ગ્રંથકારોનું કહેવું સંપૂર્ણપણે માન્ય છે.' મેં પૂછ્યું, 'કાર્લ માકર્સ કોણ?' પેલા ગૃહસ્થે ભારે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અજાયબી દર્શાવી કહ્યું, 'અરે વાહ! તમને કાર્લ માર્ક્સની પણ ખબર નથી? એ તો આજના સોશિયાલિઝમનો પિતા છે. ઇંગ્લંડના કેર હાર્ડી વગેરે બધા તેના અનુયાયી છે.' મેં કહ્યું, 'આ સોશિયાલિઝમ વળી શું છે? અમારા હિંદુસ્તાનમાં તો આવી જાતની કોઈ હિલચાલ નથી.' તેણે કહ્યું, 'યુરોપમાં મહિનોમાસ રહેશો એટલે સોશિયાલિઝમની તમને આપોઆપ ખબર પડી રહેશે. છતાં જો તમારી મરજી હોય તો ચાલો હું તમને આ વિષયનાં કેટલાંક પુસ્તકો અપાવું. પાંચ છ પેન્સ ખર્ચ્યાં કે તમને સોશિયાલિઝમ શું છે એની બધી ખબર પડી રહેશે.' આમ કહીને તે મને પડોશમાં આવેલી એક ચોપડીઓની દુકાને લઈ ગયો અને ત્યાંથી બ્લેચફર્ડનાં એક બે પુસ્તક લઈ આપ્યાં. તેમાંનું Merrie England નામનું પુસ્તક (આની ફક્ત ત્રણ જ પેન્સ કિંમત હતી) મને બહુ ગમ્યું. અમેરિકા પહોંચતાં પહેલાં મેં તે બે વખત વાંચ્યું, પણ તેટલાથી તો સોશિયાલિઝમનો પરિચય મેળવવાની મારી ભૂખ વધી. અમેરિકા જઈને મેં સોશિયાલિઝમ ઉપર જુદા જુદા ગ્રંથકારોના અનેક લેખો અને પુસ્તકો વાંચ્યાં, અને જોન સ્પાર્ગોએ લખેલ કાર્લ માર્ક્સનું ચરિત્ર પણ આખું વાંચ્યું.

દાક્તર વુડ્સે લેલેંડ કંપની મારફત લિવરપુલથી ઠેઠ બોસ્ટન જવાની ગોઠવણ મારે માટે કરી રાખી હતી. પણ જે દિવસે હું લિવરપુલ પહોંચ્યો તે જ દિવસે આ કંપનીની સ્ટીમર ઊપડી ગઈ તેથી બીજી સ્ટીમર ઊપડે ત્યાં સુધી આઠ દશ દિવસ મારે વાટ જોવી રહી. મારો ડચ મિત્ર પણ ટેમ્પરન્સ હોટેલ છોડી બીજે ઠેકાણે રહેવા ગયો ને હું એકલો પડ્યો. તેથી વચમાં એકાદ બે દિવસ માન્ચેસ્ટર જોઈ આવવાનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિચાર કરી બધો સામાન ટેમ્પરન્સ હોટેલમાં રાખી અને ફક્ત જરૂરજોગાં કપડાં સાથે રાખી હું માન્ચેસ્ટર ગયો. ત્યાં દા. સુખઠણકરે પોતાના સસરા રેવરંડ બિશપને મારે વિષે લખી રાખ્યું હતું. અને મારી પાસે પણ તેમને આપવા સારુ શ્રીમતી સુખઠણકરનો એક કાગળ હતો. આગગાડીમાંથી ઊતરીને ટ્રામમાં બેસી ઝાઝી ખોળ કરવી ન પડતાં હું રેવરંડ બિશપને ઘેર (સ્ટેશનથી તેમનું ઘર ખૂબ આઘું હતું) પહોંચ્યો. ઘર મેં આટલું જલદી શોધી કાઢ્યું તેની રેવરંડ સાહેબને પણ નવાઈ લાગી! તેમણે પોતાને જ ઘેર મને ઉતારો આપ્યો અને એક જ દિવસમાં મને આખું માન્ચેસ્ટર શહેર ફેરવી લાવ્યા.

બીજે દિવસે તે મને યુનિટેરિયન કૉલેજના પ્રિન્સિપાલની મુલાકાતે લઈ ગયા. મારી ઓળખાણ કરાવતાં રેવરંડ બિશપે હું પાલિ ભાષાના ગ્રંથનું સંશોધન કરવાને અમેરિકા જાઉં છું વગેરે વાત કરી. આ ઉપરથી પ્રિન્સિપાલ સાહેબ બોલ્યા, 'આ જંગલી લોકોની ભાષા પાછળ અમેરિકન લોકોને આવડો પ્રેમ શો?' જરા રહીને જમવાની તૈયારી કરવા તે ઊઠી ગયા. રેવરંડ બિશપ શાકાહારી હતા અને મને પણ માંસ ખપતું નથી એમ જ્યારે તેમણે કહ્યું, ત્યારે પ્રિન્સિપાલ સાહેબ વળી વદ્યા: 'તમે ઘાસખાઉ લોક શું જોઈને આ દેશમાં આવતા હશો?' હું તો તેમનું આ બધું વર્તન જોઈ બળી ઊઠ્યો. ટેબલ ઉપર મારી પડખે એક વિદ્યાર્થી બેઠો હતો તે મને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. મેં કહ્યું, 'એક ધાર્મિક કૉલેજના આચાર્યના મગજમાં આટલી રાઈ ભરી છે તો પછી અંગ્રેજ અધિકારીઓ હિન્દુસ્તાનની શાંકડી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રૈયત સાથે કેવી રીતે વર્તતા હશે તેની કલ્પના જ કરવી જોઈએ. ગઈ સદીમાં આવી ઉદ્ધતાઈ નભી શકી હશે, પણ આજની જુવાન હિંદી પ્રજા આવી તુમાખી બિલકુલ બરદાસ્ત કરે એમ નથી. જ્યાં ને ત્યાં હિંદુઓ માટે તિરસ્કાર બતાવ્યાથી પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે એમ જો અંગ્રેજો માનતા હોય તો તેમની ભૂલ છે.' પ્રિન્સિપાલ સાહેબ પાસે જ બેઠેલા તેથી તેમણે મારા શબ્દો સાંભળ્યા હશે જ. જમ્યા પછી પ્રિન્સિપાલ મહાશય અમને મેડી ઉપર લઈ ગયા અને ત્યાંના દીવાનખાનામાં સૌ બેઠા પછી મારી તરફ વળી મોં પર વિવેક આણી બોલ્યા, 'મારા જોગ કશી કામસેવા હોય તો ફરમાવો.' મેં જવાબ આપ્યો, 'તમારી પાસેથી મને કોઈ પણ જાતની અપેક્ષા હતી નહિ અને છે પણ નહિ. બિશપ સાહેબે આગ્રહ ન કર્યો હોત તો હું અહીં આવત પણ નહિ. પણ તેમનો હું મહેમાન તેથી તેમને ખાતર મારે આટલે સુધી આવીને આપને તસ્દી આપવી પડી.' પછી ઇધરતિધરની વાતો કરીને પ્રિન્સિપાલ સાહેબે અમને વિદાય કર્યા. કોલેજના દરવાજા સુધી પોતે અમને વળાવવા આવ્યા, અને ત્યાં ફરીથી શેકહેન્ડ કરી તેમણે અમારી પાસેથી રજા લીધી.

બીજા બે ત્રણ દિવસ હું માન્ચેસ્ટર શહેરમાં રહ્યો. પણ તે દરમ્યાન બિશપ સાહેબને ઘેર ન રહેતાં એક ભાડાની જગ્યામાં રહેતો. બિશપ સાહેબની એક ઓળખીતી બાઈના ઘરમાં તેમણે મને ઓરડી અપાવી. માન્ચેસ્ટરની પડખે જ લીથમ કરીને એક ગામ છે ત્યાં શ્રી. રામચંદ્ર વિષ્ણુ માડગાંવકર (બળવંતરાવ માડગાંવકરના પિતા) રહેતા હતા. બે ત્રણ દિવસ માન્ચેસ્ટરમાં રહી હું ત્યાં ગયો. તેમણે મને પોતાને ઘેર


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રણ ચાર દિવસ રાખ્યો. ત્યાંથી પાછો હું માન્ચેસ્ટર ન ફરતાં સીધો લિવરપુલ ગયો, અને ત્યાં બે ત્રણ દિવસ રહી ઠરાવેલ દિવસે લેલેંડ કંપનીની 'ડેવોનિયન' સ્ટીમરમાં બોસ્ટન જવા ઊપડ્યો.

આ દિવસોમાં અમેરિકા જનાર બહુ ઉતારુઓ નથી હોતા. મે જૂન મહિનામાં અમેરિકાથી યુરોપ આવનારા મુસાફરો પુષ્કળ હોય છે; જનારા થોડા. અમારી સ્ટીમરમાં બહુ તો આઠ દશ ઉતારુઓ હતા. ડૉ. વુડ્સે મારે સારુ ડેક ઉપરની એક સરસ ઓરડી રિઝર્વ કરાવી હતી. આ ઓરડીમાં ત્રણ બર્થ અથવા બિછાનાં હતાં. પણ ઉતારુ તો હું એક જ હતો. દરિયો એવો તો શાંત હતો કે સ્ટીમર કોઈ મોટા તળાવમાં થઈને ચાલી જતી હોય એવો જ ભાસ થાય. માત્ર અમેરિકા નજીક પહોંચ્યા ત્યારે ધૂમસ ભારે નડ્યું. ધૂમસને લીધે સામેથી આવતી કે આજુબાજુએથી પસાર થતી સ્ટીમરો મુદ્દલ ન દેખાય અને તેથી ખબર કરવા સારુ સ્ટીમરને વારે વારે પાવો વગાડવો પડે. આ પાવાને ખલાસીઓ ફોગ હોર્ન કહે છે. આ પાવાના અવાજોથી રાતે ઊંઘમાં ખલેલ થતી. પણ એક બે દિવસમાં આનાથી પણ અમે ટેવાઈ ગયા.

અમારી સ્ટીમર બોસ્ટન્ નજીક આવી પહોંચતાં, વાયરલેસ ટેલિગ્રાફીના એક જુવાન અંગ્રેજ અમલદારે મારી પાસે આવી વાતો કરવા માંડી: 'ક્યાં જાઓ છો? ક્યાંથી આવો છો?' વગેરે વિગતો તેણે મારી પાસેથી જાણી લીધી. સ્ટીમર બારામાં આવતાં, કસ્ટમ ખાતાનો અમલદાર અમારી તપાસ માટે આવ્યો. હું મારો સરસામાન બાંધવામાં રોકાયો હતો. એટલામાં સ્ટુઅર્ડે અમલદાર આવ્યાની ખબર આપી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી પાસે ૫૦ ડોલર છે કે કેમ એવો મુખ્ય અમલદારે મને સવાલ કર્યો. મેં કહ્યું, 'મારી પાસે ૮૦ ડોલર છે. વધુ જોઈતા હોય તોપણ બંદર ઉપર ઊતરતાંવેંત હું મારા મિત્ર પાસેથી મેળવી શકીશ.' તેણે કહ્યું, 'ના ના, તમે રખે ખોટું લગાડતા, અમારે ત્યાં એવો કાયદો છે તેથી પૂછવું પડ્યું. ડોલર કાઢી બતાવવાની કંઈ જરૂર નથી, તમારી વાત હું માનું છું.' પછી હું બંદર પર ઊતર્યો. દા. વુડ્સને આવતાં જરા વિલંબ થયો, પણ પાંચ દશ મિનિટ નહિ થઈ હોય એટલામાં તે આવી પહોંચ્યા. સાથે જ છાપાંના એક બે ખબરપત્રીઓ પણ મારી આસપાસ હાજર! તેમણે તરેહવાર સવાલોનો મારા ઉપર મારો ચલાવ્યો! 'હાર્વર્ડ યુનિવર્સિટીમાં જનારા હિન્દી ગૃહસ્થ તમે જ કે?' વગેરે તેમના સવાલો પરથી મને થયું કે દા. વુડ્સે છાપાંવાળાંઓને આ ખબર આપી હશે. મેં તેમને પૂછ્યું પણ તેઓ તો કહે, 'મને કોઈ છાપાના ખબરપત્રી નથી મળ્યા અને મળ્યા હોત તોપણ હું કંઈ એમને દાદ ન દેત. પણ તમારા વિષે તો કાલનાં ઘણાં છાપાંઓમાં ખબર છપાઈ છે! અરે આ છાપાવાળાઓનું તો પૂછો જ ના. આ લોકોએ પોતાના અખબારોમાં તમારી મગજમાંથી દોરેલ એકાદ ચિત્રવિચિત્ર છબી આ ખબરની સાથે જ ન છાપી મારી એ જ મોટું સદ્ભાગ્ય સમજો!' આ ખુલાસો સાંભળીને પેલો વાયરલેસવાળો અમલદાર સ્ટીમર પર શું કરવા મને બધું વળીવળીને પૂછતો હતો એ વિષે મને શંકા ન રહી. ખબરપત્રીઓને દા. વુડ્સને હવાલે કરી હું છૂટ્યો. દા. વુડ્સે જતાં જતાં તેમની સાથે થોડાક શબ્દોમાં વાતચીત કરી લીધી. તોપણ મારું ઠેકાણું તો તેમણે ટપકાવી જ લીધું!

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારો બધો સામાન એક એકસ્પ્રેસ* કંપનીને સોંપી દઈ દા. વુડ્સ મને હાર્વર્ડ યુનિયન કલબમાં લઈ ગયા. થોડા દિવસ તો મારી રહેવાની સગવડ ત્યાં જ કરવામાં આવી. પણ ચાર પાંચ દિવસમાં પ્રોફેસર લેનમન અને દા. વુડ્સે અંદર અંદર કંઈ મસલત કરી લીધી અને વોરન હાઉસમાં મને એક ઓરડી આપવામાં આવી. આ બહુ અગવડભરેલી હતી. મને ત્યાં રહેવું બિલકુલ ન ફાવે. આથી દા. વુડ્સે મારી સાથે આવી ફેલ્ટન હોલ નામના મકાનમાં એક સરસ ઓરડી લઈ આપી. આનું ભાડું દર મહિને ૬૦ રૂપિયા હતું!

આ પ્રમાણે રહેવાની સગવડ થઈ અને મેં પ્રો. લૅનમનની સાથે મળી 'વિશુદ્ધિમાર્ગ'નું કામ કરવાની શરૂઆત કરી. પહેલાં એક બે અઠવાડિયાં તો તેમને મારા કામની બહુ ઉપયોગિતા ન જણાઈ. વોરન ફંડમાંથી મારું ખરચ આપવા પણ તે આરંભમાં નારાજ હતા, એમ દા. વુડ્સે મને કહ્યું; પણ થોડા દિવસ પછી મારી ઉપયોગિતા જણાતાં મને દર વર્ષે ૮૦૦ ડોલર આપવાનું કબૂલ કરવામાં આવ્યું. પૂનાના ઘરખરચ માટે દરમહિને સાઠ રૂપિયા મોકલવા પડતા, અને સિવાય અહીંનો ખરચ વગેરે કાઢતાં આ બહુ ઓછું પડતું. તોપણ આવી દશામાં મેં આઠ દશ મહિના કાઢ્યા.

'વિશુદ્ધિમાર્ગ'નું સંશોધન પૂરું થતાં કેમ્બ્રિજ (હાર્વર્ડ)માં મારે નથી રહેવું એવો વિચાર મેં દા. વુડ્સને ઘણી વાર

---

* એકસ્પ્રેસ કંપની એટલે સામાનને તેની યોગ્ય જગ્યાએ પહોંચાડનાર કંપની. આવી કંપનીઓ અમેરિકામાં ઘણી છે અને અમેરિકામાં સામાનના મોટા દાગીના આવી કંપનીઓ મારફત જ મોકલવા પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જણાવ્યો. પ્રો. લૅનમને મને રહેવા વૉરન્ હાઉસમાં જ ઓરડી આપીને તેમ જ ખરચખૂટણ માટે બહુ જ નાની રકમ આપીને મને નારાજ કર્યો હતો, એ વાત દા. વુડ્સના ધ્યાનમાં હોવાથી તેમણે મને સીધો આગ્રહ ન કરતાં ઓકાકુરા નામના જાપાની ગૃહસ્થ મારફત આગ્રહ માંડ્યો. મિ. ઓકાકુરા બોસ્ટનના સંગ્રહસ્થાનની પૌરસ્ત્ય શાખાના મુખ્ય અમલદાર હતા, અને મારે તેમની જોડે સારી મૈત્રી હતી. એક તો તેમને પૂર્વ તરફના લોકો વિષે બહુ માન હતું અને બીજું હું બૌદ્ધ હતો. આથી તે મારા ઉપર સારો સ્નેહ રાખતા. એક વખત તેમણે દા. વુડ્સના કહેવાથી હાર્વર્ડમાં વધુ રહેવા સારુ મને આગ્રહ કર્યો. તે ઉપરથી મેં તેમને બનેલી બધી હકીકત મૂળથી માંડીને કહી. એ સાંભળી તેમને બહુ ખોટું લાગ્યું. હિન્દુસ્તાનથી આવતા પહેલાં જ મેં ચોકસ શરત ન કરી એ મારી ભૂલ થઈ એમ તેમને લાગ્યું. પછી તેમણે કહ્યું, 'બન્યું તે બન્યું, હવે તે ન બન્યું થવાનું નથી. પણ હવે પછી પણ જો લૅનમન તમારી જોડે વધુ સારી રીતે વર્તવા બંધાતો ન હોય તો તમે પાછા સ્વદેશ જાઓ. અને તેમ કરવામાં તમને પૈસાટકાની મદદ જોઈશે તો તે હું આપીશ. તમારી મરજી હોય તો હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રમુખને મળીને તેના કાન ઉપર પણ હું આ વાત નાંખું.'

પણ પ્રમુખ પાસે ઓકાકુરા મારફત તેવી ફરિયાદ લઈ જવી એ મને ઠીક ન લાગ્યું. છતાં જો પ્રો. લૅનમન યુનિવર્સિટીના પ્રમુખને દરમ્યાન રાખીને શરતો ન લખી આપે તો ઓકાકુરાની મદદ લઈને સ્વદેશ પાછું ફરવું એવું તો મેં નક્કી કર્યું જ, અને પછી તક જોઈને લૅનમન આગળ વાત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાઢી. સવારી ખૂબ ધૂંઅપૂંઆ થઈ, પણ અંતે મારા કહ્યા મુજબનું પ્રમુખની સહીવાળું કરારનામું લખી આપ્યું. આ કરારનામાની રૂએ હું મુંબઈથી નીકળ્યો તે દિવસથી માંડીને માસિક પાંચસો રૂપિયા એટલે વરસના બે હજાર ડોલરનો પગાર મને મળે એમ ઠર્યું અને તે દિવસથી અત્યાર લગી ખર્ચને માટે મને અપાયેલાં નાણાં બાદ જતાં બચતી રકમ મને મળી. આમ એકસામટા સાત આઠ સો ડોલર મારા હાથમાં આવ્યા. આ રકમ મેં એક બેંકમાં મૂકી. આ પછી દર મહિનાનો પગાર નિયમિતપણે યુનિવર્સિટીના ખજાનચી તરફથી જ મને સીધો મળવા લાગ્યો.

બીજો સવાલ, 'વિશુદ્ધિમાર્ગ'ના તંત્રી તરીકે લેનમનનું અને મારું એમ બે નામ પૂંઠા ઉપર છપાય એ હતો. ઓકાકુરાનું કહેવું એવું હતું કે આ સવાલનો નિકાલ પણ પગારના નિકાલ સાથે જ કરી લેવો. પણ તેમ કરવાથી લેનમન ખૂબ નારાજ થાય અને બિલકુલ કરાર જ કરતાં છટકી જાય એ વિષે મને શંકા નહોતી, તેથી આ સવાલ તે વખતે મેં એમ ને એમ રહેવા દીધો. પણ છેવટે કામ પૂરું થતાં લેનમનને, પૂંઠા ઉપર નામ કઈ રીતે છપાશે, એવો મેં સવાલ કર્યો. તેણે સંપાદક તરીકે પોતાનું નામ અને વૉરનની હસ્તલિખિત પ્રતો ઉપરથી તેમ જ મારી મદદથી આ ગ્રંથ તૈયાર કર્યો છે એમ પોતે પૂંઠા ઉપર છાપશે, એવો જવાબ આપ્યો. મેં કહ્યું કે, 'એમ કરવું કદી વાજબી નહિ કહેવાય. વૉરનની અત્યંત મહેનત અને ઉદારતાથી આ કામ આટલે આવ્યું છે. તેણે જ સ્થાપેલા ફંડમાંથી આજ સુધીનો મારો પગાર અપાયો છે. તેથી કાં તો વૉરન–લેનમન–કોસંબી એમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રણેના નામથી આ ગ્રંથ બહાર પડે, અથવા તો ફક્ત વૉરનને જ નામે પ્રસિદ્ધ કરીને આપણે કરેલા ફેરફારોનો માત્ર પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો. આ સૂચના પ્રો. લૅનમનને મુદ્દલ ન ગમી. તે મારા ઉપર એટલો તો બળી ઊઠયો કે મને ગાળો ભાંડવાની શરૂઆત કરી દીધી!

તે દિવસથી લૅનમનને મળવું જ નહિ એવો મેં નિશ્ચય કર્યો. તે પોતે અનેક પ્રપંચ રચીને મને ખાડામાં નાંખવા મથશે એમ લાગવાથી દા. વુડ્સને બનેલી તમામ હકીકત મેં કહી. આ પહેલાંથી જ હિન્દુસ્તાન પાછા ફરવા સારુ સ્ટીમરના પૈસા ભરીને તારીખ ૪ જાન્યુઆરીને રોજ ન્યુયૉર્કથી નીકળનારી હંબુર્ગ અમેરિકન કંપનીની સ્ટીમર 'હંબુર્ગ'માં મેં મારી જગ્યા રિઝર્વ કરાવી લીધી હતી. પરંતુ આ પહેલાં દસ બાર દિવસ અગાઉ ઉપરનો બનાવ બન્યો. તેથી દા. વુડ્સનું કહેવું એમ હતું કે મારે હાર્વર્ડ તરત જ છોડવું અને ન્યુયૉર્ક જઈ ત્યાં બાકીના દિવસો ગાળવા, જેથી લૅનમનની બીક ન રહે. આ સલાહ મને બિલકુલ ન ગમી. મારા અનેક મિત્રોને મારે મળવાનું હતું, અનેક ઘરનાં નોતરાં પણ હતાં. એ બધું મૂકીને આમ નાસી છૂટવું એ મને તદ્દન અનુચિત લાગ્યું. દા. વુડ્સને મેં કહ્યું: 'લૅનમનને જો મારા પર વેર લેવું હોય તો ભલે લે. એ વાતનો મને ડર નથી. જો કંઈ આફત માર પર આવવાની હોય તે સહન કરવા હું તૈયાર છું; પરંતુ એકાદ ડરકુની પેઠે એકાએક ન્યુયૉર્ક ભાગી જવું એ મારાથી બનશે નહિ.'

પછી તો હું નિરાંતે સ્ટીમરનો દિવસ આવી પહોંચતાં સુધી કેંબ્રિજમાં જ રહ્યો. બધા મિત્રોનાં નોતરાં સ્વીકાર્યાં,

P.P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aaradhak Trust

સહુને મળી લીધું અને મારો સરસામાન બાંધીબીંટી તૈયાર કર્યો. આ દિવસો દરમ્યાન પ્રોફેસર લેનમને મને બે ત્રણ વખત ચિઠ્ઠીઓ મોકલી તેડાં કર્યાં, પણ તેની ચિઠ્ઠીઓમાં કંઈ બીક દેખાડી હશે એમ માની મેં તે ઉઘાડી જ નહિ અને સ્ટીમર ઉપર ગયા પહેલાં હું તે ઉઘાડવાનો પણ નથી એવું ડા. વુડ્સ મારફત મેં તેને કહેવડાવી દીધું! તેણે ફરી ડા. વુડ્સ મારફત મને જમવાનું નિમંત્રણ મોકલ્યું; પણ હું એકલો તેમની પાસે આવવા રાજી નથી, જો ડા. વુડ્સ મારી સાથે આવે તો જ હું આવું, એવો મેં ઉત્તર મોકલ્યો. મતલબ કે, છેવટ સુધી પ્રો. લેનમનની અને મારી તેને ઘેર કે બીજી કોઈ જગ્યાએ મુલાકાત થઈ નહિ. એક બે વખત તે મારી ઓરડીએ આવ્યા, પણ બે ચાર શબ્દ બોલવા ઉપરાંત વધુ કંઈ જ વાત ન થઈ. સ્ટીમર ઊપડવાને ત્રણ ચાર દિવસ હતા ત્યારે મેં કેંબ્રિજ છોડયું. આ ચાર દિવસ ન્યુયૉર્કમાં ગાળી શહેર આખું જોઈ લેવું એવો વિચાર હતો. ડા. વુડ્સે ન્યુયૉર્કમાં હાર્વર્ડ કલબમાં ઊતરવાની મારે સારુ અગાઉથી જ ગોઠવણ કરી રાખી હતી. વાઈસિબુખ કરીને એક યહૂદી વિદ્યાર્થી હાર્વર્ડમાં હતો. તેનો પિતા અને ભાઈ ન્યુયૉર્કમાં રહેતા હતા. વાઈસિબુખના કાગળ ઉપરથી તેઓ મને સ્ટેશને લેવા આવ્યા હતા અને તેમણે મને કશી અડચણ પડવા ન દેતાં હાર્વર્ડ કલબમાં પહોંચાડયો. હું ન્યુયૉર્કમાં રહ્યો તેટલા દિવસ તેમનામાંથી એક જણ મારી સાથે આવી મને જવું હોય ત્યાં ફરવા લઈ જતા અને જોવા લાયક સ્થળો દેખાડતા.

એક દિવસ મિ. વાઈસિબુખ મને હિપોડ્રોમમાં લઈ ગયા. હિપોડ્રોમ ન્યુયૉર્કનું એક મોટું ભવ્ય થિયેટર છે. અને તેમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુનિયાના જુદા જુદા દેશોની બધી આશ્ચર્યકારક વસ્તુઓ અને બનાવો બતાવવામાં આવે છે. દાખલા તરીકે, હિંદુસ્તાનના રાજામહારાજાઓની દશેરાને દિવસે નીકળતી સવારીઓ, સંખ્યાબંધ સાચા હાથીઘોડા ઇ. વળી આસપાસ તાજમહાલ જેવી ઇમારતો વગેરે દેખાડવામાં આવે છે. તે પછી તુર્કી સુલતાનનાં જનાનખાનાં, તેની સેંકડો સ્ત્રીઓ, કેટલીક અવનવી કસરતો વગેરે દેખાવો બતાવવામાં આવે છે. હાથી, ઘોડા, ઊંટ વગેરે જીવતાં પ્રાણીઓ અને સો પચાસ સ્ત્રીઓ, તથા પુરુષો સામટાં એક જ જગ્યાએ આ જંગી થિયેટરમાં જોવા મળે છે. આ પ્રમાણે ન્યુયોર્કમાં અનેક જગ્યાઓ મેં જોઈ અને પછી મુકરર થયેલે દિવસે સ્ટીમર પર ચડ્યો.

અમેરિકામાં હું રહ્યો તે દરમ્યાનની મારી દિનચર્યાનો ટૂંક હેવાલ અહીં આપવો અસ્થાને નહિ ગણાય. શરૂઆતમાં તો જ્યારે હું હાર્વર્ડમાં ફેલ્ટન હોલમાં રહેતો ત્યારે મારા જમવાની સગવડ ત્યાં જ કરવામાં આવી હતી. યુરોપિયન રીત પ્રમાણે દિવસમાં ત્રણ વખત જમતો અને બે વખત ચા પીતો. અહીં ખોરાકમાં મોટેભાગે માંસ હોય છે તેથી બાફેલાં બટેટાં, પાંઉ, માખણ વગેરે વસ્તુઓ ઉપર જ મારે ચલાવવું પડતું. ખાધાખરચ મહિને ૧૬ ડોલર (૪૮ રૂપિયા) જેટલું આવતું. પણ આ સ્થિતિ મને અનુકૂળ ન લાગી. આ જ મકાનમાં એક ચીનો વિદ્યાર્થી રહેતો, તેણે મને કહ્યું કે, ‘ આવું દુઃખ વેઠવાની જરૂર નથી; આટલામાં કોઈ દુકાનેથી જોઈતી ચીજો મંગાવવાનું રાખશો તો તે તમારે ત્યાં આવીને પહોંચાડી જશે, અને સસ્તી કિંમતે સાદું ખાણું મળશે.’ તેની આ સલાહ મને ગમી અને પ્રો. લેનમન મારફત મિ. વોરનની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહેનની ડેરીમાંથી રોજ એક ક્વાર્ટ દૂધ અને કોઈ દુકાનદાર પાસેથી છડેલ ઘઉંનો શેવ જેવો પદાર્થ મળતો તે મંગાવીને ઘણુંખરું બંને વખત આ વસ્તુઓ ઉપર મેં ચલાવવા માંડ્યું.

સવારમાં ઊઠીને હું છડેલ ઘઉંનાં બે બિસ્કૂટ અને પ્યાલો ભરીને ઠંડું દૂધ લેતો. તે પછી પ્રો. લૅનમનની લાયબ્રેરીમાં ૮ાા થી ૧૨ાા સુધી કામ કરતો. પાછો ઘેર આવીને એક પ્યાલો દૂધ પી કસરત કરવા જતો. ઉનાળાના દિવસોમાં તદ્દન નિયમસર હોડી ચલાવવાની કસરત કરતો અને ટાઢના દિવસોમાં જીમખાને જતો. બપોરનો જ વખત પસંદ કરવાનું કારણ એ કે, કસરત પછી નાહવાનું બોટ-ક્લબની એક મોટી ઓરડીમાં કરવું પડતું અને બપોર સિવાય બીજે વખતે ત્યાં હમેશ વિદ્યાર્થીઓની ખૂબ ભીડ રહેતી. બધા વિદ્યાર્થીઓ નાગા જ નહાય અને મારે પણ તેમ જ કરવું પડતું. પણ બધાના દેખતાં એમ નાગા નાહવું એ આપણે ત્યાંના સંસ્કાર-વિરુદ્ધ હોવાથી, મને તે બિલકુલ ગમતું નહિ. બીજી અગવડ હોડી મળવાની હતી. પણ ૧૨ થી ૨ સુધી ઘણુંખરું હું એકલો જ બોટ-ક્લબમાં જતો તેથી હોડી મળવાની તેમ જ એકાંતમાં નાહવાની બન્ને સગવડ સરસ મળી જતી. જીમખાનામાં નાહવાની અગવડ નહોતી. અહીં પ્રોફેસરોને સારુ એક જુદી ઓરડી છે. તે મને આપવામાં આવી હતી. પણ કસરતનાં જુદાં જુદાં સાધનો મળવાનો સારામાં સારો વખત ૧૨ થી ૨ નો જ હતો, તેથી ત્યાં પણ હું એ જ વખતે જઈને કસરત કરતો. કસરત પછી એકાદ ચાની દુકાને જઈ ફળમિશ્રિત રોટીનો કટકો અને એક પ્યાલો કોકો લેતો. સાંજનો વખત હાર્વર્ડ લાયબ્રેરીમાં કે ઘેર વાંચવામાં ગાળતો. રાત્રે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણે ભાગે વિશુદ્ધિમાર્ગના અઘરા પાઠોનો નિર્ણય કરતો અગર તો તેમાં આવેલા બીજા ઉતારાઓ શોધી કાઢતો.

રવિવારે આ દિનચર્યામાં ફેર પડતો. અમેરિકન લોકો આ દિવસે ઘણુંખરું મોડા ઊઠે છે. તોપણ હું સાતને સુમારે ઊઠતો. માત્ર પ્રો. લેનમનને ઘેર સહેજ મોડો જતો. ત્યાં ૧૦॥ કે ૧૧ વાગ્યા સુધી કામ કરીને કોઈ ચર્ચમાં — ઘણુંખરું એપલ્ટન દેવળમાં — સર્મન (ધર્મોપદેશ) સાંભળવા જતો. આ દેવળ હાર્વર્ડ યુનિવર્સિટીનું હોઈ તેમાં સાંપ્રદાયિક ભેદભાવો ન રખાતા. યહૂદી રાબીઓ (ઉપદેશકો)ને પણ અહીં ધર્મોપદેશ કરવા નોતરવામાં આવતા. અમેરિકાના નામાંકિત ધર્મોપદેશકોનાં વ્યાખ્યાનો સાંભળવાની અહીં સરસ તક મળે છે. માત્ર યુનિવર્સિટી બંધ હોય ત્યારે અહીં નિત્યનિયમ ઉપરાંત વિશેષ સારાં સર્મનો થતાં નથી. આથી ઉનાળાની રજામાં વળી બીજાં કોઈ દેવળોમાં હું સર્મન સાંભળવા જતો. બોસ્ટનની જુદી જુદી સંસ્થાઓના આશરા હેઠળ થતાં ભાષણો સાંભળવા પણ જતો. એટલે કે એકાદ રવિવારે નેશનલિસ્ટ સભાના ભાષણમાં જાઉં તો બીજે રવિવારે વળી સોશિયાલિસ્ટ સભાના કોઈ ભાષણમાં હાજર રહું. વળી ભાષણોના વખત એકની પાછળ એક એમ હોય તેથી કોઈ કોઈ વાર એક જ દિવસમાં બે ત્રણ વ્યાખ્યાનો સાંભળવાનો લાભ મળે.

વાંચનમાં મારો મુખ્ય વિષય સમાજશાસ્ત્ર (Social Science) હતો. આ વિષય ઉપર લખાયેલાં અનેક પુસ્તકો મેં વાંચ્યાં. કેટલાંક તો વેચાતાં પણ લીધાં. બલ્કે આ વિષયનું મને એક જાતનું ઘેલું જ લાગ્યું હતું એમ કહું તો ખોટું નથી. આ જ અરસામાં મેં સહકારિતાના સિદ્ધાંત ઉપર

P.P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aaradhak Trust

મુંબઈના મજૂરોની સ્થિતિ કેવી રીતે સુધારી શકાય, એ વિષય ઉપર 'સુબોધપત્રિકા' અને 'સુધારક'માં કેટલાક લેખો પણ લખ્યા. હિંદી પ્રજાની શક્તિનો અપવ્યય અટકાવી તેનો ઉપયોગ શારીરિક અને માનસિક સુખ તરફ કેમ વાળી શકાય એનો હું સતત વિચાર કરતો. વિચાર પ્રમાણે કાર્ય કરી બતાવવાને આપણો દેશ યોગ્ય ક્ષેત્ર નથી અથવા તો મારામાં તેટલું સામર્થ્ય પણ નથી એ હું જાણતો. તોપણ આવા વિચારથી—કે જોઈએ તો સ્વપ્નાંઓથી કહો — મારા મનને ખૂબ આનંદ થતો, અને હિન્દુસ્તાનની દારિદ્ર્યપીડિત જનતાને આજે કેળવણી વગેરેના લાભ કેમ મળી શકે તેનો વિચાર કરવો હજી આજે પણ મને બહુ જ ગમે છે. આ વિચારોમાં હું ઘડીક મારાં શારીરિક તેમ જ માનસિક બધાં દુઃખો ભૂલી જાઉં છું.

આમ અમેરિકા જવાથી જો મને સૌથી મોટો લાભ થયો હોય તો તે એ કે સમાજશાસ્ત્રના અભ્યાસની મારામાં રુચિ ઉત્પન્ન થઈ. હિન્દુસ્તાનમાં રહ્યો હોત તો એકલા ધાર્મિક વિચારોમાં મારું આયુષ્ય વીત્યું હોત. 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' એ સૂત્રને જરૂર હું ભૂલી ગયો હોત. પણ અમેરિકા જવાથી આ સિદ્ધાંતનો મને સંગીન પરિચય થયો અને તેની પાશ્ચિમાત્ય શાસ્ત્રજ્ઞોએ કરેલ ચર્ચા જાણવાની મને તક મળી. આનો અર્થ કોઈ એમ ન કરે કે સમાજરચનામાં 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' અથવા તો 'अन्नाद्भवंति भूतानि' એ સૂત્રે મારા મનનો કબજો લીધો. પણ એટલું જ કે અગાઉ આ સૂત્રો વિષે હું આંધળોભીંત હતો તે નષ્ટ થતાં સામાજિક જીવનમાં હું તેને ઘટતું માન આપવા લાગ્યો. ધાર્મિક ઉન્નતિ વગર માનવજાતિની ઉન્નતિ નથી એ સૂત્ર મને આજે પણ માન્ય છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आ. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

પણ શરીરની અવગણના કરીને કે શરીરને અનિયમિત સ્થિતિમાં રાખીને ધાર્મિક ઉન્નતિ કરવા તાકવું એ લગભગ અસંભવિત છે :

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दःखहा ॥

આ સૂત્ર આખા સમાજને લાગુ પાડવું જોઈએ. એ જ પ્રમાણે 'वस्ति करोनी वाजारी म्हणविसी मी ब्रह्मचारी ।' એ વચનમાં ગૂંથેલા સિદ્ધાંત મુજબ માણસની ઉન્નતિ સંજોગો ઉપર આધાર રાખે છે, એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ. દાખલા તરીકે, બાર કલાક મજૂરી કરીને માંડ માંડ પેટ ભરનાર અને ગંદામાં ગંદી ચાલીઓમાં રહેનાર મજૂર પોતાની ધાર્મિક ઉન્નતિ કઈ રીતે કરે? પહેલાં તો તેને શુદ્ધ અને ઘટતાં આહારવિહાર મળે એવો બંદોબસ્ત થવો જોઈએ અને પછી ધાર્મિકતાને નડતર કરનાર ગંદી ચાલીમાંથી કાઢી સ્વચ્છ અને ખુલ્લા મકાનમાં તેને વસાવવો જોઈએ. આમ થાય તો જ દારૂ વગેરેનાં વ્યસનોથી છૂટીને ધાર્મિક માર્ગે તેનું વલણ થવું સંભવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ઉપસંહાર

શ્રી ધર્માનંદજીએ પોતાનું 'નિવેદન' ૧૯૧૨ના જાન્યુઆરી સુધી લખ્યું છે. આ દુનિયામાં વસતા એક અજ્ઞાત જિજ્ઞાસુએ યથાશક્તિ અને યથામતિ પોતાનો ઇચ્છિત હેતુ પાર ઉતારવા કેવી કેવી જહેમતો ઉઠાવી, એટલું જ વર્ણવવાનો તેમનો ઉદ્દેશ હોવાથી પાછળની હકીકત તેમણે આમાં લખી નથી, છતાં વાચકને તો સ્વાભાવિકપણે જ શ્રી. ધર્માનંદજીની ૧૯૧૨ની સાલ પછીની પ્રવૃત્તિ વિષે પણ જાણવાની ઇચ્છા થાય. આ દૃષ્ટિએ તેવી હકીકત સંક્ષેપમાં અહીં આપવી અસ્થાને નહિ ગણાય.

અમેરિકાથી પાછા ફર્યા બાદ શ્રી. ધર્માનંદજીના મિત્ર પ્રાર્થના-સમાજવાળા શ્રી. વિઠ્ઠલ રામજી શિંદેની ઇચ્છા હતી કે શ્રી. ધર્માનંદજી ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં જોડાય. તેથી શ્રી. ધર્માનંદજીની આ વિષયમાં ઇચ્છા જાણી લઈ તેમના તરફથી એ સામે કશો વાંધો નથી એવું જોતાં શ્રી. શિંદેએ પ્રો. કાનિટકરને આ વિષે લખ્યું. તેમણે આ બાબત સોસાયટીના આજન્મ સભ્યોની કાઉન્સિલ આગળ રજૂ કરી, પણ કાઉન્સિલ તરફથી તેનો ઠંડો જવાબ આપવામાં આવ્યો. પ્રિન્સિપાલ પરાંજપેએ ધર્માનંદજીને લખ્યું જે, 'આજન્મ સભ્યોનો પગાર હાલમાં જ માસિક ૧૦૦ રૂપિયા કર્યો છે. અને તમને તો આજન્મ સભ્ય કરાય તેમ નથી. તેથી તમને માસિક ૭૫ રૂપિયા પગાર આપી શકાય. વળી તમારે ઓછામાં ઓછાં પાંચ વર્ષ સોસાયટીમાં કામ કરવા બંધાવું જોઈએ.'

શ્રી. ધર્માનંદજી પોતાના પિતાનું કરજ ફેડી ચૂકયા હતા, અને નિર્વાહ ઉપરાંત કશો દ્રવ્યસંચય કરવાની તેમની બિલકુલ વૃત્તિ ન હોવાથી સોસાયટીની ઉપલી શરતોને અપમાનકારક માનવાની તેમણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ના પાડી એટલું જ નહિ, પણ પોતાનું ધ્યેય જે પાલિભાષાપ્રચાર, તેનું કામ કરવા આવી તક આપ્યાને માટે તેમણે ડેક્કન એજ્યુકેશન સોસાયટીનો આભાર માની સને ૧૯૧૨ના માર્ચ મહિનાથી પૂનાની ફર્ગ્યુસન કૉલેજ તેમ જ ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં કામ કરવા માંડયું. ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં મૅટ્રિકના ક્લાસને અને કૉલેજમાં પ્રિવિયસ તથા બી. એ. ક્લાસને તેઓ પાલિ શીખવતા. વિદ્યાર્થી થોડા છતાં પોતે અતિ શ્રમ લેતા. આ ઉપરાંત ચેર એમ. એ.ના વર્ગને શીખવતા.

પણ પાંચ વર્ષ પૂરાં થતાં પહેલાં જ શ્રી. ધર્માનંદજીએ જોયું કે, પાલિ શીખવા આવનાર વિદ્યાર્થીઓમાં ખરા જિજ્ઞાસુ જવલ્લે જ નીકળતા. ઘણાખરા વિદ્યાર્થી પાલિ ભાષા સહેલી છે અને તે લેવાથી ઝટ પાસ થવાશે એવી જ વૃત્તિથી તે લેતા. વળી માત્ર કૉલેજના વર્ગોમાં પાલિ ભાષા શીખવ્યાથી બૌદ્ધધર્મનાં તત્ત્વો પ્રજામાં પ્રચાર પામી લોકોની ઉન્નતિ થશે એમ તેમને લાગ્યું નહિ. મરાઠી ભાષામાં આમપ્રજાને સમજાય તેવું સાહિત્ય બહાર પાડીને એ કામ થઈ શકે એમ હતું, પણ તે કામમાં જરૂરી લોકાશ્રય નહોતો. આમ છતાં સને ૧૯૧૪માં તેમણે 'બુદ્ધલીલાસારસંગ્રહ' નામનું પુસ્તક તૈયાર કર્યું, અને 'માસિક મનોરંજન'વાળા સ્વ૦ કાશીનાથ રઘુનાથ મિત્રે તે બહાર પાડયું. આ પુસ્તકને સારુ 'ડેક્કન વર્નાક્યુલર ટ્રાન્સલેશન સોસાયટી' તરફથી શ્રી. ધર્માનંદજીને પહેલા નંબરનું ઇનામ મળ્યું (છતાં મરાઠીમાં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ હજુ ખપી ગઈ નથી!). બીજાં પણ એક બે પુસ્તકો ધર્માનંદજીએ તૈયાર કર્યાં, પણ વચમાં જ યુરોપનું મહાયુદ્ધ જાગ્યું અને કાગળ વગેરેની મોંઘવારીને લીધે પુસ્તકપ્રકાશનનું કામ અશક્ય થઈ પડયું. એટલામાં પ્રો૦ વુડ્સ તરફથી અમેરિકા આવવા સારુ આગ્રહભર્યું આમંત્રણ આવવાથી સને ૧૯૧૮ના ઑગસ્ટ માસમાં તેઓ ફરી અમેરિકા ગયા

ડેક્કન એજ્યુકેશન સોસાયટીને શ્રી. ધર્માનંદજીએ પાંચને બદલે છ વર્ષ આપ્યાં. આ અરસામાં સોસાયટીના ઘણાખરા આજન્મ સભ્યોના તે પ્રિયપાત્ર થઈ પડયા. પરિણામે પાંચ વર્ષ પૂરાં થયે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યારે તેમણે પોતાની જગ્યાનું રાજીનામું પેશ કર્યું ત્યારે આજન્મ સભ્યોના મંડળે તે સ્વીકાર્યું નહિ.

શ્રી. ધર્માનંદજીના વિદ્યાર્થીઓમાંથી બે મુખ્ય હતા. તેમાંના એક સ્વર્ગવાસી ચિંતામણ વિનાયક રાજવાડે ડેક્કન એજ્યુકેશન સોસાયટીના સભ્ય થવાને દરેક રીતે લાયક હતા, પણ વીસ વરસ સુધી સોસાયટી જોડે બંધાવું ઇષ્ટ ન લાગવાથી તેઓ વડોદરા કૉલેજમાં અધ્યાપક થયા હતા. અહીં રહી પોતાના ટૂંકા આયુષ્યમાં અવિશ્રાંત પરિશ્રમ કરી તેમણે 'દીઘનિકાય' ગ્રંથનું મરાઠી ભાષાંતર કર્યું. આ ગ્રંથના ત્રણેય ભાગ વડોદરા રાજ્ય તરફથી બહાર પડ્યા છે. શ્રી. ધર્માનંદજીના બીજા વિદ્યાર્થી શ્રીયુત પુરુષોત્તમ વિશ્વનાથ બાપટને સોસાયટીએ પોતાના આજન્મ સભ્ય બનાવી લીધા અને હાલ તેઓ કામ કરી રહ્યા છે.

પણ શ્રી. ધર્માનંદજીનું રાજીનામું તો સોસાયટીએ ન જ સ્વીકાર્યું. અમેરિકા જવા સારુ તેમની બે વર્ષ સુધી વગર પગારે રજા મંજૂર કરવામાં આવી, અને તે પૂરી થતાં જ્યારે ધર્માનંદજીએ અમેરિકાથી ફરી પોતાનું રાજીનામું સોસાયટીને મોકલ્યું ત્યારે વળી બીજાં બે વર્ષની તેવી વધુ રજા મંજૂર કરવામાં આવી ! પણ અમેરિકાથી પાછા ફર્યા બાદ ફરી ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં જવું શ્રી. ધર્માનંદજીથી બને તેમ નહોતું, તેથી તેઓ ગુજરાતમાં આવી ગૂજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં જોડાયા અને ત્યાં તેમણે ત્રણ વર્ષ સુધી કામ કર્યું.

પ્રો. લૅનમન ૧૯૨૫ની સાલમાં નિવૃત્ત થયા, ત્યાં સુધી તેમની મારફત 'વિશુદ્ધિમાર્ગ'નું સંપાદનકાર્ય આગળ વધ્યું ન હતું. એ કામ શ્રી. કોસંબીજીને સોંપવાનું નક્કી થતાં તેઓ ફરી એક વાર ૧૯૨૬ના જાન્યુઆરીમાં અમેરિકા ગયા. ત્યાંથી તેઓ તેમને સોંપાયેલું કામ પૂરું કરીને ૧૯૨૭ના નવેમ્બરમાં હિન્દ પાછા ફર્યા.

સ્વદેશ આવીને તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં રહ્યા અને ત્યાં રહીને 'સુત્તનિપાત'નું ભાષાંતર અને 'મજ્ઝિમનિકાય'નાં પચાસ સૂત્રોના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાર તૈયાર કર્યાં. આ બંને ગ્રંથો પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા મારફત પ્રસિદ્ધ થયા છે.

એ અરસામાં પંડિત જવાહરલાલ નેહરુ રશિયાને પ્રવાસેથી પાછા આવ્યા હતા અને તેમણે રશિયા વિષે એક લેખમાળા-'યંગ ઇંડિયા'માં શરૂ કરી હતી. એમાંના એક લેખમાં લેનિનગ્રાદમાં બૌદ્ધ સંસ્કૃતિના સંશોધન માટે એક સંસ્થા સ્થપાયાનું શ્રી. કોસંબીજીએ વાંચ્યું. તરત જ તેમણે મજકૂર સંસ્થાના સંચાલક પ્રો. શ્ર્વર્ટાસ્કી સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. અને તેમનું નિમંત્રણ મળતાં ૧૯૨૯ના માર્ચમાં તેઓ લેનિનગ્રાદ ગયા. રશિયામાં તેમણે સાત મહિના ગાળ્યા, તે દરમ્યાન લેનિનગ્રાદની એકેડેમીમાં તથા યુનિવર્સિટીમાં અધ્યાપકનું કામ કર્યું. પરંતુ રશિયાની ઘણી જ સખત ઠંડી હવા તેમનાથી સહન થઈ શકી નહિ અને રહેવા માટે જગ્યા પણ અનુકૂળ ન મળી. (ટાઢના દિવસોમાં જેવી ગરમ ઓરડી જોઈએ તેવી મળી શકે તેમ ન હતું.) આથી લેનિનગ્રાદ છોડી ૧૯૩૦ના જાન્યુઆરીની આખરમાં તેઓ હિન્દુસ્તાન પાછા આવ્યા.

એ જ સાલના માર્ચ મહિનામાં ગાંધીજીની દાંડી-કૂચ શરૂ થઈ અને મુંબઈમાં સત્યાગ્રહી સ્વયંસેવકો નોંધાવા લાગ્યા. તેમાં શ્રી. કોસંબીજી પણ એક હતા. તેમણે સત્યાગ્રહમાં જુદે જુદે સ્થળે ભાગ લીધો અને આખરે ૧૯૩૦ના ઑક્ટોબરની ૧૧મી તારીખે તેઓ વિલેપારલેમાં પકડાયા અને દોઢ વર્ષની સખત સજા થઈ. તેમણે અપીલ તો ન કરી, તેમ છતાં એ સજા કાયદેસર થઈ ન હોવાથી હાઈકોર્ટે આપોઆપ સજા રદ કરતાં ડિસેંબરની ૧૨મીએ તેમને સરકારે જેલમુક્ત કર્યા. તે પછી ગાંધી-ઇરવિન સંધિ થતાં લગભગ બધા સત્યાગ્રહી કેદીઓ છૂટયા.

પ્રો. વુડ્સનો વળી આગ્રહ થતાં ૧૯૩૧ના સપ્ટેમ્બરમાં તેઓ ફરી એક વાર અમેરિકા ગયા અને ત્યાં એક વર્ષ રહ્યા. ત્યાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હિંદ પાછા આવતાં રશિયામાં તેઓ બે અઠવાડિયાં રોકાયા. હિંદ આવ્યા પછી તેઓ પૂનામાં રહેવા લાગ્યા.

૧૯૩૪ની સાલમાં શ્રી. કોસંબીજી છ મહિના સુધી હિંદુ યુનિવર્સિટીમાં અતિથિ તરીકે રહ્યા હતા. એ છ માસ દરમ્યાનનું બધું ખર્ચ ડૉ. જીવરાજ મહેતાએ અગાઉથી જ યુનિવર્સિટીને આપી દીધું હતું. છ મહિના પછી તેઓ કાશી વિદ્યાપીઠમાં રહેવા આવ્યા. બાબુ શિવપ્રસાદ ગુપ્તાએ તેમને રહેવા માટે એક નાનકડું મકાન બાંધી આપ્યું હતું. (આજે એ મકાન અતિથિગૃહ તરીકે વપરાય છે.) 'હિંદી સંસ્કૃતિ અને અહિંસા'નું પુસ્તક તેમણે કાશી વિદ્યાપીઠમાં પૂરું કર્યું અને છપાવ્યું. એ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર તે વખતે ભાવનગરના શ્રી દક્ષિણામૂર્તિ વિનયમંદિરના એક શિક્ષક શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસે કર્યું છે અને શ્રી. જીવણલાલ ઍન્ડ સન્સ તરફથી પ્રસિદ્ધ થયું છે.

૧૯૩૫ની સાલમાં ડૉ આંબેડકરે હરિજનોને ધર્માંતર કરાવવાની પ્રવૃત્તિ શરૂ કરી. ધર્માંતર કર્યા વગર જ બૌધસંપ્રદાય મારફત ફક્ત અસ્પૃશ્યોની જ નહિ પણ સમસ્ત હિંદુસમાજની ઉન્નતિ થઈ શકશે, એવો શ્રી. કોસંબીજીનો અભિપ્રાય પડયો. અને તેથી જ તેમણે શ્રી. જુગલકિશોર બિરલાની મદદથી મુંબઈના પરેલ વિભાગમાં બહુજનવિહાર નામના એક નાના બુદ્ધ મંદિરની સ્થાપના કરી. એ તરફ અનેક સ્પૃશ્ય તથા અસ્પૃશ્ય બહુજનો (મજૂરો) મોટા પ્રમાણમાં રહે છે. એ મંદિરમાં સ્પર્શ્યાસ્પર્શ્ય ભેદ પાળવામાં નથી આવતો અને સર્વ કોઈને માટે મંદિર ખુલ્લું છે. આજે શ્રી. ધર્માનંદજી એ જ મંદિરના આંગણામાં બંધાવેલા મકાનની ઓરડીમાં રહીને નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે અને શક્તિ અનુસાર બૌદ્ધ-ધર્મની સેવા કરી રહ્યા છે.

શ્રાવણ, ૧૯૯૫

ભા. ક.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પરિશિષ્ટ *

## वैशाख पूर्णिमा

वैशाखो मास एष साधु शोभते, साधु शोभते ।
आनन्दो जनमनसि येन वर्धते, येन वर्धते ।
सन्मानसमिव भाति स्वच्छतमनभः, स्वच्छतमनभः ।
मरुतः श्रमक्लान्तिहरा वान्ति सुरभयः, वान्ति सुरभयः ।
नतकुसुमाञ्जलियुक्ताः सुगतसेविनः, सुगतसेविनः ।
भक्तजना इव विविधाः पादपा अमी, पादपा अमी ।
कोकिलादिपक्षिगणो मञ्जुलस्वरः, मञ्जुलस्वरः ।
गायन्निव बुद्धगुणान् तुष्टमानसः, तुष्टमानसः ।
आम्रादिकवृक्षवृन्दमाश्रयत्यसौ, आश्रयत्यसौ ।
भूवनश्री वैभवेन पूर्णतां गता, पूर्णतां गता ।
वैशाखो मास एष साधु शोभते, साधु शोभते ॥
मासेऽस्मिञ्छुभदिवसे पूर्णिमातिथौ, पूर्णिमातिथौ ।
वज्रासनबन्धधरो विबुधपूजितः, विबुधपूजितः ।
शास्तानो धर्मात्मा बोधितरुतले, बोधितरुतले ।
जित्वा कामादिरिपून्बुद्धतामगात, बुद्धतामगात् ।
सैष सुदिन उदितोऽस्ति बौद्धजनमुदे, बौद्धजनमुदे ।
मासेऽस्मिञ्छुभदिवसे पूर्णिमातिथौ, पूर्णिमातिथौ ॥
सुगतमन्दिरम् । दीपशोभितम् । बद्धतोरणम् । पुष्परञ्जितम् ।
यायाम वयं तत्र, पश्याम बुद्धपादौ ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कुर्याम धर्मश्रवणं, शृणुयाम साधुवादम् ।
नत्वा संघं, धृत्वा शीलं, पूजां कृत्वा मुनिधातोः ।
पापं हत्वाजनिसाफल्यं प्राप्नुयाम सपदि ।
यायाम वयं तत्र, पश्याम बुद्धपादौ ॥

---

* જુઓ પૃ. ૧૫૭ નીચેની નોંધ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## આ જ ગ્રંથકારના બીજા બૌદ્ધ ગ્રંથો

બુદ્ધ, ધર્મ અને સંઘ
બૌદ્ધ સંઘનો પરિચય
સમાધિમાર્ગ
ધમ્મપદ
બોધિચર્યાવતાર (સાર)
સુત્તનિપાત
ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદ
અભિધમ્મત્થ સંગહો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
ગાંધીનગર, પિન-382009

# શાળોપયોગી પુસ્તકો

| | |
|---|---|
| આત્મકથા (ગુજરાતી લિપિમાં) | ૧—૦—૦ |
| ,, (નાગરી લિપિમાં) | ૦–૧૪—૦ |
| હિમાલયનો પ્રવાસ (ટિપ્પણ સાથે) | ૧—૦—૦ |
| ઓતરાતી દીવાલો | ૦—૬—૦ |
| લોકમાતા | ૦—૪—૦ |
| સ્મરણયાત્રા | ૧—૮—૦ |
| જીવતા તહેવારો | ૦–૧૨—૦ |
| બુદ્ધલીલા | ૦–૧૨—૦ |
| મધપૂડો | ૦–૧૦—૦ |
| સીતાહરણ | ૦–૧૨—૦ |
| કુંવરબાઈનું મામેરું (ટિપ્પણ સાથે) | ૦—૬—૦ |
| આબાદ હિન્દુસ્તાન! | ૧—૦—૦ |
| હિન્દુસ્તાનની ગરીબાઈ | ૦–૧૪—૦ |
| કાવ્યપરિચય ભા. ૧લો | ૦–૧૦—૦ |
| ,, ભા. ૨જો | ૦–૧૨—૦ |
| નામાનાં તત્ત્વો | ૨—૮—૦ |
| નવલગ્રંથાવલિ | ૨—૦—૦ |
| સાર્થ ગૂજરાતી જોડણીકોશ | ૪—૦—૦ |
| રાષ્ટ્રભાષાનો ગૂજરાતી કોશ | ૧—૮—૦ |
| ખિસ્સાકોશ (જોડણી માટે) | ૦—૬—૦ |

**નવજીવન પ્રકાશન મંદિર**
**અમદાવાદ**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust